ISSN 2454-7697 RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 6 • ISSUE : 10 • JANUARY : 2019 • PAGES : 56 • PRICE 30/-
ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૬ (કુલ વર્ષ ૬૬) અંક - ૧૦ • જાન્યુઆરી ૨૦૧૯ • પાનાં - ૫૬ • કિંમત રૂ. ૩૦/-



निसन्ते सिया अमुहरी बुद्धाणं अन्तिए सया।
अट्ठजुत्ताणि सिक्खिज्जा निरट्ठाणि उ वज्जए।।

A devout disciple should always remain duly quiet. He should not be a talkative. He should learn spiritual matters by always remaining in the company of wise men and he should avoid interest in useless matters.

साधक सदा शान्त रहे, वाचालता न करे, सदा ज्ञानी पुरुष के समीप रहे, उन के पास अर्थयुक्त बातें सीखे और निरर्थक बातों को छोड़ दे।

સાધકે અત્યંત શાંત રહેવું; અસંબદ્ધ બોલવું નહિ; જ્ઞાનીજનોની સમીપે રહે, તેમની પાસેથી પરમાર્થયુક્ત વાતો શીખવી અને નિરર્થક બાબતોને છોડી દેવી.

ડૉ. રમણલાલ ચી. શાહ 'जिन वचन' ગ્રંથિત માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા : ૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન : ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન : ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન : ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન' : ૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.

**વિશેષ નોંધ :**


- પ્રબુધ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.



- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલાવવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | આપણે અસહિષ્ણુ થઈ ગયા છીએ? (તંત્રી સ્થાનેથી) | સેજલ શાહ | ૩ |
| ૨. | કર્મના વૃક્ષ પર ખીલતું એષણાનું ફૂલ | કુમારપાળ દેસાઈ | ૭ |
| ૩. | ઉપનિષદમાં દેવસ્યમહિમા વિદ્યા | નરેશ વેદ | ૯ |
| ૪. | સ્વેચ્છા-દેહત્યાગ | ભાણદેવજી | ૧૧ |
| ૫. | સંલેખના વ્રત વિષે શંકા અને સમાધાન | સુબોધી સતીશ મસાલિયા | ૧૩ |
| ૬. | પરમાત્મા શાશ્વત છે અને પ્રેમ પણ શાશ્વત છે | તત્ત્વચિંતક વિઠ્ઠલભાઈ પટેલ | ૧૪ |
| ૭. | ભગવદ્ ગીતા અને જૈન સાહિત્ય | હિન્દી : પ્રકાશ પાંડે<br>ગુજરાતી : પુષ્પા પરીખ | ૧૬ |
| ૮. | જૈન ધર્મમાં આચાર્યોનું પ્રદાન | સુરેશ ગાલા | ૧૭ |
| ૯. | જીવનની પ્રાથમિકતાઓ-Priorities of Life | જાદવજી કાનજી વોરા | ૨૮ |
| ૧૦. | સમર્થ શ્રાવક કર્મવીર - દાનવીર શેઠશ્રી દેવકરણ મૂળજી સંઘવી | વિનોદ જે. વસા | ૨૯ |
| ૧૧. | નવી પેઢીએ વાંચવા જેવું પુસ્તક 'ઈન્ડિયા આફ્ટર ગાંધી' | સોનલ પરીખ | ૩૨ |
| ૧૨. | છાબમાં પગરખાં | ગુલાબ દેઢિયા | ૩૩ |
| ૧૩. | વિદાય વેળાએ | નટવરભાઈ દેસાઈ | ૩૪ |
| ૧૪. | પંથે પંથે પાથેય : એક અનોખો સેવાયજ્ઞ: "रोगी मेरा भगवान" | માલતી શાહ | ૩૫ |
| ૧૫. | જીવન ચણતરની વાતો : સ્વયં સ્વસ્થ બનો અભિયાનના મારા સુખદ પ્રેરણાદાયી અનુભવો... | શૈલેશ કે. શાહ | ૩૬ |
| ૧૬. | પરમજ્યોતિ: પચ્ચવિંશતિકા | મનુભાઈ દોશી | ૩૮ |
| ૧૭. | જીવનપંથ : જીવનમાં શ્રદ્ધા, પણ... ક્રિકેટ એક અંધશ્રદ્ધા! | ભદ્રાયુ વછરાજાની | ૪૦ |
| ૧૮. | જૈન પરંપરાના પુનરુદ્ધારકો-૨૦ શતાવધાની પંડિત ધીરજલાલ ટોકરશી શાહ | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૪૧ |
| ૧૯. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતનબેન ખીમજી છાડવા | ૪૨ |
| ૨૦. | મૃત્યુ એટલે મુક્તિ | શશિકાંત લ. વૈદ્ય | ૪૪ |
| ૨૧. | જ્ઞાન સંવાદ | પાર્વતીબેન ખિરાણી | ૪૫ |
| ૨૨. | Gyan Samvad : For Youth By Youth | Kavita Ajay Mehta | ૪૬ |
| ૨૩. | સર્જન-સ્વાગત | સંધ્યા શાહ | ૪૭ |
| ૨૪. | ડિસેમ્બર અંક વિશેષ : કેલિડોસ્કોપિક નજરે | ગુણવંત બરવાળિયા | ૫૦ |
| ૨૫. | ભાવ - પ્રતિભાવ | — | ૫૧ |
| ૨૬. | જો હોય મારો અંતિમ પત્ર તો... | રાજેન્દ્ર પટેલ | ૫૬ |


આ અંકના મુખપૃષ્ઠ પર મુકાયેલ સરસ્વતી માતાનું પેન્ટીંગ ફાલ્ગુની શાહે દોર્યું છે અને પોતાની પીંછીના રંગોથી ચેતનવંત કર્યું છે. ફાલ્ગુનીબેન પેન્ટર છે ઉપરાંત કવિતા લખે છે. સુંદર પેન્ટીંગ દોરી પોતાના ભાવથી ચિત્રને જીવંત કરે છે, જે મુખપૃષ્ઠ પરના પેન્ટીંગ પરથી અનુભવી શકશે. તેમને અહીં બારીકાઈથી કાર્ય કર્યું છે, તે તેમની કુશળતા દર્શાવે છે આ પેન્ટીંગ પ્રગટ કરવાની તેમને પરવાનગી આપી, એ માટે પ્રબુદ્ધ જીવન તેમનું આભારી છે. સંપર્ક નંબર : ૯૮૯૨૪૫૧૩૫૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-    વિક્રમ સંવત ૨૦૭૫ • વીર સંવત ૨૫૪૫ • પોષ સુદ -૧૦

માનદ્ તંત્રી : સેજલ શાહ

## તંત્રી સ્થાનેથી...

# આપણે અસહિષ્ણુ થઈ ગયા છીએ ?

ભારતના નાનકડા નગરો કે નાના વિસ્તારોમાં ફરતી વખતે કે પછી મોટા નગરના હાય-વે પર ફરતી વખતે લોકોનો શોરબકોર સંભળાય છે. કોઈ, કોઈના પર બૂમ પાડી રહ્યું છે, કોઈની ગાડી ભટકાઈ ગઈ છે, કોઈનો ખભો અથડાયો છે, અને કોઈનો અહંકાર.

રસ્તાની સડકો પર થોડો વેરવિખેર - કચરો મળે છે, પાનખર નજીકમાં છે, એટલે સૂકાં પાંદડાનો પણ ખખડાટ છે, હું ચાલ્યા કરું છું, આગળ જવા માટે સામે, પેલા પર્વતની ટોચ પર પહોંચવું છે. મારા ગામ, શહેરની પશ્ચિમ તરફ ડુંગરોની હારમાળા છે, આ ડુંગરોને જોઈ જોઈને જ આપણે ઉછર્યાં છીએ. મારી ઊંચાઈ વધતી ગઈ અને તેમ તેમ ડુંગરો નાના લાગવા લાગ્યા. મૂર્ખતા કેવી હોય છે મનુષ્ય મનની! જેમ જેમ ડુંગરની નજીક પહોંચી, એ ડુંગરોની ઊંચાઈ સમજાઈ અને જાતની અલ્પતા.

> **આ અંકના સૌજન્યદાતા**
> **સ્વ. હંસાબેન કચરાલાલ શાહની સ્મૃતિમાં**
> **અનિલ, નિમિષા, ડૉ. મહેશ, ડૉ. નીતા, રમેશકુમાર, અલ્પા, સમકિત, હાર્દિક, હર્ષિત, પલક, મલક**

આ ડુંગર આમ જ ક્યાં ચડાવાનો! કમર કસવી પડશે.

પણ અહીં પહોંચ્યા પહેલાં જે દૃશ્યો પાછળ મૂકીને આવી તેની થોડીક જ વાતો. આમ તો નજરઅંદાજ કરી શકાય, પણ નથી કરવી, આ વાસ્તવિકતાને નજરઅંદાજ. ભલે આજે આ ડુંગર પર નહીં ચડાય, ભલે સાધકપણું સિદ્ધ નહીં થાય, પણ પહેલાં મારી મનુષ્યત્વતા તો સિદ્ધ થાઓ. હું એક મનુષ્ય તરીકે જોઉં છું, તો મને મારી આજુબાજુના ચહેરા પર જે ઉકળાટ, ઉત્પાત, અધીરાઈ દેખાય છે. ત્યારે સમજાય છે કે આર્ટીફિશિયલ ઈન્ટલેજન્સીના આ સમયમાં, આપણે કેટલાં ખોખલા થતાં ગયા છીએ!

એક મનુષ્ય, બીજા મનુષ્યને ચાહી નથી શકતો, ભરપેટે એના વખાણ નથી કરી શકતો. રસ્તાની દોડમાં તેનો હાથ ખાલી હોવા છતાં પોતાની સાથે કોઈને જોડી નથી શકતો. દરેક વ્યક્તિ પોતાના કાનમાં પોતાનું સંગીત સાંભળી ઝૂમી રહી છે, પણ સામુહિક સંગીતના કાર્યક્રમમાં લોકોની સંખ્યા ઓછી દેખાય છે જ્યાં સાંભળવાનું હોય છે, ત્યાં ઓછાં લોકો અને બોલનારની સંખ્યા વધી ગઈ છે, બધાંને જ બોલવું છે, સાંભળનાર ક્યાં? જ્યાં ભાન ભૂલીને ઝૂમવાનું હોય છે ત્યાં વર્તમાન પેઢી અઢળક ઊભરાય છે. આ સંગીતના નાદ એટલા મોટા છે કે નાના સાદો સંભળાતા નથી.

◆◆◆

આપણને અંધકાર ગમે છે કારણ આપણને લાગે છે કે પ્રકાશનું બટન આપણા હાથમાં છે અને ઈચ્છીએ ત્યારે પ્રકાશ આપણે લાવી શકીશું. પ્રકાશને કાબૂમાં કરી લેવાના ભ્રમને કારણે પ્રકાશ માટેની તરસ ચાલી ગઈ છે પ્રકાશને કાબૂમાં રાખવાના અભિમાનમાં આપણે જીવીએ છીએ.

શું મનુષ્ય હોવું એટલે માત્ર અભિમાનના બે ખભા પર પોતાની જાતને સડસડાટ દોડાવી બધુ કાબુમાં કરી નાખવાની શક્તિ?

હવે પ્રશ્ન માત્ર ભૌતિકતાનો નથી. પ્રશ્ન આપણી વૃત્તિનો છે.

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનેડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જૂની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

જરાક જુદી વાત, જરાક જુદો વિચાર સ્વીકારવાની તૈયારી આપણે ગુમાવી બેઠા છીએ. રાજકીય વાતાવરણ આધ્યાત્મિક સમન્વયમાં માનતું નથી. દરેકને પોતાની બાજુ, બીજા પર આરોપ મૂકીને સિદ્ધ કરવી છે.

શિક્ષણ જગત પોતાના સિદ્ધાંતોને નેવે મૂકી શિક્ષતિ જગતને બદલે ટોળાનું ઉત્પાદન કરે છે, જે શિક્ષણ ગોખતાં, સ્પર્ધા કરતાં, સાબિત કરતા શીખવે છે સાહિત્યના પાઠ મોઢે કરાવી દેવાય છે. ઇતિહાસને વાંચી જવાય છે અને ગણિતને આંકડામાં/ સૂત્રમાં ઘમરોળીને ખતમ કરી દેવાય છે.

કોઈ આશા જન્મે તેવી સર્જનાત્મકતા ક્યાંય દેખાતી નથી. શિક્ષણ સંસ્થામાંથી બહાર પડેલો એક વ્યક્તિ, માનવતા, મૂલ્યો કે સંસ્કાર સાથે કોઈ લેવા દેવા ધરાવતો નથી. સર્જનાત્મક વૃત્તિ, ખેલદિલી કે સમન્વય આ શબ્દો ડિક્શનરીમાંથી કાઢી નખાયા છે.

માટી ઘડતાં કુંભારને પોતાનો ઘડો બનાવવાનું કૌશલ પ્રિય નથી લાગતું, મોચીને પોતાના સાંધવાના કૌશલમાંથી કશું પ્રાપ્ત નથી થતું, માળી હવે મનોરંજન અને ગોઠવણી પૂરતાં સીમિત રહી ગયા છે. જીવવા માટે જરૂરી સાધનો ખરીદીથી પ્રાપ્ત કરી શકાય, એવી એક સમજણનો ભોગ સહુ બન્યા છે.

કોઈક કહેશે કે મન કેળવો. વાત મનને કેળવવાની નથી, વાત સત્યને સમજવાની છે. સત્ય એટલે પ્રભાવિત કરે તે નહી પણ સમજાવે તે.

સત્ય એટલે માત્ર ધર્મ સમજાવે તે નહીં, પણ આધ્યાત્મિકતા કેળવે તે.

સત્ય એટલે પુસ્તકના કોઈ અવતરણ દ્વારા વ્યક્ત થાય અને એ સ્વીકારી, જે તે મઠના/ સંપ્રદાયના અનુયાયી બનાવે તે પણ નહીં.

સત્ય એટલે જે સમજણને વિકસાવે, અન્યને સ્વીકારતા શીખવે, બે વિચારબિંદુ વચ્ચેના ભેદને બને તેટલો સ્પષ્ટ કરે, તેવા અનેક વિચારોમાંથી સત્ય પ્રગટ થતું હોય છે. તે મુઠ્ઠીમાં ભરી શકાતું નથી અને તેને ભરીને ચાલી શકાતું નથી. મુઠ્ઠી ખોલ-બંધ કરવી પડે, ચાલતાં રહેવું પડે, અને ક્યાંક એમ લાગે 'હા, આ જ વાત હતી' અને તે અંતિમ સ્થાન ન પણ નીવડે. પછી એ બિંદુથી પણ આગળ વધાય અને ત્યાં પહોંચીને વિચારી શકાય કે કદાચ આ પણ હતું, અનેક બિંદુની વચ્ચે સમન્વય હતો, કદાચ આ નહોતું. હજી અહીંથી પણ આગળ વધવાની સંભાવના જણાય. સત્ય જકડી નથી દેતું, વહેતાં રાખે છે. અનેક સમાંતર, સ્વાનુભૂતિને નિર્મળ બનાવીને મહેકાવે મહેકે ત્યારે સાદ સંભળાય અને ક્યારેક ન પણ સંભળાય, ક્યારેક એની ગંધ અકળાવે પણ ખરી. સત્ય આ ગંધને સહન કરતાં પણ શીખવે છે.

◆◆◆

પણ ડુંગરની ઊંચાઈને માપીને પ્રવાસ નથી કરવાનો, સતત પેલી ટોચે પહોંચવા માટે, તેના પર નજર સ્થિર રાખીને પોતાની આજુબાજુના પ્રવાહને અવગણ્યા વગર, તેને સાથે રાખીને, તેની અનુભૂતિને સમજીને પ્રવાસ કરવાનો છે.

સંસ્કૃતિનો સુમેળ, ધર્મની પૂરકતા, મૂલ્યોની વિશ્વાસનિયતા કઈ સડકના કિનારે મળે છે ?

સડકના કિનારે ઊગેલા ગુલમહોરના આછા પડછાયા જેવો, મનુષ્યનો પડછાયો પણ આછો બની ગયો છે. મનુષ્ય નામના વ્યક્તિ નહી, મનુષ્ય નામની અનુભૂતિનો.

આંતરપ્રવાહ, આંતરસંવાદ, આંતરસંબંધને ભૂલીને કોઈ એક ફિલસૂફ/ વિચાર માત્રને ટીંગાઈને વ્યક્તિત્વ અધ્ધર રહી ગયું છે.શું આ સમાજની કલ્પના કરી હતી ? ચારે તરફ અનેકોનેક ટાપુઓ દેખાય છે, પણ ક્યાંય અખંડભૂમિ નથી દેખાતી. દરેક પાસે પોતાની સેવા-ભાવના છે. જે દ્વારા સિદ્ધ થવાનું અને કરવાનું ટાર્ગેટ છે. પોતાની સંસ્થાને સૌથી ટોચની હરોળમાં મૂકવા દરેક સેવાભાવી સંસ્થા ઇચ્છે છે. એ સંસ્થાનું અસ્તિત્વ સંસ્થા માટે છે, નહી કે મનુષ્ય માટે. દરેકે દરેક સંસ્થાની વચ્ચે એવી દીવાલો છે જે ઓળંગીને બીજી સંસ્થાની હવાને પોતાનામાં પ્રવેશવાની ઉદારતા દેખાડવામાં આ મનુષ્ય પાછો પડે છે.

◆◆◆

મનુષ્યત્વ એટલે 'હું' એવા એક 'ભ્રમ' નામક રોગનો શિકાર સમાજ બન્યો છે. જેના ડૉક્ટરો આજથી થોડા વર્ષો પહેલાં વિનોબાજી, નારાયણ દેસાઈ, તુકારામ, કબીર રૂપે હતા. ચેતવનારા અવાજો ક્યાંય દેખાતા નથી. હા, મીઠી ગોળીઓ ખવરાવી આપણને અનુસરતા કરી દેનારા, ભક્ત બનાવી દેનારાનો અવાજ ચારે તરફ સંભળાય છે.

આ બધાની વચ્ચે કોઈ એક વ્યક્તિ કહે કે 'આ સિસ્ટમ આપણાં માટે કેવી હાનિ જન્માવશે', ત્યારે તેને ગાંડો કહીને ચૂપ કરી દેવાય છે અથવા તેની સામે એટલા અવાજ કરાય છે કે તેનો અવાજ જ ન સંભળાય. આ સમૂહનો અવાજ, આ પ્રભાવિત અવાજો, આ અનુસરણ કરનારા અવાજો, આની વચ્ચે ક્યાં શોધવાનો આત્માનો અવાજ, પોતાનો અવાજ, સર્જનાત્મક અવાજ ?

અવાજનું વજન મહત્ત્વનું છે કે અવાજની સત્તા કે અવાજનો રણકાર ?

છેલ્લા અમુક વર્ષમાં તમે શાંતિમય અવાજ, રણકારમય, વાત્સલ્યમય, સમભાવમય, અવાજ સાંભળ્યો છે ? શું એવા અવાજને સાંભળ્યા પછી, તમારી અંદર રહેલા, તમારા અવાજના શબ્દો બોલવાનું તમને મન થયું છે? શું કદી તમને કદી એમ લાગ્યું છે કે તમારો આવાજ લવારો છે. આજ સુધી કેટલું બોલીને વેડફાઈ ગયું. હવે શબ્દોને તમારે, તમારી અંદરજ તપાસવા, મમળાવવા, ઓગાળવા છે?

જ્ઞાન, એ કોઈ સત્તા નથી, એ કોઈ સામ્રાજ્ય નથી, એ કોઈ

પરંપરાની જાગીર નથી. જેટલું ખોદો, જેટલું ઊંડે ઉતરો, જેટલા વલખા મારો, તમારા ખાલી હાથમાં થોડીક તિરાડો ઉભરાય છે. તેને હથેળી રેખા કહો કે નસીબની રેખા !

ઘણા લોકો હથેળીની રેખા જોઈને, મંજિલ નક્કી કરે છે, ઘણા લોકોની હથેળી તેમના કાર્યથી અંકાય છે. તમે તમારામાં ઊંડે ઉતરી, તરસને છીપાવા માટે કોઈ કુવાના તળિયે ઊતર્યા છો?

વડીલ મિત્ર, હેમંતભાઈ શાહ તેમના કાવ્યસંગ્રહ 'ઇથાકા' માં સંગ્રહિત એક કૃતિ 'તળિયે' (પાના નં. ૩૭)માં કહે છે,

*તમે ઉલેચો છો તે કાંપ છે*
*નીતર્યું પાણી તો તળિયે છે,*
*હજુ ખોદો,*
*ખોદતાં ખોદતાં*
*કાદવ કે કાંપ પણ નીકળે.*
*પથરાય મળે*
*પણ હજુ ઊંડે ઊંડે*
*નીતર્યું પાણી છે તે નિશ્ચિત,*
*એ પાણી તળે છે નક્કરભૂમિ.*

આપણે આજે માત્ર આવા કાંપને ઉલેચીને કેવા, ખભા ફેલાવી સંતુષ્ટ થઈ ફરી રહ્યા છીએ. પણ કાંપની નીચેનું પાણી, નીતર્યા પાણી સુધી પહોંચવા માટે, કવિની જેમ નિરંતર ઉલેચવાનું છે. શું ઉલેચવાનું છે, એ માટે કોઈ માર્ગદર્શિકા ન જ હોય. એ અંદરથી સ્ફૂટે અને જ્યાં સુધી ન સ્ફૂટે ત્યાં સુધી શબ્દોને ઓગાળતા રહેવું પડે. કવિએ આપણને રસ્તો દર્શાવ્યો છે ? ના, આ કવિનો મારગ છે, પોતે પસંદ કરેલો અને એવા જ કોઈ મારગ પર, જ્યારે આપણે ચાલીએ, પોતાની સર્જકતા સાથે, ત્યારે જ પોતાનો કાંપ ઉલેચી શકાય, દરેકની નક્કરભૂમિ એકસરખા ઊંડાણ પર ન હોય. એને પામવાની રીત ભલે જુદી, સમય-અંતર જુદાં, તરસ જુદી, આરત જુદી.

◆◆◆

ડુંગરનો નીચેનો ઘેરાવ મનુષ્યથી ભરાઈ ગયો છે, બધાને જ જવું છે, ઉપર ચડવું છે, પહેલાં કોણ ચડશે અને જે એ રસ્તા પર ચડશે, ત્યાં જ બધા ચડશે? બધા એ જ કેડીને, પોતાનો રસ્તો બનાવશે. ના, એમ પણ નહી. દરેકની પોતપોતાની કેડી-મંજિલ. જુદાં રસ્તે જવું હોય તો બીજાના રસ્તાનો વિરોધ કરવાની જરૂર ખરી? આપણો પ્રેમ આટલો સંકુચિત કેમ છે ? આપણે એક સાથે અનેકને ન ચાહી શકીએ ? એક સાથે સંમાર્જન માટે સમભાવ, ભલે ન કેળવી શકીએ પણ કમસે કમ પોતાની આજુબાજુના વર્તુળને થોડું વિસ્તારીત કરીને સમાંતરને તો કેળવી જ શકીએ. પોતાની ઘરની દીવાલની બીજા તરફ પણ, મનુષ્ય જ રહે છે. બીજી તરફથી દીવાલ અને આ દીવાલમાં અનેક સમાન તત્વો છે. જ્યારે એક તરફ બાકોરું પડે, ત્યારે બંને તરફથી દિવાલ નબળી પડે છે અને એક તરફથી ટકોરા પડે, તો બીજી તરફ પણ સંભળાય. કોઈ વસ્તુને વિભાજવા દીવાલ બન્ને તરફ ન બંધાય, એક દિવાલ બંધાય અને તેની બે બાજુ, બન્ને તરફ વિભાજિત થઈ જાય છે. એકતા અને એકાંકી જુદાં છે. એકત્વ કેળવવાનું છે પણ બહુત્વને પોતાનામાં આરોપીને.

સૃષ્ટિના સૌંદર્યને પ્રેમ કરવાનો દાવો કરતો માણસ, ખરેખર પ્રેમ કરવાની યોગ્યતા કેળવી શક્યો છે ખરો ?

◆◆◆

ડુંગરના તળિયે બેસો, કંઈ જ બોલ્યા વગર, આ ઘોંઘાટને ઓગળવા દો. તમને અનુસરવાનું કહેતા અને તમને અનુસરતા બંને અવાજોથી મુક્ત થઈ, પોતાના આત્માને પૂછો, કોઈ જ અવાજ નહીં સંભળાય. કારણ આ જ સુધી બાહ્ય અવાજની મનમોહની એવી તો રાગમય, પ્રિય લાગતી હતી કે અંદરના અવાજને મૂક કરી દીધો છે. બહુ વર્ષો પછી પ્રયત્ન કરી રહ્યા છો. આ આંતર અવાજને સાંભળવાનો, સમય આપો, સ્થિર થાઓ, અઘરું છે, પણ જાત પર વિશ્વાસ કરો. તમે તમારા આત્મા પર વિશ્વાસ કરો.

તમારી આજુબાજુ જે અન્ય ચીસો સંભળાઈ રહી છે, તેને પણ શાંત કરો. પણ તેની અવગણના ન કરો. દેશને સ્વતંત્રતા મળ્યા પછી આપણે સામુહિક સ્વપ્ન જોવાનું ભૂલી જ ગયા છીએ. દેશના, સમાજના સ્વપ્નમાં પણ સ્વનું સ્વપ્ન હોય, તેમ વિચારવાનું ભૂલી ગયા છીએ. જરા જાતને વિસ્તારો, સફળતા અને સમુદ્ધિ 'સ્વ' માટે જ હોય અને એ માટે મૂલ્ય, ધર્મ, પરંપરા, સંસ્કૃતિ કંઈ જ આવશ્યક નથી? આપણે માત્ર ઉત્સવપૂરતો જ એનો ઉપયોગ કરવાનો છે? એવી સંકીર્ણ બુદ્ધિવાળા, ભણેલા આપણે, સમજવાનું અને કેળવવાનું ભૂલી ગયા છે.

જો આ વિશે કોઈ શંકા જન્મે, તો વૃદ્ધાશ્રમમાં જઈને અથવા એકલા જીવતાં મા બાપના ઘરે જઈ, એકલતા અને સમૃદ્ધિનો અર્થ પૂછી જુઓ તેઓ કહેશે કે અમે સમૃદ્ધિથી આ એકલતાં ખરીદી છે. અમે સ્વપ્ન અને સફળતા આપી, આ પેઢીને પણ મનુષ્યત્વ અને ભાવ આપવાનું વિસરી ગયા.

સમાજ વિસરી જાય પછી સુધરવાની તક મળતી નથી. આપણે ભૂલી ગયા છે, સહિષ્ણુ થવાતું, બીજાના ભાવને, વિચારને, શક્તિને સૌજન્યતાથી સ્વીકારી શકતા નથી. દેશ એક ઘોંઘાટની પાછળ પોતાના સત્વને ક્યાંય વિસરી રહ્યો છે? તમારે જાતે વિચારવાનું નથી, તમે જાતે બોલતા નથી, કોઈ પ્રભાવમાં વિહરો છો. તમે, તમે નથી તમે બીજો પ્રભાવ છો! ના, આ તો કદી જ નહોતું જોઈતું! તમને સેવાકેન્દ્રો ઘણાં મળશે પણ માનવકેન્દ્રો, હુંફકેન્દ્રો નહી મળે. તમે પ્રયત્ન કરી જુઓ થોડા કેન્દ્રોને ભેગા કરવાનો, તમને ખ્યાલ આવશે કે આ કેન્દ્રો નથી. પોત-પોતાના અસ્તિત્વની ધજા છે અને પોતાની રંગીન ધજાને ઉર્ધ્વદિશામાં લઈ જવાની દોડ

બની ગઈ છે, જિંદગી.

*ઠહેરો જરા.*

*ઈસ ઠહેરાવ મેં જો આંધી મૈંને દેખી હૈ,*
*વહ સો તુફાનો સે કઈ જ્યાદા હૈ,*
*મૈંને અપની હી આંખો સે એકલતા બોયી હૈ,*
*વહ કઈ વિશ્વયુદ્ધો સે જ્યાદા ઘાતક હૈ.*

યુદ્ધ, મેદાનમાં થાય અને એનું પરિણામ માનવીય હત્યા/ મૃત્યુ સુધી સીમિત હોય, સંસ્કાર, ઇતિહાસ પરંપરાનું દટાવું અને પછી એના કોઈ અવશેષ પણ ન મળે, એવી, રેતી જેવી સમૃદ્ધિમાં તંબુ લગાડી શકાય, એસી લાવી શકાય પણ ફૂંક નહી. જો હૂંફની જરૂર જ નથી, તો પછી ફૂંક મારી ઉડાડી દો આ શબ્દોને. વૃદ્ધાવસ્થામાં ફરી આ શબ્દો શોધવાની રમત આદરશો, ત્યારે યાદ આવશે આપણી આજની વાતો.

◆◆◆

કંઈ પણ સંપૂર્ણ યોગ્ય કે સંપૂર્ણ સારું નથી, કંઈ પણ ખરાબ કે અયોગ્ય નથી, બધું જ પરિવર્તનશીલ છે. પણ દરવખતે એ માટે જે અભિગમ અપનાવાય છે, તે જ સાચો/યોગ્ય/ અનુરૂપ હોય છે. અને તે સતત બદલાયા કરે છે. અત્યારે ડુંગરની ટોચ પર એક પ્રકાશનો દીપક દેખાય છે. અને ત્યાં ચઢવાનો આરંભ કરી દીધો છે. ધીરેધીરે બધા જ ત્યાં ચઢી રહ્યા છે, બધાની કેડી જુદી જુદી છે. બધા પોતપોતાની કેડીમાં મસ્તીથી ચડી રહ્યા છે, ત્યાં એક તોફાની છોકરો આવી બધાને જુદા જુદાં રંગની ધજા આપે છે અને કહે છે કે જેની ધજા સૌથી પહેલાં ટોચ પર પહોંચશે, તે આ ડુંગરનો રાજા કહેવાશે. બધા જ ઉત્સાહમાં આવે છે અને ઝડપથી પોતપોતાની ધજા ઉપર પહોંચાડવા મચી પડે છે. ત્યાં એક વ્યક્તિ, બીજી વ્યક્તિને ભૂલથી ધક્કો મારે છે એટલે બીજી વ્યક્તિના હાથની ધજા નીચે પડી જાય છે એટલે તે ધજા લેવા નીચેની તરફ દોડે છે. એમાંથી બધાને વિચાર આવે છે અને બધા જ એકબીજાની ધજા પાડવાનો પ્રયત્ન કરે છે. હવે થોડીવારમાં અડધાથી વધારે ધજાને ઢગલો નીચે થઈ જાય છે. ડુંગરદેવ મલકી રહ્યા, તેમને આ રમત જોઈને ખૂબ જ મજા આવે છે પણ આકાશમાંથી પાર્વતીમાતાને આ જોઈને દુઃખ થાય છે અને મનુષ્ય પર દયા આવે છે, તેઓ ઉપરથી ઘોષણા કરે છે કે ડુંગરની ટોચ પર જે ધજા પહોંચશે, તે ધજા ચમત્કારથી ધોળી થઈ જશે એટલે એ ધજાનો કોઈ જ રંગ નહીં રહે, એને કારણે એ ધજા કોની છે, એ ખબર જ નહી પડે, માટે આ રમતમાં કોઈ રાજા નહી અને કોઈ પ્રજા નહી. આ સાંભળી બધાના મોઢા પરની ઉત્સાહ ઓસરી જાય છે. પ્રવાસ ધીમો પડી જાય છે, કોઈને ઉપર પહોંચવાનો ઉત્સાહ જ રહેતો નથી. કારણ કોઈ વિજયી બનવાનું જ નહોતું. હવે ડુંગરની ટોચ પર કોઈ ધજા પહોંચે, એની રાહ ટોચ જોઈ રહ્યું છે. બધા જ ધીરેધીરે પોતાની ગતિથી જઈ રહ્યા છે અને મોટેભાગે ત્યાં પહોંચતા પહેલાં જ મોટાભાગના લોકો ઢળી પડે છે.

આ ટોચ પર એ જ પહોંચશે જેની પાસે પોતાની આરત છે, ક્યાંયથી ઉછીની લીધેલી નહી પણ પોતાની સર્જનાત્મક આરત.

આરંભ થયો છે હવે કથાનો. શું લાગે છે તમને ? ટોચ પર ધજા ક્યારે, કોની પહોંચશે ?

◆◆◆

મનુષ્યનું મનુષ્યત્વ છેવટે નવ રસની લ્હાણી કરતું અસ્તિત્વ છે. આ નવ રસ તેને સતત ચેતનવંતો રાખે છે પણ આ રસ જો તેના પોતાના કાબુમાં આવી જાય, અને પણ બાહ્ય અવલંબન વગર પોતે જ પોતાનામાં શમે કે ઉભરાય, તો તે સમ્રાટ ગણાય. આ નવરસનો નાચ મનુષ્યને, એનું મનુષ્યત્વ આપે છે અને નવરસનું નૃત્ય તેની પાસેથી તેનું મનુષ્યત્વ છીનવી પણ લે છે. સૌંદર્ય અને પ્રેમ, બાહ્ય નહીં આંતરની અનુભૂતિ છે અને અંતરમાં જ તે નિર્મળ રૂપે વહે છે, તેનો આધાર જ્યારે કોઈ બીજું બને, ત્યારે તે દુષિત બને છે. ત્યારે તે ક્ષણિક હોય છે, ત્યારે તે ખંડિત હોય છે.

અખંડ અનુભૂતિમાં સમ્રાટ બનવા પોતે જ પોતાના ડર અને સત્તાને પોતાનામાં વાવો, ઉછેરો એનું સમગ્ર સંચાલન માત્ર અને માત્ર તમારી બુદ્ધિ અને ભાવથી જ કરો. અન્ય કાંઈ કરતાં પહેલાં માત્ર અને માત્ર પોતાના પર વિશ્વાસ કરો, એ પહેલાં પોતાના અવાજને, પોતાને સાંભળો.... જુઓ સંભળાય છે....
જુઓ ધીરે ધીરે સંભળાય છે...

આંખો બંધ કરતાં અંધકાર અનુભવાય છે, તો તે પણ અનુભવો,
તમારે જ એ અંધકારને, બંધ આંખો રાખીને, છેદવાનો છે.
મૌન થઈ સાંભળો પ્રકાશના અવાજને.
આરંભાય છે એક કથા ફરી પાછી.
૨૦૧૯ આવ તું આવ

આ કથાનો આરંભ થયો છે. ધજા ઉપર પહોંચે તેની રાહ જોવાય છે, ધજા રંગીન હશે કે ધોળી? ધજા, ધજારૂપે જ પહોંચશે? ખબર નહીં. રાહ જુઓ, આ તો ૨૦૧૯નો પહેલો જ મહિનો છે.

કથા આરંભાઈ છે, અંત ખબર નથી પણ અંત હશે, છે.. મળીએ પછી.

❑ ડૉ. સેજલ શાહ
Mobile : +91 9821533702
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૨ થી રાતના ૯ સુધી)

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-વર્તમાન કાર્યવાહક સમિતિ - ૨૦૧૭-૧૯**
**વાર્ષિક સામાન્ય સભાની મિટીંગમાં ઉપ-પ્રમુખ પદ માટે શ્રી દિલીપભાઈ એમ. શાહ અને સહ-કોષાધ્યક્ષના પદ માટે શ્રી ભરતભાઈ પારેખની નિમણુક કરવામાં આવી છે. બંને મહાનુભવોનું સ્વાગત છે.**

'યોં કથિ કહૈ કબીર' – (૩)

# કર્મના વૃક્ષ પર ખીલતું એષણાનું ફૂલ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

**સં**ત કબીરની પ્રત્યેક પંક્તિમાં એક વિચાર આલેખાય છે. સામાન્ય રીતે કોઈ પદમાં ભક્તકવિ એક જ ભાવ આલેખતો હોય છે, કયાં તો એ પ્રભુમિલનનો આનંદ પ્રગટ કરતો હોય છે અથવા તો પ્રભુવિરહનો તરફડાટ દર્શાવતો હોય છે, પરંતુ જ્ઞાનના પરમ આરાધક કબીર પાસે પ્રત્યેક પંક્તિ એ એના આગવા મર્મ, અર્થ અને અનુભવ સાથે પ્રગટ થાય છે. આથી પછીની પંક્તિ 'માસ અસારે શીતલ બિરહુલી, બોઈનિ સાતોં બીજ બિરહુલી'માં કહે છે કે ગરમી પછી અષાઢ મહિનામાં વર્ષાનો પ્રારંભ થાય છે અને જમીન પોચી અને શીતળ થતાં ખેડૂત ખેતરમાં બીજ વાવે છે, એવી જ રીતે અન્ય યોનિઓમાં જન્મ્યા પછી જીવ જ્યારે મનુષ્યશરીરમાં આવે છે ત્યારે કર્મોનાં બી વાવે છે.

અહીં સંત કબીર માનવીના જીવનમાં થતી કર્મોની વાવણી અંગે વાત કરે છે. એ દર્શાવે છે કે પાંચેય વિષયમાં અહંકાર કે આસક્તિ રાખવાથી કર્મબીજ જન્મે છે અને આને પરિણામે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, મન અને અહંકાર એ સાતેય બાબતો કર્મબીજ બની જાય છે.

જ્યાં સુધી આ જડ અને ભૌતિક વિશ્વમાં વ્યક્તિ જીવતી હોય છે ત્યાં સુધી એને પાંચેય વિષયોમાં સુખ લાગે છે. એની આવી સુખની માન્યતા અને એમાં વળી અહંકારનું ઉમેરણ એને માટે સંપૂર્ણ કર્મબંધન બને છે અને આને કારણે વ્યક્તિ પાંચેય વિષયો ઉપરાંત મન અને અહંકાર જેવાં કર્મબીજ જીવનની ધરતી પર નાખે છે. આ રીતે સંત કબીર એમની આ 'બિરહુલી'માં એમની આગવી કલ્પના અને વિશિષ્ટ આલેખનરીતિથી સ્વ-રૂપની ઓળખ આપે છે.

માનવી કર્મમાં ફસાય છે. એ નવાં નવાં બંધનોમાં વૃદ્ધિ કરીને કર્મોનો વિસ્તાર થતાં એનું સંસારવૃક્ષ ચોતરફ એટલું બધું ફેલાઈ જાય છે કે એનાથી એના ત્રણેય લોક છવાઈ જાય છે.

આ ત્રણ લોક એટલે શું? આ ત્રણ લોક એટલે મન, વાણી અને ઈન્દ્રિય. સંત કબીરના મતે જીવના આ ત્રણ લોક છે અને કર્મીજીવોના આ ત્રણેય લોક આ કર્મબંધનોથી છવાઈ જાય છે. સંસારમાં ડૂબેલો જીવ પોતાના રાગ-દ્વેષ દ્વારા વધુ ને વધુ કર્મો પેદા કરે છે. માનવીની આવી પરિસ્થિતિ દર્શાવતા સંત કબીર એમની પ્રથમ 'બિરહુલી'માં માર્મિક રીતે કહે છે,

*નિત ગોડૈ નિત સીંચૈ બિરહુલી,*
*નિત નવ પલ્લવ ડાર બિરહુલી.*

એટલે કે જેમ ખેતરમાં બીજ નાખીને છોડ થઈ ગયા બાદ ખેડૂત પાકને ખોદે (ગોડે) છે, એને પાણી પાય છે, એની સંભાળ લે છે, એ જ રીતે સંસારમાં ખૂંપેલો માનવી રાગદ્વેષ દ્વારા એનાં કર્મના પાકને ખોદતો રહે છે, પાણી પાતો રહે છે અને પરિણામે એના સંસારવૃક્ષમાં નિત્ય નવી નવી ડાળીઓ ફૂટતી હોય છે. કર્મની લીલા દર્શાવી માનવી કઈ રીતે પોતાનાં કર્મો બાંધીને સમગ્ર જીવનને બરબાદ કરે છે તે દર્શાવે છે.

સંત કબીર એક વૃક્ષની ઉપમા દ્વારા આ દર્શાવે છે. એમના કહેવા પ્રમાણે આ કર્મના વૃક્ષમાં એક પ્રસિદ્ધ ફૂલ ખીલે છે, જેને એષણા કે વાસના કહેવામાં આવે છે. જ્યાં સુધી વ્યક્તિ આ જગતમાં છે, ત્યાં સુધી એના મનમાં એષણા કે વાસના સતત કાર્યરત હોય છે. વળી બીજાં પ્રાણીઓ કરતાં માનવીની વાસના વિશેષ પ્રબળ હોય છે અને માનવી જુદા જુદા પ્રકારની એષણાથી ઘેરાઈ જાય છે. એની પાછળ આંધળી દોટ મૂકે છે. એની એષણા એના મન, વાણી અને ઈન્દ્રિયો સઘળાની આસપાસ વીંટળાઈ વળીને એને બાંધી દે છે.

કોઈ વ્યક્તિ નિઃસંતાન હોય, તો એને પુત્રની એષણા હોય છે, એને જીવનમાં ગમે તેટલાં સુખ, સમૃદ્ધિ કે સત્તા મળ્યાં હોય, તો પણ સંતાન વિના સઘળું સુખ ધૂળ બરાબર લાગતું હોય છે. કારણ કે એષણા એના મનમાં નિઃસંતાન હોવાનો એવો વસવસો જગાવે છે કે જીવનની બીજી કોઈ બાબક વિશે એ લેશમાત્ર વિચાર કરતો નથી. એવી જ રીતે કેટલીક વ્યક્તિઓમાં વિત્તૈષણા હોય છે. એ રાતદિવસ ધનને માટે દોડતી હોય છે. ધન એ એના ખિસ્સા પર રહેવાને બદલે એના હૃદય પર વસતું હોય છે. એ અહર્નિશ ધનપ્રાપ્તિના વિચારો કરતી હોય છે અને ધન એ જ એના જીવનનાં સર્વ કાર્યોનું કેન્દ્ર બની રહે છે. આવી વ્યક્તિ લક્ષ્મીપતિ નહીં, બલ્કે લક્ષ્મીદાસ બની જાય છે અને લક્ષ્મી જ્યાં દોડાવે ત્યાં બીજું બધું ભૂલીને દોડતી રહે છે.

વ્યક્તિમાં ત્રીજી ઈચ્છા એ લોકૈષણા છે. એને આ લોકમાં પ્રસિદ્ધિ પામવાની તીવ્ર ઈચ્છા હોય છે અને આવી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવા માટે એ કોઈ પણ અવળો માર્ગ અપનાવતા અચકાતી નથી. માણસ આ એષણાનો ગુલામ બની જાય છે અને તેથી એના મનમાં એની અતૃપ્તિ છવાઈ જાય છે. આને સંત કબીર એક માર્મિક પંક્તિથી દર્શાવતાં કહે છે,

*ફૂલ એક ભલ ફૂલલ બિરહુલી,*
*ફૂલિ રહલ સંસાર બિરહુલી.*

સંત કબીર કહે છે કે કર્મનાં વૃક્ષ પર એક ફૂલ ખીલે છે. એ એષણાનું ફૂલ સંસારી વ્યક્તિમાં સદૈવ વસતું હોય છે. આ રીતે મનુષ્ય એને બંધનરૂપ બનતાં સાત કર્મબીજ એ ધરતીમાં વાવતો હોય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, મન તથા અહંકાર એ સાત બીજ છે. એ પોતાના જીવનરૂપી ખેતરમાં એને નાખીને જેમ બીજને પાણી

પાવામાં આવે છે અને એની આસપાસની જમીનને ખોદે છે, એ રીતે પોતાના રાગદ્વેષ વગેરેથી સંસારી જીવ એ કર્મબીજના પાકને ગોડે છે, પાણી પાય છે અને ધીરે ધીરે આ બીજમાંથી મન, વચન એ ઈન્દ્રિય પર છવાઈ જતું સસારવૃક્ષ ઊગે છે અને તે વૃક્ષ પર એષણા નામનું ફૂલ ખીલે છે. વ્યક્તિના મનરૂપી ઉપવનમાં ત્રણેય પ્રકારની એષણાઓનાં ફૂલ ખીલતાં હોય છે.

આ રાગદ્વેષને દૂર કઈ રીતે કરવા? મન, અહંકાર જેવાં સાત બીજથી થતાં કર્મબંધનોનું નિવારણ કરવું કઈ રીતે? એષણાઓનો કઈ રીતે અંત આણવો? તો એના ઉત્તરમાં સંત કબીર કહે છે કે એષણાઓની લીલા અનેરી છે. વ્યક્તિ જ્યારે સાધનાની શરૂઆત કરે, ત્યારે તો એનામાં એષણાઓ અને વાસનાઓ જાગતી હોય છે. આ એષણા અને વાસના ત્યજવાનો વ્યક્તિએ પ્રયત્ન કરવો પડે અને તે માટે એણે સંતસમાગમ સેવવો જોઈએ. સંત કબીર કહે છે કે સંતજન સદા એષણાનાં ફૂલને તોડતા રહે છે અર્થાત્ એ કે સંત સદૈવ મનમાં જાગતી ઈચ્છાઓ, એષણાઓ અને વાસનાઓનો ત્યાગ કરતા રહે છે.

જો તમે વૃક્ષ પર ઊગેલા ફૂલને તોડી નાખો, તો પછી એમાંથી ફળ આવવાની સંભાવના ક્યાંથી રહે? સંત એ તો માનવીની એષણાનાં પુષ્પ તોડનારો માળી છે. એ આવી એષણાઓ દૂર કરીને સ્વયંને અને સાધકોને ભવબંધનોથી મુક્ત કરતો હોય છે. એષણા અને વાસનાના ફૂલને સતત તોડતા રહેવું, એનું નામ જ સંતત્વ. સાધક જ્યારે સાધનાની પૂર્ણ અવસ્થા પ્રાપ્ત કરે છે, ત્યારે એના મનમાં એષણાનું કોઈ ફૂલ ખીલતું નથી અને જો કોઈ ફૂલ ખીલે તો સંત એ ફૂલને તોડી નાખે છે.

કબીર કહે છે કે આને કારણે તો સંત સમગ્ર વિશ્વમાં વંદનીય અને શ્રેષ્ઠ ગણાય છે. એણે પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણાનો સદંતર ત્યાગ કરી દીધો હોય છે, પરંતુ આ તો બાહ્ય બાબત ગણાય. એના ભીતરની અંદર શાંતિનો મહાન સાગર સર્જાય છે. એ નિર્ભયતાને પ્રાપ્ત કરે છે અને એ રીતે એ સંતને સર્વોચ્ચ સ્થિતિ પ્રાપ્ત થાય છે. આમ ઈચ્છાત્યાગી સંત જેવો બીજો કોઈ નથી. સંત કબીરે વારંવાર ઈચ્છાઓના ત્યાગની વાત કરી છે. ઈચ્છા એ જ કર્મબંધનનું કારણ છે અને સાધક જેમ જેમ એનો ત્યાગ કરે, તેમ તેમ એ આ કર્મબંધનમાંથી મુક્ત બને છે.

સંત કબીર તો ઈચ્છાત્યાગની પરાકાષ્ઠાને દર્શાવે છે. એ કહે છે કે પરમાત્મા પામવાની ઈચ્છા પણ અવરોધક છે, કારણ એટલું કે ઈચ્છા એ બાહ્ય વસ્તુ છે, જ્યારે પરમાત્મા એ ભીતરી છે. એથી સંત કબીર એવો ઉદ્‌ઘોષ કરે છે કે તમારા આત્માથી અલગ કોઈ પણ વસ્તુ મેળવવાની ઈચ્છા થાય તો એ એક અર્થમાં સંસારની જ એષણા છે.

જે કંઈ આપણા આત્માથી ભિન્ન છે, તે અસલી નથી પણ નકલી છે. તે કોઈ બિંબ કે માયા છે અને તેથી જ પરમાત્મા બહાર હોય અને તમે એનો વિરહ અનુભવો તે યોગ્ય નથી. પરમાત્મ-પ્રાપ્તિ માટે વ્યક્તિએ નિષ્કામ બનવું જોઈએ. એ પૂર્ણકામ, તૃપ્તકામ અને આપ્તકામ થવો જોઈએ. આમ થાય તો નિજસ્વરૂપનો બોધ થાય એટલે કે પરમાત્માની પ્રાપ્તિ થાય છે. જ્યારે વ્યક્તિ કોઈ કામના રાખે, ત્યારે એ બહાર દોડે છે. જ્યારે વ્યક્તિના આત્મામાં સઘળી કામનાઓ અને એષણાઓ અસ્ત પામે છે, ત્યારે એ પરમાત્મા બની જાય છે. આવું નિજસ્વરૂપનું જ્ઞાન કે સ્વરૂપજ્ઞાન જરૂરી છે, કારણ કે બહારથી કંઈ પણ મેળવવાની ઈચ્છા એ એષણા સ્વરૂપમાં છે.

અનાદિ કાળથી સાધક બહારથી પ્રાપ્ત કરવાની ઈચ્છાને કારણે આત્મબોધ અને આત્મશાંતિથી વંચિત રહે છે. બહાર ભ્રમ છે, બહાર માયા છે, બહાર રહેલી ઈચ્છાઓ, એષણાઓ અને વાસનાઓ ભટકાવનારી છે, જ્યારે મેળવવાનું છે તે તો તારું પોતાનું સ્વરૂપ છે, શાશ્વત શાંતિ અને અનંત સુખ મેળવવા માટે તારા સ્વરૂપમાં સ્થિર થા અને એથી જ સંત કબીર કહે છે કે જો મારા સ્વરૂપજ્ઞાન વિશેના વિચાર ગ્રહણ કરશો તો તમને સત્યનો બોધ મળશે.

સદ્‌ગુરુની વાણી એ કરેણની ડાળનું કડવું ફળ છે, પરંતુ તે ચાખવાથી જ તને સત્ય અને શાંતિ મળશે. આ સત્ય કડવું શા માટે છે? એ કડવું એ માટે લાગે છે કે અવિવેકી મનને એ પ્રતિકૂળ લાગે છે, વિવેકીને અનુકૂળ.

(ક્રમશઃ)

❑❑❑

*૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,*
*પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.*
*ફોન ૦૭૯-૨૬૬૦૨૬૭૫ / મો. ૦૯૮૨૪૦૧૯૯૨૫*

પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે છે.
**૧ વર્ષના લવાજમના $ 30**
**● ૩ વર્ષના લવાજમના $ 80**
**● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**
વાર્ષિક લવાજમ આપશ્રી **$** (ડોલર) માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260. IFSC:BKID0000039

# ઉપનિષદમાં દેવસ્યમહિમા વિદ્યા

ડૉ. નરેશ વેદ

ઘણીવાર આપણા મનમાં પ્રશ્નો ઊઠે છે કે આ વિશ્વ કોણે સર્જ્યું હશે, શામાંથી ઉત્પન્ન થયું હશે, શા કારણે ઉત્પન્ન થયું હશે, આપણે શામાંથી ઉત્પન્ન થયા હોઈશું, આપણે શેના વડે જીવીએ છીએ, કોના અને કયા નિયમને આધીન આપણે જીવનમાં સુખદુઃખ અવસ્થાને પામીએ છીએ? ઉપનિષદ કાલીન ઋષિઓના મનમાં પણ આવા પ્રશ્નો ઊઠ્યા હશે, તેથી તેમણે આ પ્રશ્નોના ઉત્તરો ખોળવાનો પ્રયત્ન કર્યો હતો. એ વાતનો પુરાવો આપણને ઉપનિષદોમાંથી મળી રહે છે.

ઉદાહરણ તરીકે 'શ્વેતાશ્વતર ઉપનિષદ' ટાંકી શકાય એમ છે. એના પહેલા અધ્યાયના આરંભના બે શ્લોકોમાં તેમણે આવા પ્રશ્નો નિરૂપી, તે સમયે અલગ અલગ ઋષિઓએ પોતાના જીવનમાં પ્રયોગો દ્વારા અને ચિંતન-મનન દ્વારા જે ઉત્તરો મેળવ્યા હતા તેનો સંદર્ભ આપે છે.

કોઈ ઋષિ કહે છે કે આ જગતની ઉત્પત્તિનું કારણ કાળ છે. કોઈ કહે છે કે તે નિયતિના નિયમ અનુસાર ઉત્પન્ન થાય છે. કોઈ કહે છે કે જગતની ઉત્પત્તિ સ્વાભાવિક જ થાય છે. કોઈ કહે છે કે જગત યદચ્છાથી (સ્વેચ્છાએ) અથવા અકસ્માત ઉત્પન્ન થાય છે. કોઈ પંચ મહાભૂતને જગતની ઉત્પત્તિનું કારણ માને છે, તો કોઈ પ્રકૃતિને, તો કોઈ પુરુષને, તો કોઈ આ બધાના સંયોગને જગતનું કારણ માને છે, પણ આ બધા આત્માથી જુદા છે અને આત્મા તો અવશ્ય છે જ, માટે એ બધા જગતનું કારણ બની શકતા નથી. તેમ જ જીવાત્મા પણ સુખ અને દુઃખને કારણે જગત ઉત્પન્ન કરવાને સમર્થ નથી. તો આ બધાં કારણોની ઉપર અમલ ચલાવનારી શક્તિ આત્મા જ શું આ જગતનો નિર્માતા હશે?

'શ્વેતાશ્વેતર ઉપનિષદ'ના ઋષિ પ્રથમ તો વિશ્વ અને આપણી ઉત્પત્તિ માટે જુદા જુદા ઋષિઓ દ્વારા દર્શાવવામાં આવેલ કાળવાદી, સ્વભાવવાદી, નિર્યાતવાદી, ભૂતવાદી, યોનિવાદી, પુરુષવાદી, સંયોગવાદી, આત્મવાદી - વગેરે વિચારસરણીઓને રદિયો આપે છે. પછી વિશ્વની ઉત્પત્તિનાં આ બધાં કારણોમાંથી સૌથી મુખ્ય અને સૌના અધિષ્ઠાનરૂપ દેવાત્મશક્તિવાદીને પરમ કારણ ગણાવે છે. તેઓ કહે છે : કેટલાક બુદ્ધિમાન મનુષ્યો સ્વભાવને જગતનું કારણ કહે છે, તેમ જ કેટલાક મોહ પામેલાઓ કાળને જ જગતનું કારણ કહે છે. પરંતુ જેના વડે બ્રહ્મચક્ર ભ્રમણ કર્યા કરે છે, તે તો આ દેવ (બ્રહ્મ)નો જ મહિમા છે. જેના વડે આ આખું જગત વ્યાપ્ત થઈ રહ્યું છે, અને જે જ્ઞાનમૂર્તિ, કાળનો પણ કાળ છે, સૌને જાણનારો છે, તે અક્ષરપુરુષ વડે જ નિયમાઈને ક્ષર પુરુષરૂપે આ પૃથિવી, જલ, તેજ, વાયુ અને આકાશરૂપ સૃષ્ટિકર્મ ભાસમાન થાય છે. ક્ષરપુરુષ સૃષ્ટિ રચવારૂપ કર્મ કરીને તેમાંથી નિવૃત્ત થઈ જાય છે અને ફરીથી પોતાના ક્ષરતત્ત્વના મૂળ એવા અક્ષરતત્ત્વ સાથે મળી જાય છે અને છેવટે અવ્યયતત્ત્વમાં મળી જાય છે. વળી પાછો સમય આવતા એ ક્ષરપુરુષ એક (મૂળરૂપ), બે (પ્રકૃતિ-વિકૃતિરૂપ) ત્રણ (સત્ત્વ, રજ, તમોગુણરૂપ) અથવા આઠ (શબ્દ વગેરે પાંચ તન્માત્રાઓ, મન,બુદ્ધિ અને અહંકારરૂપ) એવા પોતાના સૂક્ષ્મ આત્મગુણો વડે ફરીથી સૃષ્ટિ રચવાનો આરંભ કરે છે. આમ ત્રણ ગુણોથી યુક્ત એવાં સૃષ્ટિરૂપ કર્મોનો આરંભ કરીને એ ક્ષરપુરુષ બધાં પ્રાણીઓની ઉત્પત્તિનું કારણ બને છે. પછી સૂક્ષ્મ ગુણો ફરી અવ્યક્તરૂપમાં લીન થઈ જતાં ઉત્પન્ન થયેલી કર્મરૂપ સૃષ્ટિનો નાશ થઈ જાય છે અને કર્મરૂપ સૃષ્ટિનો નાશ થાય છે ત્યારે એ ક્ષરપુરુષ પોતાના આત્મતત્ત્વમાં લીન થઈ જાય છે. એ ક્ષરપુરુષ (સ્થૂળ સૃષ્ટિની ઉત્પત્તિ માટે) પરમાણુઓના ભેગા થવા રૂપ નિમિત્તના મૂળ કારણ સમાન છે. ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણ કાળથી પર છે તેમ જ અખંડરૂપે પણ તે જ દેખાય છે. તે ક્ષરપુરુષ સંસારવૃક્ષ, કાળ તેમ જ આકૃતિરૂપ અવિદ્યા એ ત્રણથી પર અને જુદો છે. તેમાંથી જ આ સંસાર પ્રપંચ ઉત્પન્ન થાય છે. તે ક્ષરપુરુષને દરેકના ધર્મને ઉત્પન્ન કરનારા, પાપનો નાશ કરનારા, સૃષ્ટિના અધિપતિ, પોતામાં રહેલા, અમર અને વિશ્વના આધાર તરીકે જાણીને મનુષ્ય મુક્ત બને છે.

તે ઈશ્વરોના પણ પરમ મહેશ્વર, દેવતાઓના પણ પરમ દેવ, પતિઓના પણ પતિ, ઊંચાથી પણ ઊંચા અને જગતના અધિપતિ એવા પૂજ્ય દેવ છે. તેને માટે કાંઈ કાર્ય નથી, તેમ જ તેનું કાંઈ કારણ પણ નથી. તેના જેવો કોઈ નથી અને તેનાથી અધિક પણ કોઈ નથી. તેની શક્તિ અનેક પ્રકારની છે. તેનાં જ્ઞાન, બળ અને ક્રિયા સ્વાભાવિક કે સહજ છે. આ જગતમાં તેનો કોઈ સ્વામી નથી, તેનો કોઈ નિયંતા નથી તેમ જ તેનું કાંઈ ચિહ્‌ન પણ નથી. તે સર્વનું કારણ છે અને તે બધી ઇન્દ્રિયોના અધિપતિ એવા મનનો પણ અધિપતિ છે. તેને કોઈ જન્મ આપનારો નથી કે તેનો કોઈ અધિપતિ નથી. આ દેવ કરોળિયો જેમ પોતાની લાળ દ્વારા સર્જેલ જાળાની જેમ કોઈ અવ્યક્ત તત્ત્વમાંથી જન્માવેલા તાંતણામાં પોતાને સંગોપી લે છે.

આ દેવ સર્વ ભૂતોમાં છુપાયેલો છે, સર્વવ્યાપી છે, સર્વ ભૂતો (જીવો)નો અંતરાત્મા છે, કર્મને પ્રેરનારો છે, સર્વ ભૂતોના નિવાસસ્થાનરૂપ છે, નિર્ગુણ છે, ચૈતન્યસ્વરૂપ છે અને એકમાત્ર સાક્ષી છે. પોતે એક છે, છતાં તે અનેક ક્રિયારહિત અચેતન વસ્તુઓને વશમાં રાખે છે. તે જ એક મૂળબીજને અનેક રૂપમાં

પલટાવે છે. જે બુદ્ધિમાનો તેને પોતામાં રહેલો જુએ છે તેમને જ શાશ્વત સુખ મળે છે. અનિત્ય વસ્તુઓમાં નિત્ય, ચેતન વસ્તુઓમાં ચેતન, એક હોવા છતાં અનેકની કામનાઓ પૂરી કરનારા અને જ્ઞાન તથા યોગ વડે જાણી શકાતા, તે મૂળ કારણરૂપ દેવને જાણીને મનુષ્ય બધાં બંધનોમાંથી મુક્ત બને છે. તે પ્રકાશમાન થતાં જ બધું પ્રકાશે છે, તેના વડે જ આ બધું દેખાય છે. જેમ પાણીમાં અગ્નિ છે, તેમ આ હંસ (આત્મા) આ જગતમાં પ્રવેશ્યો છે. તે વિશ્વનો કર્તા છે, વિશ્વને જાણનારો છે, પોતે જ પોતાનું કારણ છે, જ્ઞાનમૂર્તિ છે, કાળનો પણ કાળ છે, ગુણવાન અને સર્વને જાણનારો છે. અવ્યક્ત તત્ત્વ તથા જીવાત્માનો અધિપતિ છે, સત્વાદિ ગુણોનો નિયંતા છે, અને આ સંસારમાં મનુષ્યના મોક્ષ અને બંધનના કારણરૂપ છે. તે પોતે પોતાના સ્વરૂપમાં જ રહેલો છે, અમર છે, સૌનો નિયંતા છે, જ્ઞાતા છે. સર્વત્ર રહેલો છે અને આ જગતનો પાલનહાર છે. તે જ આ જગત પર અમલ ચલાવનારો છે. તેના સિવાય જગતને નિયમમાં રાખનારું બીજું કાંઈ નથી. આ વિશ્વમાં જે ઐશ્વર્ય છે તે આ દેવની મહત્તાને કારણે છે. એ સર્વોત્તમ દેવ છે. આ વિશ્વ અને એમાં જે કાંઈ છે તે, તેનાં કારણો સુધ્ધાં, બધું આ સર્વોત્તમ દેવનો જ આવિર્ભાવ છે. જેમ સૂર્યની ભવ્યતા એની તેજસ્વિતાને કારણે છે, તેમ તમામ વિશ્વોની ભવ્યતા, તેને કારણે જ છે. જેમ સૂર્યનાં કિરણો સૂર્યની મહત્તાના દ્યોતક છે, તેમ આ વિશ્વના ચર અને અચર બધાં તત્ત્વો તેનાં ઐશ્વર્ય અને તેજસ્વીતાના દ્યોતક છે. સર્વમાં એ રહેલો છે, એનાથી જુદું કશું નથી. એની સૌમાં રહેલી વિભૂતિ જ તેનો પરિચય આપે છે.

આ દેવે જ આ બધું સર્જન કર્યું છે, તેનું સર્જન, પાલન અને નાશ એ બધું પણ એ જ કરે છે. આપણે જે નિહાળી રહ્યા છીએ તે અનંત વિવિધતાઓ અને વિચિત્રતાઓથી ભરેલું વિશ્વ એણે સર્જેલો મિથ્યાભાસ છે. કેવળ એ જ ત્રણેય કાળમાં, સર્જનપૂર્વે, સર્જનમાં અને સર્જેલા આ વિશ્વના વિનાશમાં હયાતી ધરાવે છે. આપણને આ વિશ્વ સત્ય અને નિત્ય લાગે છે, પણ વાસ્તવમાં એ મિથ્યા અને અનિત્ય છે. તે એવું લાગે છે એનું કારણ પુરુષ અને પ્રકૃતિ (માયા) ના સંયોગને કારણે એ બનેલું છે. એ દેવે તો કેવળ એક, માયા (પ્રકૃતિ) જ સર્જી છે, બે ધર્મ અને અધર્મ, ત્રણ, સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરો અને આઠ, સત્ત્વો એટલે કે ધરતી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર પ્રગટ કર્યાં છે. આ એક, બે, ત્રણ અને આઠ સત્ત્વો એ તો કહેવાની એક રીત થઈ, હકીકતે તેણે તો અનંત કોટિ બ્રહ્માંડો અને એમાં રહેલાં અગણિત સર્જ્યાં છે. પ્રકૃતિમાં તેણે સત્ત્વ, રજસ અને તમસ એવા ત્રણ ગુણો જોડ્યા છે. બધી વસ્તુઓને યોગ્ય ક્રમમાં એમણે ગોઠવી છે. કાળાન્તર સુધી સૌની જરૂરિયાતો સંયોષાય એવી વ્યવસ્થા એણે કરી છે. એ કર્તા, ભર્તા અને હર્તા ત્રણેય ભૂમિકા ભજવે છે. છેવટે બ્રહ્માંડની બધી વસ્તુઓ અને બધા જીવોને તે પોતાનામાં લીન કરી દે છે.

કહેવાનો મતલબ એ છે કે એણે માત્ર સર્જન અને પોષણની કામગીરી જ પોતાના હાથમાં નથી રાખી, વિનાશની કામગીરી પણ એ બજાવે છે. પ્રલય કરીને એ આ સચરાચર સૃષ્ટિનો નાશ પણ કરે છે. એની 'પ્રલય' યોજના પણ સમજવા જેવી છે. બીજો વિચાર જન્મતાં પહેલાં પહેલો વિચાર નાશ પામે છે. તે ક્ષણિક પ્રલય છે. જીવો જ્યારે જાગ્રતિ અને સ્વપ્નની અવસ્થા પૂરી કરી, પ્રગાઢ નિદ્રામાં સરે છે, એ દૈનંદિન પ્રલય છે. એવી જ રીતે તે યુગ પ્રલય, મહાયુગ પ્રલય, મન્વંતર પ્રલય, કલ્પ પ્રલય, બ્રહ્મા પ્રલય અને આત્યંતિક પ્રલય કરવાને પણ સમર્થ છે. ચાર યુગ છે, એમાંથી કળિયુગનો નાશ ૪,૩૨,૦૦૦ વર્ષે, દ્વાપરયુગનો નાશ ૮,૬૪૦૦૦ વર્ષે, ત્રેતા યુગનો નાશ ૧,૨૯,૬૦૦૦ વર્ષે અને સતયુગનો નાશ ૧,૭૨,૮૦૦૦ માનવવર્ષે થતો રહે છે. મહાયુગનો નાશ ૪,૩૨૦,૦૦૦ વર્ષે, મન્વંતરયુગનો નાશ ૧,૭૨૮,૦૦૦ વર્ષે, બ્રહ્મયુગનો નાશ ૩૧, ૧૦૪,૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષે અને જીવ જ્યારે સર્વોચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરી મુક્ત થાય છે, ત્યારે આત્યંતિક પ્રલય થાય છે.

આ વિશ્વમાં રહેલો, સચરાચરમાં વ્યાપ્ત આ દેવ પ્રત્યેકના હૃદયમાં પણ રહેલો છે તથા સ્થળ, કાળ, કારણ અને નામરૂપને પણ અતિક્રમીને સર્વવ્યાપક રહે છે. એ તમામ દેવોનો દેવ છે. તમામ શાસકોનો શાસક છે, અને સમસ્ત બ્રહ્માંડનો પરાત્પર દેવ છે. કોઈ એનું સમોવડિયું નથી, કોઈ એનાથી ચડિયાતું નથી. એનાં બળ અને શક્તિ, એનું જ્ઞાન અને ક્રિયા એનાં પોતાના જ છે. એ બીજું કોઈ નહિ, પણ આત્મા ઉર્ફે બ્રહ્મ છે.

તેને કોઈ તર્કબુદ્ધિથી, ઇન્દ્રિયોથી કે શાસ્ત્રોથી સમજી શકાય એમ નથી. કાંતો એને જિજ્ઞાસુનો અંતઃપ્રેરણાથી અથવા આત્મજ્ઞાનથી પામી શકાય છે એ એક અને અદ્વૈત છે, સંત-શયતાન સૌમાં છે, સર્વવ્યાપક છતાં બાહ્યપ્રગટ નથી, સ્વમાં વસે છે અને છતાં આંતરિક નથી. બધી ઇન્દ્રિયોમાં એ દેવરૂપે રહે છે અને છતાં તેનાથી અસ્પૃશ્ય રહે છે, બધી બાબતોનો જાણકાર સાક્ષી હોવા છતાં પ્રગટ થતો નથી. જે કાંઈ બને છે કે નથી બનતું, તેનાથી વેગળો રહે છે, ચેતના હોવા છતાં સત્ત્વ, રજસ, તમસથી પણ મુક્ત છે.

એ પોતે પોતાનામાં છે, છતાં સૌ જીવોમાં છે. એ શાશ્વતોમાં શાશ્વત અને થતાં ઘટનારૂપ પણ છે. બૌદ્ધિકોમાં એ બુદ્ધિરૂપ છે, તેમ જ મૂઢ અને ગમારમાં બુદ્ધિહીન છે, એ કામનાઓને તોષનારો છે, એ કારણવિહીન કારણરૂપ છે, વિશ્વનો કોઈ તેજસ્વી પદાર્થ, અરે સૂર્ય કે ચંદ્ર પણ તેને પ્રકાશિત કરી શકતો નથી. ઊલટું તમામ પ્રકાશશક્તિઓનો એ પ્રકાશક છે, પ્રકાશ હોય ત્યારે અંધકારનો અભાવ હોય, પરંતુ એ તો પ્રકાશ અને અંધકાર બંનેનો પ્રણેતા છે, એ ચેતનારૂપ છે, છતાં અજ્ઞાનીનું અજ્ઞાન છે. કારણ છે એની માયા. આ માયા તત્ત્વ જ અનિત્યને નિત્ય, અદ્વૈતને દ્વૈતરૂપ જણાવે

છે, મિથ્યાને સત્યરૂપ જણાવે છે, પણ જ્યારે આપણે દાર્શનિક અને આધ્યાત્મિક શાસ્ત્રો વડે આપણાં મન, બુદ્ધિ, ચિત્તને પરિશુદ્ધ કરીએ છીએ ત્યારે આ ભ્રાંતિ અને ભ્રમણાઓમાંથી બહાર આવી એને ઓળખી શકીએ છીએ.

આ દેવ જ આપણા જન્મ અને પુનર્જન્મના વારફેરામાંથી આપણને મુક્તિ અપાવી શકે છે અને આપણાં બંધનનું કારણ પણ નિમિત્તરૂપે એ જ છે. આ દેવ જ સત્ અનેઋત છે. એ દયા અને કરુણાનો ભંડાર છે. પ્રારબ્ધ કર્મના ફળમાં તેજ પરિવર્તન કરી શકે છે. એ સર્વથા કતૃમ્ તેમ જ અન્યથા કતૃમ્ છે. એ માત્ર કાનૂન નથી, એ ન્યાયી અને દયાવાન પણ છે. આ સમસ્ત બ્રહ્માંડનો તથા જીવમાત્રનો એ આત્મા છે, એ આ બધાનો વહીવટ અને સંચાલન કરનાર દેવ છે. એની લીલા અકળ અને રહસ્યમય લાગે છે, એનો પાર પામી શકાતો નથી. તે અને તેની સાથે સંકળાયેલ બધી બાબતો અનંત હોવાથી આપણી બુદ્ધિ અને સમજની ટૂંકી ફૂટપટ્ટીથી આપણે એને માપી શકીએ એમ નથી. આપણા અજ્ઞાનને કારણે તેમ છતાં આપણે માપવા-મૂલવવાના પ્રયત્નો કરીએ છીએ, જે નિષ્ફળ રહેતા હોય છે. એને પામ્યા વિના આપણાં દુન્યવી તાપ-સંતાપ, વ્યથા-પીડાનો કોઈ અંત નથી.

જોઈ શકાશે કે આ વિદ્યા વિશ્વની અને મનુષ્યની ઉત્પત્તિનાં કારણો સમજાવે છે, એનાં નિમિત્ત કારણો ઉપરાંત ઉપાદાન કારણો સ્પષ્ટ કરે છે. જીવોના જન્મ-મરણના આવાગમન, એનાં સુખ-દુઃખ, જ્ઞાન-અજ્ઞાનનાં કારણો પણ સમજાવે છે. આ શરીરનાં અંગ-ઉપાંગો, ઇન્દ્રિયો, અંતઃકરણો, ચેતાતંત્રો અને નાડીતંત્રો, શ્વાસ-પ્રાણ અને જીવન જેના વડે જીવંત, કાર્યશીલ અને ગતિયુક્ત રહે છે, એ આત્મચૈતન્યને સમજાવે છે.

આ અનંત કોટિ બ્રહ્માંડોમાં અને સચરાચર સૃષ્ટિમાં એક જ શક્તિની રમણા અને વિલાસ છે, અને તે શક્તિ એટલે ચૈતન્યશક્તિ, જે વિશ્વવ્યાપક છે, વિભું છે. એમાંથી જ આ બધું ઉત્પન્ન થયું છે, એના વડે બધું દોરાય, પ્રેરાય અને નભે છે અને અંતે એમાં જ વિલય પામે છે. એ ચૈતન્યને વૈશ્વિક (બૃહદ્) કક્ષાએ આપણે 'બ્રહ્મ' કહીએ છીએ અને વ્યક્તિગત જીવકક્ષાએ આત્મા કહીએ છીએ. એ બંને એક છે એમાં અદ્વૈત છે એને ઓળખવું એ જ સાચું જ્ઞાન છે અને મુક્તિ છે, એ વાત આ વિદ્યા સ્પષ્ટરૂપે સમજાવે છે.

એક મહા વિસ્ફોટને કારણે આ બ્રહ્માંડ અસ્તિત્વમાં આવ્યું છે, એવી બીગબેન્ગ થિયરીને વિકસાવી આ બ્રહ્માંડ, આ વિશ્વ અને આ જીવ, જગત અને ઈશ્વરને ઓળખાવવાનો પ્રયત્ન કરતું આજનું ભૌતિક વિજ્ઞાન હજુ કેટલું અજ્ઞાની અને ગુમરાહ છે તે વાત પણ આ વિદ્યા વડે સમજી શકાય તેમ છે. ❑❑❑

*'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી,*
*મોટા બજાર,વલ્લભ વિદ્યાનગર -૩૮૮૧૨૦*
*ફોન નં. ૦૨૬૯૨ - ૨૩૩૭૫૦*
*મો. ૦૯૭૨૭૩૩૩૦૦૦*

# સ્વેચ્છા-દેહત્યાગ

**ભાણદેવજી**

**મા**નવીને સૌથી વહાલું કોણ? પોતાનું શરીર અર્થાત પોતાનું આયુષ્ય ! કોઈને મરવું ગમતું નથી. સૌ મૃત્યુને ટાળવા અને તે રીતે જીવનને લંબાવવા ઈચ્છે છે. માનવીનું ચાલે તો મૃત્યુને તે આ પૃથ્વી પરથી દેશવટો આપી દે અને પોતે અજરઅમર બની જાય. આ તો માનવીની ઈચ્છા થઈ. પરંતુ હકીકત એ છે કે પ્રત્યેક માનવીને મૃત્યુ આવે જ છે. મૃત્યુ આવે જ છે - આ એક હકીકત છે અને છતાં મૃત્યુ માનવીનું સૌથી અપ્રિય પાત્ર છે. અળખામણું પાત્ર છે.

જો આમ જ છે તો કેટલાક માણસો આત્મહત્યા કરે છે તે શા માટે? જો સૌ માનવોને પોતાનું શરીર, પોતાનું આયુષ્ય અપરંપાર વહાલું છે, સૌથી અધિક વહાલું છે, તો પછી આ પૃથ્વી પર આત્મહત્યાની ઘટનાઓ ઘટે છે શા માટે?

પૃથ્વી પર માનવ સિવાયના કોઈ પ્રાણીએ ક્યારેય આત્મહત્યા કરી હોય તેવું જાણમાં આવ્યું છે? પશુઓ-પક્ષીઓ કદી આત્મહત્યા કરતા નથી. આત્મહત્યા તો માનવજાતનો ઈજારો છે, એકાધિકાર છે.

માનવ સૌથી બુદ્ધિમાન, સૌથી સમજદાર પ્રાણી છે. પૃથ્વી પરનું આ સૌથી સમજદાર પ્રાણી, આ માનવી આત્મહત્યા કરે છે શા માટે?

ભય, ક્રોધ, કંટાળો, નિરર્થકતા, રીસ, અપમાન-આવા કારણસર માનવી ક્વચિત કરી નાખે છે. ક્ષણિક આવેગ માનવીને આત્મહત્યા તરફ દોરી જાય છે.

આ આત્મહત્યા કરતાં તદ્દન વિપરીત રીતે પણ દેહત્યાગની ઘટના ઘટે છે. આ ઘટના છે - સ્વેચ્છા દેહત્યાગ. આ જ ઘટનાને યૌગિક પ્રાણોત્ક્રમણ સમાધિ મૃત્યુ કે જીવંત સમાધિ પણ કહેવામાં આવે છે.

આ સ્વેચ્છા-દેહત્યાગ અને આત્મહત્યામાં શો ભેદ છે?

બંનેમાં દેહત્યાગ છે. બંનેમાં દેહત્યાગ પસંદ કરવામાં આવે છે, છતાં બંનેમાં પાયાની ભિન્નતા છે.

પહેલાં આપણે જોઈએ કે સ્વેચ્છા દેહત્યાગ અર્થાત્ સમાધિ-મૃત્યુ શું છે?

સ્વેચ્છા દેહત્યાગ અર્થાત્ સમાધિ-મૃત્યુ એક રહસ્યપૂર્ણ ઘટના છે. યોગસિદ્ધ-અધ્યાત્મસિદ્ધ પુરુષ જ સમાધિ-મૃત્યુ પામી શકે છે. પહેલેથી આયોજન કરીને પોતાના સંકલ્પથી, યોગયુક્તિથી સમાધિ-

મૃત્યુનું વરણ કરવામાં આવે છે. આ પ્રકારની દેહત્યાગની ઘટનાને સ્વેચ્છા-દેહ-ત્યાગ એટલા માટે કહેવામાં આવે છે કે આ ઘટનામાં યોગી પોતે પોતાની ઈચ્છાથી, પોતાના સંકલ્પથી દેહત્યાગ કરે છે આ રહસ્યપૂર્ણ ઘટનાને સમાધિ-મૃત્યુ પણ કહેવામાં આવે છે કારણ કે આ ઘટનામાં યોગી, સંત સમાધિમાંથી મૃત્યુમાં પ્રવેશ કરે છે.

અધ્યાત્મ જગતમાં સ્વેચ્છા-દેહત્યાગ અર્થાત સમાધિ-મૃત્યુની ઘટના અનેકવાર બની છે. મહાન સિદ્ધ યોગી જ્ઞાનેશ્વર મહારાજે બહુ નાની વયે સમાધિ-મૃત્યુનું વરણ કર્યું હતું. કચ્છના મેકણદાદા અને તેમના અનેક શિષ્યોએ સમૂહમાં સમાધિ - મૃત્યુનું વરણ કર્યું હતું. સૌરાષ્ટ્રમાં પણ આવી ઘણી ઘટનાઓ બની છે. સંત દેવીદાસ, અમરમા આદિ સંતોએ સમાધિ-મૃત્યુ પ્રાપ્ત કર્યું હતું. હજુ ગઈકાલે જ પૂ. મોટાએ આ જ રીતે સમાધિ-મૃત્યુ સ્વીકાર્યું હતું.

સમાધિ-મૃત્યુને કોઈ પણ રીતે આત્મહત્યાની ઘટના ગણી શકાય નહિ.

સમાધિ-મૃત્યુ અને આત્મ-હત્યા, બંનેમાં શરીરનો ત્યાગ કરવામાં આવે છે. છતાં બંને તદ્દન સામાસામા છેડાની ઘટના છે. બંનેની ભિન્નતા સમજવાથી સમાધિ-મૃત્યુનું સ્વરૂપ સમજવામાં સહાય મળશે.

૧. આત્મહત્યા જીવનથી કંટાળીને કરવામાં આવે છે. સમાધિ-મૃત્યુ જીવનની પરમ કૃતાર્થતા પામીને સ્વીકારવામાં આવે છે.

૨. આત્મહત્યાના પાયામાં રીસ, ભય, કંટાળો, ક્રોધ કે ચિત્તનો કોઈ ક્લેશ હોય છે, સમાધિ-મૃત્યુનું વરણ કરનાર સંત-યોગીનું ચિત્ત આવા ક્લેશોથી સર્વથા મુક્ત હોય છે.

૩. આત્મહત્યા કરવા માટે ઝેર, ગળાફાંસો, પાણીમાં પડવું કે અગ્નિમાં બળી મરવું આદિ કૃત્રિમ ઉપાયો પ્રયોજવામાં આવે છે. સમાધિ-મૃત્યુમાં આવા કોઈ કૃત્રિમ ઉપાયોને સ્થાન જ નથી. સમાધિ-મૃત્યુમાં તો યોગયુક્તિનો વિનિયોગ થાય છે. સમાધિમૃત્યુમાં સમાધિમાંથી મૃત્યુમાં પ્રવેશવામાં આવે છે. .

૪. આત્મહત્યા તો મૂર્ખ માણસ પણ કરી શકે છે. સમાધિ-મૃત્યુ તો સિદ્ધ યોગી જ પામી શકે છે. જે સિદ્ધપુરુષનું પોતાના ચિત્ત અને પ્રાણ પર સંપૂર્ણ નિયંત્રણ હોય અને જેમને સમાધિ-અવસ્થા સહજ સાધ્ય હોય તે જ સિદ્ધ યોગી-સંત સમાધિ-મૃત્યુ પામી શકે છે.

૫. આત્મહત્યા કરનાર હીન ગતિને પામે છે, એમ શાસ્ત્ર કહે છે. સમાધિ-મૃત્યુ પામનાર સિદ્ધપુરુષ પરમ ગતિને પામે છે.

હવે પ્રશ્ન એ છે કે સિદ્ધ યોગી-સંત સમાધિ-મૃત્યુ કેવી રીતે પામે છે અર્થાત્ સમાધિ-મૃત્યુ પામવાની પદ્ધતિ શું છે?

શ્રીમદ્ ભગવદ્ગીતામાં સમાધિ-મૃત્યુનું વર્ણન આ પ્રમાણે છેઃ

सर्व द्वाराणि संयम्य मनो हृदि निरुध्य च।
मूदर्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ।।
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन् मामनुस्मरन् ।
यः प्रचाति त्यजन्देहं स याति परमां गतिम् ।।

- શ્રીમદ્ ભગવદ્ગીતા; ૮.૧૨.૧૩

''બધી ઈન્દ્રિયોના દ્વારોને બંધ કરીને, મનને હૃદયમાં સ્થિર કરીને, પ્રાણને મસ્તકમાં સ્થાપિત કરીને, યોગધારણામાં અવસ્થિત થઈને, જે પુરુષ ઓમ-કારરૂપ એકાક્ષર સ્વરૂપ બ્રહ્મનું ઉચ્ચારણ કરતાં કરતાં અને મારું સ્મરણ કરતાં કરતાં શરીરનો ત્યાગ કરે છે, તે પુરુષ પરમ ગતિને પામે છે.''

આ બે ગીતોક્ત શ્લોકોમાં સમાધિ-મૃત્યુનું કથન છે. આ વર્ણનમાંથી નીચેની પ્રક્રિયા ફલિત થાય છે.

૧. ઈન્દ્રિયોના દ્વાર બંધ કરવામાં આવે છે. એટલે કે બાહ્ય જગત સાથેનો સંપર્ક તૂટી જાય છે.

૨. મનને હૃદયમાં સ્થિર કરવામાં આવે છે. એટલે કે વિચારોની શૃંખલા પણ તૂટી જાય છે. મન હૃદયસ્થ આત્મામાં લીન થાય છે એટલે કે યોગી નિર્વિકલ્પ સમાધિ અવસ્થામાં અવ્યવસ્થિત થાય છે.

૩. પ્રાણને મસ્તકમાં અર્થાત બ્રહ્મરંધ્રમાં સ્થાપિત કરવામાં આવે છે.

૪. ઓમ્કારનું ઉચ્ચારણ અર્થાત તેના અર્થનું ચિંતન કરવામાં આવે છે.

૫. યોગધારણામાં અવ્યવસ્થિત રહેવામાં આવે છે. યોગધારણા એટલે આત્મસ્વરૂપનું ધ્યાન.

૬. પરમાત્માના સ્મરણપૂર્વક શરીરનો ત્યાગ કરવામાં આવે છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા પ્રમાણે સમાધિપૂર્વક શરીરનો ત્યાગ કરવાની આ યોગ-યુક્તિ છે. આ વર્ણન પરથી એટલું તો સ્પષ્ટ જ છે કે જે વ્યક્તિનો સમાધિ અવસ્થામાં પ્રવેશ ન થયો હોય તે આ યોગયુક્તિથી દેહત્યાગ ન કરી શકે.

શ્રીમદ્ ભાગવતમાં પણ સમાધિ-મૃત્યુની પ્રક્રિયાનું વર્ણન છે.

इत्थं मुनिस्तूपरमेद् व्यवस्थितो
विज्ञान दृग्वीर्य सुंरन्धिताशयः।
स्व पार्ष्णिनाऽऽपीड्य गुदं ततोऽनिलं
स्थानेषु षट् सून्नमयेज्जितकलमः।।
नाभ्यां स्थितं हृद्यधिरोप्य तस्मा-
दुदानगत्योरसि तं नयेन्मुनिः।
ततोनुसन्धाय धिया मनस्वी
स्वतालुमूलं शनकैर्नयेत।।
तस्माद् भ्रुवोरन्तरमुन्नयेत
निरुद्धसप्तायतनोऽनपेक्षः।
स्थित्वा मुहूर्तार्धमकुण्ठदृष्टि -
र्निर्भिद्य मूर्धन् विसृजेत्परं गतः।।

- श्रीमद् भागवत; २-२-१९-२०-२१

''જ્ઞાનદષ્ટિના બળથી જેના ચિત્તની વાસના નષ્ટ થઈ છે, તેવા બ્રહ્મનિષ્ઠ યોગીએ પોતાના શરીરનો ત્યાગ આ રીતે કરવો જોઈએ. પહેલાં એડીથી પોતાની ગુદા અર્થાત યોનિસ્થાનને દબાવીને સ્થિર બની જાય પછી સ્વસ્થ ચિત્તે પ્રાણવાયુને ષટ્ચક્રભેદનની પદ્ધતિથી ઉપર લઈ જાય.''

''મનસ્વી યોગીએ નાભિચક્ર મણિપુરમાં અવસ્થિત વાયુને હૃદયચક્ર અનાહતમાં, ત્યાંથી ઉદાનવાયુ દ્વારા વિશુદ્ધ ચક્રમાં અને પછી વાયુને ધીમે ધીમે તાલુમૂલમાં ચડાવવો.''

''ત્યાર પછી બે આંખ, બે નાક, બે કાન અને મુખ - આ સાત દ્વારને બંધ કરીને તાલુમૂલમાં સ્થિત વાયુને ભ્રૂમધ્યસ્થ આજ્ઞાચક્રમાં લઈ જવો. જો કોઈ લોકલોકાંતરમાં જવાની ઈચ્છા ન હોય તો અડધી ઘડી સુધી વાયુને ત્યાં જ રોકીને, સ્થિર લક્ષ્ય સાથે વાયુને સહસ્રારમાં લઈ જઈને પરમાત્મામાં અવસ્થિત બની જવું. ત્યાર પછી સહસ્રારનું ભેદન કરીને શરીરનો ત્યાગ કરવો.''

શ્રીમદ્ ભાગવતમાં દર્શાવેલ સમાધિમૃત્યુની આ વિધિના પ્રધાન-તત્ત્વો આ પ્રમાણે છેઃ

૧. સમાધિપૂર્વક દેહત્યાગ કરવાનો અધિકાર તેમને જ છે જેઓ જ્ઞાની હોય, વિશુદ્ધ ચિત્ત હોય, બ્રહ્મનિષ્ઠ હોય અને યોગી હોય.

૨. કુંડલિની શક્તિના જાગરણપૂર્વક ષટ્ ચક્રભેદનની પદ્ધતિથી ષટચક્રનું ભેદન કરીને અંતે પ્રાણશક્તિથી બ્રહ્મરંધ્રનું ભેદન કરીને દેહત્યાગ કરવાની આ પદ્ધતિ છે.

૩. દેહત્યાગ કરતી વખતે સિદ્ધની ચેતના પરમાત્મામાં અવસ્થિત હોય તે આવશ્યક છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા અને શ્રીમદ્ ભાગવતમાં 'કથિત' સમાધિ મૃત્યુની પદ્ધતિમાં થોડી ભિન્નતા છે. પરંતુ મૂળ વાત બંનેમાં એક જ છે. મૂળ વાત છે - સમાધિમાં અવસ્થિત થઈને સમાધિના દ્વારથી દેહનો ત્યાગ કરવો. આ યોગયુક્તિ છે. આ યોગયુક્તિને આ રીતે મૂકી શકાય.

યોગી નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશતી વખતે, પોતે કેટલો સમય સમાધિમાં રહેશે તેનો સંકલ્પ કરે છે. આ સંકલ્પના જોરથી યોગ સમાધિમાંથી બહાર આવે છે. પરંતુ તેમ કરવાને બદલે યોગી દેહત્યાગના સંકલ્પપૂર્વક નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશે તો સમાધિમાંથી જાગ્રતાવસ્થામાં પાછા આવવાને બદલે યોગી નિર્વિકલ્પ સમાધિમાંથી જ દેહત્યાગના મહાદ્વારમાં પ્રવેશે છે. સમાધિ-મૃત્યુની આ મૂળભૂત યોગયુક્તિ છે.

આટલા વર્ણન પરથી ખ્યાલ આવશે કે સમાધિ-મૃત્યુની ઘટના કેટલી ઉચ્ચકોટિની ઘટના છે. નિર્વિકલ્પ સમાધિ સિદ્ધ કરી હોય તેવા યોગીજનો માટે જ સમાધિ-મૃત્યુ સાધ્ય છે.

આ સિદ્ધ યોગીઓ સ્વેચ્છાથી મૃત્યુનું વરણ શા માટે કરે છે? યથાર્થ કારણ તો તેઓ જ જાણે. આપણે તો કલ્પનાઓ કરી શકીએ.

૧. અવતાર કૃત્ય પૂરું થયું હોય.
૨. અન્યત્ર જવું આવશ્યક હોય.
૩. હૉસ્પિટલમાં બેભાનાવસ્થામાં મરણ થાય તેના કરતાં સમાધિપૂર્વક મૃત્યુમાં પ્રવેશવું વધુ ઉચ્ચકોટિનું મૃત્યુ છે.
૪. યોગી માટે મૃત્યુ મૃત્યુ નથી... દેહપરિવર્તન છે અથવા મુક્તિનું મહાદ્વાર છે.

❑❑❑

ફોન નં. ૦૨૮ ૨૨-૨૯૨૯૮૮

# સંલેખના વ્રત વિષે શંકા અને સમાધાન

**સુબોધી સતીશ મસાલિયા**

**સં**લેખના વ્રત વિશે બે-ત્રણ સવાલ આવ્યા છે. તેના જવાબ બધાને ઉપયોગી થશે એમ સમજીને આ લેખ આપી રહી છું.

પહેલો સવાલ છે કે ચેતન સમાધિ ઈચ્છતું હોય પણ અંત સમયે દુઃખ પારાવાર હોય ત્યારે આવા વિચાર આવવા દુર્લભ હોય અથવા તો આયુષ્યકર્મ બંધાઈ ગયું હોય ને તેવી લેશ્યા આત્માને લેવા આવે તો શક્ય છે કે  જીવ સંલેખના કરી શકે?

લેશ્યા મૃત્યુની ૪૮ મિનિટ પહેલાં જ આવે. લેશ્યા એટલે આત્માના એક પ્રકારના શુભ કે અશુભ પરિણામ. કર્મ લેશ્યા એટલા માટે કહે છે કે તે કર્મની સ્થિતિ ઉત્પન્ન કરે છે, મરણ વખતે અંતઃમુહૂર્ત આયુષ્ય બાકી રહે છે. ત્યારે પછીના ભવની લેશ્યા પરિણમવા લાગે છે. આથી કરીને જીવના મરણ સમયે આગામી ભવની લેશ્યા અંતર્મુહૂર્ત જેટલો સમય અવશ્ય હોય છે તથા જીવના ઉત્પત્તિ સમયે આગલા ભવની લેશ્યા પણ અંતર્મુહૂર્ત અવશ્ય હોય છે. લેશ્યાઓની રચના એવી હોય છે કે તે જે ગતિમાં જવાનું હોય તેવા આકારમાં મૃત્યુના સમય પહેલાં જ પરિણીત થાય છે. અને આપણે સંલેખના વ્રતનો વિચાર અંતસમયે નથી કરવાનો. હમણાં જ આ ઘડીએ જ કરી લેવાનો છે. ને એ પ્રમાણે ઘરના કે નજદીકનાને જણાવી દેવાનું કે મારી ઈચ્છા આ પ્રમાણે છે કે જ્યારે ડૉક્ટર્સ પણ છૂટી જાય કે હવે બચવાની કોઈ આશા નથી.... છતાં વેન્ટીલેટર પર મૂકીને ચાન્સ લઈએ. તો મારે એવો કોઈ ચાન્સ લેવો નથી. આવા સમયે મને સંલેખના વ્રત ઉચરાવજો. ને મારા મૃત્યુને મહોત્સવ બનાવજો. પણ આ બધી વાત કોના માટે છે કે જેણે જિંદગીને જીવી લીધી છે. કોઈ ઈચ્છાઓ, આકાંક્ષાઓ બાકી રહી નથી... જે સહર્ષ મોતને ભેટવા તૈયાર છે તેને માટે આ સંલેખના વ્રત છે. પાછું એવું પણ નથી કે સંલેખના વ્રત નહિ લીધું હોય તો અંત સમય-૪૮ મિનિટનું દુઃખ ઓછું થઈ જશે ને સંલેખના

વ્રત લીધું હશે તો આ દુઃખ વધી જશે... એના બદલે એમ વિચારો કે અગર મેં સંલેખના વ્રત લીધું હશે ને છેલ્લા સમયમાં મારો આયુષ્યનો બંધ પડશે તો મારો જીવ સદ્ગતિ પામશે.

બીજો સવાલ છે કે પ્રભુએ બતાવેલા દસ અધિકારમાં સંલેખના છે જ. માટે કરવું જોઈએ. આપણે બાળજીવો છીએ તો તે વખતે આવા વિચાર કે આવા વ્રત અમલમાં મૂકવા જીવ શું કરે?

બહુ સરસ સવાલ છે. પહેલી વાત તો એ કે જીવે પોતાના આત્મા પર અતૂટ શ્રદ્ધા રાખવી જોઈએ. આત્મામાં અનંત શક્તિ છે તે વિસરાવું જોઈએ નહીં. તમે કહેશો કે વિજ્ઞાને બહુ પ્રગતિ કરી... પ્લેન બનાવ્યા, યાન બનાવ્યા, છેક મંગળ સુધી પહોંચ્યા... પણ કદીએ વિચાર કર્યો છે કે એ વૈજ્ઞાનિકોમાં શક્તિ કોની હતી? તેની અંદર રહેલા આત્માની... આત્મા ચાલ્યો ગયો હોય એવો નિર્જીવ વૈજ્ઞાનિક કાંઈ કરી શકવાનો છે? તો દરેકના આત્મામાં આવી અગાધ શક્તિ પડેલી જ છે. જરૂર છે ફક્ત દૃઢ સંકલ્પની. જો એક વખત દૃઢ સંકલ્પ થઈ ગયો કે મારે સંલેખના વ્રત કરવું જ છે તો આત્માની બધી જ શક્તિ તે તરફ વહેવા માંડે છે. એવું જરૂરી નથી કે તમે પહેલાં અઠ્ઠાઈ કે માસક્ષમણ કર્યું હોય તો જ સંલેખના કરી શકો. જેણે કોઈ દિવસ એક ઉપવાસ કે એકાસણું પણ ન કર્યું હોય એવા લોકોને આરામથી માસક્ષમણ કરતા જોયા છે. એવી જ રીતે જેણે જિંદગીમાં ક્યારેય મોટા તપ કર્યા ન હોય એવી વ્યક્તિ સંલેખના વ્રત હસતા મુખે, ખૂબ આનંદથી કરતી હોય છે. કારણ? દૃઢ સંકલ્પ. ફક્ત મન મક્કમ થવું જોઈએ કે ''મેં જિંદગીને જીવી લીધી છે. મને ભૌતિક આશાઓ કાંઈ છે નહીં ને કોઈની ચિંતા રાખીને મને કોઈ ફાયદો નથી. મારા નિમિત્તે હું કોઈને પણ તકલીફ આપવા ઈચ્છતો નથી. પછી ભલે તે દીકરો હોય, દીકરી હોય કે વહુ હોય કે લાઈફ પાર્ટનર હોય, ગુરુ હોય કે શિષ્ય હોય. હે અંતરઆત્મા - તું જ પરમાત્મા છે... તારી અનંત શક્તિમાં મને વિશ્વાસ છે, તારી એવી શક્તિ પ્રગટ કર કે હું યોગ્ય સમયે સમતા ધારણ કરી સંલેખનાની આરાધના કરી શકું. અંત સમયે અતિશય દુઃખદર્દ હોય કે ન પણ હોય... પણ તે સહન કરવાની મને શક્તિ મળે. સંલેખના વ્રત ન લીધું હોય એવા ઘણાને તડપતા ને રિબાતા, મરતા જોયા છે ને સંલેખના વ્રત સાથે ખૂબ જ ખુમારીથી ને શાંતિથી દેહત્યાગ કરતા જોયા છે. માટે એવું કાંઈ મગજમાં વિચારી લેવાની જરૂર નથી કે આ પંચમકાળમાં આપણે બાળજીવો ન કરી શકીએ. દૃઢ સંકલ્પ હોય તો બધું જ શક્ય છે.''

મૃત્યુનો કોઈ ભરોસો નથી કે ક્યારે આવે. જો અચાનક હૃદય બંધ પડી ગયું કે એક્સીડેન્ટ થઈ ગયો ને મૃત્યુ થયું તો આપણે ક્યાં સંલેખના વ્રત ઉચરવા જવાના હતા, પણ જો સંલેખનાની ભાવના પણ ભાવી હશે તો તેનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય. તમારો સવાલ છે કે આવા વ્રત અમલમાં મૂકવા જીવ શું કરે? તો આવા વ્રત અમલમાં મૂકવા માટે જીવે સુખ-દુઃખ સમતાભાવે સહન કરવાની પ્રેક્ટીસ કરવી જોઈએ. જે વિપશ્યના ધ્યાનસાધના દરરોજ કરતા હશે તેમને એ પ્રેક્ટીસ થઈ જ ગઈ હશે કે ઉદયમાં આવેલા કર્મને સમતાપૂર્વક કેમ નિર્જરવા. કેવી રીતે આવેલ દુઃખદર્દને સમતાથી વેદવા અને "Practice makes Man Perfect" એ ન્યાયે દરરોજ ઓછામાં ઓછા ૧ કલાક વિપશ્યના સાધના કરવી. જેથી જૂનાં કર્મો નિર્જરશે ને આવેલ દુઃખદર્દને સમતા ભાવે સહન કરી શકશો. કંઈક મેળવવા માટે આખા જીવનની સાધના જોઈએ. દૃઢ સંકલ્પ જોઈએ. પુરુષાર્થ વગર તો કાંઈ પામી શકાતું નથી. જો મેં આખી જિંદગી પાણી જ વલોવ્યું હોય તો છેલ્લે માખણની આશા કેવી રીતે રાખી શકું? માટે હે જીવ આ ક્ષણથી જ જાગી જા. દૃઢ સંકલ્પ કર અને સાધના ચાલુ કર. સંલેખનાની શરૂઆત એક એક ઉપવાસના પચ્ચખાણથી પણ કરી શકાય. ચાર-પાંચ ઉપવાસ થતાં મનોબળ દૃઢ થતાં સંલેખના વ્રત ગ્રહણ કરી શકાય. શરૂઆતમાં પાણીની છૂટ રાખીને એટલે કે તિવિહાર ઉપવાસથી શરૂ કરીને પછી ચોવિહાર પર જઈ શકાય. ટૂંકમાં એટલું કહીશ કે તમારા આત્માની શક્તિને બિલકુલ ઓછી આંકશો નહીં. ધારણા મજબૂત હશે તો કાંઈ અશક્ય નથી. મનઃસ્થિતિ શાંત ન હોય તો સંલેખના કેવી રીતે પામે? જુઓ ઈચ્છાઓ અને અપેક્ષાઓ મનની સ્થિતિને ડામાડોળ કરે છે. જ્યારે સંલેખના માટે દૃઢ મનોબળ કરો છો ત્યારે આશા ને ઈચ્છા-અપેક્ષાઓને છોડો છો. તેથી કરીને મનની સ્થિતિ શાંત બને છે. લોખંડી મન વગર સંલેખના આરાધી શકાતું નથી. તે માટે માનસિક તૈયારી ને સાધના ખૂબ જરૂરી છે.

❑❑❑

મો. નં.: ૮૮૫૦૦૮૮૫૬૭

# પરમાત્મા શાશ્વત છે અને પ્રેમ પણ શાશ્વત છે

**તત્ત્વચિંતક વિઠ્ઠલભાઈ પટેલ**

**જે** રીતે પરમાત્મા શાશ્વત છે, તેવી જ રીતે પરમાત્માનો પ્રેમ પણ શાશ્વત જ છે. 'ફક્ત આજના ધર્મને માણસ બાહ્યાચારોને જ ધર્મ સમજી બેઠો છે, જેથી કોઈને અંતરમાં પરમાત્માના પ્રેમનો અનુભવ થતો નથી, કારણકે તે આંતરિક સાધના કરી શુદ્ધતા પ્રાપ્ત કરતો જ નથી, એટલે પરમાત્માના શાશ્વત પ્રેમનું ભાન નથી, માત્ર બાહ્યાચારોને કારણે આપણે જાણતા નથી કે આપણી અંદર જ આત્મા રૂપે પરમાત્મા બિરાજે છે....'

મહાવીર ભગવાને સ્પષ્ટ કહ્યું છે, કે આત્મા એ જ પરમાત્મા છે, તેમણે કહ્યું કે તપ દ્વારા આંતરિક રીતે શુદ્ધતા પ્રાપ્ત કરી પોતાની જાતને જાણી તેમાં સ્થિર થાવ, એ જ પરમાત્માની પ્રાપ્તિ છે અને

તેના શાશ્વત પ્રેમની અનુભૂતિ થાય છે, સત્ય એ જ પરમાત્મા છે, એમ ગાંધીજીએ કહ્યું છે, એટલે જો આપણા આત્માના સત્યમાં સ્થિર થઈને એ સત્ય પ્રમાણે જીવન વ્યવહાર કરી જીવન જીવીએ અને સત્ય સ્વરૂપ થઈને રહીએ તો પરમાત્માની અનુભૂતિ થાય અને તેના શાશ્વત પ્રેમની પણ અનુભૂતિ થાય.

આમ પરમાત્મા પ્રેમ સ્વરૂપ છે અને સમાન ધોરણે સૌ પર પ્રેમ વરસાવે છે, તેના શબ્દકોશમાં કોઈ પણ જાતના ભેદભાવ નથી. સમગ્ર ભેદભાવો તો અજ્ઞાન માણસોના મનનું પરાક્રમ છે. તેમણે ભેદભાવોના વાડા ઊભા કર્યા ને ઊંચનીચના ભેદભાવો ઊભા કર્યા. બ્રાહ્મણોને મારવાથી બ્રહ્મ હત્યાનું પાપ અને શુદ્રને મારવાથી કોઈ પાપ નહીં, આવા ધર્મના વિચારોનો શું અર્થ, આ શું ધર્મ છે.

જેને સમાજ ભગવાન તરીકે સ્વીકારે છે, તેમણે એક શુદ્ર તપ કરીએ આંતરિક શુદ્ધ થવા અને પરમાત્માની અનુભૂતિ કરવા માગતો તેને બ્રાહ્મણોના કહેવાથી વગર વાંકે મારી નાખ્યો, આ હકીકત છે, આ ભેદભાવોનું પરિણામ છે, જે માણસે પોતાની પત્નીને માત્ર શંકાને કારણે તેને ખુલાસો કરવાની તક પણ આપી નહીં, ને કાઢી મૂકી. આમ જેના મનમાં શંકાનો કીડો ભરેલ હોય એનો અર્થ એટલો કે તેમનું મન અશુદ્ધ છે, આંતરિક રીતે શુદ્ધ નથી. જે માણસ સંશયમુક્ત, વિશાળતામાં, અભયી અને અદ્વૈતમાં સ્થિર હોય, જેને મૃત્યુનો પણ ડર ન હોય તે જ પરમાત્મા સ્વરૂપ છે, એટલું માનવજાતે સમજી લેવા જેવું છે.

માણસે વિચાર્યા વિના ભેદભાવોનો સ્વીકાર કરેલ છે, આજે પણ ધાર્મિક સ્થળોમાં શુદ્રને પ્રવેશ મળતો નથી, તે માનવજાતની નાદાની છે, આવું આચરણ ધર્મ નથી, પરમાત્માના દરબારમાં કોઈ ઉચ્ચ નથી... એટલું માનવજાતે સમજી લેવા જેવું છે, ધર્મના કટ્ટરવાદીઓ પોતાના સ્વાર્થ સાધવા આવું બધું ચલાવે છે, પરમાત્મામાં ભેદભાવ નથી, જેમણે સાધના કરી પરમાત્માનો પ્રેમ પ્રાપ્ત કરવો હોય તેમને આવા ભેદભાવોથી મુક્ત થઈ વિશાળતામાં સ્થિર થવું જ પડે છે, ને આપણામાં જે આત્મા છે, તે જ આત્મા બીજામાં વિલસે છે, તે સ્વીકાર કરવો જ પડે છે, તો જ તેને પરમાત્માની અનુભૂતિ શક્ય બને છે, જ્યાં વિશાળતા છે, અભય છે, અદ્વૈતતા છે ત્યાં જ પરમાત્મા હાજર છે તે શાશ્વત નિયમ છે. આપણે કોઈ આંતરિક શુદ્ધતા પ્રાપ્ત કરીને આપણામાં જ રહેલા આત્માને જાણતા જ નથી, આત્મસ્થ થઈને આત્મામાં સ્થિર થતા જ નથી તેથી જ આપણે પરમાત્માને જાણ્યા નથી, ઓળખ્યા નથી અને તેમની અનુભૂતિ કરી નથી, તેથી તેના શાશ્વત પ્રેમની ખબર નથી.

આપણા વિશુદ્ધ મન દ્વારા થતી આપણી વિવિધ બાહ્ય ધાર્મિક સાધનાઓથી કદી પણ પરમાત્માની અનુભૂતિ થાય નહીં, તેથી પરમાત્માના પ્રેમની ખબર જ પડે નહીં કારણકે આપણામાં રહેલ વિશુદ્ધિ અને અજ્ઞાન તેમના પ્રેમને ઢાકી દે છે, અંતરમાંથી તેમનો પ્રેમ ઉજાગર થતો નથી, આ આપણા જીવનની આંતરિક અશુદ્ધિઓ અને આપણી અપૂર્ણતાઓને આપણે આંતરિક સાધના કરી દૂર ફેંકી દઈએ છીએ કે તુરંતજ પરમાત્માનો પ્રેમ અંતરમાંથી જ પ્રકાશિત થાય છે. આપણે સમગ્ર રીતે પરમ આનંદ અને પરમ સુખમાં સ્થિત થઈ જઈએ છીએ, એ જ જીવનની સિદ્ધિ છે.

આમ આંતરિક આધ્યાત્મિક સાધના કરી ભીતરમાં પ્રવેશ કરીએ છીએ અને ભીતરથી પરમાત્માને પ્રકાશિત કરીએ છીએ તો આ પરમાત્માનો પ્રેમ આપણી અંદરથી જ ઉત્પન્ન થાય છે, ને આપણને પ્રેમથી નવરાવી નાખે છે, આપણે પ્રેમસ્વરૂપ બની જઈએ છીએ, પછી જીવનમાં કોઈ ભેદભાવ રહેવા જ પામતા નથી, તેથી જ નરસિંહ મહેતાએ હરિજન વાસમાં જઈને ભજનો ગાયા છે, આ છે વિશાળતાનો આદર્શ નમૂનો અને પરમાત્માનો પ્રેમ પ્રાપ્ત કરેલ છે, પણ આપણું અજ્ઞાન અને અવિદ્યા જ પરમાત્માના પ્રેમથી વાકેફ થવા દેતું નથી અને આપણે સભાન નથી, પરમ ચેતનામાં સ્થિર નથી.

આપણે વિવિધ પ્રકારની સાધના કરીને આપણે આપણા સાચા સત્વને અભિવ્યક્ત કરવા મથીએ છીએ અને જ્યારે એ સત્ત્વ અંદરથી ઉદ્ઘાટીત અભિવ્યક્ત થઈ જાય છે ત્યારે આપણે આપણા સાચા આત્માને પિછાણી લઈએ છીએ ત્યારે આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે, આ જ્ઞાન આપણી ભીતરમાં જ પડ્યું હોય છે. જે પ્રકાશિત થતું ન હતું તેનું કારણ આપણા અજ્ઞાનના અવરોધો
જ આ જ્ઞાનને ઢાંકી રહ્યા હતા, આ અવરોધો સાધના દ્વારા દૂર કરીએ છીએ કે તુરંત જ જ્ઞાન આપણી સમક્ષ ઉદ્ઘાટીત થાય છે, અને આપણને પરમાત્માના પ્રેમની અનુભૂતિ થાય છે, આમ સત્યસ્વરૂપ જ્ઞાન એ કોઈ વસ્તુનું પરિણામ કે ફળ નથી પણ આપણા પોતાના જ સાચા સ્વરૂપની અભિવ્યક્તિ છે. આમ આત્મજ્ઞાન શાશ્વત છે, પરમાત્માનો પ્રેમ પણ શાશ્વત છે એ આપણે જાણીએ છીએ. આ જ્ઞાન એ જ અંતિમ સત્ય, એ કોઈ અન્ય વસ્તુનું જ્ઞાન નથી પણ આપણું પોતાનું જ જ્ઞાન છે. આમ સાધના દ્વારા શુદ્ધતા જ આવું પોતાનું જ્ઞાન પોતાની અંદરથી પ્રાપ્ત કરી શકે છે, આ જ્ઞાનની પ્રાપ્તિ એક પરમ આનંદ, પરમ પ્રેમ અને પરમ શાંતિની ઉપલબ્ધિ છે, તે જ મુક્તિ છે.

❑❑❑

sarujivan39@gmail.com

હાઈકુ

ન પ્રભુવિરમે
સમતા ભવે આગળ વધે

ડી. એમ. ગોંડલિયા
અમરેલી

# ભગવદ્ ગીતા અને જૈન સાહિત્ય

હિન્દી : ડૉ પ્રકાશ પાંડે / ગુજરાતી : પુષ્પા પરીખ

ભારતીય સંસ્કૃતિની બે મુખ્ય વિચારધારાઓ - શ્રમણ અને વૈદિક જે પ્રાચીનકાળથી જ ભારતમાં ચાલી આવે છે. શ્રમણ સંસ્કૃતિ સમય જતાં બે ભાગમાં વિભાજીત થઈ ગઈ જૈન સંસ્કૃતિ અને બૌદ્ધ સંસ્કૃતિ. આ ત્રણેયનું સમન્વિત રૂપ એટલે ભારતીય સંસ્કૃતિ. આ ત્રણેય પરંપરાઓના સાધકોએ થોડી સમાન અને થોડી અસમાન અનુભૂતિઓ પ્રાપ્ત કરી. થોડાક વિચારોનું આપસમાં આદાનપ્રદાન પણ કર્યું. આ બધાં સાહિત્યના અભ્યાસ ઉપરથી એટલું કહી શકાય કે અન્ય સંસ્કૃતિઓનાં તત્ત્વોને પણ અમુક અંશે આ સંસ્કૃતિએ સમાવ્યા છે. પરંતુ કોણ કોનું ઋણી છે તે કહી શકાય નહીં. ત્રણેય સંસ્કૃતિઓનો પ્રભાવ એકબીજા પર પડેલો દેખાય છે. સત્ય એક છે, અનંત છે તેથી તેની સરખામણી તો ન થાય, તે છતાં જે શબ્દોમાં ત્રણેય સંસ્કૃતિનું નિરૂપણ થયું છે તેના પરથી અને તેમાં જણાતા સામ્ય પરથી જે સત્ય લાધ્યું છે તે વિષેનો પ્રચાર કરી શકાય જેથી સંપ્રદાયવાદ, પંથવાદ તથા અલગતાવાદના બીજને વિકસાવવામાં આવે છે અને રાગદ્વેષ વધારે છે તે કયાં સુધી ઉચિત છે તે સમજાય.

આ દૃષ્ટિએ વૈદિક સંસ્કૃતિ અને જૈન સંસ્કૃતિનું અમુક સાહિત્ય એકબીજાથી પ્રભાવિત થયેલ જણાય છે. વૈદિક પરંપરામાં માનવાવાળા દીક્ષિત અને નિષ્ણાતો જૈન પરંપરાથી પ્રભાવિત થઈ જૈન ધર્મ અંગિકાર કરેલા જણાય છે. એમની રચનાઓમાં પણ જૈન સાહિત્યની અસર જણાય છે. ભગવદ્ ગીતા અને જૈન સાહિત્ય વિષે વધુ અભ્યાસ કરતાં જણાય છે કે પ્રાચીન આગમોમાં ''ઉત્તરાધ્યયન સૂત્ર'' જે ભગવાન મહાવીરના અંતિમ ઉપદેશોનો સંગ્રહ મનાય છે અને જેની ગણતરી મૂળ સૂત્રોમાં થાય છે તેમાંની અમુક ગાથાઓ ગીતાના અમુક શ્લોકો અથવા તેમના અંશ સાથે અદ્ભુત સામ્યતા ધરાવે છે. આગમેતર જૈન સાહિત્યનાં ઉમાસ્વાતિ (૩જી ૪થી સદી) થી (૧૩ થી ૧૪મી) સદી સુધી અનેક આચાર્યોએ પોતાની રચનાઓમાં ગીતાના અનેક શ્લોકો શબ્દશઃ અથવા આંશિક રૂપે લીધેલા છે. ભગવદ્ગીતા મહાભારતના ભીષ્મ પર્વના ૨૩ થી ૪૦ સુધીના ૧૮ અધ્યાયોનું સંકલન છે. મહાભારતનો સમય ઈ.સ. પૂર્વે ૫ મીથી ૩ જી સદી સુધીનો મનાય છે; આથી પુરવાર થાય છે કે ભગવદ્ગીતાનો સમય પણ એ જ હોવો જોઈએ. બાળગંગાધર તિલકના પુસ્તક ''ગીતા રહસ્ય'' અને ''કર્મયોગશાસ્ત્ર'' પ્રમાણે ભગવદ્ ગીતા અને મહાભારત એક જ વ્યક્તિની રચના છે માટે એ બંનેનો સમય પણ એક જ હોવો જોઈએ. ગીતાના શ્લોકો અથવા અંશતઃ શ્લોકોને જૈન સાહિત્યના સંદર્ભમાં જોઈએ તો સૌથી પ્રાચીન ગ્રંથ ''ઉત્તરાધ્યયન સૂત્ર'' જ છે અને તેની ગાથાઓ અને ગીતાના અમુક શ્લોકો મળતા આવે છે. જૈન સાહિત્યમાં જે સ્થાન ''ઉત્તરાધ્યયન'' સૂત્રનું છે તે જ સ્થાન વૈદિક સાહિત્યમાં ગીતાનું છે. ઉત્તરાધ્યયનનો રચનાકાળ ઈ.સ. ૨ જી કે ૧લી સદી મનાય છે. એ મહાભારતનો ઉત્તરાર્ધનો સમય ૩જી સદી માનીએ તો ''ઉત્તરાધ્યયન અને ''ગીતા''ના રચનાકાળમાં ઝાઝો ફરક નહીં જણાય માટે બંને ગ્રંથો પર એકબીજાનો પ્રભાવ પડેલો જણાય છે. ગીતાના અમુક શ્લોકો ''ઉત્તરાધ્યયન''ની અમુક ગાથાઓ સાથે ઉલ્લેખનીય સામ્યતા ધરાવે છે. જેમકે -

ગીતાના બીજા અધ્યાયનો ૬૪મો શ્લોક

*''રાગ દ્વેષવિયુક્તૈસ્તુ વિષયનિન્દ્રિયૈશ્ચરના*
*આત્મ નશ્યૈ વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ।।''*

ની સાથે ઉત્તરાધ્યયન ૩૨/૧૦૦ સૂત્ર :-

*''એવિન્દિયત્થા ય મણસ્સ અત્થા દુખ્ખસ્સ હેઉં મણુયસ્સા*
*તે ચેવથોવંથિ હયાઈ દુઃખં ન વિયરાગસ્સ કરેન્તિ કિંચિ।।''*

એવી જ રીતે ગીતાના ૬ઠ્ઠા અધ્યાયનો ૫ મો અને ૬ ઠ્ઠો શ્લોક ઉત્તરાધ્યયનના ૨૦મા અધ્યાયની ૩૭ મી ગાથા સાથે ઘણું સામ્ય ધરાવે છે.

કર્મના આધાર પર જાતિવિભાજનનું વર્ણન કરવાવાળા ગીતાના ૪ થા અધ્યાયના ૧૩મા શ્લોકની સામ્યતા ''ઉત્તરાધ્યયનના'' ૩૨મા અધ્યાયના ૩૧મા સૂત્રથી સમજાય છે. આ રીતે ગીતાના ૫મા અધ્યાયનો ૧૦મો શ્લોક ઉત્તરાધ્યનના ૩૨મા અધ્યાયના ૯૯મા સૂત્ર સાથે મળતો આવે છે. આવા તો અનેક શ્લોકો છે. ભિષ્મપર્વ પછીના શાંતિપર્વના પણ અનેક શ્લોકો ઉત્તરાધ્યયનની ગાથાઓ સાથે મળતા આવે છે. જેમ કે –

*''યા દદાતિ સહસાણિ ગવામશ્વશતાનિ ચા*
*અભયં સર્વભૂતેભ્ય સ્તદ્દાનમતિવર્તતે।।શાંતિપર્વ ૨૮૭/૫''*

ઉત્તરાધ્યયનના ૯/૪૦ ના સૂત્ર

*''જો સહસ્સં માસે માસે ગવંદએ।*
*તસ્યાપિ સંજચો સેઓ અદિન્તસ્સ વ કિંચણ ।।''*

આ રીતે મહાભારતના અનુશાસન પર્વનો એક શ્લોક પણ ઉત્તરાધ્યયનના સૂત્ર સાથ મળતો આવે છે.

આગમેતર ગ્રંથોના રચયિતાઓમાં ઉમાસ્વાતિ, હરિભદ્રસૂરિ, રવિષેણ વગેરેએ પણ ગીતાના શ્લોકોને પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન કર્યો છે અથવા પોતાના ગ્રંથોમાં સમાવ્યા છે.

તત્ત્વાર્થધિગમસૂત્રભાષ્યમાં એક પણ શ્લોક સંપૂર્ણ રીતે ગીતાના એક શ્લોકને મળતો નથી તેથી તત્ત્વાર્થસૂત્રની રચના કરવામાં સિદ્ધસેન ગણિ કે ઉમાસ્વાતિની સમક્ષ રાખ્યા હોય તેવું નક્કી કહી શકાય નહીં. જોકે 'તત્ત્વાર્થધિગમસૂત્રભાષ્ય'' ઉમાસ્વાતિની સ્વરચના છે કે સિદ્ધસેન ગણિની તે પણ એક વિવાદનો વિષય છે.

ઉમાસ્વાતિ પછી ઈ.સ.ની ૭મી ૮મી સદીના આચાર્ય હરિભદ્રની રચનાઓમાં પણ અમુક શ્લોકો પૂર્ણપણે અને અમુક શ્લોકો થોડા

ફેરફાર સાથે મળતા આવે છે. જિનવિજયજીના મત પ્રમાણે હરિભદ્રનો સમય ૮મી સદીનો છે. પ્રો. હર્મન યાકોબીના મત પ્રમાણે પણ હરિભદ્રનો સમય ૮મી સદીનો જ છે. આ મતને પ્રમાણભૂત ગણવામાં બીજો પણ એક મુદ્દો છે. ''ઉદ્યોતનસૂરિ'' જેમણે ''કવલયમાલા'' ગ્રંથ (૨૧ માર્ચ ઈ.સ. ૭૭૯)માં પૂર્ણ કર્યો તેઓ પણ હરિભદ્રને પોતાના ગુરુ તરીકે અને બીજા ઘણા ગ્રંથોના ગ્રંથકાર તરીકે યાદ કરે છે. હરિભદ્ર પાસે બ્રાહ્મણ કે વૈદિક અને બૌદ્ધ આચાર્યો અને તેમની રચનાઓને પોતાની રચનાઓમાં સામેલ કર્યા છે. દા.ત. ''ત્યતૃહરિ'' (ઈ.સ. ૬૫૦) ''કુમારિત'' (ઈ.સ. ૬૦૦-૬૮૦) અવધૂતાચાર્ય, પતંજલિ ભાષ્યકાર ઈત્યાદિ હરિભદ્ર એ કોઈ પણ ઉલ્લેખ કર્યા વગર પોતાના ગ્રંથો 'શાસ્ત્રવાર્તાસમુચ્ચય', લોકતત્ત્વનિર્ણય'માં ગીતાના શ્લોકો સમાવ્યા છે. – જેમ કે ગીતાના ૧૫મા અધ્યાયનો પ્રથમ શ્લોક

*''ઊર્ધ્વમૂલમધઃ શાખમશ્વત્થમ્ પ્રાહુરવ્યયમા*
*છંદાસિયસ્થ પર્ણાનિ, યસ્તં વેત્તિસ વેદવિત્।।''*

લોકતત્ત્વનિર્ણય ૫૩

તેવી જ રીતે ''શાસ્ત્રવાર્તાસમુચ્ચય''નો ૭૬મો શ્લોક અને ગીતાના બીજા અધ્યાયનો ૧૬મો શ્લોક એ બેમાં કોઈ ફરક નથી. નક્કી હર્મન યાકોબીની માન્યતા પ્રમાણે હરિભદ્ર સમક્ષ ગીતા સિવાય બીજો કોઈ સ્રોત નહોતો તેથી ગીતામાંથી જ આ શ્લોકો લીધા હોવા જોઈએ.

લોકતત્ત્વનિર્ણ - ૭૭ અને ગીતાના ૧૫ મા અધ્યાયનો ૧૬મો શ્લોક

લોકતત્ત્વનિર્ણ - ૮૧ અને ગીતાના ૫ મા અધ્યાયનો ૧૪મો શ્લોક

લોકતત્ત્વનિર્ણ - ૮૩,૮૪ અને ગીતાના ૨ જા અધ્યાયનો ૨૩, ૨૪મો શ્લોક

આવા તો અનેક દૃષ્ટાંતો છે. આ બતાવે છે કે હરિભદ્રની રચનાઓના વૈદિક શ્લોકોમાં ગીતાનું સ્થાન મુખ્ય છે. તેઓએ અમુક જગ્યાએ ઉપનિષદ્‌ના મંત્રો-સૂત્રોનો પણ સાધારણ ફેરફાર સાથે ઉલ્લેખ કર્યો છે. મૈત્રિયોપનિષદના ૬ઠ્ઠા અધ્યાયનું ૧૫મું સૂત્ર ''શાસ્ત્રવાર્તાસમુચ્ચયના એક પદ સાથે મળે છે.

આ પરથી ફલિત થાય છે કે ૧) હરિભદ્ર સમક્ષ ગીતાના પ્રચલિત ગ્રંથ કરતાં સહેજ જુદો ગ્રંથ હોવો જોઈએ. (૨) જૈન પરંપરા કરતાં અલગ વિચારો વ્યક્ત કરવા અને જૈન ગ્રંથોમાં આભાર પ્રગટ કર્યા વગર જ લેવાનું કારણ તેઓ વૈદિક પરંપરાના દિક્ષાર્થી હતા તે લાગે છે.

એમના પછીના સાહિત્યકારોને પણ ગીતાના શ્લોકો ટાંકવાનું પ્રિય હતું. દા.ત. રવિષેણ કૃત ''પદ્મપુરાણ'' (ઈ.સ. ૬૭૮)માં લીધેલા શ્લોક જેમકે ગીતાના ૪થા અધ્યાયનો ૧૩ મો શ્લોક.

આ બતાવે છે કે જૈન લેખકો ગીતાના ગ્રંથમાંથી થોડા ફેરફારો સાથે પોતાના ગ્રંથોમાં સામેલ કરતા હતા.

ઈ.સ. ૧૪૫૩માં શુભશીલે થોડા ફેરફાર સાથે ગીતાના ૬ઠ્ઠા અધ્યાયનો ૩૦ મો શ્લોક એમની કૃતિ ''ભદ્રેશ્વર-બાહુબલિ વૃત્તિ''ની રચનામાં લીધો છે.

આ જ રીતે ''કાવ્યકલ્પલતા''માં અમરચંદે ગીતાના ૧૦મા અધ્યાયમાં (શ્લોક ૧૯-૪૨) કૃષ્ણની વિભૂતિઓનું વર્ણન થોડા ફેરફાર સાથે કર્યું છે.

જૈન સાહિત્ય પર ગીતાનો પ્રભાવ આના પહેલાં પણ થોડા વિદ્વાનો પર જણાય છે. કોઈ કોઈ લેખકોએ ગીતાના શ્લોકો ગમે તેમ કરીને એમની કૃતિઓમાં સમાવવાની કોશિષ કરી છે.

તેથી આપણે જોઈ શકીએ છીએ કે ગીતાનો પ્રભાવ જૈન સાહિત્ય પર જરૂર પડ્યો છે. પરંપરાની દૃષ્ટિએ પણ ગીતાનો સમય જૈન સાહિત્યકારો અથવા એમના ગ્રંથો પૂર્વેનો છે. ગીતા એ સમયે એક પ્રસિદ્ધ ગ્રંથ તરીકે જૈન સાહિત્યકારો સમક્ષ હોવાથી એની તુલના થાય અને એના અમુક સુંદર શ્લોકો થોડા ફેરફાર સાથે લીધા હોય. ગીતાના પ્રભાવનું બીજાં કારણ અધિકાંશ આચાર્યો બ્રાહ્મણ પરંપરામાંથી જૈન પરંપરામાં આવ્યા હોવાનું પણ મનાય છે.

❑❑❑ ફોન : ૦૨૨-૨૩૮૭૦૧૫૧

# જૈન ધર્મમાં આચાર્યોનું પ્રદાન

**સુરેશ ગાલા**

*સદ્‌ગુરુ કો વંદન કરું, દીની અમરત વેલ.*
*તૂટો પડદો ભરમકો, સમજ ગયો સબ ખેલ.*

સદગુરુ એટલે આત્મજ્ઞાની અને અનેકાંતવાદી આચાર્ય. આવા આચાર્યએ આત્મસાધના રૂપી અમૃતવેલ આપી જેનું સેવન કરતા હું દેહ છું, હું મન છું એવા ભ્રમનો પડદો તૂટી ગયો અને હું તો અવિનાશી ચૈતન્ય સ્વરૂપ આત્મતત્ત્વ છું એની અનુભૂતિ થઈ પરિણામે આ સૃષ્ટિનો ખેલ મને સમજાઈ ગયો.

નરસિંહ મહેતા પણ કહે છે -

*આ સૃષ્ટિ મંડાણ છે એણી પેરે જોગી જોગેશ્વરા કો'ક જાણે.*

*સદગુરુકો વંદન કરું શિખાયો એક ખેલ*
*મન મરકટ વશ હો ગયો ઉતર ગયો સબ મેલ*

સદગુરુએ સહજતાથી એવી પદ્ધતિ શિખવાડી કે મનરૂપી મર્કટ વશમાં આવી ગયું પરિણામે કષાય એટલે કે ક્રોધ, માન, માયા, લોભરૂપી મેલ કે જે મારા ચિત્ત ચોંટ્યો હતો એ ઉતરી ગયો.

જૈન ધર્મમાં આત્મજ્ઞાની અને એકાંતવાદી આચાર્યો તો ઘણા

થયા છે. એમનું પ્રદાન પણ અલગ અલગ ભૂમિકાએ રહ્યું છે. ઘણા આચાર્યોએ અથવા આત્મજ્ઞાની મુનિઓએ યોગ્ય શિષ્યોને આત્મસાધનાનો માર્ગ બતાડ્યો છે. જેમ કે આનંદઘનજીએ ઉપાધ્યાય યશોવિજયજીએ આત્મસાધનાના પંથે પ્રયાણ કરાવ્યું. આવા આચાર્યોએ બાહ્ય ભૂમિકાએ પ્રદાન ન પણ આપ્યું હોય. ઉપાધ્યાય યશોવિજયજીએ લખ્યું છે,

*ચેતન, અબ મોહિ દરશન દીજે,*
*તુમ દરશને શિવ પામીજે, તુમ દરશને ભવ છીજે.*

ઉપાધ્યાય યશોવિજયજીને દેહથી પર એવા આત્મતત્ત્વનો, ચેતન્યતત્ત્વનો અનુભવ થયો ત્યારે હર્ષોલ્લાસમાં એમણે લખ્યું,

*સખીરી, આજ આનંદકી ઘડી આઈ,*
*કરકે કૃપા પ્રભુ દરશન દીનો, ભવકી પીડા મિટાઈ.*

આત્મજ્ઞાની આચાર્યોના ઉપદેશ વિશે કહી શકાય કે -

*ધરમ એ તો પાંપણો ઢાળ્યા પછીની વાત છે.*
*એટલે કે ભીતરે કશુંક ભાળ્યા પછીની વાત છે.*
*પ્યાસા બહાર ના ભટક, ભીતર એક તળાવ*
*મારગ જાણ સદ્‌ગુરુથી ને નાખ ત્યાં પડાવ.*

આવા આચાર્યોનો ઉપદેશ એટલે ઘટઘટમાં બિરાજતા આત્મતત્ત્વ કે ચૈતન્ય તત્ત્વને ભાળવું એટલે કે એનો અનુભવ કરવો. આત્મતત્ત્વરૂપી તળાવમાં પડાવ કરવો.

આવા આચાર્યો કેવા હોય છે?

*ઉલટી હી ચાલ ચલતે હૈં દિવાનગે ઈશ્ક,*
*આંખોકો બંધ કરતે હૈં દિદારકે લિએ.*

માત્ર આત્મસાધક હોય એવા આચાર્યોનો અભિગમ જુદો હોય છે. આંખો બંધ કરીને પરમજ્યોતિના દર્શન કરે છે.

મારે શ્વેતાંબર જૈન પરંપરાના એવા આચાર્યો વિશે વિવરણ કરવું છે કે જેમના પ્રદાનને કારણે ૨૫૦૦ વર્ષથી અલ્પસંખ્યક જૈન ધર્મ ટકી રહ્યો છે.

સદગુરુકો વંદન કરું, ઐસો કિયો ઉપાય
પરંપરા અખંડ રહી, નચિંત વહેં સમુદાય.

આ વિશ્વમાં સૌથી પ્રાચીન છતાં હજી સુધી અખંડ, વ્યવસ્થિત અને સફળતાપૂર્વક ચાલતી સાધુ કે સંન્યાસીની પરંપરા એ જૈન સાધુની પરંપરા છે!

શ્વેતાંબર જૈન ધર્મની સાધુ સંસ્થાની પાટ પરંપરાની વિગત કલ્પસૂત્રમાં છે. આદિનાથ પ્રભુ કે પાર્શ્વનાથ પ્રભુની પરંપરાની વાત છોડી દઈએ તો પણ ભગવાન મહાવીર પછી પાટ ઉપર સુધર્માસ્વામી બિરાજ્યા હતા. સુધર્માસ્વામી પછી જંબૂસ્વામી, સ્વયંભૂસ્વામી અને છેલ્લે દેવર્ધિગણી ક્ષમાશ્રમણ પર્યંતની પાટ પરંપરાનો ઉલ્લેખ કલ્પસૂત્રના બીજા વિભાગ સ્થવિરાવલ્લિમાં છે. આપણે એમ કહી શકીએ કે ભગવાન મહાવીર પછી લગભગ ૧૦૦૦ વર્ષ સુધીની પાટ પરંપરાનો ઉલ્લેખ છે. ભગવાન મહાવીર પછી પાટ ઉપર સુધર્માસ્વામી બિરાજ્યા માટે આજે પણ સાધુ ભગવંતો જે પાટ ઉપર બેસી વ્યાખ્યાન આપે છે એ પાટને સુધર્માસ્વામીની પાટ કહે છે.

જૈન ધર્મની સાધુસંસ્થા વિશ્વમાં સૌથી પ્રાચીન છે. આ હકીકતને ચકાસીએ. ઈસ્લામ ધર્મના ઉદ્‌ભવને અંદાજે ૧૪૦૦ વર્ષ થયાં છે. ક્રિશ્ચિયન ધર્મના ઉદ્‌ભવને અંદાજે ૨૦૧૮ વર્ષ થયાં છે. ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીર સમકાલીન હતા. ભગવાન બુદ્ધ ભગવાન મહાવીરથી ઉંમરમાં નાના હતા. ભારતમાં બૌદ્ધ ધર્મની સાધુસંસ્થાની પરંપરા અખંડિત અને વ્યવસ્થિત રીતે જળવાઈ નથી. વૈદિક પરંપરામાં ઋષિ પરંપરાના અતિપ્રાચીન છે, પરંતુ ઋષિઓ સાધુ ન હતા. વૈદિક પરંપરામાં વ્યવસ્થિત ચાલતી દશનામી સાધુઓની પરંપરા છે. આ પરંપરા આદિ શંકરાચાર્યે શરૂ કરી હતી, જેને લગભગ ૧૧૦૦ વર્ષ થયાં છે. દશનામી સંન્યાસીની પરંપરા એટલે એવી પરંપરા કે જ્યારે સંન્યાસીને દીક્ષા પછી નામ અપાય છે ત્યારે આ દશનામમાંથી એક નામ એમના નામની પાછળ લાગે છે. દશનામ એટલે ગિરિ, પૂરી, ભારતી, સરસ્વતી, તીર્થ, વન આદિ કે જે સંન્યાસીના નામની પાછળ લાગે છે. આપણે તારતમ્ય ઉપર આવ્યા કે વિશ્વમાં સૌથી પ્રાચીન સાધુઓની પરંપરા કે જે આજદિન સુધી વ્યવસ્થિત રીતે ચાલી રહી છે એ જૈન ધર્મની સાધુ પરંપરા છે. એ અલગ વાત છે કે આ પરંપરામાં ઘણા ફાંટા પણ પડ્યા છે.

ભારતમાં મોગલોના શાસનકાળમાં ઈસ્લામ ધર્મ જોરશોરથી ફેલાઈ રહ્યો હતો. હિંદુમંદિરો તોડી પાડવામાં આવ્યા હતા. બળજબરીથી વટાળ પ્રવૃત્તિ ચાલી રહી હતી. સિદ્ધપુરના બ્રાહ્મણોને બળજબરીથી વટલાવ્યા કે જેઓ આજે વોરા તરીકે ઓળખાય છે. લોહાણાઓને પણ બળજબરીથી વટાલાવ્યા કે જેઓ આજે મેમણ કે ખોજા તરીકે ઓળખાય છે. ઘણી બધી વ્યક્તિઓને બળજબરીથી કે લાલચથી વટલાવી હતી, પરંતુ એક પણ જૈનને બળજબરીથી કે લાલચથી વટલાવ્યો નથી. મોગલોના શાસનકાળમાં ચતુર્વિધ સંઘને એટલે કે જૈન સ્થાનકો, સાધ્વીજીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓને લગભગ અપેક્ષાએ ઊની આંચ આવી નથી. જૈન સ્થાનકો, જૈન મંદિરો અને ગ્રંથભંડારો પણ મોગલોના શાસનકાળમાં અપેક્ષાએ સુરક્ષિત રહ્યા છે એનાં મારી દૃષ્ટિએ ચાર કારણો છે.

૧) તીર્થંકર પ્રભુની અચિંત્યશક્તિ.

૨) શાસનદેવી - દેવતાઓની અમીદૃષ્ટિ.

૩) આચાર્ય ભગવંતોનું તપોબળ, મંત્રબળ, અનેકાંતદૃષ્ટિ, અહિંસક જીવનશૈલીનું બળ, જગતના દરેક જીવો પ્રત્યે કરુણાનો ભાવ, દૂરંદેશી, સમયની માગ પ્રમાણે ત્વરિત નિર્ણયો લેવાની શક્તિ આદિ.

૪) જૈન શ્રાવકોનો જિનશાસન પ્રત્યેનો સમર્પણભાવ, તીર્થંકર પ્રભુ પ્રત્યેની અનન્ય ભક્તિ, જીવદયાની પ્રવૃત્તિઓ માટે ધનનો

છૂટથી ઉપયોગ, આચાર્યોના સૂચનને શિરોમાન્ય રાખવાની ભાવના, અહિંસક અને મૂલ્યનિષ્ઠ આચરણ.

મારી દૃષ્ટિએ ચાર કારણોમાંથી પહેલા બે કારણો સૂક્ષ્મ ભૂમિકાઓ છે. ચતુર્વિધ સંઘની સુરક્ષા માટેનું મુખ્ય કારણ છે જૈન આચાર્યો!

જૈનાચાર્યોએ જોયું કે મોગલોની રાજસત્તા આગળ કોઈનું ચાલવાનું નથી. આચાર્યોને શિરે બહુ મોટી જવાબદારી હતી. મોગલોના શાસનકાળમાં જૈન ધર્મની પરંપરા અખંડિત રહે, સુરક્ષિત રહે અને ચતુર્વિધ સંઘની સુખાકારી જળવાઈ રહે એ માટે જૈનાચાર્યો તારતમ્ય ઉપર આવ્યા કે મોગલ રાજ્યકર્તાઓને પ્રભાવિત કરીએ તો જ આ શક્ય બને એમ છે. એમણે એક વ્યૂહરચના કરી. અત્યારનો યુગ હોય કે પહેલાંનો યુગ હોય, કોઈ પણ રાજ્યકર્તાને તપ, ત્યાગ અને સંયમ દ્વારા નહીં પણ મંત્રશક્તિ, જ્યોતિષનું જ્ઞાન અને રોગ માટેની દવાઓ દ્વારા જ પ્રભાવિત કરી શકાય છે. આચાર્યોએ તેજસ્વી અને હોંશિયાર સાધુઓને મંત્રવિજ્ઞાન, જ્યોતિષશાસ્ત્ર અને આયુર્વેદનો અભ્યાસ કરાવી એમને આ ત્રણ શાસ્ત્રોમાં નિષ્ણાત બનાવ્યા. આ સાધુઓ યતિ કહેવાયા. જૈનાચાર્યોએ જ યતિસંસ્થા ઊભી કરી. યતિઓએ સ્થિરવાસ કરવાનો હતો. એમને એક-એક ઈલાકો સોંપવામાં આવ્યો હતો. યતિઓનું કામ રાજ્યકર્તા મુસ્લિમ સુબાઓ અને નવાબો સાથે ઘરોબો કેળવી મંત્રશક્તિ, જ્યોતિષનું જ્ઞાન અને દવાઓના જ્ઞાન દ્વારા એમને પ્રભાવિત કરવાના હતા. એના બદલામાં જૈન ચતુર્વિધ સંઘ, જૈન ગ્રંથભંડારો, જૈન મંદિરો અને જૈન ઉપાશ્રયો સુરક્ષિત રહે એનું અભયવચન લેવાનું હતું. જૈનાચાર્યોની આ વ્યૂહરચના સફળ રહી. મુસ્લિમ સુબાઓને જૈન યતિઓના ચારિત્ર ઉપર એટલો વિશ્વાસ હતો કે જૈન યતિઓને જનાનખાનામાં જઈ બેગમોની દવા કરવાની છૂટ હતી. આચાર્યોએ ઊભી કરેલી યતિસંસ્થાનું યોગદાન આપણે વિસરવું જોઈએ નહીં કે જેને પરિણામે ૨૫૦૦ વર્ષથી ચાલતી આવતી ચતુર્વિધ સંઘની પરંપરા વ્યવસ્થિત અને અખંડ રહી છે.

અકબર બાદશાહને ચકલીની જીભની ચટણી ખૂબ ભાવતી હતી. ચટણી બનાવવા માટે રોજની સો ચકલી મારતા હતા. હીરસૂરિ મહારાજ સાહેબના સંપર્કમાં આવ્યા પછી ધીરે ધીરે અકબર બાદશાહે ચકલીની જીભની ચટણી ખાવાનું બંધ કરી દીધું હતું. અકબર બાદશાહ હીરસૂરિ મહારાજ સાહેબને ખૂબ માન આપતા હતા. એમની પાસેથી સૂર્યસહસ્રનામનો પાઠ શીખી દરરોજ પાઠ પણ કરતા હતા. હીરસૂરિ મહારાજ સાહેબે દૂરંદેશી વાપરી પોતાના શિષ્ય ભાનુચંદ્રગણિને પર્શિયન અને ફારસીના નિષ્ણાત બનાવ્યા હતા. ભાનુચંદ્રગણિને પણ અકબર બાદશાહ સાથે ઘરોબો હતો. અકબર બાદશાહ યુદ્ધ કરવા જતા ત્યારે ઘણીવાર ભાનુચંદ્રગણિને સાથે લઈ જતા હતા. યુદ્ધમાં ભાનુચંદ્રગણિ માટે અલગ તંબૂ બનાવાતો હતો. યુદ્ધ દરમ્યાન પણ ફાજલ સમયમાં અકબર બાદશાહ ભાનુચંદ્રગણિ સાથે વાર્તાલાપ કરતા હતા. અકબર બાદશાહની સૂચનાથી ભાનુચંદ્રગણિએ અકબર બાદશાહના શાહજાદા જહાંગીરને ફારસી અને પર્શિયનનો અભ્યાસ કરાવ્યો હતો. ભાનુચંદ્રગણિના એક શિષ્ય સિદ્ધચંદ્રગણિ જ્યારે જહાંગીરને પર્શિયન અને ફારસી ભણાવતા ત્યારે સિદ્ધચંદ્રમુનિ પણ સાથે પર્શિયન અને ફારસીનો અભ્યાસ કરતા હતા. જહાંગીર અને સિદ્ધચંદ્રમુનિ સારા મિત્રો બની ગયા હતા. પરિણામે જહાંગીર બાદશાહ બન્યા પછી પણ ભાનુચંદ્રગણિ પ્રત્યે ખૂબ જ આદરભાવ રાખતા હતા. અકબર, જહાંગીર અને બીજા મોગલ બાદશાહોએ જૈન સાધુઓને ઘણાં ફરમાન આપ્યાં હતાં. આ ફરમાનો ઉપર એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટે (અમદાવાદ) એક પુસ્તક પ્રકાશિત કર્યું છે. એમાં ફરમાનોની કોપીઓ છે. દરેક ફરમાનોની શરૂઆતમાં મોગલ બાદશાહો એમને સલામ પાઠવતા અને બાદશાહને લાયક કંઈ પણ કામકાજ હોય તો વિનાસંકોચે જણાવવાનું કહેતા. આ આચાર્યો રોજ મોગલ બાદશાહના દરબારમાં જતા હતા અને સ્થિરવાસ કરતા હતા. જરૂર પડે ત્યારે જ વિહાર કરતા હતા. આજે પણ આપણે સંખ્યાની દૃષ્ટિએ ઘણો નાનો જૈન ધર્મ ટકી રહ્યો છે, એનો આ પાયો છે.

કચ્છના રાજવી દેશલજીના પુત્ર યુવરાજ લખપતજી નાનપણથી જ કલાપ્રેમી અને સાહિત્યપ્રેમી હતા. એમને રાજકવી હમીરજી રત્નુએ કેળવ્યા હતા. રાજસ્થાનના કિશનગઢના જૈન યતિ ગોરજી કનકકુશળજીને ભુજ તેડાવી તેમની પાસેથી યુવરાજ લખપતજીએ વ્રજભાષાનો અભ્યાસ કરાવ્યો હતો. મહાકવિ હમીરજીની પ્રેરણાથી મહારાવ લખપતજીએ ભુજમાં વ્રજભાષા પાઠશાળા સ્થાપી હતી. શરૂઆતના સમયમાં કુશળ પરંપરાના વિદ્વાન જૈન યતિઓ જ આ પાઠશાળાના આચાર્યો તરીકે હતા. મહારાવ લખપતજીએ શરૂ કરેલી આ પાઠશાળા સાહિત્યકારોમાં એટલી પ્રખ્યાત હતી કે કહેવત પડી હતી કે, 'પંડિત થવું હોય તો કાશી જાવ અને કવિ થવું હોય તો ભુજ જાવ.' શરૂઆતના સમયમાં આ પાઠશાળાના આચાર્યો જૈન યતિઓ જ હતા.

ગુજરાતમાં અપેક્ષાએ શાકાહારનું પ્રમાણ વધારે છે. ઝઘડા, મારામારી કે ખૂનામરકીનું પ્રમાણ અપેક્ષાએ ઘણું ઓછું છે એના મૂળમાં છે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય.

પાટણના મહારાજા સિદ્ધરાજ જયસિંહના ભત્રીજા કુમારપાળ લગભગ ૨૫ વર્ષ સુધી સિદ્ધરાજ જયસિંહના મારાઓથી પોતાનો જીવ બચાવવા ભાગતા ફરતા હતા. કુમારપાળની લલાટરેખા જોઈને હેમચંદ્રાચાર્ય જાણી ગયા હતા કે ભવિષ્યમાં કુમારપાળ પાટણના રાજા બનવાના છે. કુમારપાળને પૂરતો સહકાર આપવા એમણે જૈન શ્રાવકોને સૂચના આપી હતી. હેમચંદ્રાચાર્યના શબ્દ પર જૈન શ્રેષ્ઠિઓએ પણ કુમારપાળના સંઘર્ષકાળમાં તન, મન અને ધનથી કુમારપાળને મદદ કરી હતી. ૫૦મે વર્ષે કુમારપાળ

પાટણના રાજા બન્યા. હેમચંદ્રાચાર્યને એમણે પોતાના ગુરુ તરીકે પ્રતિષ્ઠિત કર્યા. હેમચંદ્રાચાર્યની પ્રેરણાથી રાજા કુમારપાળે ગુજરાત રાજ્યમાં અમારિ પરિવર્તનની શરૂઆત કરી. એ સમયે માતાજીને બકરાનો બલિ ચઢાવાની જે પ્રથા હતી એ પ્રથા પણ હેમચંદ્રાચાર્યની પ્રેરણાથી કુમારપાળ રાજાએ બંધ કરાવી, જેના ફળસ્વરૂપે ગુજરાતમાં અપેક્ષાએ માંસાહારનું પ્રમાણ ઓછું છે અને શાકાહારનું પ્રમાણ વધારે છે. એ સમયે રૂદાલીવિત્ત નામનો કર હતો. જો પુરુષ નિઃસંતાન મૃત્યુ પામે તો એની બધી સંપત્તિ રાજ્યકોષમાં જમા થઈ જતી હતી. એ પુરુષની વિધવા બેઘર થઈ નિર્ધન અવસ્થામાં રૂદન કરતી રસ્તા ઉપર આવી જતી હતી માટે એ કરનું નામ રૂદાલીવિત્ત હતું. હેમચંદ્રાચાર્યના સૂચનથી કુમારપાળ રાજાએ રૂદાલીવિત્ત કર પણ બંધ કર્યો. શ્રીમદ્ રાજચંદ્રએ લખ્યું છે કે, હેમચંદ્રાચાર્યે ત્રીસ હજાર ઘરોને શ્રાવક બનાવ્યા. એટલે કે સવાથી દોઢ લાખ લોકોને જૈન બનાવ્યા. એમણે ધાર્યું હોત તો પોતાનો અલગ સંપ્રદાય સ્થાપી શક્યા હોત પણ એમણે પોતાને તીર્થંકરોના સેવક માની જૈન ધર્મની પરંપરાને આગળ વધારી. હેમચંદ્રાચાર્યે સિદ્ધહેમ વ્યાકરણ ગ્રંથની રચના કરી એક અદ્વિતીય કાર્ય કર્યું. આજે પણ વિદ્વાનો સિદ્ધહેમ વ્યાકરણનો અભ્યાસ કરે છે.

મુનિશ્રી રામચંદ્ર અને મુનિશ્રી ગુણચંદ્ર હેમચંદ્રાચાર્યના શિષ્યો હતા. એમણે નાટ્યદર્પણ નામનું પુસ્તક લખ્યું હતું જેનું પ્રકાશન બરોડા યુનિવર્સિટીએ કર્યું છે. મુનિશ્રી રામચંદ્રએ ૧૦૦થી વધારે નાટકો સંસ્કૃતમાં લખ્યાં છે માટે મુનિશ્રી 'શતમ્ પ્રબંધ કર્તુ' કહેવાતા.

કુમારપાળ રાજા ઉપરના હેમચંદ્રાચાર્યના પ્રભાવને કારણે પશુબલિબંધી અને રૂદાલિવિત પરનો પ્રતિબંધ શક્ય બન્યો હતો. પરિણામે ઘણા અન્યધર્મીઓ મનમાં હેમચંદ્રાચાર્ય ઉપર દુર્ભાવ રાખતા હતા. હેમચંદ્રાચાર્યની માનહાનિ થાય અને કુમારપાળ રાજાની નજરમાંથી હેમચંદ્રાચાર્ય ઉતરી જાય એ માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. હેમચંદ્રાચાર્યએ મંત્રશક્તિ અને કુશાગ્રબુદ્ધિના બળથી એમના બધા પ્રયાસો નિષ્ફળ બનાવ્યા હતા. બે પ્રસંગોનો ઉલ્લેખ કરીએ.

સિદ્ધરાજ જયસિંહના નિમંત્રણથી દરબારમાં હેમચંદ્રાચાર્ય પહેલી વાર ગયા. ત્યારે અન્યધર્મી પંડિતે મજાકમાં હેમચંદ્રાચાર્યને આવકારતાં કહ્યું -

*આગતો હેમગોપાલો દંડ કંબલ ઉદ્વહન*

જૈન સાધુ દંડ અને કંબલ એટલે કે ખભે શાલ રાખે છે. ગાયો ચારતા ગોવાળો પણ દંડ અને ખભે કંબલ એટલે કે ખભે શાલ રાખે છે. માટે પંડિતે હેમચંદ્રાચાર્યની મજાક કરતા કહ્યું, દંડ અને કંબલ લઈને હેમચંદ્ર નામનો ગોવાળ આવ્યો છે. હેમચંદ્રાચાર્યે તરત જ જવાબમાં કહ્યું,

*આગતો હેમગોપાલો દંડ કંબલ ઉદ્વહન*
*ષડદર્શન પશુગ્રામં ચારયતિ જિન વાટિકે.*

ષડદર્શન રૂપી પશુઓના સમૂહને જિનરૂપી બાગમાં ચરાવવા હેમચંદ્ર ગોપાલ દંડ અને કંબલ લઈને આવ્યો છે.

એક વખત પુરોહિતે કુમારપાળના કાન ભંભેર્યા કે, 'મહારાજ, હેમચંદ્રાચાર્ય સૂર્યને નમસ્કાર સુધ્ધાં કરતા નથી. આપણે સૂર્યને નારાયણ માનીએ છીએ, તેને રોજ પૂજીએ છીએ, અર્ધ્ય આપીએ છીએ. જૈનો આ વ્રતને મિથ્યાત્વ કહી નિંદા કરે છે.' કુમારપાળે હેમચંદ્રાચાર્યને પૂછ્યું, 'તમે સૂર્યનારાયણને નથી માનતા?' હેમચંદ્રાચાર્યે કહ્યું, 'રાજન, અમે જૈનો સૂર્યને જેટલું માન આપીએ છીએ એટલું હિંદુઓ પણ માન આપતા નથી. સૂર્યાસ્ત થયા પછી અમે ખાન-પાન બંધ કરી દઈએ છીએ અને સૂર્ય ઊગ્યા પછી અમે ૪૮ મિનિટ પછી જ ખાનપાન શરૂ કરીએ છીએ. સૂર્યની હાજરીમાં જ ખાનપાન કરીએ છીએ. સૂર્યની ગેરહાજરીમાં ખાનપાન પણ કરતા નથી.' આ જવાબ સાંભળી પુરોહિત છોભિલો પડી ગયો.

આપણે ત્યાં સામાન્ય રીતે એવી માન્યતા પ્રચલિત થઈ ગઈ છે કે જૈન સાધુઓ કે સાધ્વીજીઓએ માત્ર પાટ ઉપર બેસી વ્યાખ્યાનો આપવાં અને જે સંપ્રદાય સાથે સંકળાયેલા હોય એ સંપ્રદાયના બાહ્ય નિયમોનું પાલન કરવું. એમનાથી બીજા કોઈ સમાજોપયોગી કાર્યો થાય નહીં. આ આપણો એકાંતવાદી અભિગમ છે. આગમ સૂત્રોમાં પણ કહ્યું છે.

*જો ગિલાનં પડિયરઈ સો મામ્ પડિયરઈ.*

જે બીમારની સેવા કરે છે એ મારી જ સેવા કરે છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ 'અધ્યાત્મસાર' પુસ્તકમાં લખ્યું છે,

*જિનૈઃ ના અનુમતં કિંચિત નિષિદ્ધં વા ન સર્વથા,*
*કાર્ય ભાવ્યમ્ અદંભેન ઈતિ આજ્ઞા પારમેશ્વરી.*

જિનેશ્વરોએ એકાંતે કોઈ આજ્ઞા કરી નથી કે સર્વથા કોઈ નિષેધ કર્યો નથી, પરંતુ કોઈ પણ કાર્ય દંભરહિત કરવું એવી પરમેશ્વરની આજ્ઞા છે.

*એકાંતે હા ના તજી, અન્ એકાંત વિચાર,*
*કરવા કર્મો દંભ વિણ, જિનવાણીનો સાર.*

આજથી લગભગ ૪૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે શ્રીપાળ રાજાના રાસની છઠ્ઠી ઢાળમાં આઠ પ્રકારના શાસન પ્રભાવકોનો ઉલ્લેખ કર્યો છે.

૧) શાસ્ત્રજ્ઞ - વર્તમાન ઉપલબ્ધ શ્રુતનો જાણકાર જિનેશ્વરના વચનનો જાણકાર
૨) ધર્મકથી - સારો વક્તા દા.ત. નંદિષેણમુનિ
૩) વાદી - (તર્કશાસ્ત્રમાં નિપૂણ) દા.ત. મલ્લવાદી
૪) જ્યોતિષ - દા.ત. ભદ્રબાહુ
૫) તપસ્વી
૬) મંત્ર વિદ્યાનો જાણકાર - દા.ત. વજસ્વામી
૭) રસાયણશાસ્ત્રી (પારામાંથી સોનું બનાવનાર) દા.ત. કાલકમુનિ

૮) કવિ - દા.ત. સિદ્ધસેન દિવાકર

જેમણે માત્ર આત્મસાધના જ કરવી છે એવા તપસ્વી પોતાનામાં જ મસ્ત રહે એ અલગ વાત છે. એવા તપસ્વી પણ શાસનપ્રભાવક છે જ પરંતુ ૨૫૦૦ વર્ષથી ચાલતી આ જૈન પરંપરાને, સંઘવ્યવસ્થાને જો જાળવવી હોય, વિકસાવવી હોય, એનું રક્ષણ કરવું હોય તો ઉપાધ્યાયજીએ વર્ણવેલ શાસનપ્રભાવકો તરીકે સાધકોએ કાર્ય કરવું જ પડે છે.

જૈન પરંપરાને સલામત રાખવા આચાર્યોએ અને મુનિભગવંતોએ પોતાની આત્મસાધનાની સાથે બે પ્રકારનાં કાર્યો કર્યાં છે.

૧) રાજ્યકર્તાઓ સાથે સંબંધ કેળવી ચતુર્વિધ સંઘની રક્ષા કરી છે. ચતુર્વિધ સંઘની વ્યવસ્થાને વિકસાવી છે અને મજબૂત બનાવી છે.

૨) શ્રાવકોના હૃદયમાં ભગવાન મહાવીરની વાણીને ઘૂંટાવીને શ્રાવકોને એવી પ્રેરણા આપી કે પરિણામે શ્રાવકોએ જીવદયાના કાર્યો એ જૈન ધર્મની આરાધનાનો એક ભાગ છે એ રીતે જીવદયાનાં કાર્યોને પોતાના જીવનમાં વણી લીધા. દા.ત. કીડીને કીડિયારું પૂરવું, કબૂતરને ચણ નાખવા, કૂતરાને રોટલા નાખવા, પાંજરાપોળો ઊભી કરવી અને એને સારી રીતે ચલાવવી. જૈનો દૂધાળા પશુઓ રાખતા નથી.

છતાં પણ આજે પણ ૭૫ ટકા ઉપરથી પાંજરાપોળોનો વહીવટ અને એમને નિભાવવાનું કામ જૈન શ્રાવકો કરે છે.

જીવદયા અને અહિંસાના સંસ્કારો આચાર્યોએ અને મુનિભગવંતોએ જૈન શ્રાવકોના મનમાં એવા ઘૂંટ્યા કે કુદરતી આફતો જેવી કે દુષ્કાળ, પૂરની પરિસ્થિતિ, ધરતીકંપ આદિ માટે જૈન શ્રાવકો છૂટે હાથે લક્ષ્મી વાપરતા હતા અને આજે પણ વાપરે છે. શેઠ જગડુશાનું જ્વલંત ઉદાહરણ આપણી સામે છે. મોગલોના જમાનામાં નવાબો કે સૂબાઓને જૈન શ્રેષ્ઠીઓએ આર્થિક મદદ કરી છે, પરિણામે જૈન ચતુર્વિધ સંઘ પ્રત્યે મુસ્લિમ શાસકોનો અને મુસ્લિમ સૈનિકોનો અભિગમ હકારાત્મક રહ્યો હતો.

આચાર્યોના અને મુનિભગવંતોના બોધને કારણે એ જમાનામાં મોટાભાગના જૈન શ્રાવકો સદાચારી હતા. ટંટા-ફિસાદ, ઝઘડા-મારામારી આદિથી ગાઉઓ દૂર એવી સાદી, સંસ્કારી અને અહિંસક જીવનશૈલી હતી. સમાજોપયોગી કાર્યોમાં લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરતા હતા. ગોળ અંધારામાં ખાઈએ તો પણ મીઠો લાગે એવી વૃત્તિને કારણે દેખાડાનો અભાવ હતો, પરિણામે અન્ય જ્ઞાતિજનો ઉપર જૈનોની એક ઉમદા સમાજ તરીકેની છાપ હતી. આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલાં આપણા જૈનોએ જામનગરથી વહાણોમાં બેસી આફ્રિકા પહોંચી ત્યાંના જંગલોમાં હાટડીઓ ખોલી. પરદેશમાં પણ પોતાની રીતરસમ જાળવી, જૈન સંસ્કારો જાળવ્યા. એમની ત્રીજી પેઢી આજે મર્સિડીઝમાં ફરે છે એ વાત અલગ છે. આફ્રિકામાં બે પાંદડે થયા પછી જૈનોએ ત્યાં સુવિધાઓ જન્માવી. દા.ત. શાળાઓ અને હોસ્પિટલો ખોલી, બગીચાઓ બનાવ્યા આદિ... આપણે જૈનો આર્થિક સમૃદ્ધિને કારણે નહીં, પણ મૂલ્યનિષ્ઠ વ્યવહાર, ચારિત્ર અને ગુણોને કારણે મહાજન કહેવાણા. આના મૂળમાં જૈન સાધુઓનો ઉપદેશ હતો.

પરિવર્તન એ જગતનો નિયમ છે. દેશ અને કાળ બદલાણા છે. આજના યુગની માગ જુદી છે. પહેલાના જમાનામાં પણ પરિવર્તનો થતાં જ રહ્યાં છે. અત્યારે મુનિ ભગવંતો માટે વપરાતા શબ્દો મહારાજસાહેબ, સ્વામી, આચાર્ય કે સૂરિનો ઉલ્લેખ આગમ સૂત્રોમાં નથી. આગમોમાં સાધુ માટે આર્ય શબ્દ વપરાતો હતો. આર્ય સુધર્મા, આર્ય જંબુ શબ્દ કલ્પસૂત્રમાં છે. સાધ્વીજીઓ માટે આર્યા શબ્દ વપરાતો હતો. ય ને બદલે જ શબ્દ પણ વપરાય છે જેમ કે યમુના અને જમના, યક્ષપીર અને જખ્ખપીર એટલે આર્યાજીમાંથી આર્જાજી શબ્દ ઉતરી આવ્યો છે. આજે પણ કચ્છમાં સાધ્વીજીઓ માટે આર્જાજી શબ્દ વપરાય છે. ભગવાન મહાવીર માટે નિગ્ગથો શબ્દ વપરાતો હતો. ભગવાન મહાવીર પછી ૧૦૦૦ વર્ષ સુધી આચાર્ય શબ્દ ન હતો. કલ્પસૂત્રમાં પણ આચાર્ય શબ્દ નથી. વૈદિક પરંપરામાં આચાર્ય શબ્દ હતો, જેમ કે શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય. એમની અસર હેઠળ જૈન ધર્મમાં પણ આચાર્ય શબ્દ પ્રચલિત થયો. નવકારમંત્ર શબ્દ પણ આગમ સાહિત્યમાં જોવા મળતો નથી. નવકારમંત્ર માટે પંચમંગલ મહાશ્રુતસ્કંધ શબ્દ પ્રચલિત હતો. સ્થવિર શબ્દ પણ પછીથી પ્રચલિત થયો. મુનિભગવંતો માટે વપરાતો શબ્દ સાહેબ પણ કબીરસાહેબે પ્રચલિત કર્યો છે. ગુજરાતમાં રવિભાણ સંપ્રદાયમાં સાહેબ શબ્દ વપરાય છે. સાહેબનો અર્થ ઈશ્વર હતો. એટલે જ કહેવાય છે -

*સાહબ સબકા બાપ હૈ, કિસીકા બેટા નહીં,*
*બેટા હોકે અવતરે, વો સાહબ કભી નહીં.*

વૈષ્ણવ પરંપરામાં કૃષ્ણજન્મોત્સવ જન્માષ્ટમીના દિવસે (શ્રાવણ વદ-૮) ઊજવાય છે. હર્ષોલ્લાસનું વાતાવરણ હોય છે. જોરશોરથી ગવાય છે -

*નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકી,*
*હાથી-ઘોડા પાલખી, જય કનૈયાલાલકી.*

જન્માષ્ટમી પછી લગભગ ચાર કે પાંચ દિવસ બાદ પર્યુષણ પર્વ શરૂ થાય છે. આ પર્વમાં તપ, ત્યાગ અને સંયમનું વાતાવરણ હોય છે. આ દિવસોમાં હર્ષોલ્લાસનું વાતાવરણ ઊભું થાય એ માટે મૂર્તિપૂજક પરંપરામાં આચાર્યોએ મહાવીર જન્મવાંચનની, ત્રિશલામાતાને આવેલા, ૧૪ સપનાં ઉતારવાની પરંપરા શરૂ કરી પરિણામે બાળકો અને બાળજીવોના મનમાં એવી ભાવના ઊભી થાય કે જેમ વૈષ્ણવોના ભગવાનનો જન્મોત્સવ હમણાં ઉજવાણો એમ અમે પણ અમારા ભગવાનનો જન્મોત્સવ ઉજવીએ છીએ.

એ દિવસે તો ઘરમાં કે સંઘમાં જમવામાં મીઠાઈ હોય જ છે કારણ કે ભગવાનનો જન્મોત્સવ ઊજવાઈ રહ્યો છે. જન્મોત્સવના બીજા દિવસે બાળકોને કહેવામાં આવે છે કે આજે ભગવાન મહાવીર શાળામાં ગયા એટલે પ્રભાવના તરીકે તેમને નોટબુક અને પેન આપીએ છીએ. આચાર્યોની દૂરંદેશીને પ્રણામ કરવાનું મન થઈ જાય કે નાના, બાળકોના મનમાં હર્ષોલ્લાસ સાથે તપ, ત્યાગ અને સંયમના સંસ્કાર પણ ઘૂંટાવી દીધા. આ પરંપરા મધ્યકાલીન યુગમાં શરૂ થઈ હશે એવું અભ્યાસીઓનું મંતવ્ય છે.

આટલા બધા ફેરફાર કાળક્રમે જૈન પરંપરામાં થતા ગયા પરિણામે દેશ અને કાળ બદલાતાં જૈન ચતુર્વિધ સંઘની આ વ્યવસ્થા ટકી રહી, વિકસી રહી, સલામત રહી. કેવી છે આજની પરિસ્થિતિ?

*ક્યાં છે મીઠા માનવી, ક્યાં છે મીઠાં ધાન,*
*અવસર્પિણી કાળ તણા દેખાય છે નિશાન.*

આજના આ યુગમાં જૈન ચતુર્વિધ સંઘની વ્યવસ્થા ટકી રહે, વિકસી રહે એ માટે આચાર્યોને શિરે બહુ મોટી જવાબદારી છે. તીર્થોની, જ્ઞાનભંડારોની, ચતુર્વિધ સંઘની રક્ષા થતી રહે. વૃદ્ધિ થતી રહે અને જૈન પરંપરા નિર્વિઘ્ને ચાલતી રહે એ માટે આચાર્યોએ મંત્રોના અવલંબન લેવાં પડતા હોય છે. આચાર્યો શાંતિમંત્ર, પુષ્ટિમંત્ર, વશીકરણ મંત્ર આદિના જાણકાર હોય છે. આ મંત્રનો ઉપયોગ આચાર્યો સ્વહિત માટે ક્યારેય કરતા નથી. સંઘની રક્ષા, સુખાકારી અને સમૃદ્ધિ માટે જ આચાર્યો ગુરુ પરંપરાથી પ્રાપ્ત થયેલા મંત્રોનો ઉપયોગ કરે છે. આ મંત્રોના ઉપયોગની પાછળ આચાર્યોના આશય શુભ હોય છે. કોઈને પણ હાનિ થાય એવા મંત્રોનો ઉપયોગ આચાર્યો કરતા નથી.

જૈન ધર્મમાં આચાર્ય ભદ્રબાહુને મંત્રવિજ્ઞાનના આદ્યપ્રણેતા તરીકે સ્વીકારી શકીએ. ઉવસગ્ગહરં સ્તોત્ર એમના તરફથી જૈન સંઘને મળેલી અણમોલ ભેટ છે.

શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરામાં જ્યારે આચાર્યપદ અપાય છે ત્યારે નવા આચાર્યને એમના ગુરુ સૂરિ મંત્રનો પટ આપે છે. આ પટમાં પાંચ પ્રસ્થાન હોય છે. પાંચ પ્રસ્થાનને પીઠ પણ કહે છે.

આચાર્યોએ દરરોજ ઉપરોક્ત પાંચ પ્રસ્થાનની (પીઠની) ગુરુપરંપરા અનુસાર વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્રો દ્વારા આરાધના કરવાની હોય છે. જૈન પરંપરામાં ભલે ૨૪ તીર્થંકરો થયા છે પણ અત્યારે ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીરનું શાસન પ્રવર્તે છે. હાલની જૈન પરંપરા ભગવાન મહાવીરને આભારી છે અને જૈન સાધુની પરંપરાનું મૂળ પ્રથમ ગણધર ગૌતમસ્વામી છે. માટે પહેલું પ્રસ્થાન કે પહેલી પીઠ ભગવાન મહાવીર અને એમના શિષ્ય ગણધર ગૌતમસ્વામીની છે. દેવતત્ત્વ (ભગવાન મહાવીર) અને ગુરુતત્ત્વ (ગૌતમસ્વામી) દ્વારા દૈવીતત્ત્વો સાથે અનુસંધાન સાધવા માટે વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્ર દ્વારા ભગવાન મહાવીર અને ગૌતમસ્વામીની આરાધના આચાર્યએ કરવાની હોય છે.

બીજું સ્થાન કે બીજી પીઠ સરસ્વતીમાતાની છે. સરસ્વતીમાતાની વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્ર દ્વારા આરાધના કરવાથી આચાર્યની સ્મરણશક્તિ, વક્તૃત્વશક્તિ, નિરીક્ષણશક્તિ અને પરીક્ષણશક્તિ વિકસે છે. આચાર્ય સ્વપરદર્શનના જ્ઞાતા હોવા જરૂરી છે. આચાર્યએ અન્ય ધર્મોના આચાર્યોને પણ મળવું પડતું હોય છે. અન્ય ધર્મોના આચાર્યોને મળતી વખતે એ ધર્મોના દર્શનશાસ્ત્રનું જ્ઞાન આચાર્યને હોવું જરૂરી છે, કારણ કે અન્ય ધર્મોના આચાર્ય સાથેના વાર્તાલાપ દરમ્યાન આ જ્ઞાનને કારણે અને અનેકાંતદૃષ્ટિને કારણે સંવાદિતા સાધી શકાય છે, જે બહુ જ જરૂરી છે. આચાર્ય માટે ભીમકાંત ગુણોપેત શબ્દ આપણા શાસ્ત્રોમાં વપરાયો છે.

સંઘવ્યવસ્થા બરાબર જળવાય, શિષ્યો પણ આમન્યામાં રહે, શિસ્તબદ્ધ જીવન જીવી શકે એ માટે જરૂર પડે તો આચાર્યએ ભીમ (કડક) ગુણનું પણ અવલંબન લેવું પડતું હોય છે. જરૂર પડે તો શિષ્યો સાથે, શ્રાવકો સાથે કે અન્ય મુલાકાતીઓ સાથે આચાર્યએ કાંત (મૃદુ) ગુણનું પણ અવલંબન લેવું પડતું હોય છે.

જૈન પરંપરામાં તો એમ કહેવાય છે કે સંઘનું સંચાલન કેવળજ્ઞાનીને સોંપાય નહીં. સતત આત્મભાવમાં સ્થિર હોવાને કારણે, દેહભાવથી પર હોવાને કારણે સંઘના સંચાલનમાં કે કોઈ પણ દુન્યવી બાબતોમાં કેવળજ્ઞાનીનું મન પ્રવેશી શકતું નથી. એમની સામે આવતી દરેક વ્યક્તિને એઓ આત્મા તરીકે જ જુએ છે અને એમને આવનારી વ્યક્તિનું ચિત્ત (કાર્મણ શરીર) સ્પષ્ટ દેખાય છે. કેવળજ્ઞાની સમજે છે કે ચિત્તમાં રહેલા કષાય અને કર્મોને આધારિત જ વ્યક્તિનું વર્તન હોય છે. એટલે કોઈ પણ વ્યક્તિ એમને નિમ્ન લાગતી જ નથી. માટે જૈન પરંપરામાં સંઘનું સંચાલન આચાર્યને સોંપાય છે, કેવળજ્ઞાનીને નહીં. એમ પણ કહેવાય છે કે સંત ક્યારેય રાજા બની શકે નહીં. સંત એટલે

*કોઈ પણ વાદનો પકડે નહીં તંત,*
*જનમ મરણનો ફેરાનો આણ્યો હોય અંત,*
*એનું નામ સંત*

સંતો દરેક જીવો પ્રત્યે ક્ષમાભાવ ધરાવતા હોય છે. સંતો કોઈને સજા આપી શકે નહીં. રાજાએ તો પ્રજાની સુખાકારી માટે, દેશની સુરક્ષા માટે દુષ્ટોને દંડ અને આતતાયીઓને મોતની સજા પણ આપવી પડતી હોય છે જે સંતો માટે શક્ય નથી, માટે સંતો ક્યારેય રાજા બની શકે નહીં.

સરસ્વતીમાતાની કૃપાને પરિણામે આચાર્યોના શબ્દો પાછળ અર્થ દોડે છે એટલે કે લોકહિતાર્થે, સંઘહિતાર્થે કે શાસનહિતાર્થે આચાર્ય જે શબ્દ ઉચ્ચારે છે એવું જ ઘટિત થાય છે. ભવભૂતિએ ઉત્તમરામચરિત નાટકમાં કહ્યું છે,

*ઋષિણામ પુનરાધ્યાનાં વાચમ અર્થો અનુધાવતિ.*

ઋષિઓની વાણીની પાછળ અર્થ દોડે છે. ઋષિ જે બોલે છે એ મૂર્ત થાય છે.

વૈદિક પરંપરામાં આચાર્ય માટે એક શ્લોક આ પ્રમાણે છે -

*આચાર્યો વેદ સંપન્નો વિષ્ણુભક્તો, વિમત્સરઃ*
*યોગજ્ઞો યોગનિષ્ઠઃ ચ સદા યોગાત્મક શુચિઃ*

આચાર્ય વેદોના જાણકાર (સર્વ શાસ્ત્રોના જાણકાર) વિષ્ણુભક્ત (પરમ ચૈતન્યના ભક્ત કારણ કે કણ કણમાં વ્યાપ્ત છે એ વિષ્ણુ છે) અને મત્સર વગરના હોવા જોઈએ. આચાર્ય યોગના જાણકાર, યોગમાં સ્થિત અને યોગને આત્મસાત કરવાવાળા હોવા જોઈએ.

આ શ્લોકમાં વિમત્સર અગત્યનો શબ્દ છે. મત્સરનો અર્થ ઈર્ષા નથી. મત્સર અને ઈર્ષામાં ફરક છે. ભૌતિક દૃષ્ટિએ અને ગુણોની દૃષ્ટિએ આપણાથી ચઢિયાતી વ્યક્તિને જોઈને આપણામાં હીનતાનો ભાવ જન્મે એ ઈર્ષ્યા દ્વારા વ્યક્ત થાય છે.

મારી માન્યતા જ સત્ય છે, બીજા મારા કરતાં, મારા ધર્મ કરતાં, ઉતરતા છે એવા એકાંગી દૃષ્ટિકોણને મત્સર કહે છે. સામાન્ય રીતે વિદ્વાનોમાં અને ધર્મગુરુઓમાં મત્સરભાવ વિશેષ પ્રમાણમાં હોય છે. આચાર્ય માટે વિમત્સર શબ્દ વાપર્યો છે એટલે આચાર્યમાં મત્સરભાવ હોવો જોઈએ નહીં. બીજી પરંપરાનું પણ સારું સ્વીકારવાની તૈયારી હોવી જોઈએ. 'મારું એ જ સારું' એવી ભાવના નહીં પણ 'સારું એ મારું' એવી ભાવના આચાર્યમાં હોવી જોઈએ. વિમત્સરનો અર્થ અનેકાંતદૃષ્ટિકોણ કરી શકીએ. આચાર્યમાં અનેકાંતદૃષ્ટિકોણ હોવો જોઈએ.

ત્રીજું પ્રસ્થાન કે ત્રીજી પીઠ ત્રિભુવનસ્વામિનીની છે. ત્રિભુવનસ્વામિનીની વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્ર દ્વારા થતી આરાધનાને પરિણામે આચાર્યનો પ્રભાવ ખૂબ જ વિસ્તરે છે. લોકો આચાર્ય પ્રત્યે પૂજ્યભાવ ધરાવતા થઈ જાય છે. ઘણા જૈન પરંપરાના યોગીઓ ત્રિભવુનસ્વામિનીની આરાધનાને કુંડલીની શક્તિની આરાધના તરીકે પણ જુએ છે જેને પરિણામે આચાર્યનું તેજસ (સૂક્ષ્મ) શરીર ખૂબ જ પ્રબળ બને છે. તેજસ શરીરના બે મુખ્ય કાર્ય છે.

(૧) અનુગ્રહ (કૃપા) (૨) નિગ્રહ (શાપ)

સ્વહિતાર્થે નહીં પણ સંઘસંચાલન માટે જરૂર પડે ત્યારે આચાર્ય અનુગ્રહ અને નિગ્રહ કરી શકવા સમર્થ હોય છે. અનુગ્રહ અને નિગ્રહમાં આચાર્યના વ્યક્તિગત ગમા કે અણગમાનું બિલકુલ સ્થાન હોતું નથી, પરંતુ જૈન પરંપરા સરળતાથી નિર્વિઘ્ને ચાલતી રહે એ જ લક્ષ્ય હોય છે.

ચોથું પ્રસ્થાન કે ચોથી પીઠ લક્ષ્મીદેવીની છે. આચાર્યએ દરરોજ લક્ષ્મીદેવીની વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્ર દ્વારા આરાધના કરવાની હોય છે. સંપ્રદાય સાથે સંકળાયેલ વ્યક્તિઓ શુભભાવમાં રહી શકે, ધર્મ પ્રત્યે એમનું આકર્ષણ જળવાઈ રહે એ માટે આચાર્યએ સંઘના સંચાલક શ્રાવકોની સહાયતાથી ધાર્મિક ઉત્સવોનું આયોજન કરવું પડતું હોય છે. દેરાસરોના જીર્ણોદ્ધાર, જ્ઞાનભંડારોની જાળવણી આદિની વ્યવસ્થા પણ કરવી પડતી હોય છે. સંઘ જમણવાર અને પૂજનોના કાર્યક્રમોનું પણ આયોજન કરવું પડતું હોય છે. આ બધા આયોજન માટે ધનની જરૂર પડતી હોય છે. લક્ષ્મીદેવીની આરાધનાના પ્રતાપે આચાર્યોને આવા આયોજન માટે ભક્તિભાવે શુભ ભાવથી પોતાના ધનનો ઉપયોગ કરનારા શ્રાવકો મળી જતા હોય છે. શ્રાવકોની ધર્મભાવના અને દાનવૃત્તિ પાંગરતી રહે એ માટે આચાર્યોએ લક્ષ્મીદેવીની આરાધના કરવી પડતી હોય છે.

પાંચમું સ્થાન કે પાંચમી પીઠ ગણીપિટક યક્ષરાજની છે. આચાર્યએ દરરોજ ગણીપિટક યક્ષરાજની વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્ર દ્વારા આરાધના કરવાની હોય છે. શાસ્ત્રો ભણાવી શકે એવા સાધુને ગણી કહે છે. ગણધરોએ રચેલ દ્વાદશાંગીને (૧૨ અંગસૂત્રો) જે પેટીમાં રાખવામાં આવે છે એ પેટીને પિટક કહે છે. ગણી આવી પેટી પોતાની પાસે રાખે છે માટે એને ગણીપિટક કહે છે.

દ્વાદશાંગીના (૧૨ અંગસૂત્રો) રક્ષકદેવને ગણીપિટક યક્ષરાજ કહે છે. ૧૨ અંગસૂત્રોનાં નામ નીચે મુજબ છે :

(૧) આચારાંગ સૂત્ર (૨) સૂત્રકૃતાંગ સૂત્ર (૩) સ્થાનાંગ સૂત્ર (૪) સમાવાયાંગ સૂત્ર (૫) ભગવતી સૂત્ર (૬) જ્ઞાતા ધર્મકથા સૂત્ર (૭) ઉપાસક દશાંગ સૂત્ર (૮) અંતકૃત દશાંગ સૂત્ર (૯) અનુત્તરોપપથાલિક સૂત્ર (૧૦) પ્રશ્ન વ્યાકરણ સૂત્ર (૧૧) વિપાક સૂત્ર (૧૨) દૃષ્ટિવાદ (હાલ વિચ્છેદ છે.)

હાલમાં ૧૧ અંગસૂત્રો ઉપલબ્ધ છે. ૧૨મું અંગસૂત્ર ઉપલબ્ધ નથી.

વિધર્મીઓના આક્રમણ સામે, આગ લાગવી, પૂર આવવું કે ધરતીકંપ જેવી કુદરતી આપત્તિઓ સામે જૈન પરંપરાના ગ્રંથભંડારો સુરક્ષિત રહી શકે એ માટે દૈવીતત્ત્વો સહાયભૂત થાય એ માટે આચાર્યો ગણીપિટક યક્ષરાજની આરાધના કરતા હોય છે.

ચંદનના પાઉડરમાં સુવાસિત દ્રવ્યો જેવાં કે બરાસ, કપૂર આદિ મેળવીને બનાવેલ પાઉડર ભગવાનની મૂર્તિના અંગો પર ભાવપૂર્વક મૂકવામાં આવે એને વાસક્ષેપ પૂજા કરી કહેવાય. ગુરુ ભગવંતો પણ વંદન કરવા આવેલ શ્રાવકોના માથા ઉપર વાસક્ષેપ કરી આશીર્વાદ આપે છે. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોમાં આ પરંપરા છે. પૂજ્ય કીર્તિચંદ્ર મહારાજ સાહેબના મત પ્રમાણે મૂળમાં વાસક્ષેપ દ્વારા ગુરુ ભગવંતો શ્રાવકોમાં શક્તિસંચરણ (શક્તિપાત) કરતા હતા.

આચાર્યોએ દરરોજ પાંચ પ્રસ્થાનની ગુરુ પરંપરા અનુસાર વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્રો દ્વારા આરાધના કરવાની હોય છે. મૂર્તિપૂજક પરંપરામાં બીજમંત્રનું ચલણ વધારે છે, જેમ કે 'ઓમ હ્રીં શ્રીં ઐં ક્લિં' આદિ. સ્થાનકવાસી પરંપરામાં નામમંત્રનું ચલણ વધારે છે. પેટરબારસ્થિરત પૂજ્ય જયંતમુનિએ દેવાધિદેવ નામમંત્ર ફલાદેશ પુસ્તક પોતાને સૂક્ષ્મ સ્તરે થયેલી અનુભૂતિને આધારે

લખ્યું છે. આ પુસ્તકમાં તીર્થંકર પ્રભુના નામમંત્રના જપને કારણે થતા લાભનું વર્ણન છે.

હાલના યુગમાં વલ્લભસૂરિ મહારાજ સાહેબે મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરી હતી. અમુક જૈનાચાર્યોની ચઢામણીથી ઘણા જૈન સંઘોએ વલ્લભસૂરિ મહારાજ સાહેબના આ પગલાનો વિરોધ કર્યો હતો. આવા આચાર્યોનો દૃષ્ટિકોણ એકાંતિક હતો. મહાવીર જૈન વિદ્યાલયમાં રહીને ભણેલા ૬૫ વર્ષથી ઉપરની ઉંમરના ઘણા ડૉક્ટરો, વકીલો, એન્જિનિયરો કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને પૂછજો કે, જો મહાવીર જૈન વિદ્યાલય ન હોત તો તમે ભણી શક્યા હોત? તમને જવાબ મળશે કે, જો મહાવીર જૈન વિદ્યાલય ન હોત તો અમે ગામડામાં પડ્યા રહ્યા હોત! આજથી લગભગ ૫૦ વર્ષ પહેલાં ગામડામાં રહેતા જૈન સમાજના યુવાનો શિક્ષણ ક્ષેત્રે આગળ વધે એ માટે વલ્લભસૂરિ મહારાજ સાહેબનું ઘણું મોટું પ્રદાન છે.

મુનિશ્રી ચારિત્રવિજયજી મૂર્તિપૂજક પરંપરાના હતા. મુનિશ્રી કલ્યાણચંદ્રજી સ્થાનકવાસી સંપ્રદાયના હતા. બંને ખાસ મિત્રો બની ગયા. મુનિશ્રી ચારિત્રવિજયજી કહેતા કે પ્રથમ જ્ઞાનોદ્ધાર કરો, શ્રાવકોદ્ધાર કરો પછી દેરાસરનો જીર્ણોદ્ધાર કરો. બંને મુનિઓએ સાથે મળીને સૌરાષ્ટ્રમાં સોનગઢ ગામમાં શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમની સ્થાપના કરી જે સોનગઢ બોર્ડિંગના નામે ઓળખાય છે. આ સંસ્થામાં બાળકોને મેટ્રિક સુધી નિઃશુલ્ક ભણાવવાની, રહેવાની અને જમવાની સગવડ છે. આજ દિન સુધી આ સંસ્થા કાર્યરત છે. આ સંસ્થામાંથી ભણીને ઘણા વિદ્યાર્થીઓ પોતપોતાના ક્ષેત્રમાં મોખરાનું સ્થાન ધરાવતા થયા છે. જૈન સમાજના અગ્રણી સ્વર્ગસ્થ શ્રી ધનવંતભાઈ પણ સોનગઢ બોર્ડિંગમાં જ ભણ્યા હતા. સોનગઢ બોર્ડિંગમાં ભણતા વિદ્યાર્થીઓ માટે રમતગમત, સ્વિમિંગ, પૂજાવિધિ શીખવું ફરજિયાત હતું. વિદ્યાર્થીઓને જૈન સ્તવનો કંઠસ્થ કરાવાતા હતા. દરરોજ રાત્રે વિદ્યાર્થીઓ ભાવના દરમ્યાન સ્તવનોની સંગીતમય પ્રસ્તુતિ કરતા હતા અને આજે પણ કરે છે.

ચંદ્રશેખર મહારાજ સાહેબે પણ શિક્ષણને સમર્પિત 'તપોવન' નામના આશ્રમની સ્થાપના નવસારીમાં કરી. અહીં બાળકો ગુરુકુલની જેમ રહી જૈન ધર્મના સંસ્કાર, આહાર અને જૈન ધર્મના નિયમોના પાલન આદિ સાથે શાળાના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરે છે.

વિજયવલ્લભસૂરી મહારાજ સાહેબના સંપ્રદાયમાં દીક્ષિત થયેલા મુનિશ્રી શુભવિજયજીનું મૂળ વતન વડોદરા કે અમદાવાદની આસપાસનું કોઈ ગામ હતું. મુનિશ્રીનું કચ્છ સાથે કોઈ ૠણાનુબંધ હશે કે એમણે સંપ્રદાયનો ત્યાગ કર્યા પછી એપ્રિલ ૧૯૫૨માં સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશનની નજીક કચ્છના શ્રેષ્ઠીઓની મદદથી સર્વોદય કેન્દ્રની સ્થાપના કરી કે જે પાંચ માળનું મકાન છે. આ કેન્દ્રમાં ખાસ કરીને કચ્છના ગામડાંઓમાંથી ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈ આવતા છાત્રો માટે રહેવાની અને જમવાની સગવડ ખૂબ જ ઓછા દરમાં હતી. એ જમાનામાં એમણે કચ્છ-માંડવીમાં એક આશ્રમની સ્થાપના કરી. આશ્રમમાં નિરાધાર એવા જૈન વૃદ્ધો નિઃશુલ્ક રહી શકે અને જમી શકે એવી વ્યવસ્થા શરૂ કરી કે જેથી એવા વૃદ્ધો પોતાનો અંતિમ સમય સારી રીતે પસાર કરી શકે. એમની પ્રેરણાથી કચ્છ ભદ્રેશ્વર તીર્થમાં ભોજનશાળાની શરૂઆત થઈ. શુભવિજયજી સોનગઢવાળા મુનિશ્રી કલ્યાણચંદ્રજીના નિકટના પરિચયમાં હતા. એમનું માર્ગદર્શન પણ લેતા હતા અને સોનગઢમાં રોકાતા પણ હતા.

તિથલસ્થિત બંધુ ત્રિપુટી મહારાજસાહેબે પણ વાહનનો ઉપયોગ કર્યો. વિદેશ ગયા. વિદેશમાં વસતા જૈન શ્રાવકોને માર્ગદર્શન આપ્યું અને વિદેશમાં જિનમંદિરોની પ્રતિષ્ઠા કરી વિદેશસ્થિત જૈનોને એક અવલંબન પૂરું પાડ્યું કે જેથી વિદેશમાં જૈનો પોતાના ધર્મમાં સ્થિર રહી શકે. આજે વિદેશમાં લાખો જૈનો વસે છે. એમની ધર્મભાવના પ્રબળ રહે, એમના સંતાનોમાં જૈન ધર્મના સંસ્કાર ટકી રહે એ માટે આવું પગલું બહુ જરૂરી હતું. બંધુ ત્રિપુટીમાંના શ્રી કીર્તિ મહારાજે વિદેશમાં યોગસાધના શિબિરો દ્વારા સેંકડો શ્રાવકોને આત્મસાધનાના પંથે પ્રયાણ કરાવ્યું. એમનું આ પ્રદાન પણ બહુ મૂલ્ય છે.

બુદ્ધિશાળી જૈનોને પોતાના પુસ્તક 'આત્મજ્ઞાન અને સાધનાપથ', 'આપણે આત્મનિરીક્ષણ કરીશું', 'વિજ્ઞાન અને અધ્યાત્મ' દ્વારા જૈન ધર્મની સ્પષ્ટ સમજણ આપી અને વિપશ્યના સાધના પદ્ધતિ વિશે જૈનોને માહિતગાર કર્યા એવા પૂજ્ય અમરેન્દ્રવિજયજીએ પણ ઘણું પ્રદાન આપ્યું છે.

ભદ્રબાહુસ્વામી, ઉમાસ્વાતિજી, સિદ્ધસેન દિવાકર, હરિભદ્રસૂરિ, આનંદઘનજી, શ્રીપાળ રાજાના રાસના રચયિતા વિનયવિજયજી અને ઉપાધ્યાય યશોવિજયજી, ચિદાનંદજી, બુદ્ધિસાગરસૂરિ આદિ આચાર્યોએ પણ જૈન ચતુર્વિધ સંઘ માટે અનેક ગ્રંથો, સ્તવનો આદિ રચીને ઘણું મોટું પ્રદાન કર્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર રહી ચૂકેલા વિદ્વાન અને સંશોધક શ્રી બળવંત જાની કહે છે, નરસિંહ મહેતા અગાઉનાં બસો વર્ષથી જૈન સાહિત્ય મળે છે, મધ્યકાલીન યુગમાં અંદાજે ૩૫૦૦ સર્જકો થયા છે એમાંથી અંદાજે ૨૨૦૦ સર્જકો જૈન મુનિઓ હતા. આ જૈન મુનિ સર્જકોએ અન્ય ધર્મના શાસ્ત્રોમાં અધ્યયન કર્યું હતું અને સાહિત્યના ૬૨ સ્વરૂપો પર પુસ્તકો લખ્યાં છે જેવાં કે ખગોળ, જ્યોતિષ, નાટ્યશાસ્ત્ર આદિ. વિનોબાજીએ લખ્યું છે કે, વૃક્ષ પર જેટલાં પાંદડાં હોય છે એટલા ગ્રંથો જૈનાચાર્યોએ રચ્યા છે. જૈનાચાર્યોના આટલા વિશાળ પ્રદાનને કારણે વિષમ પરિસ્થિતિમાં પણ જૈન સમાજ શુભભાવમાં અને નિશ્ચિંત રહી શક્યો છે.

આજના યુગમાં સ્થાનકવાસી સંપ્રદાયના સાધુઓએ ક્રાંતિકારી પગલા લઈ જૈન ધર્મને એક નવો આયામ આપ્યો છે. શિક્ષણક્ષેત્ર,

આરોગ્યક્ષેત્ર અને સેવાના ક્ષેત્રની સ્પર્શના કરી છે. સામાન્ય રીતે આ ક્ષેત્રોથી જૈન સાધુઓ વિમુખ હોય છે.

આ સાધુઓમાં કેટલીક બાબતો સામાન્ય હતી.

૧) એમની પાસે અનેકાંત દૃષ્ટિકોણ હતો.

૨) દેહથી પર એવા ચૈતન્યભાવની ઝાંખી પ્રાપ્ત કરી હતી.

૩) એમનો અનુયાયી વર્ગ હતો.

૪) એમણે આશ્રમ/સ્થાનની સ્થાપના કરી હતી.

૫) એમણે સંપ્રદાયનો ત્યાગ કર્યો હતો.

આવા પાંચ સાધુઓનાં નામ આ પ્રમાણે છે -

૧) આચાર્ય સુશીલમુનિ

૨) મુનિશ્રી સંતબાલજી

૩) ઉપાધ્યાય અમરમુનિ

૪) સોનગઢસ્થિત કાનજીસ્વામી

૫) પેટરબારસ્થિત જયંતમુનિ

આચાર્ય સુશીલમુનિ અમેરિકા ગયા. અમેરિકામાં ન્યૂ જર્સી સ્ટેટમાં ૧૦૮ એકરમાં સિદ્ધાચલમ નામના આશ્રમની સ્થાપના કરી જે અમેરિકાસ્થિત જૈનો માટે એક યાત્રાધામ બન્યું.

મુનિશ્રી સંતબાલજીએ ચીંચણમાં આશ્રમની સ્થાપના કરી. નળકાંઠા ભાલપ્રદેશમાં સેવાયજ્ઞ આરંભ્યો. સામાન્ય રીતે જૈન સાધુઓ શિક્ષણ, આરોગ્ય અને સેવાના ક્ષેત્રને સ્પર્શ્યા નથી હોતા.

ઉપાધ્યાય અમરમુનિની પ્રેરણાથી ચંદનાશ્રી સાધ્વીજીએ રાજગૃહીમાં 'વિરાયતન' નામની સંસ્થાની સ્થાપના કરી. શિક્ષણ ક્ષેત્રે અને આરોગ્ય ક્ષેત્રે ખૂબ જ કામ કર્યું. રાજગૃહીમાં હોસ્પિટલ સ્થાપી કે જેમાં ગરીબો માટે નિઃશુલ્ક કે ખૂબ જ ઓછી કિંમતમાં સારી આરોગ્યની સારવાર મળી શકે. કચ્છમાં કોલેજની સ્થાપના કરી. થોડાંક વર્ષો પહેલાં આવેલ કચ્છના ભૂકંપ વખતે ખૂબ જ સેવાકાર્યો કર્યાં. એમની દૃષ્ટિએ સાધુ નિષ્ક્રિય નહીં પણ નિષ્કામ હોવો જોઈએ. એમના આ પ્રદાનને કારણે સ્થાનિક જનસમાજને જૈનો પ્રત્યે આદરભાવ ઉત્પન્ન થયો. ઉપાધ્યાય અમરમુનિએ સ્વરચિત પુસ્તકો દ્વારા તાર્કિક રીતે, આત્મસાધનાની દૃષ્ટિએ જૈન ધર્મના વિવિધ પાસાંઓનું માર્મિક વિશ્લેષણ કર્યું છે. બુદ્ધિશાળી અને સમજદાર જૈનોએ આ વિવરણને હૃદયથી આવકાર્યું છે.

કાનજીસ્વામીએ સોનગઢમાં આશ્રમની સ્થાપના કરી. ગુજરાતમાં દિગંબર સંપ્રદાયનો પ્રવેશ અપેક્ષાએ નહિવત્ હતો. કાનજીસ્વામીએ નિશ્ચયનય ઉપર ભાર મૂકી દિગંબર ગ્રંથો ઉપર પ્રવચનો આપ્યાં, પરિણામે ગુજરાતમાં દિગંબર મત પ્રત્યે આસ્થા ધરાવતો એક શ્રાવક વર્ગ ઊભો થયો.

મૂળ સૌરાષ્ટ્રના પણ પેટરબારસ્થિત આત્મસાધક પૂજ્યશ્રી જયંતમુનિએ પેટરબારમાં આંખની હોસ્પિટલની સ્થાપના કરી. સ્થાનિક જરૂરતમંદ પ્રજા માટે આંખની સારવાર નિઃશુલ્ક રાખી. પરિણામે એમનો એક મોટો ચાહક વર્ગ ઊભો થયો. એમણે આત્મસાધનાને કેન્દ્રમાં રાખી ઘણાં પુસ્તકો પણ લખ્યાં છે.

શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરામાં પૂજાઓ દરમ્યાન બોલાતી કંડિકાઓની/ઢાળોની રચના ઉપાધ્યાય શ્રી યશોવિજયજી, મુનિશ્રી વીરવિજયજી, મુનિશ્રી પદ્મવિજયજી અને મુનિશ્રી દીપવિજયજીએ કરી છે. પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા અને સ્નાત્રપૂજાની કંડિકાઓની/ઢાળોની રચના મુનિશ્રી વીરવિજયજીએ કરી છે જે બહુ જ લોકપ્રિય છે. ભાવિકજનોના મનમાં શુભભાવ અને ભક્તિભાવ પ્રગટાવવા પૂજા દરમ્યાન બોલાતી ઢાળો અને બાહ્યવિધિઓ સહાયભૂત બને છે. આ ઢાળો ગૂઢાર્થભરેલી છે. સ્નાત્રપૂજા દરમ્યાન ભાવિકજનો કળશમાં જળ ભરી પ્રભુજીની પ્રતિમા ઉપર જળનો પ્રક્ષાલ કરતી વખતે (જળ રેડતી વખતે) દુહો બોલે છે -

*જ્ઞાન કળશ ભરી આતમા સમતા રસ ભરપૂર*
*શ્રી જિનને નવરાવતાં કરમ થાય ચકચૂર*

ભાવિકજનોના મનમાં શુભભાવ અને ભક્તિભાવ પ્રગટાવવામાં આ દુહો અને બાહ્યવિધિ સહાયભૂત થાય છે.

જે વ્યક્તિઓને ખરેખર આત્મસાધનામાં રસ છે, કષાયવિનાશ અને ગુણવિકાસમાં રસ છે એવા વિશિષ્ટજનો માટે આ દોહાના ઈશારાઓ ગૂંથલા છે. આત્મજ્ઞાનરૂપી કળશમાં ભરપૂર ભરેલા સમતારસથી શ્રી જિનવરને નવરાવતાં કર્મો નાશ પામે છે. આત્મસાધના દ્વારા સાધકને આત્મજ્ઞાન ઊપજે છે, દેહથી પર એવા પરમ તત્ત્વનો, ચૈતન્ય તત્ત્વનો અનુભવ થાય છે ત્યારે એના મનમાં સમતા પ્રગટે છે જે એના વર્તનમાં પ્રતિબિંબિત થાય છે. સમતાને કારણે કર્મનો નાશ થાય છે. ખરેખર તો આત્મસાધના દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત કરી કર્મનો નાશ કરવાનો છે, વર્તનમાં સમતા પ્રગટાવવાની છે એવી ગર્ભિત સૂચના આ દોહામાં છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ પણ લખ્યું છે -

*કીકી સાર છે ચક્ષુનો, ગંધ પુષ્પનો સાર*
*સમતા સાર ધરમ તણો, સમરો વારંવાર.*
*સ્વર્ગસુખ ભલે દૂર હો, મોક્ષ ભલે હો કઠિન*
*અંતર્મુખ ને શાંત મન, સમતા સુખમાં લીન*

સ્થાનકવાસી સંપ્રદાયના સ્થાપક વીર લોકાંશા અને કડવાશા હતા. એમણે મૂર્તિપૂજાનો સ્વીકાર ન કર્યો પરંતુ મૂર્તિના અવલંબનને સ્વીકાર્યું. સંપ્રદાયના શરૂઆતના, વર્ષોમાં લોકાંશા ગચ્છના ઉપાશ્રયમાં તીર્થંકર પ્રભુની મૂર્તિ રહેતી હતી. મૂળ સ્થાનકવાસી સાધુઓ સુશીલમુનિ, સંતબાલજી, ઉપાધ્યાય અમરમુનિ, કાનજીસ્વામી અને જયંતમુનિએ સંપ્રદાયનો ત્યાગ કરી ક્રાંતિકારી પગલાં ભર્યાં. નમ્રમુનિએ સંપ્રદાયમાં રહી ક્રાંતિકારી પગલાં ભર્યા છે. ખીણની ધાર ઉપર ચાલવા જેવું કઠિન કામ છે. એમણે જિનબિંબનો સ્વીકાર કર્યો, દ્રવ્યપૂજાનો નહીં. નમ્રમુનિએ નાભિમાંથી ઉવ્વસગ્ગહરં સ્તોત્રનું વિશિષ્ટ રીતે ઉચ્ચારણ કરી ઉવ્વસગ્ગહરં સ્તોત્રને સ્થાનકવાસી સમાજમાં પ્રચલિત કર્યો, વ્યાપક કર્યો. મારી દૃષ્ટિએ એમનું મોટામાં

મોટું પ્રદાન એટલે Look & Learn સંસ્કારધામ. નાનાં બાળકોના મનમાં જૈન ધર્મના સંસ્કારો ઘૂંટાય, જીવનશૈલી સાત્વિક બને એ માટે નમ્રમુનિની પ્રેરણાથી દેશ અને વિદેશમાં ૧૦૦થી વધારે Look & Learn નામનાં સંસ્કાર કેન્દ્રો ખૂલ્યાં છે. મારી દૃષ્ટિએ કોઈ પણ જૈન સાધુએ અત્યાર સુધીના જૈન ધર્મના ઈતિહાસમાં આવું પગલું ભર્યું નથી. મોટી ઉંમરના જૈન શ્રાવકોને પ્રવચનોની એટલી જરૂર નથી જેટલી નાનાં બાળકોને છે. દેશ અને કાળ ખૂબ જ વિપરીત છે. આવા કપરા સમયમાં બાળકોના મનમાં જૈન ધર્મના, માનવતાના સંસ્કારો અને સદ્‌ગુણો ખીલશે તો એ મોટામાં મોટી સેવા છે.

એમની પ્રેરણાથી સુખી જૈન કુટુંબના નવયુવાન અને નવયુવતીઓ દ્વારા 'અર્હમ યુવા સેવા ગ્રુપ' શરૂ થયું કે જે નોટબુક વિતરણ આદિ સમાજોપયોગી પ્રવૃત્તિ કરે છે એ પ્રશંસનીય છે. આ જ ગ્રુપ દ્વારા 'અર્હમ આહાર' નામની વ્યવસ્થા ચાલે છે કે જેમાં દરરોજ જ્ઞાતિના ભેદભાવ વિના ભૂખ્યાજનોને ફુડપેકેટ આપવામાં આવે છે. ઘાટકોપર અને કાંદિવલીમાં આ સેવા ચાલે છે. ડાયાલિસિસ કે જે ખૂબ જ મોંઘું છે એને માટે રાહતના દરે ને જરૂર હોય તો નિઃશુલ્ક વ્યવસ્થા પણ એમની પ્રેરણાથી થઈ રહી છે. છ જણા બેસી શકે અને જેમાં બધા ધર્મોના મંત્રો ગૂંજતા હોય એવી શબવાહિની કે જેનું નામ 'પરમયાત્રા' રાખ્યું છે એ પણ એમની પ્રેરણાથી શરૂ થઈ છે. એમણે આત્મસાધના, સેવા અને સમાજોપયોગી પ્રવૃત્તિઓ સરળતાથી થઈ શકે એ માટે પારસધામ, પાવનધામ અને પરમધામનું નિર્માણ કર્યું છે. મોર્ડન ટેકનૉલૉજીનો ઉપયોગ કર્યો છે જેથી ભગવાન મહાવીરથી શરૂ થયેલી આ ૨૫૦૦ વર્ષની પરંપરા આવા કપરા સમયમાં પણ ટકી રહે, વિકસી રહે અને સલામત રહે, સમૃદ્ધ બને. એમનું પણ બહુ મોટું પ્રદાન છે.

અત્યારની પરિસ્થિતિ ખૂબ જ નાજુક છે. સંદેશવ્યવહારની અને વાહનવ્યવહારની ક્રાંતિને કારણે વિશ્વ એક ગામડા જેવું બની ગયું છે. મોટાભાગનો જૈન સમાજ શિક્ષિત અને આર્થિક રીતે સમૃદ્ધ છે. એની અસર એની જીવનશૈલી ઉપર પડી છે.

આજે મોટાં શહેરોમાં મોટાભાગની આર્થિક રીતે સમૃદ્ધ, પરિણીત કે અપરિણીત, જોબ ન કરતી, યુવાન જૈન કન્યાઓનો સમય વોટ્સએપમાં, સેલફોન પર વાતચીત કરવામાં, શોપિંગમાં, મિત્રો સાથે રેસ્ટોરન્ટમાં જવામાં વપરાય છે. રાતે સૂવાનું મોડું પરિણામે સવારે ઊઠવાનું પણ મોડું થતું જાય છે. ઘરમાં રસોઈયો, ઘરઘાટી, ડ્રાઈવર હોય છે. એમને રસોઈ બનાવવામાં રસ રહ્યો નથી. હોટલનું ખાવાનું ચલણ વધી ગયું છે. શિક્ષિત હોવા છતાં ઋતુ પ્રમાણેના આહારના નિયમોનું એમને ભાન નથી, શીખવાની ઈચ્છા પણ નથી. વિખ્યાત ડાયેટીશિયન ઋચિતા દિવેકર કહે છે કે આપણો આહાર Seasonal, Regional, Traditional હોવો જોઈએ.

Regional એટલે પંજાબમાં પરોઠા ખવાય અને ચેન્નાઈમાં ઈડલી ખવાય! Traditional એટલે આપણી દાદીઓ અને નાનીઓ ખાતી હતી એ ખોરાક આપણે ખાવો જોઈએ. યુવતીઓને દાદીઓ અને નાનીઓ ખાતી હતી એ ખોરાક ખાવામાં બિલકુલ રસ નથી. યુવતીઓમાં દારૂના સેવનનું પ્રમાણ વધી રહ્યું છે. જો પાર્ટીમાં દારૂ પીઓ તો જ મોર્ડન ગણાઓ એવો ખયાલ પ્રવર્તી રહ્યો છે. આપણે વિચારવું જોઈએ કે આપણા કુટુંબોમાં જૈન ધર્મની પરંપરા ટકી રહી એમાં સ્ત્રીઓનું મોટું પ્રદાન છે. પુરુષ કદાચ અવળે માર્ગે ગયો હશે પણ સ્ત્રીઓએ ઘરને સાચવ્યું છે. સંતાનોમાં સંસ્કારની, સદાચારની અને ધર્મની જ્યોત પ્રજ્વલિત રહે એ માટે સ્ત્રીઓએ મોટો ફાળો આપ્યો છે. પંડિત સુખલાલજી કહે કે બીજી કોઈ પણ બાબતમાં જૈનો કદાચ પાછળ રહે પણ જો તપની પરીક્ષા ખાસ કરીને ઉપવાસ અને આયંબિલની પરીક્ષા લેવામાં આવે તો આખી દુનિયામાં પહેલે નંબરે જૈન સ્ત્રીઓ જ આવવાની.

કચ્છી ભાષામાં બાજરાના રોટલા કે ઘઉંની રોટલી માટે 'માની' શબ્દ વપરાય છે અને કહેવાય છે કે 'માની' તો મીઠી જ હોય! 'માની' એટલે માના હાથની. આ બે શબ્દોનો પહેલો અને છેલ્લો અક્ષર મળીને 'માની' શબ્દો બન્યો છે. આજના સમયમાં ખેદ સાથે કહેવું પડે છે કે મોટા ભાગના આર્થિક રીતે સમૃદ્ધ જૈન કુટુંબોમાં લગભગ ૮ વર્ષ કે એથી નાની ઉંમરનાઓએ 'માની' ખાધી હોતી નથી. રસોઈયાના હાથની રસોઈ અને ખવડાવવાવાળી નોકરાણી બાઈ! જેણે 'માની' ખાધી નથી એની પાસેથી માની ચાકરીની અપેક્ષા કેવી રીતે રખાય?

પુષ્ટિમાર્ગી મરજાદી વૈષ્ણવોમાં આજે પણ ઠાકોરજીને ચડાવવાનો ભોગ ઘરની સ્ત્રીઓએ જ બનાવવો પડે છે અને નહાયા વગર રસોડામાં જવાય નહીં અન્યથા રસોઈ અભડાઈ જાય એવી ધાર્મિક માન્યતાને કારણે આજે પણ સ્ત્રીઓએ વહેલા ઊઠી નહાઈને પછી જ રસોડામાં જવું પડે છે. સ્ત્રીઓ વહેલી ઊઠે અને રસોઈ બનાવવામાં રસ લેતી રહે એ માટે ધર્મને નામે વૈષ્ણવ પરંપરામાં કેવું સુંદર આયોજન થયું છે!

મારી દૃષ્ટિએ હવે મહાસતીજીઓએ આગળ આવવું પડશે. યુવતીઓની શિબિરો ગોઠવીને એમની જીવનશૈલી આરોગ્યપ્રદ, સંસ્કારપ્રદ અને વ્યસનવિમુક્ત બનાવવી પડશે. એમને ઋતુચર્યા અને દિનચર્યાની સમજણ આપવી પડશે. રસોઈ બનાવવી એ ઉતરતું કામ નથી એ સમજાવવું પડશે. જો મહાસતીજીઓ આગળ આવીને આ કાર્ય કરશે તો આ યુગમાં જૈન ધર્મ માટે એમનું મોટું પ્રદાન ગણાશે.

ક્રિશ્ચિયન ધર્મ ઉપર પણ જૈનાચાર્યોને કારણે ખૂબ જ પ્રભાવ પડ્યો હતો. જિસસે પેલેન્સ્ટાઈનમાં ૪૦ દિવસના ઉપવાસ કર્યા હતા એવો ઉલ્લેખ મળે છે. જર્મન વિદ્વાન જાજક્સના મતે પાલિતાણાનું અપભ્રંશ પેલેન્સ્ટાઈન છે. જિસસે પાલિતાણામાં

જૈન મુનિની નિશ્રામાં ૪૦ દિવસના ઉપવાસ કર્યા હતા. જૈન સાધુઓની જેમ ક્રિશ્ચિયન પાદરીઓ પણ શ્વેત વસ્ત્રો પહેરે છે. બ્રહ્મચર્યનું પાલન કરે છે. જિસસનું પ્રખ્યાત વાક્ય કે, 'તારા ગાલ ઉપર કોઈ એક તમાચો મારે તો બીજો ગાલ ધરજે, સામો પ્રહાર કરતો નહીં' એ વાક્ય ઉપર પણ જૈન ધર્મની અહિંસાની અસર છે.

રોમન કેથોલિક સંપ્રદાયમાં પાદરીઓની વિવિધ પદવીઓ સૂચવતા જે શબ્દો છે એના સંબંધ પણ જૈન ધર્મમાં સાધુઓના પદવી સૂચવતા શબ્દો સાથે છે. બંનેમાં સામ્ય છે.

| જૈન ધર્મ | ક્રિશ્ચિયન ધર્મ |
|---|---|
| ગચ્છાધિપતિ | પોપ |
| આચાર્ય | કાર્ડિનલ |
| ઉપાધ્યાય | બિશપ |
| સાધુ | ફાધર |
| સાધ્વીજી | નન |

રોમન કેથોલિક સંપ્રદાયમાં ચર્ચ માટે જે શબ્દો પ્રચલિત છે એનો સંબંધ પણ જૈન ધર્મમાં દેરાસર (મંદિર) માટે વપરાતા શબ્દો સાથે છે. બંનેમાં સામ્ય છે.

| જૈન ધર્મ | ક્રિશ્ચિયન ધર્મ |
|---|---|
| તીર્થ | કેથેડ્રલ |
| દેરાસર | ચર્ચ |
| ઘર દેરાસર | ચેપલ |
| ગુરુમંદિર | બેસિલિકા |

આવા બધા આચાર્યોની બાહ્યપ્રવૃત્તિઓથી આપણે માહિતગાર છીએ, પરંતુ એમની આંતરિક સ્થિતિ વિશે એમણે પોતે કહેલું હોય તે શું કહે -

*અમારે દેશ કેવા, અમારે વિદેશ કેવા*
*અમે પ્રવાસી પારાવારના*
*સંતરી સૂતેલા ત્યારે અમે અખંડ જાગ્યા*
*કોટડા કૂદીને ભાગ્યા અમે કેદી ના કારાગારના*
*અમે પંખેરું પ્યાસી, ઊડિયાં અંધાર વીંજી*
*પાંખ્યું પ્રકાશ ભીંજી, અમે કિનાર તેજલધારના*
*અમે ભજનિક ભારે, અમારે તે એકતારે*
*રણકે છે રામ જ્યારે, અમારે આનંદ અપરંપારના.*

આત્મજ્ઞાની આચાર્યો પારાવારના છે. આપણે પરિવારના છીએ. સંતરી એટલે મન. મન સૂતેલું હતું એટલે કે મનનો વિલય થયો ત્યારે અમે જાગતા હતા. ગાઢ નિદ્રામાં કે ઘેનની અસરમાં મનનો વિલય થાય છે, પણ જાગૃતિ નથી હોતી. અહીંયા કહે છે મનનો વિલય તો થાય છે, પણ અમે જાગૃત હતા. શ્રી કૃષ્ણમૂર્તિ આ અવસ્થા માટે Choiceless awareness શબ્દ વાપરે છે. અમે દેહરૂપી કોટડીમાંથી ભાગી ગયા એટલે કે અમે હું દેહ નથી એ સ્થિતિનો અનુભવ કર્યો. અમે દેહરૂપી કારાગારના કેદી નથી. અમે તો દેહાતિત એવું ચૈતન્ય તત્ત્વ છીએ..

અમે તો એવાં પક્ષી છીએ કે અમને તો પરમતત્ત્વ પામવાની પ્યાસ હતી. હું દેહ છું, હું મન છું એ અંધકારને પાર કરીને અમે ઉપર ઉડ્યા. પરિણામે અમારી પાંખો પ્રકાશથી ભીંજાઈ ગઈ એટલે કે અમે ચૈતન્યતત્ત્વના પ્રકાશની અનુભૂતિ કરી જાણે અમે ચૈતન્યપ્રકાશના તેજના કિનારે સ્થિત થયા.

અમે તો આત્મસાધક છીએ. અમારા રોમરોમમાંથી અજપા જપ ગૂંજે છે, પરિણામે અમે અપરંપાર આનંદ માણીએ છીએ.

મારા, તમારા, આપણા સહુના જીવનમાં આવો અપરંપાર આનંદ પ્રગટે એવી તીર્થંકર પ્રભુને અને પથદર્શક આચાર્યોને પ્રાર્થના કરું છું.

❑❑❑

મો. ૯૮૨૧૦૨૫૩૩૬

**'પ્રબુદ્ધ જીવન'નું લવાજમ સીધું બેંક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે-**

Bank of India, Current A/c No. 003920100020260,
Prarthana Samaj Branch, Mumbai - 400 004.

**Account Name : Shri Mumbai Jain Yuvak Sangh**

પેમેન્ટ કરીને નામ અને સરનામું આ ફોર્મમાં ભરીને મોકલવું અથવા મેલ પણ કરી શકાય છે.

'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક /ત્રિવર્ષિય / પાંચવર્ષિય / દસ વર્ષિય લવાજમ ચેક / ડીમાન્ડ ડ્રાફટ નં. ................ દ્વારા આ સાથે મોકલું છું / તા. .............. ના રોજ 'પ્રબુદ્ધ જીવન' માટે ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે અંક મોકલશો.

વાચકનું નામ..........................................

સરનામું..........................................

..........................................

પીન કોડ.................. ફોન નં. ....................

મોબાઈલ..........................................

Email ID ..........................................

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા.૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૨૫૦૦**

# જીવનની પ્રાથમિકતાઓ - Priorities of Life

**જાદવજી કાનજી વોરા**

**સા**માન્ય રીતે રોટી, કપડાં અને મકાન એ દરેક વ્યક્તિ માટે જીવનની મૂળભૂત જરૂરિયાતો - પ્રાથમિકતાઓ ગણાય છે પણ અત્રે આપણે આ ત્રણ જરૂરિયાતો પૂર્ણ થયા બાદ જીવનના ધ્યેયને હાંસલ કરવા માટે અનેક વિકલ્પો વચ્ચે પસંદ કરવાના યોગ્ય તર્કવિતર્ક - માર્ગ - અગ્રતાક્રમો વિશે વાત કરવાની છે. સ્પર્ધાત્મક અને દોડધામભરી ટૂંકી જિંદગીમાં જો આપણે કરવાના અનેકવિધ કાર્યોમાંથી યોગ્ય કાર્યની પસંદગી કરવામાં ન આવે તો મોટા ભાગે આપણો બહુમૂલ્ય સમય તથા શક્તિ વ્યર્થ ચાલ્યા જતા હોય છે. આપણી સમક્ષ રહેલા ઘણાં બધાં કામોમાંથી આપણે કયા કામને પ્રાથમિકતા આપવી એ ઘણું મહત્ત્વનું છે. આ પસંદગીમાં જો આપણે કાચા પુરવાર થઈએ તો એવું થવાની શક્યતા વધી જાય છે જ્યારે આપણે ઓછા મહત્ત્વની કામની પસંદગી કરીને વધારે અગત્યનું કામ કોરાણે મૂકી દેતા હોઈએ છીએ.

સાર્થક, સફળ અને હેતુપૂર્ણ જીવન જીવવા માટે કોઈપણ વ્યક્તિને પોતાના ધ્યેય વિશેની સ્પષ્ટતા હોવી અનિવાર્ય છે. જો તેનું ધ્યેય સુનિશ્ચિત હોય તો એ વ્યક્તિ સામાન્ય રીતે ક્યારેય પણ પોતાના સમયને વ્યર્થ ગુમાવતો નથી અને તે ચોક્કસ સમયે પોતાના નિશ્ચિત કામમાં જ વ્યસ્ત રહેતો હોય છે. આવા મનુષ્યને સમયનો અભાવ પણ નડતો હોતો નથી કે સમય વ્યર્થ રીતે પસાર કરવા માટે પણ કોઈ નિરર્થક પ્રવૃત્તિ શોધવી પડતી નથી. જીવનમાં સફળતાને પામવા માટે પોતાના ધ્યેય પ્રત્યે માત્ર એકાગ્રતા જ નહીં પણ, નિરર્થક પ્રવૃત્તિઓની બાદબાકી પણ એટલી જ જરૂરી છે. આ સંદર્ભમાં ગ્રીસના મહાન તત્વજ્ઞાની સોક્રેટિસના જીવનનો એક વિખ્યાત પ્રસંગ છે. સોક્રેટીસની વિચારશીલ વાતો અને પ્રભાવશાળી વ્યક્તિત્વથી યુવાનો હંમેશાં તેમના તરફ આકર્ષાયેલા રહેતા. એક વખત એક યુવાને તેમને કહ્યું, ''અરે સોક્રેટીસ, મેં તમારા ખાસ મિત્ર વિશે એક ગંભીર અને ગુપ્ત વાત સાંભળી છે. તમે એ જાણો છો ખરા? હું તમને કહું?'' ત્યારે સોક્રેટીસે તેને કહ્યું, ''હું તારી વાત ચોક્કસ સાંભળીશ, પણ એ પહેલાં તારે ત્રણ પ્રશ્નોના જવાબ આપવા પડશે. જો તારા ઉત્તરો યોગ્ય હશે તો પછી હું તે તારી પાસેથી જરૂર સાંભળીશ.'' આ સાંભળીને કોઈક ગુપ્ત વાત કહેવા માટે આવેલો એ મિત્ર થોડો ઝંખવાયો ખરો પણ કહ્યું કે, ''ભલે, તમારા પ્રશ્નો કહો, પછી એ વાત કરું.'' સોક્રેટીસે તેને શાંતિથી પૂછ્યું, ''શું તેં નજરોનજર એ જોયેલું છે? શું તારી વાતમાં મારા મિત્રની પ્રશંસા છે? શું તારી વાતથી મને કોઈ લાભ થવાનો છે ખરો?'' જ્યારે આ ત્રણેય પ્રશ્નોના જવાબ ''ના'' માં આવ્યા ત્યારે સોક્રેટીસે તેને કહ્યું કે, 'જે વાત સત્ય નથી, સારી નથી તથા લાભદાયી પણ નથી, તો તે સાંભળવી શાને? આવી વ્યર્થ, નકામી અને નિંદાખોર વાતો પાછળ તમારો અને મારો સમય શા માટે બરબાદ કરવો? સાર્થક અને સફળ જીવન જીવવા માટે કોઈપણ વ્યક્તિના જીવનની પ્રાથમિકતાઓ સુનિશ્ચિત હોય તો એ વ્યક્તિ સામાન્ય રીતે ક્યારેય પણ પોતાના સમયને વ્યર્થ ગુમાવતો નથી.

બેન્જામિન ફ્રેન્કલિને એક વખત કહ્યું હતું કે, ''જીવનનો સૌથી મોટો વૈભવ એ સમયની મોકળાશ છે. આરામ કરવા માટે, વિચાર કરવા માટે તથા જીવનમાં પોતાની શક્તિ મુજબ ઉત્કૃષ્ટ કાર્યો કરવા માટે સમયની મોકળાશ હોવી જરૂરી છે જે માત્ર એક જ માર્ગે આવી શકે. તમે તમારા જીવનનાં કાર્યોનાં અગ્રતાક્રમો (પ્રાયોરિટીઝ) નું આયોજન કરો. એ અંગે પૂરતો વિચાર કરો અને પછી કાર્ય કરો. તમારાં બધાં જ કાર્યોને યોગ્ય સંદર્ભમાં મૂકો. આમ કરશો તો તમારા જીવનમાં નવી ચેતના આવશે. જીવનમાં વર્ષોનો વધારો થશે અને વર્ષોમાં નવજીવનનો સંચાર થશે.''

જીવનમાં ખૂબ જ સફળતા પામેલા અને સમૃદ્ધિના શિખરે આળોટતા એક ઉદ્યોગપતિ સામાન્ય રીતે હંમેશાં બહુ જ નિરાંતભર્યા દેખાતા અને કેટલાય સામાજિક કાર્યક્રમોમાં પણ હાજરી આપતા હતા. આ જોઈને એક નવયુવાનને નવાઈ લાગતાં તેણે તેમની આટલી ભવ્ય સિદ્ધિ હાંસલ કરી હોવા છતાં પણ હંમેશાં જાણે કે તેમની પાસે ખાસ કોઈ કામ જ ન હોય અને ઘણી બધી નવરાશ હોય એમ લાગતું હોવાનું કારણ પૂછ્યું. ત્યારે તેમણે આપેલો જવાબ આપણે સહુએ આપણા જીવનમાં ઉતારવા જેવો છે. તેમણે કહ્યું કે, "I always decide upon my priorities of life and then, work upon them." હું હંમેશાં મારા જીવનના કાર્યોના અગ્રતાક્રમોનું આયોજન કરું છું અને પછી એ પ્રમાણે જ કાર્ય કરું છું. પોતાની વાત વિશે વધારે ખુલાસો કરતાં તેમણે કહ્યું કે, ''સવારના હું જ્યારે મારી ઓફિસે જાઉં ત્યારે કેટલાય કાગળોનો ઢગલો મારા ટેબલ ઉપર પડ્યો હોય છે. એ બધા કાગળો-કામોને હું ચાર ભાગોમાં વહેંચી નાખું છું અમુક પેપરોનો કોઈ અર્થ ન હોવાથી તેમાં કાંઈ કરવા જેવું જ નથી હોતું. I immediately destroy it. હું તેનો તરત જ નિકાલ કરી નાખું છું. અમુક પેપરો કોઈકને Delegate it સોંપી દેવા જેવા હોય તેને કરવા માટે તરત જ યોગ્ય વ્યક્તિને સોંપી દઉં છું. બાકી રહેતાં કાર્યોમાંથી કેટલાંક પછીથી કરવા જેવા હોય તેને Delay it પછીથી કરવા માટે રાખી દઉં છું. હવે બાકી રહેલા માત્ર થોડાંક કાર્યો એવાં હોય છે જે મારે એ વખતે જ કરવા જેવા હોય તે હું તરત જ Do it કરી દેતો હોઉં છું. જો આ Four D ચાર ડી ની થિયરી, Destroy it, Delegate it, Delay it And Do it ને જીવનમાં યોગ્ય રીતે

અપનાવવામાં આવે તો સંભવતઃ જીવનમાં કોઈ જ કાર્યો બાકી કે અધૂરાં રહેતાં નથી અને આપણે સદાય માનસિક અને શારીરિક શાતા અને નિરાંતનો અનુભવ કરતા હોઈએ છીએ.''

જીવનના અગ્રતાક્રમો કાર્યો વ્યવસ્થિત રીતે અગાઉથી નક્કી કરેલા હોય તો એ વ્યક્તિ જીવનમાં પોતાના ધ્યેયને સરળતાથી હાંસલ કરે છે અને તે પોતાના જીવનમાં ક્યારેય પણ હારનો અનુભવ કરતો નથી અને સફળતાની દેવી સદાય તેના ચરણ ચૂમતી હોય છે.

❑❑❑

૨૦૪, બીપીએસ પ્લાઝા, દેવીદયાલ રોડ,
મુલુંડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
ફોનઃ ૦૨૨-૨૫૬૦૫૬૪૦, મો. ૯૮૬૯૨૦૦૦૪૬
ઈમેલ : jkv1950@yahoo.co.in

# જિનશાસનના સમર્થ શ્રાવક કર્મવીર - દાનવીર શેઠશ્રી દેવકરણ મૂળજી સંઘવી પ્રચંડ પુરુષાર્થ અને સફળતાની અનેરી યશોગાથા

**વિનોદ જે. વસા**

જૈન સમાજના રાહબર, ઉદ્ધારક, કર્મવીર અને મહાન દાનવીર શેઠશ્રી દેવકરણ મૂળજી સંઘવીની જીવનકથા એક જીવન સંઘર્ષની અનોખી યશોગાથા છે. તેમનું જીવન અને કવન સૌ કોઈના માટે પ્રેરણાદાયક છે અને નવી જનરેશન માટે અમૂલ્ય સંદેશો છે.

આપણે વિચારીએ કે જીવનમાં કેટલું થઈ શકે, કેટલું કમાઈ શકીએ અને સૌથી વધુ મહત્ત્વનું ધર્મ, શિક્ષણ અને સમાજ કલ્યાણ માટે કેટલું વાપરી શકાય. કોઈપણ શ્રીમંત માણસ જેટલું કમાય તેટલું સન્માર્ગે વાપરી શકે ખરો? પણ દેવકરણ શેઠે તેમ કરી બતાવીને તે વખતના સમાજને હેરતમાં મૂકી દીધો હતો.

દેવકરણ શેઠનો જન્મ તદ્દન સામાન્ય કુટુંબમાં થયો હતો. નાનું એવું ગામ, ધંધાપાણીનો અભાવ, ગરીબી, શિક્ષણની કોઈ સુવિધા નહીં. તેમના પિતાશ્રીનું નામ મૂળજીભાઈ ઉકાભાઈ. મૂળ વતન સોરઠનું જામ કંડોરણા. રોજગાર માટે તેઓ પ્રથમ વંથલી અને પછી માંગરોળ આવ્યા હતા. કુટુંબનું ભરણપોષણ કરવાનું મુશ્કેલ હતું. આવા કપરા સંજોગોમાં વિક્રમ સંવત ૧૯૨૧ના પોષ સુધી ૭ ઈ.સ. ૧૮૬૪માં તેમને ત્યાં તેજસ્વી તારલાનો જન્મ થયો હતો અને તેનું નામ દેવકરણ રાખવામાં આવ્યું હતું. આ નામ તેમણે મોટા થતાં સાર્થક કર્યું હતું. દેવ જેવી તેમની આભા અને વ્યક્તિત્વ અને કર્ણ જેવી તેમની ઉદારતા આંખે ઊડીને વળગે તેવી હતી. માંગરોળમાં સખત મહેનત અને પરિશ્રમ છતાં નસીબે યારી નહીં આપતા મૂળજીભાઈને વતન છોડીને નોકરી માટે મુંબઈ આવવાની ફરજ પડી. દેશમાં ઘર ચલાવવાનું મુશ્કેલ હતું. નાના દેવકરણને વંથલી ખાતે મોસાળમાં રહેવાની ફરજ પડી. ત્રણેક ચોપડી જેટલો અભ્યાસ. આ પછી સંજોગોના કારણે ભણતર મૂકી દેવું પડ્યું. માંગરોળ અને વંથલી વચ્ચેના આંટાફેરામાં બચપણ વીતી ગયું.

નસીબ અને સંજોગો બંને વિપરીત હતા. એક સાંધો ત્યાં તેર તૂટે એવી પરિસ્થિતિ હતી. આ બધા વચ્ચે કુટુંબનું ભરણપોષણ કરનાર આધારસ્તંભ પિતાશ્રી મૂળજીભાઈનું એકાએક અવસાન થતાં આફતનું આભ તૂટી પડ્યું. મોટાભાઈ હરજીવનભાઈ જેઓ મુંબઈમાં મૂળજી જેઠા માર્કેટમાં સામાન્ય નોકરી કરતા હતા તેમના પર બધી જવાબદારી આવી પડી. દેવકરણને પરિસ્થિતિના એંધાણ આવી ગયા. મોટાભાઈને મદદરૂપ થવા અને પરિવારની અનિચ્છા છતાં ૧૨ વર્ષની વયે તેમણે મુંબઈની વાટ પકડી. તે સમયમાં મુંબઈ આવવું એટલે દેશાવર જવા જેવું હતું. માંડમાંડ થોડા પૈસા ભેગા કરીને માત્ર આઠ આનામાં માંગરોળથી મુંબઈની સફર કરી. મુંબઈમાં પગ મૂકતા સંઘર્ષ શરૂ થયો. ૧૨ વર્ષના છોકરાને નોકરી કોણ આપે અને નોકરી મળે તો પણ કેવી મળે તેની કલ્પના કરવી રહી. ભણતર ઓછું હતું પણ સમજ ખૂબ હતી. દેવકરણનું મક્કમ મનોબળ અને દઢ નિર્ધાર હતો કે ગમે-તેમ કરીને ટકી રહેવું. હિંમત હારવી કે નાસીપાસ થવું પાલવે તેમ નહોતું. તે વખતમાં મોટાભાગના લોકો પાઘડી અને ટોપી પહેરતા હતા. નાના દેવકરણે ટોપીની ફેરી કરવાનો નિર્ણય કર્યો. બે ટંક વીશીમાં જમવાનું અને આખો દિવસ ગલીએ ગલીએ ફરવાનું. તનતોડ મહેનત, પ્રામાણિકતા અને સેલ્સમેનશિપની કુનેહના કારણે ધંધો ચાલવા લાગ્યો અને મુંબઈમાં પગ ટકી શકશે એવો ભરોસો ઊભો થયો.

ટોપીની ફેરીમાંથી સમય મળતો ત્યારે તેઓ મોટાભાઈ હરજીવનભાઈને મળવા મૂળજી જેઠા માર્કેટમાં જતા હતા. તેમની સામેની પેઢી લક્ષ્મીદાસ વીશરામની હતી. શેઠની નજર દેવકરણ પર પડી અને તેમને લાગ્યું કે આ છોકરો પાણીદાર છે. તેમણે હરજીવનભાઈને બોલાવીને દેવકરણ માટે નોકરીની ઓફર કરી અને સલાહ આપી કે ટોપીની ફેરી કરતા આમાં વિકાસની તક વધુ છે અને આ વાત સાચી ઠરી. દેવકરણ પેઢીમાં જોડાયા પછી તેની સખત મહેનત અને માલ વેચવાની કુશળતાથી શેઠનો વેપાર વધવા માંડ્યો અને થોડાં વર્ષોમાં તેમણે દેવકરણભાઈને પેઢીના મુખ્ય

સેલ્સમેન બનાવ્યા અને પગાર પણ સારો એવો કરી આપ્યો. નાણાકીય મુશ્કેલી ટળી. માંગરોળ ખાતે કુટુંબ પણ સુખ અનુભવવા લાગ્યું.

સંવત ૧૯૪૪માં ૨૩ વર્ષની વયે દેવકરણભાઈના લગ્ન વંથલી નિવાસી શેઠશ્રી જાદવજી રામજીભાઈની સુપુત્રી પૂતળીબાઈ સાથે થયા. ગૃહલક્ષ્મી પૂતળીબાઈના પાવન પગલાંથી દેવકરણભાઈનું ભાગ્ય સોળેકળાએ ખીલી ઊઠ્યું અને તેઓ ઝડપથી પ્રગતિના સોપાન સર કરવા લાગ્યા. આવક વધી પણ તેમનું લક્ષ ઊંચું હતું. તેમને ઊંચી છલાંગ ભરવી હતી. પોતાનો સ્વતંત્ર ધંધો કરવો હતો. નોકરી કરતાં થોડી રકમ એકઠી થઈ હતી. પેઢીમાં કામ કરતા એક લુહાણા ગૃહસ્થ સાથે ભાગીદારીમાં દેવકરણ નારણદાસ નામની ગામઠી કાપડના વેપારની પેઢી શરૂ કરી. તેમનો વેપાર વધતો ગયો અને બજારમાં પેઢીનું નામ જામવા લાગ્યું.

આર્થિક પરિસ્થિતિ સુધરતી ગઈ તેમ તેમ ધર્મ પ્રત્યેની શ્રદ્ધા અને આસ્થા પણ વધવા લાગી. એ અરસામાં પૂ. મુનિરાજ મોહનલાલજી મહારાજ મુંબઈ પધાર્યા હતા. તેમણે મહારાજ સાહેબની ખૂબ સેવા કરી. એક દિવસ મહારાજ સાહેબે તેમને સામેથી બોલાવીને તેમના માથા પર હાથ મૂકીને કહ્યું : 'તું ઐશ્વર્યનો સ્વામી બનીશ. તારું કલ્યાણ થશે.' મહારાજ સાહેબના આશીર્વાદ ફળ્યા અને દેવકરણ શેઠનો પ્રગતિ અને વિકાસનો રથ પૂરઝડપે દોડવા લાગ્યો. કાપડના મોટા ધંધા માટે મૂળજી જેઠા માર્કેટમાં દુકાન હોવી જરૂરી હતી. દેવકરણ શેઠે આ માટે પ્રયાસો કર્યા પણ તે વખતે માર્કેટમાં ભાટિયાઓનું વર્ચસ્વ હતું. એટલે ભાટિયા સિવાયના વેપારીઓ માટે દુકાન મેળવવી મુશ્કેલ કાર્ય હતું. મૂળજી જેઠા માર્કેટમાં જગ્યા નહીં મળતા દેવકરણ શેઠ હતાશ કે નિરાશ થયા નહોતા. તેમણે મૂળજી જેઠા માર્કેટ સામે નવી એક શ્રેષ્ઠ કાપડ માર્કેટ ઊભી કરવાનો નિર્ણય કર્યો અને આ માટે જગ્યા પણ લઈ લીધી. આ વાતની ખબર પડતા ભાટિયા શેઠો હલબલી ગયા અને તેમણે મૂળજી જેઠા માર્કેટનું નામ ટકાવી રાખવા દેવકરણ શેઠ સાથે સુલેહ કરી અને તેમને મોકાની જગ્યા ફાળવી અને દેવકરણ શેઠે નવી માર્કેટ ઊભી કરવાનો નિર્ણય મુલતવી રાખ્યો અને આ પછી માર્કેટ માટે જે જગ્યા લીધી હતી ત્યાં દેવકરણ મેન્શન અસ્તિત્વમાં આવ્યું.

મૂળજી જેઠા માર્કેટમાં દુકાન લીધા પછી દેવકરણ શેઠે ધંધાને વિસ્તૃત કર્યો અને ઉજમસી શાહ સાથે બીજી એક પેઢી શરૂ કરી. આમ બિઝનેસ વધ્યો, નામ થયું ત્યાં સંવત ૧૯૫૨માં અચાનક એક મુશ્કેલી ઊભી થઈ. મરકીનો ઉપદ્રવ ફાટી નીકળ્યો. મુંબઈ ખાલી થવા લાગ્યું. વેપારધંધા ઠપ થઈ ગયા. રોલિંગ અટકી ગયું. મંદી ઘણી લાંબી ચાલી. ઘણી પેઢીઓ બંધ થઈ ગઈ, પણ દેવકરણ શેઠ હિંમત હાર્યા નહીં. તેઓ સુરત ખાતે મહારાજ સાહેબને મળ્યા અને બધી વાત કરી. મહારાજ સાહેબના આશીર્વાદ લઈને તેઓ મુંબઈ પાછા ફર્યા અને તેમણે જેકબ સાસુન મિલમાં નખી કિનારીના ધોતિયા બનાવવાનો ઓર્ડર આપ્યો અને આ માલ બજારમાં ખૂબ ચાલ્યો અને ૬ મહિનામાં તેમની પેઢીની શાખ ઘણી વધી ગઈ અને મંદીના વમળમાંથી તેઓ હેમખેમ બહાર નીકળી ગયા. નુકસાની ધોવાઈ ગઈ અને નફો વધતો ગયો. આ પછી દેવકરણ શેઠે પાછું વાળીને જોયું નહીં. માધવજી ધરમશી મિલના શાહ સોદાગર શેઠ શ્રી મથુરાદાસ ગોકલદાસે તેમને પોતાની મિલના સોલ સેલિંગ એજન્ટ નીમ્યા અને દેવકરણ શેઠનું નામ મોટી મિલોમાં ગાજવા લાગ્યું. આ પછી વાડિયા શેઠની સેન્ચરી મિલની એજન્સી તેમ જ કસ્તુરચંદ મિલ, સર શાપુરજી ભરૂચા મિલ, માધવરાવ સિંધિયા મિલની અને છેલ્લે સર કાવસજી કુરલા મિલની એજન્સી પણ તેમને મળી ગઈ. કાપડ બજારમાં દેવકરણ શેઠનું નામ ચાંદ-સૂરજની જેમ ચમકવા લાગ્યું અને પૈસાની ટંકશાળ પડી.

દેવકરણ શેઠે ધનનો સદુપયોગ કર્યો. તેમણે ધર્મ, શિક્ષણ અને સંસ્કાર પર ભાર મૂકીને મોટી સખાવતો કરી હતી. તેઓ માનતા હતા કે ધર્મ હશે તો સંસ્કાર ટકી શકશે, શિક્ષણ હશે તો લોકો ઊંચા આવશે. પોતે ભણ્યા નહોતા પણ વિદ્યાપ્રેમી હતા. તેમનાં કાર્યો અંગે ઉલ્લેખ કરું એ પહેલાં એક મહત્ત્વની બાબત અંગે ધ્યાન દોરું છું. આપણે અહીં ૨૪માં જૈન સાહિત્ય સમારોહમાં બેઠા છીએ તેવી એક સાહિત્ય પરિષદનું આયોજન દેવકરણ શેઠે વંથલીના દેરાસરના પ્રતિષ્ઠા મહોત્સવ સમયે કર્યું હતું. શ્રી ચારિત્રવિજયજી મહારાજ આ પરિષદના મુખ્ય વક્તા હતા અને પરિષદના પ્રમુખસ્થાને ગુજરાતના કવિરત્ન નાનાલાલ દલપતરામ હતા. આ પરિષદમાં અનેક સાહિત્યકારોએ ભાગ લીધો હતો.

દેવકરણ શેઠ મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપનાના એક મુખ્ય પરિબળ હતા. આના કારણે જૈનો માટે ઉચ્ચ શિક્ષણના દ્વાર ખુલ્યા હતા. આ સંસ્થા માટે તેમનું યોગદાન અનોખું છે. યુગદૃષ્ટા આચાર્ય ભગવંત પંજાબ કેસરી પ.પૂ. વિજય વલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણા અને ઉપદેશથી આ સંસ્થાનું નિર્માણ થયું હતું. શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયા અને શેઠ શ્રી દેવકરણ મૂળજી સંઘવીની રામ-લક્ષ્મણની જોડીએ આ કાર્યનું બીડું ઝડપી લીધું હતું અને આ કાર્ય સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. સંસ્થાની શુભ શરૂઆત માટે મકાનની જરૂર હતી. દેવકરણ શેઠે મલાડ ખાતેના પોતાના બંગલાની બાજુની જમીન ખાલી કરી આપવા ઓફર કરી હતી, પણ આ જગ્યા દૂર લાગતા ભાયખલા લવલેનમાં તારાબાગ બંગલામાં સન ૧૯૧૫માં ૧૫ વિદ્યાર્થીઓ સાથે સંસ્થાનો પ્રારંભ થયો હતો. આ પછી લેમિંગ્ટન રોડ પર વાડેકર બિલ્ડિંગ ભાડે લેવામાં આવ્યું હતું.

તા.૧૬-૭-૧૯૧૬માં જનરલ બોડીની મિટિંગમાં રચાયેલી પ્રથમ મેનેજિંગ કમિટીના માનદ્‌મંત્રી તરીકે મોતીચંદભાઈ અને ખજાનચી તરીકે દેવકરણ શેઠની નિમણૂક થઈ હતી. તેઓ જીવનના અંત સુધી ટ્રસ્ટીપદે રહ્યા હતા. સન ૧૯૨૧માં દેવકરણ શેઠના શુભહસ્તે ગોવાલિયા ટેન્ક પરના વિદ્યાલયના મકાનની શિલારોપણ

વિધિ થઈ હતી.

દેવકરણ શેઠે પૂ. મોહનલાલજી મહારાજના બોધવચનોના કારણે અપરિગ્રહ ધારણ કર્યો હતો અને નક્કી કર્યું હતું કે પોતાને રૂપિયા એક લાખથી વધુ રકમ ન ખપે. બાકીની રકમ શુભકાર્યો માટે વાપરવી. જેનું પાલન તેમણે જીવંતપર્યંત કર્યું હતું અને મૃત્યુ બાદ પણ આ નિયમનું પાલન થાય તે માટે પોતાના વિલમાં પરિવારજનો માટે આટલી જ રકમ ફાળવી હતી. બાકીની સ્થાવર જંગમ મિલકત ધર્મ, શિક્ષણ અને સમાજનાં હિતાર્થે દાનમાં આપી દીધી હતી. આનો મોટો લાભ મહાવીર જૈન વિદ્યાલયને મળ્યો અને પ્રિન્સેસ સ્ટ્રીટ પરની ભવ્ય ઈમારત દેવકરણ મેન્શન મહાવીર જૈન વિદ્યાલયને ફાળે આવી અને આ મકાન વિદ્યાલય માટે કલ્પવૃક્ષ બની ગયું. વિદ્યાલયની પ્રગતિ અને તેના કપરા આર્થિક સંજોગોમાં આ મકાનની આવકના કારણે મહાવીર જૈન વિદ્યાલય ટકી રહ્યું તેમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

મહાવીર જૈન વિદ્યાલય ઉપરાંત શ્રી દેવકરણ શેઠે કરેલાં મહત્ત્વનાં કાર્યોમાં લાલબાગ ખાતે જૈન દેરાસર, ઉપાશ્રય અને ધર્મશાળા અને જૈન સેન્ટ્રલ લાઈબ્રેરીનું નિર્માણ. આના કારણે લાલબાગ મહત્ત્વનું ધાર્મિક કેન્દ્ર બન્યું હતું. વંથલી ખાતે ભવ્ય જિનાલયનું નિર્માણ અને તેનો શાનદાર પ્રતિષ્ઠા મહોત્સવ. આ પ્રસંગે દસ હજાર જેટલા મહેમાનોની હાજરી હતી. દેવકરણ શેઠે મલાડ ખાતે પોતાની વિશાળ જગ્યામાં ભવ્ય જિનાલય અને ઉપાશ્રયનું નિર્માણ કર્યું હતું. આજે પણ આ દેરાસર મલાડ વેસ્ટનું મોટું દેરાસર છે અને ત્યાં ધર્મ અને સામાજિક કલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલે છે. આ ઉપરાંત શત્રુંજય ખાતે ચાંદીનું શિખરબંધી સિંહાસન સ્થાપિત કર્યું હતું. દેવકરણ શેઠે કન્યા કેળવણી પર ભાર મૂક્યો હતો અને વંથલી ખાતે પૂતળીબાઈ કન્યાશાળાનું નિર્માણ કર્યું હતું. તેમણે પાલિતાણા ખાતે સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમમાં ઉદાર સહાય કરી હતી અને મંત્રી તરીકે ૨૩ વર્ષ સુધી સેવા આપી હતી. ચારિત્ર રત્નાશ્રમ સોનગઢ ખાતે પણ તેમણે સારી એવી સહાય કરી હતી. સંવત ૧૯૬૩માં પાલિતાણા ખાતે જળપ્રલય જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી ત્યારે તેમણે કપડાં અને ખાદ્યસામગ્રી મોકલીને લોકોને શાતા આપી હતી.

દેવકરણ શેઠે જૈન શ્વેતાંબર કોન્ફરન્સના અધ્યક્ષપદે રહીને આ સંસ્થાને સંગઠિત અને મજબૂત કરવા ભારે જહેમત ઉઠાવી હતી. તેમણે માંગરોળ ખાતે જૈન સ્કૂલની સ્થાપના કરી હતી અને માંગરોળ જૈન સભાના ૧૩ વર્ષ સુધી પ્રમુખ રહ્યા હતા. તેમણે સોરઠ વિસાશ્રીમાળી જૈન જ્ઞાતિને એકત્રિત કરીને ખોટા બિનજરૂરી રિવાજો બંધ કરવા સામાજિક સુધારાઓ દાખલ કર્યા હતા. ખોટા ખર્ચાઓ અને ભભકાઓ બંધ કરવા એ સમયમાં તેમણે પહેલ કરી હતી અને જૂનાગઢ ખાતે બોર્ડિંગની સ્થાપના કરી હતી. દે.મૂ.જૈન બોર્ડિંગ આ પછી ધોરાજી ખાતે ફેરવાઈ હતી અને પછી રાજકોટ જેવાં મોટા શહેરમાં તેનું સ્થળાંતર થયું હતું. આજે આ બોર્ડિંગના બે ભવ્ય મકાનો નિર્માણ થયા છે. જૈન સમાજના સાધારણ લોકોને ઘરવખરી અને આર્થિક સહાય મળી રહે તે માટે મુંબઈ ખાતે જૈન શુભેચ્છક મિત્ર મંડળ અને દેશમાંથી નોકરી ધંધા માટે આવતા લોકોને રહેવા જમવાની વ્યવસ્થા ઊભી કરવા જૈન ક્લબની સ્થાપના કરી હતી અને આ માટે જગ્યા ફાળવી હતી.

તબીબી સહાયના ક્ષેત્રે પણ દેવકરણ શેઠે અનુપમ કાર્ય કર્યું હતું. જરૂરતમંદ લોકોને આ માટે આર્થિક સહાય ઉપરાંત રૂપિયા બે લાખનું માતબર દાન કરીને હરકિસન હોસ્પિટલ ખાતે જનરલ વોર્ડની સ્થાપના કરાવી હતી. જેથી ગરીબ લોકોને તબીબી સુવિધા પ્રાપ્ત થાય. જામનગર ખાતે પણ તેમણે ઉદ્યોગ મંદિર અને લાઈબ્રેરીની રચના કરી હતી.

દેવકરણ શેઠે કરેલાં કાર્યો અને તેમના જીવનના એકએક પાસાઓને વર્ણવવા અને મૂલવવા ગમે તેટલું લખીએ તોપણ શબ્દો ઓછા પડે.

તેઓ જેટલું કમાયા તેટલું સમાજના કલ્યાણ અર્થે વાપર્યું. ધન કેવી રીતે કમાવું અને કેવી રીતે વાપરવું તે તેમણે તે વખતના શ્રીમંતોને શીખવ્યું હતું. પૈસો આવે ત્યારે માણસ ચલિત થઈ જાય, અભિમાન આવે, મોજશોખ વધે અને પૈસા ગેરમાર્ગે વપરાય. પણ દેવકરણ શેઠના જીવનમાં આવું કશું બન્યું નહીં. પૈસા આવવાની સાથે નમ્રતા અને ઉદારતાના ગુણો સોળે કળાએ ખીલી ઊઠ્યા. જિંદગીભર રાજાભોજની જેમ છૂટા હાથે દાન કર્યું. હાથ કદી સંકોર્યો નહીં. માણસ ધારે તો કશું અશક્ય નથી. સખત મહેનત, પ્રામાણિકતા અને સાચી દાનત હોય તો માણસનું ભાગ્ય પલટી શકે છે એ બાબત દેવકરણ શેઠે સાબિત કરી બતાવી હતી.

દેવકરણ શેઠ જિંદગી સામે કદી હાર્યા નહીં. જીવનના હર તબક્કે તેમણે સમય અને સંજોગો સામે બાથ ભીડી. તેમની સમૃદ્ધિનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો ત્યારે અચાનક જીવલેણ બીમારી આવી પડી. અધૂરામાં પૂરું ધર્મપત્ની પૂતળીબાઈનું અવસાન થયું. સંતાનોમાં પાંચ દીકરીઓ હતી. પાંચે પુત્રીઓને સાસરે વળાવી દીધી હતી. ધર્મપત્નીએ વિદાય લીધી. ઘર સૂનું થઈ ગયું. દેવકરણ શેઠ મેરુ પર્વતની જેમ અડગ રહ્યા. ખૂબ સ્વસ્થતા જાળવી. દુ:ખ અને દર્દને દેખાવા દીધું નહીં. અંતિમ દિવસોમાં આચાર્ય વિજય વલ્લભસૂરીશ્વરજી મહારાજનું સાનિધ્ય માણ્યું. મહારાજ સાહેબની સૂચના અનુસાર વીલમાં સુધારાવધારા કર્યા. આમ જીવનનાં જરૂરી કામો પૂરા કર્યાં. બધા વળગણોને દૂર કર્યા અને જોગાનુજોગ પૂતળીબાઈના અવસાનના દોઢ મહિનામાં ૬૫ વર્ષની વયે વિક્રમ સંવત ૧૯૮૫ જેઠ સુદ તા.૧૯-૬-૧૯૨૯ના રોજ તેમણે આ ફાની દુનિયાની વિદાય લીધી અને આ તેજસ્વી તારલો પ્રકાશના પૂંજ વેરીને અનંત આકાશમાં વિલિન થયો. તેમની ભવ્ય અંતિમયાત્રા નીકળી હતી. આ પવિત્ર આત્માને અંજલિ આપવા રસ્તે ઠેરઠેર લોકોની મેદની જામી હતી. જીવનભર ચંદનની

જેમ ઘસાઈને ખુશબો આપનાર એ દિગ્વિજયી આત્માનું શરીર ચંદનની ચિતામાં જલીને ધૂપસળી બની ગયું. આજે પણ તેની સુવાસ ચોમેર પ્રસરેલી છે.

''જીવન મિલના ભાગ્યકી બાત હૈ, મૃત્યુ હોના સમયકી બાત હૈ, પર મૃત્યુ કે બાદ ભી લોગો કે દિલમેં જિવિત રહના કર્મોકી બાત હૈ.'' ઉદાર ભાવના અને શુભ કાર્યો દ્વારા દેવકરણ શેઠ લોકોના દિલમાં સમાઈ ગયા છે. ધર્મ અને શિક્ષણના ક્ષેત્રે તેમણે કરેલાં કાર્યો અને તેમનું યોગદાન અજરઅમર રહેશે. આ મહામાનવને કોટિકોટિ વંદના... ❑❑❑

મો. ૯૩૨૨૨૭૪૭૮૯

## ગાંધી વાચનયાત્રા

# નવી પેઢીએ વાંચવા જેવું પુસ્તક 'ઈન્ડિયા આફ્ટર ગાંધી'

ડૉ. સોનલ પરીખ

૨૦૦૩માં ભારતીય દૂતાવાસમાંથી નિવૃત્ત થઈ અમેરિકા જતી વખતે અમેરિકન એલચી રોબર્ટ બ્લેકવિલે કહ્યું હતું, ''વિવિધતાઓથી ભરેલી પ્રજા, લોકશાહી શાસન, સાંસ્કૃતિક વૈવિધ્ય અને કોમી પ્રશ્નો - ભારતમાં એ બધું જ છે, જે એક બુદ્ધિજીવીને પડકાર આપે... ભારતને ફરી ફરી તલાશવા માટે હું આ દેશમાં દસ વાર જન્મ લઉં તો કેવું સારું!''

ભારતના આજના ગાંધીસ્કોલર અને ઈતિહાસવિદ્ રામચંદ્ર ગુહાએ પોતાના પુસ્તક 'ઈન્ડિયા આફ્ટર ગાંધી'માં આ વાત લખી છે. જાણે ભારતને ફરી ફરી શોધવા-સમજવાની એમની પોતાની જ ઈચ્છાનો પડઘો ન હોય એવું આ દળદાર પુસ્તકમાંથી પસાર થયા પછી ચોક્કસ લાગે.

પુસ્તકનું શીર્ષક સૂચવે છે તેમ એમાં ગાંધી પછીના ભારતની વાત છે જેમાં સ્વાતંત્ર્ય પહેલાના અને સ્વાતંત્ર્ય પછીના બંને ભારતને સમજવાનો પ્રયત્ન થયો છે.

લેખક કહે છે, ''જ્ઞાતિ, ભાષા અને ધર્મ - આ ત્રણે પ્રશ્નોએ ભારતનો કબજો લીધેલો હતો અને આજેય લીધેલો છે. ભારતનો આખો ઈતિહાસ આ ત્રણ ધરીઓ પર ફર્યો છે. ઉપરાંત સાંસ્કૃતિક વૈવિધ્ય, ગરીબી અને અજ્ઞાન. આટલી બધી વસ્તી અને મોટો વિસ્તાર. દુનિયાના ૧૩૫ લોકશાહી દેશોમાં ભારતની લોકશાહી સૌથી વધુ મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કરી રહી છે.''

એમના મતે ૧૯૪૭ સુધીનો ભારતનો સમય લોકશાહી નામના એક રાજકીય સાહસનું સ્વપ્ન જોવાનો હતો. અમેરિકન અને ફ્રેંચ ક્રાંતિએ લોકશાહીના ખ્યાલને વિશ્વ સમક્ષ મૂક્યો ત્યારથી ભારતે આ સ્વપ્ન જોયું હતું. તેને સાકાર કરવાના દરેક પ્રયત્નમાં ગાંધીની રાહબરી નીચે પ્રજાના દરેક વર્ગે કમર કસી હતી. અદ્ભુત ઊર્જાનો જાણે વિસ્ફોટ થયો હતો. આ પ્રયાસોને કેટલીય વાર ઘોર નિષ્ફળતા પણ સાંપડી હતી. લોકશાહીનો ખ્યાલ ભલે પશ્ચિમમાંથી આવ્યો પણ સ્થાનિક માનસિકતાઓ અને પરિસ્થિતિઓ વચ્ચે તેને અમલી બનાવવામાં આપણા દેશના નેતાઓએ કેવી મથામણ કરી છે? ક્યાં પાછા પડયા છે? જનસામાન્યએ શું પ્રાપ્ત કર્યું છે? શું ગુમાવ્યું છે? લોકોની ભૂમિકા લોકો સમજ્યા છે? આ બધા પ્રશ્નોની છણાવટ કરતા લેખક જણાવે છે કે અમેરિકન અને ફ્રેંચ ક્રાંતિ પર કે પશ્ચિમની લોકશાહી પર ખાસ્સું સંશોધન થયું છે, અનેક પુસ્તકો લખાયાં છે; જ્યારે ભારતની લોકશાહી વિરાટ અને જટિલ હોવા છતાં તેનો અભ્યાસ થવો જોઈએ તેવા પ્રયત્ન થયા નથી. આપણો ઈતિહાસ પણ સ્વાતંત્ર્ય અને ભાગલા સુધી આવીને અટકી જાય છે. લોકો પણ તેનાથી આગળ જતા નથી. ઈતિહાસ અહીં અટકે છે તે પણ બરાબર નથી - પણ રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર - પોલિટિકલ સાયન્સ અને સોશ્યલ સાયન્સે પોતાની ક્ષિતિજો વિસ્તારવી જ જોઈએ. ૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટની મધરાતે ઈતિહાસ પૂરો થયો હોય તો ભલે પણ રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનો તો એ ઘડીએ પ્રારંભ થયો છે એ ભૂલવું ન જોઈએ.

બ્રિટિશ શાસન ગયું એ પછી ગણતરીના મહિનાઓમાં બ્રિટિશ શાસનના સૌથી મોટા વિરોધી મહાત્મા ગાંધી પણ ગયા. દેશના લોહિયાળ ભાગલા, કોમી વિખવાદનો અંત ન હતા.

સ્વતંત્રતા, વર્ગવિગ્રહનો અંત આણી શકી ન હતી. રજવાડાઓનું વિલિનીકરણ આ બધા વચ્ચે થયું હતું. ૧૯૫૦-૬૦માં ભારતની નવી વિદેશનીતિ ઘડાઈ. આર્થિક આયોજનો થયાં. શિક્ષણનીતિ બની. બંધારણની રચના થઈ. સ્વતંત્ર, સાર્વભૌમ, ધર્મનિરપેક્ષ, પ્રજાસત્તાક રાષ્ટ્ર તરીકે ૨૧મી સદીમાં પગ મૂક્તા ભારતે પોતાની લોકશાહી સાથે કેવા પ્રયોગો કર્યા હતા? ત્યાર પછી કેવા વળાંકો આવ્યા - આ બાબતો પ્રત્યે આપણે સૌ વત્તેઓછે અંશે ઘોર અજ્ઞાનમાં રાચીએ છીએ.

પાંચ ભાગ, ૩૦ પ્રકરણ અને ૯૦૦ પૃષ્ઠોમાં રામચંદ્ર ગુહા પોતાની આગવી શૈલીથી દેશની સ્થિતિ પર, તેની સિદ્ધિઓ અને સમસ્યાઓ પર, તેની પ્રજા અને તેના નેતાઓ પર પ્રકાશ પાથરવાનો સ્તુત્ય પ્રયાસ કરે છે. ઘણી વિવિધતાઓથી ભરેલા અને ઘણા મોટા જથ્થામાં રહેલા ભારતના નાગરિકો ઘણી બધી રીતે વહેંચાયેલા પણ છે. તિરાડોની સંખ્યા અને કદ વધતાં ચાલ્યાં છે, જો આંખો નહીં ખોલીએ તો અથડામણો થશે. આ અથડામણો સિવિલ વૉર સુધી પહોંચશે, એવું ભવિષ્ય કેટલાક લોકો ભાખે છે. આ સંજોગોમાં ૨૦૧૨માં પ્રગટ થયેલું પુસ્તક 'ઈન્ડિયા આફ્ટર ગાંધી' મહત્ત્વનું છે.

આ પુસ્તક પહેલાં લેખકે 'ગાંધી બિફોર ઈન્ડિયા'માં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ અને તેને લીધે એક ઘડાયેલા મૌલિક નેતા તરીકે ઊભરી આવેલા ગાંધીનો અભ્યાસ કર્યો હતો. તાજેતરમાં પ્રગટ થયેલું 'ગાંધી' - ધ યર્સ ધેટ ચેન્જડ ધ વર્લ્ડ' પુસ્તક ભારતમાં ગાંધીના સ્વાતંત્ર્યસંગ્રામનાં વર્ષો ૧૯૧૫-૧૯૪૮ને વર્ણવે છે. ત્રણે પુસ્તકો લગભગ ૧૦૦૦ પાનાં (દરેકનાં)નો વ્યાપ ધરાવે છે. સંદર્ભ તરીકે ખૂબ ઉપયોગી છે અને રસપૂર્ણ તેમ જ બૌદ્ધિક અપીલ ધરાવનારાં પણ છે. નવી પેઢીએ આ પુસ્તકોમાંથી પસાર થવું જ જોઈએ. તો જ પોતાનાં મૂળિયાં પકડાશે. સંદર્ભો સમજીએ નહીં ત્યાં સુધી પોતે વિશ્વમાં, દેશમાં ને વ્યક્તિગત રીતે કેમ પગલું મૂકવું એનો સાચો ખ્યાલ આવે નહી.'

('ઈન્ડિયા આફ્ટર ગાંધી' - ધ હિસ્ટ્રી ઑફ ધ વર્લ્ડસ લાર્જેસ્ટ ડેમોક્રસી : રામચંદ્ર ગુહા પ્રકાશક : પિકાડોર ઈન્ડિયા
પૃષ્ઠ : ૮૯૮ + ૨૫ મૂલ્ય : રૂા. ૭૦૦/-)

❑❑❑

સંપર્ક - મો : ૯૮૩૩૭૦૮૪૯૪

# છાબમાં પગરખાં

**ગુલાબ દેઢિયા**

છાબમાં તો ફૂલો હોય, રેશમી વસ્ત્રો હોય, આભૂષણો હોય, મીઠાઈ હોય; પગરખાં!? પગરખાંને તે કોઈ છાબમાં મૂકે ખરું? ભૂલ થાય છે. કંઈક કાચું કપાયું છે.

મનમાં હતું કે પગરખાંને કોઈ આદરમાન આપે તો કેવું સારું લાગે! એ વાત જોઈ રમેશ સોનીના ૨૦૧૮ના કેલેન્ડરમાં રબારી જ્ઞાતિના લગ્નના ફોટોગ્રાફ્સ છે. રંગબેરંગી વસ્ત્રો, હસતા ચહેરા, મહેનતકશ માનવીઓનો મેળો જામ્યો છે. ચહેરા પર હીર છે. એક છબીમાં ચાર-પાંચ પુરુષો છાબ લઈને ઊભા છે. છાબમાં વસ્ત્રો છે, સાથે પગરખાં રૉફથી શોભી રહ્યાં છે. રંગબેરંગી મુલાયમ ફૂમતાંવાળાં, સજાવેલાં, ભારેખમ, રૂઆબદાર પહોળાં-લાંબા મોટાં પગરખાં મૂક્યાં છે. શું સજાવટ છે! છાબ ખીલી છે. આદર તે આનું નામ! મન મલકી ઊઠે.

અવઢવ તો એ છે કે પગરખાંને તે કોઈ છાબમાં માનભેર મૂકે શા માટે? તે પણ લગ્નના રૂડા અવસરે! માનભેર આપલે કરે. દાગીનાં વસ્ત્રો જેવો જ દરજ્જો આપે. સૌ કૌતુકથી છાબને નિહાળી રહ્યા છે.

હા, આ પરંપરા છે. એક દૃષ્ટિ છે. કદર કરવાની આવડત છે. આપણે તો પગરખાંને, પાદત્રાણને વગોવ્યાં છે. અવગણ્યાં છે. બહાર મૂક્યાં છે. લાભ પૂરો લીધો છે પણ ગરજ પૂરતો જ. કોઈ તરફ પગરખાં ઉગામ્યાં પણ છે.

હતો એક ભાઈ, ભરતે શ્રીરામની પાદુકાની પૂજા કરી. રાજસિંહાસને બિરાજમાન કરી એ નમ્રતા, એ વિવેકને આપણે તો દંતકથા જ માનીએ ને!

મને તો આ ગમ્યું. રબારી, ભરવાડ, ગોવાળ, ખેડૂત કોઈ પણ મહેનતકશ માનવીનું જીવન જુઓ. આ જોડાં રક્ષણહાર છે, ત્રાતા છે. શિરત્રાણની જેમ એ પાદત્રાણ છે. ઠોકર, કાંટા, કાંકરા, ટાઢ-તડકા બધાથી બચાવે. પોતે સહી લે. પગને ચાલતા રાખે.

ઘરે મહેમાનો પધારે છે ત્યારે ઘર લહેરમાં આવી જાય છે, ખીલી ઊઠે છે. ઘર મહેમાનોથી ગાજતું હોય ત્યારે દરવાજા બહાર પગરખાંની મહેફિલ જામે છે. તડાકા મારે, હસે, રમે, બધું કરે. નાનાં-મોટાં, નવાં જૂનાં, રંગબેરંગી પગરખાં પોતપોતાની સફરના સંભારણા વર્ણવે. ગોઠવેલાં, ઊભડક પડેલાં, આડાઅવળાં પગરખાં ખરાં શોભે છે. દરવાજાના તોરણનું પ્રતિબિંબ જોઈ લો. મૉજનો મેળાવડો જાણે!

એક દિવસ એવો અભ્યાસ પણ થશે, કોઈ કહેશે : તમારા ઘરનાં પગરખાંની પોઝિશન દેખાડો, તમારું વ્યક્તિત્વ કહી દઈશ, તો....!

ગાંધીજીએ એક અંગ્રેજ અધિકારીને પોતે જાતે ઘડેલાં પગરખાંની અમૂલ્ય ભેટ આપી હતી. બન્ને પક્ષે કેવો ભાવ હશે!

એક સભાખંડમાં સભા ભરાણી હતી. શ્રોતાઓ પોતાનાં બૂટ ચંપલ બહાર ઉતારીને જતા હતા. સંતનું વ્યાખ્યાન હતું. સંત આવ્યા. પગરખાં ઉતારી સભાખંડમાં ગયા. એક સન્નારી જેને સંતની ચરણરજ લેવી હતી પણ તે તો શક્ય નહોતું. એ ભક્તહૃદયાએ સંતનાં પગરખાંને હળવેથી પોતાના પાલવથી લૂછીને પાછા મૂકી દીધાં. કોઈને ખબર ન પડી, ન પડવા દીધી. એ તૃપ્તિનો ભાવ મુખ પર છલકાતો હતો.

નદીકિનારે, દરિયાકિનારે, બાગબગીચામાં મોજમાં આવી પગરખાંને હાથમાં ઉપાડી ચાલતો માણસ નોખો લાગે છે. તે વખતે હાથની શોભા વધી જતી હશે.

છાબમાં મૂકેલા પગરખાં વરરાજા પહેરશે. પોતાના રોજબરોજના કામમાં પરોવાતો જશે. કામ પૂરાં કરી ઘરે આવશે. એ વજનદાર પગરખાંનો અવાજ ઓળખી નવવધૂ ઘરનાં કામ અધૂરાં છોડી દરવાજે દોડી આવશે. પગરખાંના ફૂમતાંને પવન રમાડશે.

મંદિર સુધી સહીસલામત દોરી જતાં પગરખાં ભલે મંદિર બહાર પોરો ખાય પણ મંદિરનો ઘંટારવ, ભજનના સ્વર, ભક્તજનનો ચરણસ્પર્શ, સવારનો કૂણો તડકો બધું જ પગરખાંને સોગાદમાં મળે છે. મંદિરમાં ગયેલો માણસ થોડો પ્રભુમય પાછો ફરે તો પગરખાં તો ધન્ય ધન્ય થઈ જાય છે.

મને હજી છાબમાં બિરાજમાન થયેલાં પગરખાં દેખાય છે. મન રાજી રાજી થઈ જાય છે. આદર વસ્તુ જ અનેરી છે. તુચ્છ કયાં કશું છે! પોતાને સ્થાને રહીને જ ભૂમિકા સારી રીતે ભજવે તે પ્રશંસનીય

જ છે.

સફરનાં ઘણાં સંભારણાં પગરખાં પાસે પણ હોય છે. હાથ ફેરવીને, પંપાળીને સાંભળી શકાય છે. પ્રવાસને સુખદ બનાવનાર, પગના રક્ષક પગરખાં ગરવાં છે.

❑❑❑

૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર,
ચાર બંગલા, અંધેરી (પ.) મુંબઈ - ૫૩.
મો. ૯૮૨૦૬૧૧૮૫૨

# વિદાય વેળાએ

**નટવરભાઈ દેસાઈ**

**ઘ**ણાં વર્ષો પહેલાં એક પિક્ચર આવેલું જેનું નામ ''મેલા'' હતું. તેમા દિલીપકુમારે કામ કરેલ અને ગાયક કલાકાર હતા મહમ્મદ રફી અને સંગીતકાર હતા નૌશાદજી. એ ગીત વર્ષો પહેલાં સાંભળેલું તે હજી સુધી મારા કાનમાં ગુંજી રહેલ છે. તે ગીતમાં આપણા સૌની વિદાય વેળાની વ્યથા લખેલ છે. જ્યારે આ બધી જ મોહમાયા અને સ્વજનોને છોડી જવાનો વખત આવે ત્યારે ગમે કે ન ગમે પણ તે જીવનની વાસ્તવિકતાને રાજીખુશીથી સ્વીકારવી જોઈએ તે આપણે સૌ જાણીએ છીએ. માણસ જન્મે ત્યારથી સંબંધોના તાણાવાણામાં ગૂંથાયેલો હોય છે ત્યાર પછી ઉત્તરોત્તર તેમાં વધુને વધુ ગૂંથાતો જાય છે અને તેમાં જીવનના છેલ્લા શ્વાસ સુધી ડૂબેલો રહે છે. સંસારની મોહજાળ અને સંબંધોમાં રંગાયેલો રહે છે. ઘણી વખત આ સંબંધો મૂંજવે છે તથા આપણે તેનાથી નિર્લેપ રહેતા નથી તે છોડીની જવાનો વખત આવે ત્યારે તેનો અફસોસ થાય તે સ્વાભાવિક છે. કારણ મોહમાયાના સંબંધ અનાસક્ત ભાવે જોવા તે બહુ કઠિન કામ છે. પરંતુ તેમાં ડૂબેલા હોવા છતાં જો થોડો નિર્લેપભાવ કેળવીએ તો વિદાય વેળાએ વિશેષ દુઃખ ન થાય. ગીતામાં ''ત્યેન ત્યક્તેન ભુંજિયા'' તે સંદેશ આપવામાં આવેલ છે અને તમે ત્યાગીને ભોગવો તેમ કહેવામાં આવેલ છે અને તે પ્રમાણે કરો તો તેને છોડતી વખતે બિલકુલ દુઃખ ન થાય. આવે વખતે વ્યક્તિ આ સંસારના મેળામાં ગૂંથાયેલી હોય અને તેના રંગરાગમાં ડૂબેલી હોય તો સ્વાભાવિક છે તેને લાગે કે આ સંસારમાં આનંદના મેળા ચાલુ રહેવાના છે. પરંતુ તેમાં આપણી હાજરી નહિ હોય તેનો તેને અફસોસ થાય છે. તેને ખબર હોવી જોઈએ કે દુનિયાદારીની બધી વસ્તુઓ ક્ષણભંગુર છે, કાંઈ શાશ્વત નથી અને આ આનંદ મેળા પણ વહેલા કે મોડા પૂરા થાય છે. એટલે તે પણ શાશ્વત નથી. આ સમજણ આવે તો તે છોડવાનો અફસોસ ન થાય અને વ્યક્તિ આનંદપૂર્વક વિદાય થાય. પહેલાના વખતમાં ચિત્રપટમાં આવાં સુંદર ગીતો લખાતાં અને તેમાં ઘણું જાણવાનું તથા સમજવાનું હતું, જે વર્ષો સુધી યાદ રહી જાય. આ ગીત ખૂબ સુંદર હતું અને ગાયક કલાકાર તથા સંગીતકારે અદ્‌ભુત રીતે રજૂ કરેલ તે ગીતના શબ્દો હતા.

યે જિંદગી કે મેલે... ૨
દુનિયા મેં કમ ના હોંગે
અફસોસ હમ ના હોંગે
યે જિંદગી કે મેલે યે જિંદગી કે મેલે

દુનિયા હૈ મૌજ-એ દરિયા
કતરે કી જિંદગી કયા...
પાની મેં મિલ કે પાની અંજામ યે ફાની...૨

દમ ભર કો સાંસ લે લે...
યે જિંદગી કે...
દુનિયા મેં...
અફસોસ...
યે જિંદગી કે ...૨

હોંગી યહી બહારેં
ઉલ્ફત કી યાદગારેં
બિગડેંગી ઔર બનેગી
દુનિયા યહીં રહેગી
હોંગે યહી ઝમેલે ...૨

યે જિંદગી કે...
દુનિયા મેં...
અફસોસ...
યે જિંદગી કે... ૪

આ રીતના આ ગીતના શબ્દો છે અને તે ખરેખર સાંભળવા જેવું જાણવા જેવું, માણવા જેવું તથા જીવનમાં ઉતારવા જેવું છે અને આપણે સૌને જાગૃત કરે તેવું છે. ઈશ્વર આપણને આવી સમજણ સાથે વિદાય વેળાએ બિલકુલ દુઃખ અથવા ગભરાહટ સિવાય આપણો જીવાત્મા પરમાત્મામાં ભળી જાય ત્યારે છોડવાનું દુઃખ તથા જીવાત્મા જ્યાં જવાનો છે તે વિશે કાંઈ જાણતા નથી તેનો ભય હોય છે. પરંતુ જ્યારે આવ્યા ત્યારે ક્યાંથી આવ્યા તે આપણે જાણતા નથી તે બાબત અંધારામાં છીએ અને વિદાય પછી ક્યાં જવાના છીએ તે બાબત આપણે જાણતા નથી. એટલે તેમાં પણ અંધારામાં છીએ. અંધારામાંથી આવ્યા અને અંધારામાં જવાનું છે. જે ઘરેથી નીકળ્યા તે જ ઘરે પાછા ફરીએ છીએ તેવો જ આનંદ હોવો જોઈએ.

આપણને સૌને ઈશ્વર સદ્‌બુદ્ધિ આપે તેવી પ્રાર્થના.

❑❑❑

*૧૦૮, અરૂણ ચેમ્બર્સ,*
*તારદેવ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૩૪.*
*ફોન : (૦૨૨) ૨૩૫૨૪૬૪૯ , મો. ૯૩૨૧૪૨૧૧૯૨*

**પંથે પંથે પાથેય**

# એક અનોખો સેવાયજ્ઞ: ''रोगी मेरा भगवान''

**માલતી શાહ**

**આ** સૃષ્ટિ ઉપર એવા કેટલાક ક્રાંતદ્રષ્ટા સજ્જનો હોય છે કે જેઓ આ દુર્લભ માનવજન્મમાં પોતાને મળેલ તન-મન-ધનની સર્વ શક્તિઓ સત્કાર્યોમાં વહાવ્યા જ કરે છે. આવા અમૂલ્ય માનવરત્નોમાંનું એક નામ એટલે શ્રી મહેશભાઈ ભણશાળી. આ ભાવના સાથે તેમના દ્વારા શરૂ કરાયેલ એક અનોખા સેવાયજ્ઞમાં સામેલ થવાનો નાનકડો અનુભવ પ્રાપ્ત થયો જે અનેકને માટે પ્રેરણાસ્રોત રૂપ બની શકે તેમ છે.

પંચોતેર વર્ષીય શ્રી મહેશભાઈએ સોળ વર્ષની ઉંમરે લગ્ન ન કરવાનો નિર્ણય લઈ લીધો હતો. તેમના કુટુંબમાં થોડામાંથી થોડું કાઢીને પણ પોતે મેળવેલ ધનનો સત્કાર્યોમાં સદુપયોગ કરવાની પરંપરા હતી. ઈ.સ. ૧૯૬૭માં બિહારમાં ભયંકર દુષ્કાળ પડયો, ત્યારે શ્રી મહેશભાઈ, મિકેનિકલ એંજિનિયર, આ તકનો લાભ લઈ સેવા કરવાનો મોકો ઝડપી લીધો. તેમણે શ્રી જયપ્રકાશ નારાયણજીના માર્ગદર્શન નીચે બોધગયામાં આવેલ સમન્વય આશ્રમનાં સહયોગથી આજુબાજુનાં ગામડાઓમાં રાહતકાર્ય શરૂ કર્યું.

આ સમન્વય આશ્રમમાં, તેમના સ્થાપક વરિષ્ઠ શ્રી દ્વારકોજી સુંદરાની સાથે વાત થઈ. વાત કરતાં તેઓએ ખૂબ જ સહજભાવે જણાવ્યું કે ઈ.સ. ૧૯૫૪માં શ્રી વિનોબાજીએ તેમને બોધગયામાં રહીને લોકકલ્યાણનાં કાર્યો કરવાનો આદેશ આપ્યો અને આશ્રમની સ્થાપના થઈ.

શ્રી મહેશભાઈએ ઈ.સ. ૧૯૬૯માં ભણશાળી ટ્રસ્ટની સ્થાપના કરી અને લોકસેવાનાં કાર્ય શરૂ કર્યાં. આ ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૮૪માં સમન્વય આશ્રમના સહયોગથી સૌપ્રથમ નિઃશુલ્ક નેત્રચિકિત્સા શિબિરની શરૂઆત થઈ. આજુબાજુનાં ગામડાઓના લગભગ ૨૦૦૦ આંખના દર્દીઓએ પહેલી શિબિરનો લાભ લીધો, દર વર્ષે દિવાળી પછી લાભ પાંચમના દિવસથી યોજાતી ૩૫મી નેત્ર ચિકિત્સા શિબિર સુધીમાં લગભગ સાત લાખ દર્દીઓએ લાભ લીધેલ છે. આ શિબિર દર વર્ષે લગભગ એક મહિના માટે રાખવામાં આવે છે.

દર વર્ષે નેત્રચિકિત્સા શિબિર પહેલાં બોધગયાની આજુબાજુના ગામડાઓમાં ડૉક્ટર અને તેમના સાથી ફરીને દર્દીઓને તપાસી તેમને શિબિરમાં આવવાની તારીખ જણાવે છે. બૌદ્ધ ભિક્ષુઓ અને ભિક્ષણીઓ માટે બનાવેલ ''નિગ્મા મોનેસ્ટ્રીના ધાર્મિક ભવનનો દર્દીઓ માટે રહેવા-જમવાની તથા ડ્રેસિંગ કરવા માટે સદઉપયોગ માટે લેવાય છે. બોધગયાના સમન્વય આશ્રમમાં આવેલ નેત્ર જ્યોતિ આઈ હોસ્પિટલના સુસજ્જ ઓપરેશન થિયેટરનો પણ સદ્ઉપયોગ કરવામાં આવે છે. અહીં આવતા દરેક દર્દીની સાથે એક સહાયકને પણ રહેવા જમવાની સુવિધા આપવામાં આવે છે. સારવાર બાદ જતી વખતે દર્દીને એક થેલીમાં જરૂરી દવા-ચશ્માં વગેરે આપવામાં આવે છે. જરૂરિયાતમંદ દર્દીઓને પોતાના ગામ સુધી જવા આવવાનું ભાડું પણ અપાય છે.

મોતિયો, ઝામર, વેલ જેવા આંખના દર્દોના ઓપરેશન કરવા સર્જન ડૉક્ટર કાર્યરત રહે છે. ડૉક્ટરો પોતાની અનુકુળતા પ્રમાણે તથા અમુક ડૉક્ટરો આખો મહિનો રોકાય છે. ડૉ. કિશોરભાઈ અસનાની જેવા સેવાભાવી ડૉક્ટરો આ શિબિરની શરૂઆતથી જોડાયેલા છે. ઓપરેશનો પૂરા થઈ ગયા પછી તેનું ફોલોઅપ પણ ચાલુ રહે છે. ચાર-પાંચ ગાય વચ્ચે એક કેન્દ્ર નક્કી કરી પહેલા દસ-દિવસે અને પછી એક મહિના બાદ ડૉક્ટર અને તેમની ટીમ દર્દીઓની આંખ તપાસે છે. દવાઓ આપે છે. ત્રીજા ફોલો અપ માટે દર્દીઓ બોધગયા આવીને આંખ બતાવી જાય છે. નિગ્મા મોનેસ્ટ્રીથી નેત્રજ્યોતિ આઈ હૉસ્પિટલ સુધી જવા આવવાની વ્યવસ્થા રાખવામાં આવે છે. ભણશાળી ટ્રસ્ટ દ્વારા (૧) નારોલી (તા. થરાદ) (૨) રડાવ (તા.વાવ) (૩) બોધગયા વગેરે સ્થળોએ જીવનલક્ષી શાળાઓ ચલાવાય છે. શાળાના વિદ્યાર્થીઓ અહીં ૧૫ દિવસ કે મહિનો સ્વયંસેવક તરીકે કામ કરી અનુભવ મેળવે છે જે તેમના જીવનમાં ખૂબ જ માર્ગદર્શક બની રહે છે.

આ વિશાળ કાર્યનું આયોજન કરવામાં શ્રી તનેસિંગભાઈ સોઢા, શ્રી મનુભાઈ માળી તથા કેટલાય અનુભવી કાર્યકરોનો સતત સહકાર પ્રાપ્ત થાય છે. સમન્વય આશ્રમમાં રહેતી કન્યાઓ દ્વારા આ શિબિરનું ઉદ્ઘાટન કરવામાં આવે છે.

શ્રી મહેશભાઈ યુવાનવયથી સ્પષ્ટપણે એ સમજણ ધરાવતા કે શિક્ષણ અને આરોગ્ય આ બે બાબતની કમી, વ્યક્તિ, કુટુંબ, સમાજ અને અંતે રાષ્ટ્રના વિકાસમાં અવરોધરૂપ બને છે. શિક્ષણ દ્વારા પાયાના જીવનમૂલ્યોનો વિકાસ થાય તે માટે નારોલી, ટડાવ, બોધગયા જેવાં સ્થળોએ શાળાઓની સ્થાપના કરી સમાજના બાળકોને કેળવવાના પ્રયત્નો કર્યા. તેવી જ રીતે નિઃશુલ્ક નેત્ર ચિકિત્સા શિબિર જેવી આરોગ્યલક્ષી પ્રવૃત્તિ દ્વારા સમાજને આંખની રોશની પ્રાપ્ત કરવામાં ઘણો મોટો સહયોગ આ ટ્રસ્ટ દ્વારા મળ્યો.

આ વર્ષે ૩૬મી નિઃશુલ્ક નેત્રચિકિત્સા શિબિરના સાતેક કરોડના ખર્ચ માટે નીચેની ૬ સંસ્થાઓનો ઉદાર આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. (૧) મેસર્સ મહેન્દ્ર બ્રધર્સ એન્ડ પરીખ ફાઉન્ડેશન મુંબઈ

(૨) મેસર્સ જ્વેલેક્ષ ઈન્ડિયા પ્રા લિ. મુંબઈ (૩) શ્રી કનુભાઈ બી. શાહ (મેસર્સ કે. વી. એસ ડાયમંડ ગ્રુપ) મુંબઈ (૪) સ્વ. શ્રીમતી અનિતાબેન દિલીપભાઈ ઠક્કર, બેલ્જિયમ (૫) શ્રીમતી શકુન્તલાબેન બી. મહેતા (મેસર્સ એચ. દીપક એન્ડ કંપની મુંબઈ અને (૬) ભણશાળી ટ્રસ્ટ મુંબઈ.

આ ઉદ્દમી નેત્રચિકિત્સા શિબિરમાં હાજર રહેવાનો લાભ મને અને મારા જીવનસાથી શ્રી કિશોરભાઈ શાહને મળ્યો, તેનું સઘળું શ્રેય ગાંધીવાદી શિક્ષણકાર્ય કરી ચૂકેલ એવા શ્રી મનુભાઈ શાહને જાય છે. અમે ''રોગી મારા ભગવાન છે'' તેવો આ સેવાયજ્ઞ ખૂબ જ નજીકથી જોઈ શક્યા.

❑❑❑

૨૨, શ્રીપાલ ફ્લેટ્સ્ટ, દેરી રોડ, કૃષ્ણનગર
ભાવનગર - ૩૬૪૦૦૧
ફોન નં. ૯૮૨૪૮૯૪૬૬૯

**જીવન ચણતરની વાતો**

# સ્વયં સ્વસ્થ બનો અભિયાનના મારા સુખદ પ્રેરણાદાયી અનુભવો...

**ડૉ. શૈલેશ કે. શાહ**

Slow, Steady, Controlled, Conditioned, Attractive, Rhythmic, Pleasurable, Least exerting - મંદ, સુસ્થિર, સુનિયંત્રિત, સુબદ્ધ, આકર્ષક, લયબદ્ધ, આનંદદાયક/ સુખકર, પરિશ્રમ રહિત....

વાચક મિત્રો, ઉપરોક્ત શબ્દો મધુર સ્વરે સાંભળવા છે? તો, આવો, મૈત્રીની યાત્રા લઈને ભારત ભ્રમણે નીકળેલ મૃદુભાષી, રાષ્ટ્ર અને પર્યાવરણ, પ્રેમી, સૌમ્ય અને શિસ્તબદ્ધ સ્વભાવી, યોગ અને પ્રાકૃતિક ચિકિત્સાના ગહન અભ્યાસી ડૉ. ગીતાબેન જૈનના સથવારે...

હું સને ૧૯૮૭ થી ભચાઉ (કચ્છ) ખાતે ખાનગી તબીબી વ્યવસાય કરૂં છું. સને ૨૦૦૧ના ભયાનક ભૂંકપ પછી સન ૨૦૦૪માં બાળકોના અભ્યાસાર્થે ગાંધીધામ રહેવા જવાનું થયું. અમે શ્રી કેતનભાઈ દેઢીયાના મકાનમાં ઉપરના માળે રહેતા. વ્યવસાય ભચાઉ જ હતો. હું રોજ આવ જા કરતો. સને ૨૦૦૮ના જાન્યુઆરી માસમાં મને કેતન ભાઈએ કહ્યું. ડૉ. સાહેબ, આપણે ત્યાં યોગ શિબિર થાય છે. તેમાં જોડાઓ. તેનું બેનર દેરાસરમાં લાગેલ છે. ''મેં કેતનભાઈને જવાબ આપ્યો, કેતનભાઈ, હું શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલયનો વિદ્યાર્થી છું. મેં ત્યાં ધો. ૬થી ૧૨ સુધી અભ્યાસ કર્યો છે. દરરોજ સવારે એક કલાકનો સમય નિયમિત રીતે વ્યાયામ, કસરત, યોગ અને વિવિધ રમતો માટે ફરજીયાત હતો. ત્યારબાદ રોટરી ક્લબ, ભચાઉ દ્વારા બે વાર અલગ અલગ યોગગુરુઓની શિબિરનું આયોજન કરેલ છે. શ્રી રામદેવજી મહારાજની શિબિરમાં પણ બે વાર હાજરી આપેલ છે. હું લગભગ વર્ષના ચાર-પાંચ માસ કસરત તથા આસનો કરૂં છું.'' કેતનભાઈએ વળતો વાર કર્યો, આપે ભલે ગમે તેટલી શિબિર ભરી હોય, આ ડૉ. ગીતાબેન જૈનની મનોયોગના અભ્યાસની શિબિર છે. બે દિવસ આવો. આપને મજા ન આવે, તો આવવાનું બંધ કરી દેજો.'' મારા જ આશ્ચર્ય વચ્ચે મેં પુરા દશદિવસ શિબિર ભરી. ભચાઉ રોજ અડધો કલાક મોડો પહોંચતો. છતાં શિબિર પુરી કરી. મારો કસરત અને શરીરના વ્યાયામ પ્રત્યેનો આખો અભિગમ બદલાઈ ગયો. વર્ષમાં ચાર-પાંચ માસ કસરત અને યોગ કરતો, હવે નિયમિત યોગ અને પ્રાણાયામનો અભ્યાસી બની ગયો છું. મને જે ગમ્યું અને અદ્ભુત લાગ્યું. તેનો લાભ ભચાઉના નગરજનોને પણ મળે તેવી વ્યવસ્થા ગોઠવવા મનોમન દૃઢ સંકલ્પ કર્યો. મને વિદ્યાર્થી કાળથી કવિશ્રી મકરંદ દવેની નીચેની પંક્તિ હૃદયસ્થ થઈ ગઈ છે.

''ગમતાનો કરીએ ગુલાલ રે, ગમતાને ગુંજે નવ ભરીએ કે.''

મારા અવિસ્મરણીય અનુભવ અને દુર્લભ એવું યોગનું સ્પષ્ટ અને સચોટ જ્ઞાન અને માર્ગદર્શન જે મને મળેલ તેની વાત મેં મારા રોટરીના તથા અન્ય નજીકના મિત્રોને કરી. ભચાઉ ખાતે આપણે ડૉ. ગીતાબેનની યોગાભ્યાસની શિબિરનું આયોજન કરીએ તેવી વાત કરી. તો મને જવાબ મળ્યો, ''આપણે અહીં બે વાર યોગ શિબિરનું આયોજન કરેલ છે. માંડ ૧૫ થી ૨૦ સભ્યો થાય. વળી પછી તેને કોઈ ચાલુ તો રાખતું નથી,'' મેં કહ્યું, ''ડૉ. ગીતાબેન એક અલગ જ પદ્ધિતિથી અભ્યાસ કરાવે છે. વ્યક્તિગત ધ્યાન આપે છે. ગાંધીધામ હવેના વર્ષે પણ શિબિર થવાની છે. તમે તેમાં મારી સાથે જોડાઓ. આપને ગમે અને યોગ્ય લાગે તો આપણે અહીં આયોજન કરીશું.''

સન ૨૦૦૪ ના ઑગસ્ટ માસમાં મારે ભચાઉ પાછા રહેવા આવી જવાનું થયું. સન ૨૦૦૯ ના જાન્યુઆરી માસમાં ફરી ગાંધીધામ ખાતે શિબિરનું આયોજન થયું. મારૂં જ્ઞાન વધુ પ્રબળ બને અને મારી વાતમાં મારા સાથી મિત્રોનો વિશ્વાસ બેસે તે માટે મેં સાથી મિત્રોને લઈને ગાંધીધામ શિબિરમાં જવાનું વિચાર્યું. પરંતુ વહેલી સવારે પાંચ વાગ્યે ગાંધીધામ જવા મારા કોઈ મિત્રોએ મને સાથ ન આપ્યો. મેં તેમને કહ્યું, ''તમારે કશું જ ગુમાવવાનું નથી. મારી સાથે ગાડીમાં આવવાનું. અને તમારા ધંધાના સમયે બરાબર ૯ વાગ્યે હું આપને પરત લઈ આવીશ. તમે માત્ર જુઓ અને અનુભવો, તો મારી વાતમાં આપને વિશ્વાસ બેસશે. પરંતુ વહેલી સવારે પાંચ વાગ્યે ઉઠવા માટે કોઈ મિત્રો તૈયાર ન થયા. મેં તો

મનોમન એકલા જ જવાનું નક્કી કરી લીધું.''

ભચાઉથી ગાંધીધામ ૩૫ કિ.મી. થાય. વહેલી સવારે રોજ એકલા ગાડી લઈને જવું, ઉંઘ આવી જવાના ભયે વ્યાજબી ન લાગતાં એસ.ટી. બસમાં જવાનું નક્કી કર્યું. રોજ સવારે ૩.૪૦ વાગ્યે ઉઠી જઈ, પ્રાતઃ ક્રિયા પતાવી, પાંચ વાગ્યાની બસમાં નીકળતો. ગાંધીધામ ખાતેના મારા મિત્રો મને સવારે એસ.ટી.બસ સ્ટેન્ડ લેવા આવે. શિબિરના સ્થળે રોજ બરાબર ૬.૦૦ વાગ્યા પહેલાં એક પણ દિવસ મોડા પડયા સિવાય પહોંચી જતો. ૮.૩૦ વાગ્યે શિબિર પુરી થાય એટલે મારા મિત્રો મને બસ સ્ટેન્ડ મુકી જાય. બરાબર ૯.૩૦ વાગ્યે સીધો મારા ક્લીનિક પર પહોંચી જતો. સવારનો નાસ્તો ઘેરથી મંગાવી દવાખાને જ કરી લેતો. બીજી શિબિરમાં હાજરી આપ્યા પછી ડૉ. ગીતાબેન જૈન પાસે ભચાઉ ખાતે જાન્યુઆરી, ૨૦૧૦ માં શિબિરનું આયોજન કરવા માટે સંમતિ લઈ લીધી.

વાચક મિત્રો, આટલી લાંબી વિગતવાર વાત કરવા પાછળનો મારો આશય એ છે કે શિબિરમાં મળતું જ્ઞાન કેટલું અદ્‌ભુત, સચોટ અને પદ્ધતિસરનું હશે કે આટલી તકલીફો વચ્ચે પણ શિબિરમાં જવાની મારી ઇચ્છા પ્રબળ થઈ. મારી પોતાની ઇચ્છા માત્ર પ્રબળ થઈ એટલું જ નહિં, પરંતુ જો ભચાઉમાં આ શિબિર થાય તો, ઘણા બધા લોકોને તેનો લાભ થશે તેવો મારો વિશ્વાસ દૃઢ બન્યો.

ડૉ. ગીતાબેન જૈનની ''યોગ પ્રશિક્ષણ અને પ્રાકૃતિક જીવન જાગૃતિ શિબિર'' ૧૦ દિવસની હોય છે. રોજ અઢી ક્લાક હોય. તેમાં મહર્ષિ પાતાંજલિએ બતાવેલ ''અષ્ટાંગ યોગ'' નો ગહન અને વિસ્તૃત અભ્યાસ કરાવવામાં આવે છે. રોજ કરવા જેવા જરૂરી આસનોનું આબેહુબ નિદર્શન આપીને એમના સહયોગી એવા મિલનસાર સ્વભાવી, સેવાના ભેખધારી શ્રી દિપકભાઈ જાનીન પ્રત્યક્ષીકરણ દ્વારા સાધકોને જાતે કરાવવામાં આવે છે. પ્રાણાયામનો પણ ઊંડો અભ્યાસ કરાવવામાં આવે છે. પ્રાકૃતિક ચિકિત્સાની સમજ સાથે સહેલાઈથી થઈ શકે તેવા ઘરેલુ નુસખાઓની માહિતી પણ આપવામાં આવે છે. યોગાસન, પ્રાણાયામ સાથે ક્રિયા, બંધ, મુદ્રા, ધારણા, ધ્યાનનો અભ્યાસ પણ કરાવવામાં આવે છે. આપણને ક્યાંય ન મળ્યું હોય તેવું ઉપરોક્ત તમામ વિષયોનું અદ્‌ભુત જ્ઞાન આ શિબિરમાં મળે છે. મન અને શરીરનું મિલન (યોગ) કરાવવામાં આવે છે. જૈન ધર્મમાં યોગની મહત્વતા આપણા શાસ્ત્રકારોએ દર્શાવી જ છે. આપણા સૌ તિર્થંકરો પણ ધ્યાનના બળે જ આગળ વધ્યા હતા. જન્મે જૈન, ડૉ. ગીતાબેનમાં આ ધર્મભાવના અને આધ્યાત્મિક યોગદર્શન ગળથુથીમાં જ મળેલ હોઈ, એમની સાથે કરવામાં આવતો યોગાભ્યાસ ગજબનો આત્મવિશ્વાસ જગાવી જાય છે.

મારા ગાંધીધામ ખાતેના શિબિરના અનુભવને જૈન ધર્મની દ્રષ્ટિએ આ રીતે મુલવી શકું. આ સમગ્ર શિબિરને દશ વસીય સાધર્મિક સ્વામિવાત્સલ્ય ભક્તિ મહોત્સવ તરીકે સરખાવી શકાય. આ શિબિર જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા જૈનો માટે આયોજીત કરવામાં આવી હતી. સવારમાં ભાઈઓ અને બહેનો માટે, બપોરે માત્ર બહેનો માટે તથા રાત્રે સામાજીક સમસ્યાઓ પર ચર્ચા સભા તથા સંવાદ સભા. જેમ ત્રણેય ટાઈમના ભોજનમાં અલગ અલગ વાનગીઓ હોય છે, તેમ તેમણે પણ શિબિર માં ત્રણેય ટાઈમ અલગ અલગ વિષયો પર માર્ગદર્શન આપ્યું. દશે દિવસ ત્રણેય ટાઈમનું સુવ્યવસ્થિત 'મેનુ' પણ તેમણે જ બનાવ્યું. બધા જ સ્વાદ અને બધા જ રસને આવરી લેતા વિષયો જેવા કે યોગ, પ્રાણાયામ, આસનો, હળવી કસરતો, સ્વાસ્થની ચાવીઓ, અનુભવની વાતો, પ્રેરણાદાયક દૃષ્ટાંતો, વ્યક્તિત્વ વિકાસની વાતો, સદાચાર અને મૈત્રીની વાતો વિગેરે વણી લીધા. તેમણે દરેક સાધકપાસે જઈને તે વાનગીઓ વ્યક્તિગતરૂપે પીરસી. દરેકને ગમી છે કે નહીં તે પણ જોયું. કોઈને જરૂર કરતા વધારે ન ખવાઈ જાય તેનું પણ ધ્યાન રાખ્યું. જેમ કે શરીરની શક્તિ મુજબના જ આસનો કરવા, આસાનીથી થઈ શકે તેટલીસ્થિતિ સુધી જ સંબંધિત આસન કરવું. કોઈ એઠું નથી મુકતું ને દરેક થાળી ધોઈને પીએ તેવો આગ્રહ રાખ્યો. જેમકે જેટલા પણ આસન કરો તેટલા બરાબર લયબદ્ધ, સુયોગ્ય ક્રમમાં અને સુવ્યવસ્થિત કરવા, દરેક ક્રિયા પૂર્ણ કરવી. કોઈ ક્રિયા આડેધડ - જેમ તેમ કરીને પૂર્ણ ન કરી દેવી. આવો સુંદર ભક્તિ મહોત્સવ માણવાનો આલ્હાદક લ્હાવો મળ્યો.

ભચાઉ ખાતે જાન્યુઆરી ૨૦૧૦થી શરૂ કરીને આજ સુધી સમયાંતરે ૧૩ શિબિર થઈ. છેલ્લે તા. ૧૬ થી ૨૫ ડીસેમ્બર, ૨૦૧૮માં આ યોગ શિબિર થઈ. પહેલી શિબિરને બાદ કરતાં લગભગ શિબિરમાં ૨૫૦થી ૨૭૦ ભાઈ-બહેનોની સંખ્યા હોય છે. જે શિબિર પુરી થાય ત્યારે જ આગામી શિબિરની તારીખ નક્કી થઈ જાય છે. છેલ્લા ઘણા વર્ષોથી કમુરતાની ડીસેમ્બર મહિનાની ૧૬ થી ૨૫ તારીખ નક્કી જ કરી લીધી છે. જેથી કોઈને લગ્ન જેવા પ્રસંગો નડે જ નહિં. ભચાઉમાં ઘણા બધા લોકો યોગાભ્યાસના કાયમી અભ્યાસી બની ગયા છે. દરેક શિબિરમાં જુના શિબિરાર્થીઓની પ્રેરણાથી જ નવા નવા ઘણા લોકો લાભ લઈ રહ્યા છે.

વાચક મિત્રો, આપ જો કોઈ સ્વયંસેવી સંસ્થા, મંડળ, સંગઠન કે ધાર્મિક સંસ્થાના હોદેદાર કે સભ્ય હો તો આપને ડૉ. ગીતાબેન જૈન કે જે નિઃસ્વાર્થ ભાવે યોગાભ્યાસ કરાવે છે તેમની શિબિરનું આયોજન કરવા માટે અપીલ કરું છું. આ પણ તેમાં જોડાઓ અને આપના સગા-સંબંધી, મિત્રો, હિતેચ્છુઓને જોડાવવા માટે અચૂક પ્રેરણા આપો. તેમની તેર શિબિર કર્યા પછી આપને ખાત્રી આપું છું કે આપ આ શિબિરમાં જેને પણ જોડાવવા માટે પ્રેરણા આપશો તે વ્યક્તિ યોગાસનને પ્રાણાયામનો નિયમિત અભ્યાસુ બની જશે

અને જીંદગીભર આપ તેમના 'કલ્યાણ મિત્ર' બની રહેશો.

ગીતાબેન જૈન - 099691 10958 (Maha.), 094065 85665 (M.P.), geeta_1949@yahoo.com

❑❑❑

શ્રીકાન્ત ક્લિનીક, કન્યા વિદ્યાલયની બાજુમાં,
ભચાઉ - કચ્છ - ૩૭૦૧૪૦
02837-223358, 098256 34836,
drskshah51@gmail.com

# પરમજ્યોતિ: પચ્ચવિંશતિકા

**મનુભાઈ દોશી**

**निरालंबं निरालारं, निर्विकल्पं निरामयम् ।।**
**आत्मनः परमं ज्योति - र्निरुपाधि निरंजनम् ।।३।।**

ભાવાર્થ - આત્માની પરમ જ્યોતિ આલંબનરહિત, આકારરહિત, વિકલ્પરહિત, રોગરહિત, ઉપાધિરહિત અને મલરહિત છે.

પરમ જ્યોતિના આ ત્રીજા શ્લોકમાં ઉપાધ્યાયજી મહારાજે ગાગરમાં સાગર ભરાય તેમ બહુ જ ટૂંકા વિશેષણો દ્વારા આત્માનો પરિચય ઉત્તમ રીતે આપેલ છે. તેને હવે વિચારણામાં લઈએ.

તેઓશ્રીએ આત્માને આલંબનરહિત કહ્યો છે અને આપણું જીવન આજીવનનો પ્રવાહ અર્થાત્ જીવનથી મૃત્યુપર્યંતની તમામ હકીકતો આપણા આ જીવનના પ્રત્યેક સમયે આલંબનસહિત જ છે. આલંબન દ્વારા જ જીવાતું જીવન છે. સ્વાવલંબનની બાબત પણ એક આલંબન જ છે. બાળક જન્મે ત્યારે માતાનું અવલંબન, પછી વિદ્યાભ્યાસ વખતે ગ્રંથો અને શિક્ષકનું અવલંબન, પત્નીનું અવલંબન, વ્યવસાય કે નોકરીનું અવલંબન, વૃદ્ધાવસ્થામાં અનેક પ્રકારના અવલંબનો, આ અને આવા અનેક અવલંબનોનો આધાર લઈ વહેતા જીવન પ્રવાહમાંથી ક્યારેક ક્યારેક સમય ફાળવીને લોકસંજ્ઞાને જાળવી રાખવા માટે વ્યક્તિ ધર્મના કોઈપણ સાધનનું અવલંબન લે છે. ચાહે ક્રિયા હોય, જપ હોય, તપ હોય કે જ્ઞાન હોય કે ધ્યાન હોય કે અન્ય કોઈપણ સાધન ભક્તિ વગેરે હોય તો તે સાધન અથવા અવલંબન એ અવલંબન જ છે. બાળકને ચાલતી વખતે ચાલણગાડીનું જેટલું અવલંબન જરૂરી છે તેટલું અવલંબન સંભવ છે કે અવલંબનરહિત આ આત્માને ઓળખવા માટે જરૂરી અને આવશ્યક ગણી શકાય. પરંતુ અવલંબનના સાધનને મુખ્ય કરી અવલંબનરહિત આત્માને ઓળખવાનો આપણો પ્રયાસ કેટલો સફળ થઈ શકે? અને શા માટે સફળ થઈ શકે? જ્યાં સુધી આંતરમન સૂક્ષ્મપણે આ સત્યનો સહજપણે સ્વીકાર ના કરી શકે ત્યાં સુધી અવલંબનરહિત એવા આ આત્માનું સ્વાનુભૂતિ દર્શન શક્ય નથી. ટૂંકમાં અનાદિથી આલંબનનો અભ્યાસ હોવાના કારણે આલંબનરહિત ભગવાન આત્માનો અનુભવ થતો નથી. આમ છતાં જ્ઞાનીઓએ આત્માનુભવમાં આલંબનરહિતપણાનો અનુભવ સહજતાથી કરેલો જ છે.

પરમ જ્યોતિના આ શ્લોકમાં ઉપાધ્યાયજી આત્માને રોગરહિત કહે છે, જ્ઞાની પુરુષોનું વક્તવ્ય કે લખાણ ઘણું રહસ્યમય અને ગૂઢ પણ હોય છે. આત્મા જ્યારે અવલંબનરહિત હોય, આકારરહિત એટલે કે, નિરાકાર હોય, અને સંકલ્પ-વિકલ્પથી રહિત એટલે કે પરમ શાંત અવસ્થામાં હોય તે બધું તો સમજાય છે પણ આત્માને રોગરહિત શા માટે કહ્યો હશે?

પોતાના કર્મબંધનના કારણે અને અજ્ઞાન દશાના કારણે કોઈપણ જીવ કર્મથી મુક્ત નથી અને જ્યાં કર્મ છે ત્યાં બંધન છે. બાવળ વાવીને આંબાની આશા રાખી ના શકાય. ઢાંકેલા કર્મનો ભેદ કોઈ જાણી શકતું નથી. પરંતુ આ જીવને જ્યારે અસાધારણ કે અસાધ્ય રોગો તેના શરીરમાં આવે છે ત્યારે તે રોગો જડ મન દ્વારા બંધાયા છે અને જડ મન અને શરીર તે પ્રાથમિક દૃષ્ટિએ ભોગવતા હોય તેમ જણાય છે, પણ ઉપાધ્યાયજી અહીં મનુષ્યને થતા શારીરિક રોગની વાત કરતા નથી. આવા રોગ તો દરેક જન્મમાં દરેક વ્યક્તિને મળે છે અને તે ભોગવે પણ છે પણ સૌથી મોટો રોગ ભવરોગ છે. અનંતકાળથી મનુષ્યનો આ કાર્યક્રમ ચાલ્યો આવે છે કે કર્મબંધનના કારણે અનંતકાળ વીત્યો પણ ભવનો અંત આવતો નથી. જાણે કે કેન્સરથી પણ આ મોટો ભવરોગ છે. જ્યાં સુધી કર્મથી રહિત જીવ ના થાય ત્યાં સુધી કર્મ બંધનમાંથી મુક્ત ના થાય. આ જીવે અનેક વખત ચારિત્ર્યગ્રહણ કર્યું, નવમાં ગૈવેયક સુધી જઈ આવ્યો પરંતુ તેના ભવરોગનો નાશ કેમ ના થયો? આત્મા રોગરહિત હોવા છતાં આ ભવરોગ કેમ હજુ ચાલુ રહે છે? તેનું રહસ્ય ખોલતા કવિરાજ એક દોહામાં જણાવે છે કે...

*'વચનામૃત વિતરાગના, પરમશાંતરસ મૂળ,*
ઔષધ જે ભવરોગના, કાયર ને પ્રતિકૂળ' - શ્રીમદ્ રાજચંદ્ર આત્મસિદ્ધિ:

આ આત્મા ત્રણેય કાળ રોગરહિત છે અને અજ્ઞાનના કારણે ભવરોગ લાગુ પડેલ છે, ત્યારે વિતરાગ પરમાત્મા શ્રી મહાવીરે કહેલાં અમૂલ્ય વચનો જે જે ભવ્ય આત્માઓના આત્મપ્રદેશે, પ્રદેશે પ્રસરી ચૂક્યા તેઓ ભવરોગથી મુક્ત થઈ મોક્ષને પામ્યા છે. કારણ કે આ વચનો આત્માના પરમ શાંતરસના છે. ભવરોગનો મૂળમાંથી નાશ કરી મોક્ષ આપે તેમ છે પરંતુ સિંહણના દૂધ માટે જેમ સુવર્ણપાત્ર જરૂરી છે તેમ ભવ્ય આત્મા મોક્ષ પામી શકે છે.

આપણી સવાર પ્રાત:ક્રિયાથી શરૂ થાય છે. બ્રશ અને બ્રેકફાસ્ટથી શરૂ કરીને રાત્રિના નિદ્રાધીન થઈએ ત્યાં સુધીના તમામ સમયમાં

આપણે નિત્ય નિરંતર આકારથી જ પરિચિત છીએ. આકારરહિત સ્થિતિ એટલે કે નિરાકાર અંગે આપણું આ જડ અને દ્રવ્ય મન કાંઈપણ સાંભળવા, સ્વીકારવા, સમજવા કે વિચારવા ઘણું કરીને ઈચ્છતું જ નથી. આપણી જીવનચર્યામાં, આપણી સફળતામાં, મહત્ત્વાકાંક્ષામાં, વ્યવસાયમાં, કે કોઈપણ કાર્ય પ્રવૃત્તિમાં આપણે એટલા ઘનિષ્ટ રીતે ઓતપ્રોત થઈને જીવીએ છીએ કે, આપણી દૃષ્ટિએ નિરાકાર આત્માને અંગે કોઈ વિચારણા ટૂંકા ગાળાના વિકલ્પરૂપે પણ સ્થિર ના થઈ શકતી હોવામાં આપણા સાકાર સાથેના તમામ અધ્યવસાયે જ કાર્ય કરે છે.

હિન્દુ ધરોહરની ઘણી શાખા-પ્રશાખાઓમાં તેમ જ ઈસ્લામ ધર્મમાં નિરાકારની જ સ્વીકૃતિ કરવામાં આવી છે. પરમતત્ત્વ કહો કે ખુદા કહો કે આત્મા કહો આ સર્વ નિરાકાર છે. ઈસ્લામના સૂફી સંતો તેઓ તેમની કોઈપણ ચાર પૈકીની ગમે તે શાખાના હોય. દા.ત. કાદરિયા, શિસ્તિયા, નક્સબંધી કે અન્ય શાખાના હોય તો પણ તેઓ ખુદાને માશુકના-પ્રેમીકાના સ્વરૂપે ભજે છે અને તેના જ ધ્યાનમાં કે ગાનમાં એટલા તલ્લીન અને તરબોળ થાય છે અને જ્યાં દેહાધ્યાસ ભૂલે છે ત્યારે નિરાકાર ખુદા પણ અભૂતપૂર્વ અને અનન્ય જન્નતની હૂર કરતાં પણ ઉત્તમ સ્ત્રી સ્વરૂપ ધારણ કરી અને તેઓને દર્શન આપે છે, એનો અર્થ એ જ છે કે, આત્મ નિમગ્નતાની વિશિષ્ટ સ્થિતિમાં તે સાધકો ખુદાના સાકારસ્વરૂપે દર્શન કરી શકે છે. આમ છતાં તેમને નિરાકાર સ્વરૂપને નિરંતર ભજે છે. તેથી સામાન્ય જીવ-દશામાં સાધકનો અભ્યાસ જ સાકાર સ્વરૂપ સાથે અધ્યાત્મમાં તેમ જ જીવનના દરેક દૈનિક કાર્યમાં સંકળાયેલો હોવાથી નિરાકારના દર્શન, સ્તુતિ, ભક્તિ કે અન્ય કોઈપણ પ્રકારે તેનું સાધન, ભજન થઈ શકતું નથી અને વાસ્તવમાં હકીકત એવી છે કે, જેમ સુગમ સંગીતનું સ્થાન અને અતિઉચ્ચ કક્ષાના ક્લાસિકલ સંગીતનું સ્થાન તે બે વચ્ચે જેવો તફાવત છે અને જેમ ક્લાસિકલ સંગીતની આરાધના સહુ કોઈ કરી શકતું નથી તેમ નિરાકારની બાબતમાં પણ સમજવું. આમ છતાં પાત્રતા પ્રગટયા પછી નિરાકારને ભજી શકે છે તેની દશા અને સ્થિતિ તો કોઈ ઓર જ હોય છે.

ભગવાન આત્મા સ્વયં પરિપૂર્ણ શુદ્ધ દ્રવ્ય છે અને તે ત્રણેય કાળમાં વિકલ્પરહિત પણ છે અને સંકલ્પરહિત પણ છે. આત્મામાં જ્યારે ત્રણેય કાળ માટે અકર્તાભાવની સ્થિતિની મોજૂદગી છે તો તેનામાં સંકલ્પ કે વિકલ્પની સ્થિતિ કઈ રીતે સંભવે? સંકલ્પ અને વિકલ્પ એ તો મનના ગુણધર્મો છે. આ ગુણધર્મો જડ દ્રવ્ય મનના છે. અને તે જડ દ્રવ્યમન સંકલ્પો અને વિકલ્પો દ્વારા કર્મબંધના સર્જનકાર્યમાં અહર્નિશ સંકળાયેલું રહે છે. જોકે અહીં એ વાતનો પણ યથાર્થ સ્વીકાર કરવો જ રહ્યો કે, દ્રવ્યજડ મનમાં જે સંકલ્પો, વિકલ્પો ઊભા થાય છે તે જીવના પૂર્વજન્મના કર્મકૃત હૃદયમાં આવનાર સ્થિતિ પરિણામના અનુસંધાનમાં હોય છે. આ જીવે જે જે કર્મ બાંધ્યા હોય છે તેમાંથી વર્તમાન જન્મમાં જે જે કર્મો ઉદયમાં આવનાર હોય છે તે સૌથી પહેલાં સ્થૂળ મનમાં વિચારસ્વરૂપે આવે છે અને તે પછી બીજા તબક્કામાં તે વિચારો મૂર્તિમંત થવામાં જે તે જીવના કર્મ અનુસાર સફળતા કે નિષ્ફળતામાં પરિણમે છે. તેથી જ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ એક ગાથામાં લખ્યું છે કે :-

*'ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર*
*અંતરમુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર'*

જ્યાં સુધી જીવમાં મોહદશા હોય, રાગ-દ્વેષ અને અજ્ઞાન હોય, અહમ્ મમત્વ અને કર્તાપણાનો ભાવ મોજૂદ હોય ત્યાં સુધી તેવી સ્થિતિના કારણે અસંખ્ય વિકલ્પોમાં અટવાતો જીવ પોતાના સંસારને અને ભવભ્રમણને વધારતો જ રહે છે. પરંતુ જ્યારે તેને યથાર્થ રુચિ પ્રગટે, સંસાર ખારો ઝેર લાગે અને પોતાની જાત સાથે પોતાને મુલાકાત થાય અર્થાત્ જગત તરફની બહિર્મુખતાનો સ્વાભાવિકપણે અભાવ થાય અને અંતર્મુખતા પ્રગટ થાય એટલે કે પોતાના સ્વરૂપ તરફની પોતાની યાત્રા ચાલુ થાય ત્યારે આપોઆપ જ તેના સંસારનો વિલય થાય છે, તે સંસાર અદૃશ્ય થાય છે અને આ રીતે અંતર્મુખ બનેલી વ્યક્તિ સંકલ્પ-વિકલ્પરહિત થઈને પોતાના નિજ સ્વરૂપની અનુભૂતિ તરફ સહજપણે આગળ વધી શકે છે.

આત્મા તો ઉપાધિરહિત જ છે પરંતુ સંસારમાં એવી કોઈ વ્યક્તિ નથી કે જે આધિ-વ્યાધિ અને ઉપાધિથી રહિત હોય. તથાગત ભગવાન શ્રી બુદ્ધે તેઓના ઉપદેશમાં એક અમૂલ્ય વાત એ જણાવી છે કે, 'જન્મ, જરા (વૃદ્ધાવસ્થા) વ્યાધિ, અપ્રિયનો યોગ અને પ્રિયનો વિયોગ એ સંસારમાં દરેક વ્યક્તિને ભોગવવા પડતાં દુઃખો છે.' તેઓશ્રીએ મનુષ્યના જીવનના આ દુઃખોની જે વાત કરી છે તે એક નગ્નસત્ય હકીકત છે, પણ ઉપાધિરહિત એવો આત્મા જે સ્વયં અકર્તા છે તો તેની જ્ઞાનદશાને છોડીને જ્યારથી અજ્ઞાનદશામાં મોહમાં કે રાગદ્વેષમાં જોડાયો અને પ્રત્યેક જન્મમાં આ વિપરીત સંસ્કારને જ દૃઢ કરતો રહ્યો અને તે રીતે અવળો એકડો ઘૂંટતો રહ્યો તેથી તેણે પોતાના હાથે જ પોતે આ દુઃખો વહોરી લીધા છે તેમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. વીસમી સદીના અનન્ય અને અદ્વિતીય તત્ત્વચિંતક અને સ્વાનુભૂતિ સંપન્ન મહાપુરુષ શ્રી જે. કૃષ્ણમૂર્તિએ કહ્યું છે કે, 'હે, મિત્રો તમે આજે જે સ્થિતિમાં છો, જે કાંઈ પ્રાપ્ત કર્યું છે અથવા જે ગુમાવ્યું છે, જીવનની તમારી જે સફળતા કે નિષ્ફળતાઓ છે, લાભ કે હાનિ છે તેના માટે એકમાત્ર તમે જ જવાબદાર છો. તે માટે તમે બીજી કોઈપણ વ્યક્તિને દોષ આપી શકો નહીં.'

દરેક વ્યક્તિ દુઃખને ટાળવા ઈચ્છે છે અને સુખને ઝંખે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્ત થવા ચાહે છે. જો તેને તેમ કરવું હોય તો વિશ્વની કોઈ તાકાત તેને તેમ કરતાં રોકી શકે તેમ નથી. સાચી વાત તો એ છે કે અનાદિના અભ્યાસના કારણે પ્રત્યેક જન્મમાં જે સુખદુઃખ તેને પ્રાપ્ત થયાં છે તે માત્ર પોતાના અવળા પુરુષાર્થના કારણે થયા છે અને તેમાં પણ જડ દ્રવ્યમન અર્થાત્ સ્થૂળ મનના આધારે જ આ બધું બનેલ છે. વાસ્તવમાં સંસારની પ્રવૃત્તિઓ અને

રાગ-દ્વેષ વગેરેના કારણે કર્મ પ્રકૃતિથી આ જીવે જેટલો પુરુષાર્થ કર્યો છે, ભવભ્રમણ કર્યું છે, અને હજુપણ તે ચાલુ જ છે તે સઘળો પુરુષાર્થ વિરુદ્ધ દિશાનો હોવાથી જન્મ, જરા, વ્યાધિ, અપ્રિયનો યોગ અને પ્રિયનો વિયોગ ચાલુ છે અને તેમાં જ તેની રુચિ તીવ્રતમ છે. હવે જો આ જીવ સમજે તો સહેજમાં અંતર્મુખ થઈ સવળો પુરુષાર્થ કરે તો અને રુચિ અંતર્મુખતા સાથે વધતી જ જાય તો સંસારનું બાષ્પીભવન અલ્પકાલમાં થઈ શકે તેમ છે. તેથી હજુ મોડું થયું નથી. ઉપાધિરહિત આત્મા માટે શ્રી કબિર કહે છે કે, 'સહજ મેં મિલે અવિનાશી'.

આત્માની પરમ જ્યોતિ જ્યારે આલંબનરહિત, આકારરહિત, વિકલ્પરહિત, રોગરહિત અને ઉપાધિરહિત છે ત્યારે ચૈતન્યસ્વરૂપી ભગવાન આત્મા કે જે પરિપૂર્ણ શુદ્ધ દ્રવ્ય છે તે મલરહિત કેવી રીતે છે તે હવે વિચારીએ.

આ જીવ આહાર, નિદ્રા, ભય અને મૈથુન આ ચાર સંજ્ઞાઓ પ્રત્યેક મનુષ્ય ભવમાં પણ કર્માનુસાર સાથે લઈને જ આવે છે. અને આ જન્મમાં તેનો ભોગવટો પણ કરે છે. આ ઉપરાંત કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહંકાર, મમત્વ આ બધા પણ તેની સાથે હોય છે, તેથી ઉદયમાં આવતા દરેક કર્મ વખતે તે આસક્તભાવે, મોહના કારણે, ઉદયરૂપ કર્મમાં પ્રવર્તન કરે છે અને તેના કારણે નવા કર્મનો બંધ પણ આપોઆપ પડે છે. તેથી કર્મબંધનનું સાતત્ય નિરંતર અવિરતપણે ચાલે છે. કર્મ અને પુનર્જન્મ અનાદિથી આ પ્રમાણે ચાલ્યા કરતાં હોવાથી તેનો સંસાર અને તેનું સંસારી જીવન આ તમામ પ્રકારની વિષમતાઓના કારણે ચિત્ર-વિચિત્રતાઓથી ભરપૂર અને ગંદકી તેમ જ મળસહિત છે. મનુષ્યના શરીરનું પ્રત્યેક દ્વાર વત્તીઓછી મલીનતા અને ગંદકી સાથે સંબંધ ધરાવે છે.

ત્યારે આપણે એ પણ જોયું છે કે, સર્વ સંઘપરિત્યાગ કરી દ્રવ્ય-ચારિત્ર્ય ધારણ કરેલા મહાત્મામાં પણ અદન્ત ધોવન, સ્નાનરહિતપણું વગેરે હોવા છતાં તેઓના શરીરમાં અશુચિનો અનુભવ થતો નથી. એટલું જ નહીં પણ અંતર્મુખ થઈને જ્ઞાન ધ્યાનમાં લીન રહેનારા પરમજ્ઞાની મહાત્માઓના શરીરના મળ-મૂત્ર જેવા પદાર્થોમાં પણ દુર્ગંધના બદલે કેસર-કસ્તુરીની સુગંધ જોવા મળેલી છે. તાત્પર્ય એ છે કે આ આત્મા શુદ્ધ-બુદ્ધ અને ચૈતન્ય સ્વરૂપ છે. એક પરમ જ્યોતિ છે, સુખનું ધામ છે, નિર્વિકલ્પ છે, નિરાબાધ છે, નિર્મોહી છે અને નિર્મળ છે, જેનો અનુભવ આગળના સમયમાં જે મહાત્માઓ થઈ ગયા તેમણે કરેલો છે. વર્તમાન કાળમાં પણ જ્ઞાનીઓનું અસ્તિત્વ છે જ અને તેઓ આ અનુભવમાંથી પસાર થાય જ છે અને ભવિષ્યકાળમાં પણ થશે.

આ સંદર્ભમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબે પચ્ચીસ શ્લોકના આ સંક્ષિપ્ત ગ્રંથમાં આ ત્રીજા શ્લોકમાં આત્માને ઉપરોક્ત જે છ વિશેષણોથી સંબોધેલ છે તે બરાબર યથાર્થ છે.

❑❑❑

(મનુભાઈ પ્રજ્ઞાચક્ષુ છે, ચિંતક છે)
ફોન નં.: ૦૭૯-૨૬૬૧૩૩૫૯

**જીવનપંથ : ૧૪**

# જીવનમાં શ્રદ્ધા, પણ... ક્રિકેટ એક અંધશ્રદ્ધા !

**ડૉ. ભદ્રાયુ વછરાજાની**

**ક્યા**રેક એવું થતું કે, શેરી ક્રિકેટરો જોશમાં આવી, અમારાં ખોયડાને ટપાવી દડો અમારા ઘરના પાછળના નાનકડાં ફળિયામાં પહોંચાડતા. અમને તો રમવા જવાની ઘરમાંથી સખત મનાઈ હતી. (અમારી મા દયાળુ હતી, તેણીને થતું કે શાળામાંથી ભરચક્ક રમીને આવ્યા જ છે, તો હવે વધુ રમીને થાક શા માટે વધારવો?) એટલે અમે ઘરની બહાર તરફની ઓસરીમાંથી, લાકડાની ચોકડી-ચોકડીવાળી ઝાળી પકડી, જેલના કેદીની અવસ્થામાં બહાર રમાતી ક્રિકેટની રમત જોતા! ત્યારથી મનમાં વાત ઘર કરી ગઈ છે કે ક્રિકેટ બંધબારણે જોવાની જ મજા આવે. (રાજકોટમાં એક મેચ રમાયેલ. તેની ટિકિટ તો લેવાનો પ્રશ્ન જ ન હતો, પણ 'અર્ધા દિવસ'નો પાસ ભાઈબંધે આપેલો ત્યારે અમે રેસકોર્સ મેદાનમાં 'જનતા ટેન્ટ'માં ગયેલા, ત્યારે ક્રિકેટનાં મેદાન કરતાં આકાશ ઝાઝું દેખાયેલુ... એટલે એ માન્યતા પાક્કી થઈ ગઈ કે 'ક્રિકેટ તો બંધબારણે જ જોવાની મજા છે!') આજે બધાને ઘરમાં ટીવી સામે ક્રિકેટ માણતા જોઉં છું ત્યારે મને નાનપણમાં અમારી માએ મનમાં ઠસાવેલી વાત સાચી લાગે છે કે ક્રિકેટ બંધબારણે... હા, પેલા શેરી ક્રિકેટરો ફટકો મારી દડો, અમારાં ફળિયામાં નાખતા ત્યારે અમે દોડીને પાછળ ભાગતા, અમને હોંશ થતી કે દડો હાથમાં લઈને જોઈએ તો ખરા, કે આ દડામાં એવું તે શું છે કે જેના ત્રાસવાદથી અમે અમારા જ ઘરમાં સાવ કેદી બનીને ભરાઈ પડયા છીએ? પણ અમારા મનસુબા પર અમારી મા પાણી ફેરવી દેતાં હોય, તેમ દડાનો અવાજ સાંભળી અમે પહોંચીએ તે પહેલાં, તે રસોડાના પાછળનાં બારણામાંથી ફળિયામાં ત્રાટકતી અને દડો લઈને ક્યાંક સંતાડી દેતી ને પછી જાણે કાંઈ જાણતી નથી, તેમ રાંધવા લાગતી !! 'ક્રિકેટ એક અંધશ્રદ્ધા' એવું લખવા બેઠો છું ત્યારેય હજુ રહસ્ય ઉકલ્યું નથી કે ખરેખર દડો ફળિયામાં આવતો હતો કે ફળિયું તે ગળી જતું હતું? પેલા શેરી ક્રિકટરો દડો શોધવા અમારાં ઘર પર ચોતરફથી આક્રમણ કરતા, અમારું ફળિયું ખૂંદી વળતા અને અમારી મા પણ હિંમતથી

કહેતી : 'ગોતી લ્યો, દડો અહીં હોય તો તમારો..' અને અમે તો મોઢામાં આંગળા નાખી જતા? ક્યાં જાય છે, આ દડો ? અમારી મા તો ખોટી લાગતી જ નહીં, ખેલાડીઓની શ્રદ્ધા પાકી હતી કે દડો અમારાં ફળિયામાં જ આવ્યો છે અને પાછો અમે નળિયાં પર તેનો ટપ્પો પડયાનું સાંભળ્યું હોય.. તોય દડો ગુમ?!?. ક્યારેક તો અમે આ વાતની ચર્ચા કરતાં ત્યારે દબાતા અવાજે સૌ ભાંડુઓને ફિલસૂફી સમજાવતા કે : 'દડો નળિયા પરથી ટપ્પો પડી એવો ઉછળ્યો હશે કે સીધો આકાશમાં ગુરુત્વાકર્ષણ બળની બહાર જતો રહ્યો હશે, એટલે પાછો ક્યાંથી આવે?'.. સાથીઓ ટાપસી પૂરતા : 'પેલાં રૉકેટની જેમ કાં ?! અને આપણા રામનો વટ્ટ પડી જતો..'

...આમ, ક્રિકેટ વિશેની અંધશ્રદ્ધા એટલી પ્રબળ હતી કે જાણે-અજાણ્યે જીવન પ્રત્યેની શ્રદ્ધા તેમાંથી બંધાતી ગઈ! અમારી મા દરણું દળાવવા કે બકાલું લેવા જતી ત્યારે અમે અમારાં ફળિયામાં જઈ, પેલા શેરી ક્રિકેટરોના 'ચાળા પાડવાની રમત' રમતા.. બેટ કે બૉલ તો હોય નહીં, તેથી અમારી મા કપડાં ધોવામાં જે ધોકો વાપરતી તેનું બેટ બનાવતા અને અમારા દાદા બહાર ચોકડીમાં બેસી સ્નાન કરતી વખતે શરીરે વીંટાળતા તે પંચીયું (ગમછો,.. જેના પર હવે લોકો કંકોત્રી છાપે છે તે ગમછો, હંસા!!) લઈ તેનો ગોટો વાળી દડો બનાવતા અને શરૂ થતી અમારી ક્રિકેટની રમત...

ફળિયું હતું પંદર બાય પંદરનું, તેમાંથી ફરતી ગટર બાદ કરો એટલું ક્રિકેટ ગ્રાઉન્ડ... પણ બાપુ, અમારું તો 'ઈડન ગાર્ડન' હો!! નાના નાના રન લેવાના અને 'ભીંતે અડે ચોક્કો', ટપ્પાવાળો કેચ પકડવાની છૂટ... વળી આપણે તો નાના એટલે આપણને માત્ર રેડુકિયા દડા જ નાખવાના, એવો દુરાગ્રહ... જોકે, દડો કપડાંનો હતો એટલે રેડુકિયો દડો અધવચ્ચે ઊભો રહી જતો... ત્યારે આપણે અર્ધી પીચે જઈ ફટકારવાની સ્વતંત્રતા ભોગવતા ! ક્રિઝ છોડવાની છૂટ, કારણ સ્ટમ્પની પાછળ વિકેટકીપર તો હોય જ નહીં... કારણ સ્ટમ્પ જ ભીંત પર દોરી હોય ને?.

કબડ્ડીની મારી ઉસ્તાદી ક્રિકેટમાં કામ ન લાગતી,જોકે, જિંદગીમાંય ક્યાંય કામ નથી લાગતી તે હવે સમજાયું છે.. ક્રિકેટ અંધશ્રદ્ધાનો વિષય મારા માટે રહ્યો છે, જોકે સચીનને ફિફ્ટી કે સેન્ચુરી વખતે આકાશ સામે જોઈ કશુંક બોલતો ભાળું છું ત્યારે પાક્કું થાય છે કે ક્રિકેટ છે તો આંધળી શ્રદ્ધા... એક દિવસના કાંઈ ન કરવાના કોઈ દોઢ કરોડ થોડા આપે? સચીનને આપે છે, બોલો, આમાં ક્રિકેટમાં શ્રદ્ધા ક્યાંથી રહે?

❑❑❑

સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪, અમીન માર્ગ, રાજકોટ.
મો. ૦૯૮૯૮૯૨૦૩૩૩, ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com

## જૈન પરંપરાના પુનરુદ્ધારકો-૨૦

### જૈન સાહિત્યના બેનમૂન સર્જક, પ્રવાસી અને અનેક શાખાના પારંગત

# શતાવધાની પંડિત ધીરજલાલ ટોકરશી શાહ

આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

**શ**તાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ (ઇ.સ. ૧૮૯૬-૧૯૮૫) જૈન સાહિત્યના બેનમૂન સર્જક હતા. તેમની શૈલી સરળ અને ભાવવાહી હતી.

અત્યંત ગરીબીમાં ઉછરેલા અને છતાં પણ માત્ર સાહિત્યનું ખેડાણ કરીને ટોચ પર પહોંચેલા ધીરજલાલ શાહ ખૂબ જ બુદ્ધિશાળી હતા અને પ્રખર વિદ્વાન હતા. ડૉ. રમણલાલ ચી. શાહ વંદનીય હૃદયસ્પર્શ નામના ગ્રંથમાં નોંધે છે કે ભારતમાં એક વ્યક્તિ પુસ્તકો લખીને ખમતીધર બને એવું માત્ર એક જ વ્યક્તિના જીવનમાં બન્યું છે અને તે છે શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.

એકવાર નાનાં બાળકોને વારતા કહેતા કહેતા વિચાર આવ્યો કે જે વાર્તા હું કહું છું તે મારે લખવી જોઈએ. તેમણે લખી. પછી થયું કે પોતે છપાવવી જોઈએ. તેઓ કોઈ પ્રેસમાં ગયા, ખિસ્સામાં ૫૦ રૂપિયા લઈને ગયેલા. પ્રેસમાં જઈને પુસ્તક છાપવા માટે માહિતી મેળવી. પહેલી વાર્તાની ચોપડી છાપવા આપી. પછી થયું કે માત્ર એક જ પુસ્તક ન ચાલે ૨૦ પુસ્તકોની શ્રેણી જોઈએ. તેમણે ૨૦ જૈન મહાપુરુષોનાં ચરિત્રો લખ્યા અને ૨૦ પુસ્તકોની કિંમત માત્ર દોઢ રૂપિયો રાખ્યો.

આ ગ્રંથમાળા ખૂબ લોકપ્રિય બની અને ધીરજલાલ ટોકરશી શાહ લેખક તરીકે પંકાઈ ગયા.

ધીરજલાલ ટોકરશી શાહની સાહિત્ય યાત્રા ખૂબ વિશાળ છે. તેમણે લગભગ ૪૦૦ પુસ્તકો લખ્યાં છે. તેમાં ચરિત્રો છે, કિશોર કથાઓ છે, મંત્ર વિદ્યા છે, શિલ્પ સ્થાપત્ય છે, ગણિત છે, નિબંધો છે, સંપાદનો છે અને જૈન ધર્મનો પરિચય પણ છે. આ તમામ પુસ્તકો દ્વારા તેમને પ્રતિષ્ઠા અને પૈસા મળ્યા પણ તેમની આંતરિક તૃપ્તિ તો જૈનધર્મની સેવા કરવા માટેની રહી.

ધીરજલાલ ટોકરશી શાહે ચીન, જાપાન વગેરેના પગપાળા પ્રવાસ પણ કર્યો છે. જંગલોમાં જે સંતો મળ્યા તેમની પાસે મંત્ર વિદ્યા પણ શીખ્યા. અને તેના ગ્રંથો લખીને સૌને સહજ કરી આપ્યા. મહાત્મા ગાંધીજીની મુલાકાત દ્વારા તેમણે દેશભક્તિનું આંદોલન પણ કર્યું. આર્થિક સંકડામણને કારણે થોડાક સમય

વૈદકનું કામ પણ કરવું પડ્યું. એક છાપખાનું પણ ખરીદીને થોડોક સમય તે ચલાવ્યું-પાછું વેચ્યું. આ બધી વસ્તુ જ્યારે પણ બની ત્યારે મનનું સમતોલન જાળવી રાખવા તેમણે સતત કોશિશ કરી. એ સમયે એમ કહેવાય છે કે તેમણે 'ઉવસગ્ગહરં સ્તોત્ર' ની ખૂબ આરાધના પણ કરી. જૈન સાધુ-સાધ્વીઓને ભણાવવાનું કામ પણ કર્યું.

ધીરજલાલ શાહે અનેક ગ્રંથમાળાઓ તૈયાર કરી અને તેમાં અનેક લેખક મિત્રોને પણ સાથે જોડ્યા. આચાર્યશ્રી લક્ષ્મણસૂરિજી મહારાજના 'આત્મતત્ત્વવિચાર' નામના પ્રવચન ગ્રંથને તેમણે એટલી કુનેહથી સંપાદિત કર્યો કે આજે પણ તે ગ્રંથ પ્રવચનોના ઉત્તમ ગ્રંથોની શ્રેણીમાં સર્વપ્રથમ મૂકવો પડે તેવો છે.

ધીરજલાલ શાહ સરસ વક્તા પણ હતા. એક પ્રવચન દરમિયાન સતત તાવ હતો છતાં હજારો લોકોની ઉપસ્થિતિમાં તેમણે જૈન ધર્મ વિશે યાદગાર પ્રવચન કરેલું. એ પ્રવચન સમયે પોતે કેવી કસોટીમાંથી પસાર થયા તેનો તેમણે લેખ પણ લખ્યો છે.

મંત્ર વિશેના પોતાના પુસ્તકોમાં ધીરજલાલ શાહે મંત્ર, તંત્ર અને યંત્ર વિશે વિસ્તારથી લખ્યું છે. મંત્ર સાધના કેવી રીતે સફળ બને તે વિશે પણ તેમણે લખ્યું છે. અનેક યંત્રો પણ તેમણે તૈયાર કરીને પોતાના પુસ્તકોમાં મૂક્યા છે. આજે પણ મંત્ર સાધના વિશે વિચાર કરવામાં આવે છે ત્યારે તેમનાં પુસ્તકો સંદર્ભ તરીકે સાથે જોવા પડે છે.

મુંબઈના ઉદ્યોગપતિ પણ વધારે તો સાહિત્યોપાસક શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશીના આમંત્રણથી તેમણે શ્રી 'પ્રતિક્રમણ સૂત્ર-પ્રબોધ ટીકા' માટે પ્રખર પુરુષાર્થ કર્યો અને તે ગ્રંથે તેમને ચિરંજીવ યશ આપ્યો. આ ગ્રંથનું સંપાદન કરતાં પહેલાં તેમણે પ્રખ્યાત વિદ્વાન સાધુઓની મુલાકાત લીધી અને આશીર્વાદ મેળવ્યા. 'પ્રબોધ ટીકા' ગ્રંથ ધીરજલાલ શાહનું અમર સર્જન ગણાશે.

ધીરજલાલ શાહે જાણ્યું કે સ્થાનકવાસી સંત શ્રી સંતબાલજી શતાવધાની છે તેઓ તેમના પાસે ગયા. શતાવધાન શીખ્યા અને હજારો લોકોની હાજરીમાં તેના પ્રયોગો કરીને પોતાની અદ્ભુત બુદ્ધિપ્રતિભાનો સૌને ખ્યાલ આપ્યો. તેમણે પોતે શતાવધાનના પ્રયોગો કર્યા એટલું જ નહીં તે વિદ્યા અન્યને શીખવાડી પણ ખરી. આચાર્યશ્રી જયાનંદસૂરિજી મહારાજ શતાવધાન તેમની પાસે શીખેલા.

પાલિતાણાના ઠાકોરે તીર્થયાત્રિક પાસે ઘણી રકમ માગી ત્યારે તે સમયે જે આંદોલન શરૂ થયું તેમાં તેમણે ભાગ લીધો. ભારત સરકાર બાળદીક્ષા વિરોધી ખરડો લાવ્યા ત્યારે તેના વિરોધમાં આગળ પડતો ભાગ ભજવીને એ ખરડો અટકાવ્યો.

શતાવધાની ધીરજલાલ ટોકરશી શાહ આપબળે આગળ વધેલા અને સાહિત્યની ટોચ પર પહોંચેલા સર્જક હતા. ૨૦મી સદીના સર્જકો વિશે જ્યારે પણ ઇતિહાસ લખાશે ત્યારે ધીરજલાલ ટોકરશી શાહનું નામ સન્માનપૂર્વક લેવાશે. ❑❑❑

સંપર્ક : ૯૭૬૯૯૫૭૩૯૩

# શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

(ગતાંકથી ચાલુ...)

**સર્પ ઝેર નાશક**

**ત્વત્સંસ્તવેન ભવ-સંતતિ સન્નિબન્ને**
**પાપં ક્ષણાત ક્ષયમુપૈતિ શરીરલાભમ્‌।**
**આક્રાન્તલોર-મલિ-નીલમ શેષમાશુ**
**સૂર્યાંશુ - ભિન્ન મિવ શાર્વર મન્ધકારમ ।।૭।।**

ભાવાર્થ : હે પ્રભુ! જેમ સમગ્ર વિશ્વમાં વ્યાપેલું રાત્રિનું ભ્રમર જેવું કાળું ડિંબાગ અંધારું સૂર્યના કિરણોથી સંપૂર્ણપણે નાથ પામે છે. તેમ આપની સ્તુતિ કરવા માત્રથી સંસારી જીવોના કરોડો ભવના સંચિત પાપ કર્મો ક્ષણવારમાં નાશ પામે છે.

વિવેચન : આચાર્ય શ્રીમાનતુંગસૂરિએ પ્રસ્તુત ગાથામાં પરમાત્માની સ્તુતિનો અલૌકિક પ્રભાવ 'સંસ્તવેન' અને 'સન્નિબન્ને' શબ્દો દ્વારા દર્શાવ્યો છે. 'સંસ્તવન' અર્થાત્ સમ્યક્ પ્રકારની સ્તુતિ અને સમ્યક્ પ્રકારનું સ્તવન ત્યારે જ બને કે જ્યારે તે સમરૂપ બની બધાં જ આત્મપ્રદેશોમાં રોમ-રોમ માં સર્વત્ર એકરૂપ બની બધાં જ આત્મપ્રદેશોમાં - રોમ-રોમમાં સર્વત્ર એકરૂપ થઈ છવાઈ જાય. ત્યારે જ 'સન્નિબન્ને' અર્થાત્ આત્મ પ્રદેશો પર સમરૂપથી વ્યાપ્ત પાપકર્મોનો સંપૂર્ણ નાશ થાય. આ પ્રક્રિયાને તેમણે સૂર્યના કિરણોના ઉદાહરણથી સમજાવી છે.

અનાદિકાળથી જીવ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય્ અને યોગના કારણે કર્મબંધ કરતો જ રહે છે. એક પાપ બીજા પાપને, બીજા પાપ ત્રીજા પાપને લઈ આવે છે. અને અવિરત આ પાપની શૃંખલા ચાલુ રહે છે. પરંતુ જીવની પાસે રહેલ જન્મજન્માંતરના સંચિત કરેલ આ પાપકર્મનો સમૂહ પરમાત્માની ભક્તિ-સમ્યક્ સ્તુતિ કરવાથી આત્મ પ્રદેશો પરથી નિર્જરે છે. તેમ જ ચિત્તવૃત્તિ પ્રભુના ગુણોમાં એકલીન બનતાં આત્મા નિર્મળ બને છે. અને પ્રભુના ગુણોમાં ભક્તિ સ્તુતિથી સ્વયંમાં પણ તેવા ગુણોનું પ્રગટીકરણ થવા લાગે છે.

અહીં સ્તુતિકારે પરમાત્માની સ્તુતિના અલૌકિક પ્રભાવની વાત એક ખૂબ સુંદર દૃષ્ટાંત દ્વારા સમજાવી છે. જેમ કે રાત્રિના સમયમાં અંધકારનું સામ્રાજ્ય આખા વિશ્વમાં પ્રસરી જાય છે. પરંતુ સૂર્યોદય થતાં જ સૂર્યના કિરણોનો પ્રકાશ ફેલાતાં જ અંધકાર નાશ પામે છે. એટલે કે અંધકારને સૂર્યના કિરણો પ્રકાશમાં પરિવર્તિત કરી દે છે. એવી જ રીતે જગતમાં રહેલાં જીવોને પણ અજ્ઞાન અને

મિથ્યાત્વરૂપ પાપના નિબિડ અંધકારમાં સાચી દિશા સૂઝતી નથી. સત્યનું દર્શન કે સાચી શ્રદ્ધા થતી નથી. પરંતુ જ્યારે શ્રદ્ધાપૂર્વક પ્રભુની સ્તુતિરૂપે ભક્તિ કરવામાં આવે છે ત્યારે અનાદિકાલના પાપ પરમાત્મારૂપી સૂર્યને એમની કૃપારૂપી કિરણો દ્વારા ક્ષણમાત્રમાં નષ્ટ થઈ જાય છે. એટલે જ કહ્યું છે કે 'भत्तीइ जिणवराणं खिप्पंति पुव्वसंचिया कम्मां।'

પરમાત્માની સ્તુતિ રૂપે ભક્તિ કરવાથી દેહ અને આત્મામાં રહેલ અભેદ બુદ્ધિ નાશ પામે છે અને ભેદ જ્ઞાન પ્રગટે છે. જેનાથી અનાદિ કાળનું મિથ્યાત્વ દૂર થતાં સમ્યક્ત્વ પ્રગટ થાય છે. દેહનો અધ્યાસ છૂટતા જ આત્માનું જ્ઞાન-દર્શન સ્વરૂપ પ્રગટ થાય છે. આત્મસિદ્ધિમાં પણ કહ્યું છે કે,

'છૂટે દેહાશ્વાસ તો નહિ કર્તા તૂ કર્મ'
નહીં ભોક્તા તૂ તેહનો એ જ ધર્મનો મર્મ
એ જ ધર્મથી મોક્ષ છે તૂ છે મોક્ષ સ્વરૂપ,
અનંત દર્શન જ્ઞાન તૂ અવ્યાબાધ સ્વરૂપ...

એવી જ રીતે સ્વપ્ન ગમે તેટલું લાંબું હોય તો પણ આંખ ખૂલતાં જ સ્વપ્ન અદૃશ્ય થઈ જાય છે. તેમ અજ્ઞાન ભલે અનાદિકાળનું હોય પણ જ્ઞાન થતાં જ પાપરૂપ વિભાવ ખતમ થઈ જાય છે. જેમ અગ્નિનો એક કણ પણ કાષ્ઠના સમૂહનો નાશ કરી શકે છે તેમ પ્રભુની સ્તુતિનો એવો અલૌકિક પ્રભાવ છે કે ભવાંતરના બંધાયેલ પાપકર્મો નાશ પામે છે.

ભક્તામરના પ્રથમ શ્લોકમાં પણ સ્તુતિકારે પરમાત્મા માટે 'ઉદ્યોતકમ્' વિશેષણનો પ્રયોગ કર્યો છે. 'ઉદ્યોતકમ્' = પ્રકાશ કરવાવાળા.અર્થાત્ અંધકારનો નાશ કરવાવાળા. તેમ જ આ શ્લોકમાં પરમાત્માનો 'દલિતપાપ તમો વિતાનમ્' = પાપના વિસ્તારને નાશ કરવાવાળા દર્શાવ્યા છે.

આમ આ શ્લોકમાં સ્તુતિકારે પરમાત્માના આ વિશેષણનો વિશેષાર્થ દર્શાવ્યો છે. જે ખરેખર મનનીય લાગે છે.

સ્તુતિ કરતાં કરતાં આચાર્ય શ્રી પરમાત્મા સાથે એકરૂપ થઈ ગયા છે, પ્રભુની સાથે પ્રીતિ જોડી બંધાઈ ગયા છે, અને હવે મુક્તિ માર્ગ પર પ્રયાણનો પ્રારંભ કરે છે...

ऋद्धि : ॐ ह्रीं अर्हं णमो बीज बुद्धीणं ।

मंत्र : ॐ ह्रीं श्रीं हं सं श्रां श्रीं क्रौं क्लीं सर्व

दुरित - संकट - क्षुद्रोपद्रव कष्ट निवाराणं कुरु कुरु स्वाहा।

વિધિ : પવિત્ર થઈ લીલા રંગના વસ્ત્ર ધારણ કરી લીલા રંગના આસન પર બેસી લીલી માળા વડે એકવીસ દિવસ સુધી પ્રતિદિવસ એકસો આઠવાર સાતમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનો જાપ જપવો તેમ જ લોબાનના ધૂપથી ક્ષેપણ કરવું.

લાભ : ભોજપત્ર પર લીલા રંગથી લખાયેલો યંત્ર પાસે રાખવાથી સર્પ વિષ દૂર થાય છે. બીજા વિષ પણ પ્રભાવશીલ બનતા નથી. ગાથા ઋદ્ધિ તેમ જ મંત્રના સ્મરણથી સર્પનો ભય રહેતો નથી. વિશેષ વિધિથી સર્પ પણ કીલિત (તાબે) થઈ જાય છે, જેને સર્પ કરડ્યો હોય તેને પાણી મંત્રીને આપવાથી સાપનું ઝેર ચડતું નથી.

પ્રસ્તુત ભક્તામરની સાતમી ગાથાના જાપથી શું ફળ મળે છે તે દર્શાવતી એક પ્રાચીન કથા...

### શ્રેષ્ઠીપુત્ર રતિશેખરની કથા

પટના નગરના રાજા ધર્મપાલ ન્યાયશીલ અને ધર્માત્મા હતા. તે શહેરમાં બુદ્ધ નામના ધનપતિ રહેતા હતા. એમને રતિશેખર નામનો રૂપવાન અને વિનયવાન પુત્ર હતો. તેણે શ્રીમતી નામની અર્જિકા પાસેથી ખૂબ વિદ્યાભ્યાસ કર્યો હતો. વ્યાકરણ, કોષ, સિદ્ધાંત અને મંત્ર-તંત્રમાં પણ રતિશેખરે સારી યોગ્યતા પ્રાપ્ત કરી લીધી હતી.

પટનાનગરની બહાર એક ધૂલિયા નામનો વેષી તાપસી રહેતો હતો. તે મહામિથ્યાત્વી, પાખંડી અને ચરિત્રહીન હતો. એણે કેટલાંક કુદેવોની આરાધના કરી વૈતાલી વિદ્યા શીખી લીધી. જેવી પટના નગરમાં મંત્રવિદ્યામાં તેની ખ્યાતિ થવા લાગી. રાજા ધર્મપાલ પણ તેનો આદર-સન્માન કરતા હતા. તેની પાસે એક - બે ચેલાઓ કાયમ સાથે જ રહેતા હતા.

એક દિવસ આ પાંખડી તાપસીનો ચેલો 'લોભી ગુરુ અને લાલચી ચેલો' ની ઉક્તિવાળો એક ચેલો જ્યાં રતિશેખર કુમાર ઉપાશ્રયમાં વિદ્યાધ્યયન કરતા હતાં ત્યાંથી નીકળ્યો. ત્યારે રતિશેખરે વેષધારી કુસાધુ ચેલાની સામે પણ જોયું નહિ અને કોઈ વાત પણ કરી નહિ. ત્યારે ચેલો પોતાનું અપમાન સમજીને એ પોતાના ગુરુ પાસે ગયો અને પોતાના અપમાનની વાત મીઠું-મરચું ઉમેરી ગુરુની સમક્ષ પ્રસ્તુત કરી. આ વાત સાંભળી પાખંડી તાપસી ખૂબ જ ગુસ્સે થઈ ગયો અને તરત જ વૈતાલી વિદ્યાથી દેવીને બોલાવી તેને રતિશેખરને મારવા માટે આદેશ આપ્યો.

ધૂલિયા તાપસીને આદેશ સાંભળી દેવી રતિશેખર પાસે ગઈ, પરંતુ જૈનધર્મી રતિશેખરના પુણ્યની સામે તે કાંપવા લાગી. અને પાછી ફરી તાપસીને કહેવા લાગી કે, અરે મૂર્ખ! તે જૈન ધર્મી છે. એને મારવાં માટે હું કે તું કોઈ સમર્થ નથી. જો તે કરુણા નિધાન રતિશેખર આજ્ઞા આપે તો હું તારો જ સર્વનાશ કરવા માટે તૈયાર છું.

ત્યારે તપસ્વી હાથ જોડીને બોલ્યો, માતા! ક્રોધ કરો નહિ. બીજું કાંઈ નહિ તો રતિશેખરના ઘર પર ધૂળની વર્ષા તો વરસાવો. ત્યારે વૈતાલી દેવીએ રતિશેખરના ઘર પર ધૂળ વર્ષા શરૂ કરી. ચારે તરફથી ધૂળની ડમરીઓ ઊડવા લાગી. ધૂળથી આખું આકાશ છવાઈ ગયું અને અંધારું છવાઈ ગયું. રતિશેખરનું ઘર પણ ધૂળના સમુદ્રમાં ડૂબકી લગાવવા લાગ્યું. આવી હાલત જોઈને ઘરના બધા લોકો ખૂબ ગભરાઈ ગયા. પરંતુ ધીર-વીર રતિશેખર જાણી ગયો કે આ કરતૂત પેલા પાંખડી ધૂલિયાનો જ છે. તે તરત નદી કિનારે ગયો, સ્નાન વગેરેથી શુદ્ધ બની ભક્તામરની સાતમી ગાથાના મંત્રની આરાધના શરૂ કરી. જેનાથી 'જંભાદેવી' પ્રસન્ન થઈ, અને

વૈતાલી દેવી ઉપર દોડી ગઈ. અને કહેવા લાગી, અરે! તું એક જૈનધર્મીને હેરાન કરી રહી છે! આ સાંભળતા જ વૈતાલી દેવી ત્યાંથી ભાગીને પેલા પાંખડી તાપસીની ઉપર ધૂળ વૃષ્ટિ કરવા લાગી, જેના કારણે ધૂલિયા અને તેના ચેલાઓને શ્વાસ લેવો પણ ભારે પડી ગયો. ત્યારે તેઓ રતિશેખરના મંત્રની સિદ્ધિથી પરિચિત થયા અને રતિશેખર પાસે જઈ વારંવાર ક્ષમા યાચના માંગી અને જૈનધર્મનો સ્વીકાર કર્યો. ખરેખર! એક ભક્તામરની એક ગાથાએ રતિશેખરને બચાવી લીધો....

તેમજ જૈનધર્મનો જયજયકાર થયો.... *(ક્રમશઃ)*

❑❑❑

૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ - ૪૦૦૦૧૨.
મો. ૯૮૯૨૮૨૮૧૯૬

# મૃત્યુ એટલે મુક્તિ

**શશિકાંત લ. વૈદ્ય**

ઘણા માનવજીવનનું મૂલ્ય સમજતા નથી અને જીવનને જેમ તેમ વેડફી નાખે છે... જ્યારે એમને પોતાની ભૂલ સમજાય છે ત્યારે ખરેખર બહુ મોડું થઈ ગયું હોય છે. - દૂધ ઊભરાઈ જાય પછી જેવી સ્થિતિ થાય છે. ખરેખર તો માનવજીવન અમૂલ્ય છે, જેની કિંમત પૈસામાં કે કીમતી રત્નોમાં પણ ન આંકી શકાય. જીવનની  એક મોટી કરુણતા છે. વિશ્વની મહાન વ્યક્તિઓ 'સત્ય'ને ખાતર મૃત્યુને હસતે મોંઢે સ્વીકાર્યું. મહાન તત્ત્વવેત્તા સોક્રેટીસને મૃત્યુદંડની સજા થઈ કારણકે તે યુવાનોને બહેકાવતો હતો. રાજ્યની દૃષ્ટિએ આ એક મોટો અપરાધ ગણાય. ખરેખર આવું હતું જ નહિ, પણ સત્તા આગળ ડહાપણ કામ લાગતું નથી. કાંતો ભૂલ કબૂલ કરો અને માફી માગો અથવા મૃત્યુદંડની સજા સ્વીકારો. સોક્રેટીસ તો - સત્યવાદી હતો એને મન સત્ય એ જ ઈશ્વર અને એ જ ધર્મ હતો. એણે હસતે હસતે મૃત્યુનો સ્વીકાર કર્યો અને મૃત્યુ પામ્યો. સત્યનો વિજય થયો... સત્તા હારી. આજે આટલાં વર્ષો પછી પણ સોક્રેટીસ જીવે છે - શરીરથી નહિ, પણ તેણે માનવજીવનને સંદેશ આપ્યો કે - સત્યમય જીવનની કિંમત ખૂબ છે - જે સમજે તેના માટે. માણસે પણ બને તેટલું તેનું જીવન સત્યમય બનાવવું જોઈએ - આ જીવન જ મૂલ્યનિષ્ઠ કહેવાય.

- યાદ રહે ઈશુ, ગાંધી, સોક્રેટીસ મૃત્યુ પામીને પણ હમેંશને માટે જીવંત રહ્યા. મરીને જીવવાનો મંત્ર તેઓ આપી ગયા. મૃત્યુ બધા જ ભેદભાવ અને મતમતાંતરો ભૂલાવી દઈને આપણને એકાત્મતાની અનુભૂતિ કરાવી જાય છે. મૃત્યુ દ્વારા જ જીવનનો ખરો અર્થ સમજાય છે. સંતો અને બધાં શાસ્ત્રો પણ કહે છે કે - જીવનને મંગલમય બનાવવાની ચાવી તમારી સૂઝ-સમજ પર છે. માણસ જ્યારે ગુસ્સામાં હોય  છે ત્યારે તેની જીભ પર કાબૂ હોતો નથી... તેના વર્તનની અસર સામી વ્યક્તિ પર શી પડશે તેનો તેને વિચાર આવતો નથી. એક સંતે કહ્યુંઃ 'કોઈ વ્યક્તિ તમારું અપમાન કરે તો તમને ગમે? તમારી સાથે ગમે તેવો વિચિત્ર વ્યવહાર કરે તો ગમે? ગાળા-ગાળી કરે તો ગમે? આ તો જંગલી વર્તન જ કહેવાય ને!! બસ આપણને આ ન ગમે. આ સારું નથી, પણ અસભ્ય વર્તન કહેવાય.' - આ દ્વારા સંત એક સુંદર સંદેશ આપે છે કે તમને જે - નથી ગમતું, તે સામેની વ્યક્તિને પણ ન ગમે. બધા સાથે સભ્યતાથી વર્તવું - આને જ માનવતા કહેવાય.

- દરેક ધર્મમાં જીવન અને મૃત્યુ વિશે વાત કરી જ છે. જેનું જીવન ઈશ્વરમય હોય તેનું મૃત્યુ પણ મંગલમય બની રહેશે. આવા ધર્મમય જીવન જીવનાર માણસો મૃત્યુથી ડરતા નથી હોતા. તે ખરેખર નિર્ભય હોય છે. ઘણા મૃત્યુથી જ ડરે છે... એમને ડર હોય છે કે મૃત્યુ પછી શું થશે?... પણ આ ભય ખરેખર ભ્રામક છે. કાલ્પનિક પણ છે. કેમ? જીવન જેમ તેમ જીવી નાખનારની માનસિક સ્થિતિ આવી થઈ જાય છે. યાદ રહે કે મૃત્યુ ખરેખર આશીર્વાદરૂપ છે.

- જૈન ધર્મમાં ''પૌષધ-વ્રત'' જેવું ધર્મપરાયણ જીવવાનું વ્રત આવે છે. આ વ્રત આત્મકલ્યાણ માટેનું છે. જીવનની બધી ઉપાધિથી મુક્ત થઈ, કોઈ શાંતિ મળે તેવી જગ્યાએ એકાદ-બે દિવસ કોઈ સંતના સાન્નિધ્યમાં રહી સાધુ જીવન જીવવું... આથી શાંતિનો અનુભવ પણ થશે. બધા ધર્મમાં આવાં વ્રતો હોય છે. આ દિવસે મૌન, શાસ્ત્રનું અધ્યયન, પ્રભુ સ્મરણ અને સાંસારિક સુખથી પણ મુક્ત રહીને સાધુ જેવું જીવન જીવવું. યાદ રહે કે ગીતા અને ઉપનિષદ કહે છે કે થોડી ક્ષણ માટે પણ શ્રદ્ધાપૂર્વક હરિસ્મરણ કરેલું વ્યર્થ જતું નથી. જે કંઈ કરીએ તે સમજપૂર્વક અને નિષ્કામ ભાવે (પુણ્યદાન પણ) કરીએ. 'અહં' મુક્ત બનીને પ્રવૃત્તિ કરવી. 'પ્રભુ કરાવે અને તમે કરી રહ્યા છો.' તમને પ્રભુએ નિમિત્ત બનાવ્યા છે. જ્યારે તમે શાંતિથી બેસો ત્યારે તમારા 'માહયલા સાથે વાત કરજો.' તમને જીવંત રાખનાર તેનું ચૈતન્ય દૂર ક્યાં છે? તમારી અંદર જ છે. આ શાંત ચિત્તે વિચારો... તમને પરમ શાંતિનો અનુભવ થશે. 'પૌષધ વ્રત' મરતા પહેલાં સચેતપણે જીવતાં જીવતાં મૃત્યુ શીખવે છે. - બસ. સાક્ષીભાવે, શાંતિપૂર્ણ વિદાય. યાદ રાખો મૃત્યુ ભયાનક નથી. - મૃત્યુ એટલે મુક્તિ. ગીતાજીમાં આ સંદર્ભમાં ખૂબ સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. શ્લોક ૨૨, અધ્યાય-૨માં કૃષ્ણ કહે છે કે 'જેમ મનુષ્ય જૂનાં વસ્ત્રો ત્યજીને નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેમ દેહધારી આત્મા જૂનું શરીર ત્યજી બીજું નવું શરીર પામે છે.' યાદ રાખીએ કે 'આત્મા અજન્મા, શાશ્વત અને પુરાતન છે; તેથી શરીર મરાયા છતાં (આત્મા) મરતો નથી.' - સ્વામી શિવાનંદ સરસ્વતી (ઋષિકેશ)

કહે છે : 'મૃત્યુ તો નિન્દ્રા જેવું છે. તમારા વિકાસ માટે આવશ્યક બાબત છે. જ્યારે આ પાર્થિવ શરીર કામ કરવા અયોગ્ય બની જાય છે ત્યારે પ્રભુ (રૂદ્ર) તેને લઈ જાય છે.' મૃત્યુ સમયે કોઇ દુઃખ થતું નથી. અજ્ઞાની લોકોએ મૃત્યુ વિશે વિચિત્ર ભયો ઊભા કર્યા છે. આપણાં પૂર્વજન્મનાં અધૂરાં કાર્યો (કર્મો) પૂરાં કરવાં મૃત્યુ એક દ્વાર છે. આપણે તો ફક્ત સત્કાર્યો કરવાં, પ્રભુ સ્મરણ કરવું, સારા સાત્વિક વિચારો કરવા. આપણી સાથે આ જ ભાથું છે જે સાથે આવશે. પ્રભુએ મૃત્યુનો માર્ગ સૌ માટે સરખો રાખ્યો છે - રાજા હોય કે રસ્તે જતો ભિખારી અંતે તો તેને અગ્નિમાં કે માટીમાં સમાવાનું છે. મૃત્યુ એ રાજમાર્ગ છે. - સમાજવાદ. માનવનું 'અહં' ઓગળી જાય છે. બ્રહદ આરણ્યક ઉપનિષદની શ્રેષ્ઠ પ્રભુ પ્રાર્થના છે : 'અસતો મા સત્ ગમયા તમસો મા જ્યોતિર્ગમયા મૃત્યોર્માડ્મૃતં ગમયા ૐ શાંતિ : શાંતિઃ શાંતિઃ।। પ્રભુ, તું મને અસત્યોમાંથી સત્યમાં લઈ જા, (અજ્ઞાનરૂપી) અંધકારમાંથી (જ્ઞાનરૂપી) પ્રકાશમાં લઈ જા, મૃત્યુમાંથી (અમૃતસમ) અમરત્વમાં લઈ જા.' આ પ્રાર્થના કંઠસ્થ કરવી અને સૂતા પહેલાં રટી જવી. હરિ ૐ.

❑❑❑

૫૧, શિલાલેખ ડુપ્લેક્ષ, અરુણોદય સર્કલ પાસે,
અલકાપુરી, વડોદરા - ૩૯૦૦૦૭.

# જ્ઞાન સંવાદ

## ડૉ. પાર્વતીબેન ખિરાણી

પ્રશ્ન પૂછનાર : **શ્રી અનિલભાઈ શાહ**

ઉત્તર આપનાર : **વિદ્વાનશ્રી પાર્વતીબહેન ખિરાણી**

**માનનીય શ્રી અનિલભાઈ**

**સાદર પ્રણામ**

**આપના 'જ્ઞાન-સંવાદ' વિભાગ માટેના પ્રશ્નોના જવાબ આપવામાં વિલંબ થયો એ માટે ક્ષમાપ્રાર્થી છું. આપની જિજ્ઞાસા માટે ધન્યવાદ.**

પ્ર.૧ : જીવ એકવાર નિગોદમાંથી પંચેંદ્રિયપણું પામે પછી ફરીથી નિગોદમાં ગતિ થાય ખરી?

જ.૧ : હા, થઈ શકે એના કર્મબંધ પર આધાર છે ફરીથી નિગોદમાં જવા યોગ્ય કર્મ બંધાય તો નિગોદમાં જઈ શકે છે.

પ્ર.૨ : ઉત્તરાધ્યયન સૂત્રમાં મહાવીર વાણીનો સંગ્રહ છે છતાં તેનો સમાવેશ દ્વાદશાંગીમાં કેમ નહિ?

જ.૨ : જૈન આગમોનું વર્ગીકરણ અનેક પ્રકારે છે સૌથી પ્રાચીન વર્ગીકરણ અનુસાર આગમ બે વર્ગોમાં વિભક્ત છે. અંગ પ્રવિષ્ટ અને અંગબાહ્ય શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ગણધર કૃત નથી માટે અંગ બાહ્ય માનવામાં આવે છે. જે ગણધરકૃત હોય એને અંગપ્રવિષ્ટ માનવામાં આવે છે. અંગપ્રવિષ્ટમાં ૧૨ અંગ છે એ ગણધરકૃત છે. ઉત્તરાધ્યયન સૂદ ગણધરસ્કૃત ન હોવાથી દ્વાદશાંગીમાં સ્થાન નથી. દ્વાદશાંગીની રચના તીર્થંકર ગણધરોને ત્રિપદી આપે ત્યારે જ થઈ જાય છે. ત્રિપદી માતૃકાપદ કહેવાય છે. જેમ માહેશ્વરના ૧૪ સૂત્રોમાંથી પાણિનીઋષિએ આખા વ્યાકરણની દૃષ્ટિએ સમજવું હોય તો અંગ્રેજીના ૨૬ મૂળાક્ષર છે તેમાથી આખી અંગ્રેજી ભાષા ઉત્પન્ન થઈ તેથી ૨૬ અક્ષર માતૃકાપદ કહેવાય એમ ત્રિપદીમાંથી ઉદ્ભવેલ દ્વાદશાંગી માતૃકાપદની દેન છે. જે પ્રભુની પ્રથમ દેશનામાં જ રચાઈ જાય છે. જ્યારે શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તો પ્રભુની અંતિમ દેશના છે માટે દ્વાદશાંગીમાં ન ગણી શકાય.

પ્ર.૩ : તત્ત્વાર્થસૂત્રમાં જણાવ્યું છે કે ૧૨માં દેવલોક સુધીના દેવો દેવીઓ સાથે મૈથુન સેવન કરે છે. બે પ્રશ્ન - (૧) અશરીરી આત્માએ કેવી રીતે મૈથુન સેવન કરે? (૨) શું દેવો પણ મનુષ્ય અને તિર્યંચની જેમ કામભોગથી મુક્ત નથી?

જ.૩ : (૧) દેવોને ત્રણ પ્રકારના શરીર છે વૈક્રિય, તૈજસ અને કાર્મણ એટલે તેઓ અશરીરી નથી.

(૨) દેવોને બે વેદ છે સ્ત્રીવેદ અને પુરૂષ વેદ તેમ જ મૈથુન સંજ્ઞા પણ છે માટે તેઓ પણ કામભોગથી મુક્ત નથી કામભોગથી મુક્ત થવા અવેદી બનવું પડે જે મનુષ્યગતિમાં ૯ મા ગુણસ્થાને શક્ય બને છે. મૈથુન સંજ્ઞાનું અસ્તિત્વ ૧ થી ૬ ગુણસ્થાન સુધી હોય છે. કોઈમાં સામગ્રી અધિક મળવાથી પ્રવૃત્તિરૂપે હોય છે. કોઈમાં સત્તારૂપે હોય છે અર્થાત્ બધાને પ્રવૃત્તિ રૂપે હોય એ જરૂરી નથી તેથી બધા દેવો મૈથુન સેવન કરે જ એ પણ જરૂરી નથી. પણ એમને કામભોગથી મુક્ત છે એમ પણ ન માની શકાય.

પ્ર.૪ : તેરાંપથી જૈનોના કોઈ ઉપાશ્રય જોવામાં નથી આવ્યા તો તેઓ ક્યા ઉતરતા હશે?

જ.૪ : તમે ક્યા ક્ષેત્રની વાત કરો છો? જે ક્ષેત્રમાં એમના ચાતુર્માસ થતા હોય ત્યાં તેમના ઉપાશ્રય હોય છે. જે તરફ એમનું વિચરણ હોય અર્થાત્ એમના વિચરણ ક્ષેત્રમાં ઉપાશ્રય હોય છે. (પ્રાયઃ રાજસ્થાનમાં વધારે વિચરણ છે) બાકી મુંબઈમાં પણ તેરાપંથી ભવન કાંદિવલી, ઘાટકોપર આદિ ક્ષેત્રમાં છે. જ્યાં એ ચાતુર્માસ કરી શકે અથવા સ્થિરતા કરી શકે એટલે કે ઉતરી શકે.

પ્ર.૫ : દિગંબર જૈન સાધ્વી વિષે માહિતી આપવા વિનંતી.

જ.૫ : દિગંબર જૈન સાધ્વીને આર્યિકા કહેવામાં આવે છે તે મુનિઓની જેમ દિગંબરત્વ ધારણ નથી કરી શકતી. તેથી એક ૧૬ હાથની સફેદ સાડી પહેરે છે તથા બેસીને જ કરપાત્રમાં આહાર કરે છે. બાકીની ચર્ચા મુનિઓ જેવી જ હોય છે. આર્યિકાઓ માટે વૃક્ષમૂળ, આતાપના યોગ, અભ્રાવકાશ વગેરે વિશેષ યોગ નિષિદ્ધ છે. આર્યિકાઓને ઉપચારથી મહાવ્રતી કહેવામાં આવે છે એ

પાંચમાં ગુણસ્થાનવર્તી હોય છે. એમનું પદ એલક અને ક્ષુલ્લકથી શ્રેષ્ઠ છે શ્રાવકો એમને વંદામિ કહીને નમસ્કાર કરે છે. આર્યિકાઓ પણ પરસ્પરમાં સમાચાર વંદામિ કહીને કરે છે એમનો વસવાટ શ્રાવકોથી ન અતિ દૂર ન અતિ નજીક હોય છે. એમનો વસવાટ થાય એને વસતિકા કહે છે. (ઉપાશ્રય કે સ્થાનકની જે વસતિકા હોવા જોઈએ) વસતિકામાં આ આર્યિકાઓ ૨-૩ અથવા ૩૦ થી ૪૦ ની સંખ્યા સુધીના એક સાથે રહી શકે છે. મુનિઓની વંદના તેમ જ આહાર આદિ ક્રિયાઓમાં ગણિની યા પ્રમુખ આર્યિકાની સાથે કે પછી એમને પૂછીને કેટલીક આર્યિકાઓ સાથે જાય છે.

આર્યિકા પદમાં રોવું, નવડાવવું, ખવડાવવું, ભોજન બનાવવું (રસોઈ કરવી), સિલાઈ-સીવણ કામ, સ્વેટર ગૂંથવું વગેરે ગૃહસ્થને કરવા યોગ્ય કાર્યો કરવાના નથી હોતા પરંતુ સ્વાધ્યાય કરવો પાઠ યાદ કરવામાં અને અનુપ્રેક્ષણ-ચિંતનમાં તથા તપ અને સંયમમાં સદાય ઉદ્યત રહેતી થકી જ્ઞાનાભ્યાસમાં તત્પર રહે છે.

પ્ર.૬ : ભટ્ટારક વિષે માહિતી આપવા વિનંતી.

જ.૬ : ભટ્ટારક - દિગંબર મતમાં સાધુ અને શ્રાવક વચ્ચેનો વર્ગ ભટ્ટારક છે જ્યારે ધર્મમાં રાજનીતિ પ્રવેશવા લાગી ત્યારે ધર્મની સંસ્કૃતિ, ઈતિહાસ અને અનામતને ક્ષતિ પહોંચવા લાગી. સંત પોતાની નગ્ન ચર્યાનું પાલન નહોતા કરી રહ્યા. શ્રાવક પોતાના પરિવારની પરવરિશમાં પડયા હતા. કોઈ સંત મંદિર મૂર્તિના સ્વરૂપને સંરક્ષિત કરવા માટે તૈયાર નહોતા થઈ રહ્યા ત્યારે નગ્ન મુનિઓમાં ધર્મના પ્રતીક સ્વરૂપ મંદિર, શાસ્ત્ર અને મૂર્તિના સંરક્ષણ માટે કપડા પહેરે અને મુનિ અને શ્રાવકની વચ્ચે કડીના રૂપમાં ભટ્ટારકની પરંપરાનો જન્મ થયો. મુનિ જો કપડા પહેરે તો મુનિચર્યાનું પાલન અને સંસ્કૃતિનું સંરક્ષણ એક સાથે ન થઈ શકત ધર્મની ઓળખને જીવિત રાખવા માટે ભટ્ટારકોએ તંત્ર, મંત્ર અને યંત્ર સાધના કરી શાસ્ત્ર, મૂર્તિ, અને ધર્મનું સંરક્ષણ કરવાનો પ્રારંભ કર્યો સાથે સાથે પોતાની સાધના પણ કરતા રહ્યા છે એટલે કે સામાજિક કાર્યની સાથે આત્મસાધના માટે પણ કાર્યરત છે.

શ્વેતાંબર મતમાં જેમ યતિ એમ દિગંબર મતમાં ભટ્ટારક પરંપરા છે. બંનેનું કાર્ય ધર્મ ટકાવવાનું છે સાથે સાથે આત્મસાધના પણ કરતા રહેવાની છે.

ભટ્ટારક મઠમાં રહે છે અને ભગવા કપડા પહેરે છે. તેમ જ જૈન ધર્મ સંબંધી બધુ મેનેજમેન્ટ કરે છે. શાસ્ત્રો સુરક્ષિત રાખવા લાયબ્રેરી વ્યવસ્થિત રાખવી હસ્તપ્રતોની જાળવણી કરવી વગેરે એમના માટે જ્ઞાનસાગર યતિઓ લખ્યું છે કે -

ભટ્ટારક સોહિ જાણ ભ્રષ્ટાચાર નિવારે,
ધર્મ પ્રકાશે દોઈ ભવિક જીવ બહુ તારે
સકલ શાસ્ત્ર સંપૂર્ણ સૂરિમંત્ર આરાધે
કરે ગચ્છ ઉદ્ધાર સ્વાત્મ કાર્ય બહુ સાધે
સૌમ્યમૂર્તિ શોભાકરણ, ક્ષમાધરણ
ગંભીરમતિ ભટ્ટારક સોહિ જાણીએ
કટુત જ્ઞાનસાગર યતિ

ઉપરોક્ત કડીઓમાં ભટ્ટારકનો સંપૂર્ણ ચિત્તાર આવી જાય.

આપના પ્રશ્નો શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઓફિસ પર અથવા તંત્રીના ઈમેલ પર મોકલવા.

❑❑❑

સંપર્ક : ૯૮૨૧૦૫૦૫૨૭

# Gyan Samvad : For Youth By Youth

**Mrs. Kavita Ajay Mehta**

"I hope articles like this will attract more young people to Prabuddh Jivan. Please ask the young people in your home to ask questions via email to author. Please mention Gyan Samvad in the subject line"

**(All these questions have been answered by Mrs. Kavita Ajay Mehta, who is a Jain Scholar)**

**Q.1** : Is Jainism a part of the Hindu religion?

**Ans** : No, Jainsim is not part of the Hindu religion. It is one of the ancient non-Vedic Shraman traditions that include Buddhism, Ajivikas, Yog, Charvaks etc. Unlike Hinduism, Jains do not believe that God is the creator or administrator of the world. Jain 'Gods' cannot fulfill wishes. Jains believe they get what they deserve based on their past and present karma. There is a misconception that Jains are atheists. While Jains do not believe in a creator or wish fulfilling God, they believe each soul has the potential to become God. Jains pray to those that have become 'Gods' by transcending the cycle of birth and death with the hope of emulating them. However, because of their co-existence in the same region for centuries, Hindus and Jains could have influenced each other.

**Q.2 :** When and why were sects like Svetambara, Deravasi etc. created?

**Ans** : There are many sects and subsects amongst Jains. While there may be differences in practise and scriptures, the core principles and philosophy are the same.

The first schism was around 680 years after Lord Mahavir when they split into Digambaras and Shvetambaras. During a famine a group of monks moved to South India. The ones that remained in the north wrote

down the oral scriptures and started wearing clothes. The written scriptures as well as the wearing of clothes were not acceptable to the monks in the south, therefore they had a split. The ones from the south were called Digambaras (sky-clad) while the ones from the north were called Shvetambaras (white-clad).

The Digambara monks wrote down their own scriptures, wore no clothes and they believe that women cannot achieve moksha (liberation). They are further divided into many sub-sects like Bispanth, Digambar Terapanth, Taranpanth, etc.

The Svetambara monks wear white robes and believe that women can achieve moksha. They are divided into sub-sects too -

Murtipujaks or Deravasi pray in derasar or temples. They believe in forty five Agams (scriptures) and have images of the Tirthankars and other Devs in the temple, whom they worship with sandalwood, fruits, flowers and adorn with clothes and jewellery. Their monks and nuns hold a muhapatti (mouth guard) and cover their mouths while speaking.

Sthanakvasi sect was formed around 1653 AD. They have rejected the practice of idol worship and have adopted thirty two Agamas. Their monks and nuns constantly wear a square muhapatti on their faces to avoid inhaling or harming minute creatures when they speak or breathe. Their temples are called Upashrays or Sthanaks which are huge empty halls with no images.

Terapanth is a reformist religious sect which was formed around 1760 AD in Rajasthan by Acharya Bhikshu. They have a single Acharya governing the monks and nuns. They constantly wear a rectangular muhapatti on their faces.

There are some more sects like the Kanjiswami panth, Shrimad Rajchandra movement, Akram Vignan movement, etc.

**Q-3** : What is the difference between a Tirthankar and a Dev?

**Ans** : To understand this, we have to first understand Gati (beings). Jains believe in the cycle of death and rebirth. After death all beings are reborn into one of 4 beings Dev Gati (heavenly beings), Manushya Gati (human beings), Tiryancha Gati (plants and animals), and Narak Gati (hell beings) - depending on their karmas. Occasionally through several lifetimes of wiping out their karmas, certain souls can break through this cycle and become liberated. These souls are called Siddhas.

Of these, in our current time cycle, there have been 24 Tirthankars who are Siddhas but also taught the principles of Jainism before getting liberated and attaining Moksha. They cannot grant boons or change people's karmas. They simply guide other souls towards the right path of attaining liberation.

Meanwhile, Devs live in Dev Gati and have certain celestial powers but have not yet attained liberation. They need to take birth as a human in order to become a Siddha. The ultimate goal of a Dev is also to become Siddha.

Email : kavitajainism@gmail.com

# સર્જન-સ્વાગત



**સંધ્યા શાહ**

પુસ્તકનું નામ : જીવન મીમાંસા
ભાગ- ૧-૨-૩
જે. કૃષ્ણમૂર્તિ
સંપાદક : ડી. રાજગોપાલ
અનુવાદક : ભાગ-૧ હીરાલાલ બક્ષી
ભાગ-૨-૩
ડૉ હરીશ વ્યાસ
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
રતનપોળના નાકા સામે,
ગાંધી માર્ગ, અમદાવાદ-૧
ચતુર્થ ગુજરાતી : આવૃત્તિ : ૨૦૧૮
પૃષ્ઠ સંખ્યા : ભાગ-૧ : ૬ + ૨૫૮
કિંમત - રૂા. ૩૦૦/-
ભાગ-૨ : ૬ + ૨૬૨
કિંમત - રૂા. ૩૦૦/-
ભાગ-૩ : ૪ + ૩૯૬
કિંમત - રૂા. ૪૨૫/-




જિદ્દુ કૃષ્ણમૂર્તિ ભારતના મહાન તત્વજ્ઞાની અને આધ્યાત્મિક માર્ગદર્શક હતા. ''તેમને સાંભળવા કે વાંચવા એટલે વિસ્મયભરી તાજગી સાથે પોતાનો અને વિશ્વનો સામનો કરવો.'' ખલીલ જિબ્રાન જેમને સાક્ષાત પ્રેમનો અવતાર ગણાવે છે તેવા આ આધ્યાત્મિક ઋષિ જીવનભર સત્યની શોધમાં રહ્યા - સત્ય અને મુક્તિની પ્રકૃતિ વિશે જીવનના સંદર્ભમાં તેમણે હજારો વાર્તાલાપો આપ્યા. અસાધારણ સરળ શબ્દોના આ મૈત્રીપૂર્ણ - ઉષ્માપૂર્ણ સંવાદોએ લાખો લોકોને ઉર્ધ્વજીવનની પ્રેરણા આપી છે. યુરોપ, અમેરિકા, ઑસ્ટ્રેલિયા અને ભારતના સતત ભ્રમણમાં હજારો લોકોને તેઓ મળ્યા. પ્રકૃતિના સહજ સૌંદર્યથી શરૂ થતી આ મુલાકાત જીવનની સંવાદિતા અને સત્યના સંદેશ સાથે એક નવી દિશા ઉઘાડતી હતી. પ્રાજ્ઞ પુરુષ આલ્ડસ હક્સલીએ કહ્યું છે, 'કૃષ્ણમૂર્તિને સાંભળીને મને એવું લાગે છે જાણે ભગવાન બુદ્ધની વાણી મેં સાંભળી છે.' ખરેખર તો આલ્ડસ હક્સલીના આગ્રહભર્યા




અનુરોધ થકી જ કૃષ્ણમૂર્તિ આ વાર્તાલાપો લખવા પ્રેરાયા. ત્રણ ખંડમાં વહેંચાયેલું પ્રસ્તુત પુસ્તક એ રીતે કૃષ્ણમૂર્તિ સાથે વાતચીત કરવા આવતા લોકોની મુલાકાતોની નોંધ છે. કશાય સંકોચ કે ભય વગર આત્મીય ઉષ્મા સાથે થયેલી આ ભાવસભર મુલાકાતોનું વર્ણન પ્રકૃતિના સહજ સૌંદર્યથી શરૂ થયું છે. મુલાકાતીઓની વૈયક્તિક અને અંગત બાબતોની રજૂઆત કૃષ્ણમૂર્તિની ફિલસૂફી થકી આંતરમનના સત્વને ઉજાગર કરે છે.





વિશ્વભરના શ્રોતાઓ સાથે કરેલા સંવાદોનું આ પુસ્તક 'કમેન્ટરીઝ ઑન લિવિંગ' તેમના પોતાના હસ્તાક્ષરમાં હાંસિયા વગરના પૃષ્ઠ પર બિલકુલ સુધારાવધારા કે છેકછાક વગર લખાયેલું છે. ડૉ. રાજગોપાલે તેનું સંપાદન કર્યું. અંગ્રેજીમાં લખાયેલા આ પુસ્તકના પ્રથમ ભાગનો અનુવાદ હીરાલાલ બક્ષીએ કર્યો છે જ્યારે બીજા અને ત્રીજા ખંડનો અનુવાદ ડૉ હરીશ વ્યાસે કર્યો છે.

પ્રકૃતિની સંનિકટ રહી, દેશવિદેશના લોકો સાથે વાતવિનિમય કરી તેમના જ્ઞાનપીપાસાને તૃપ્ત કરનારા આ સંવાદોમાં ધર્મ, રાજકારણ, અહંકાર, સૌજન્ય, સંવેદનશીલતા, પ્રેમ, શ્રદ્ધા, જાગૃતિ, મહત્ત્વાકાંક્ષા, અહંકાર, સ્વપ્નાઓ, સ્વતંત્રતા, દુઃખ અને મૃત્યુ જેવા જીવન અને જગતને સાર્થતા કેટકેટલા વિષયો પર આ સંવેદનશીલ ઋષિનું માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. જીવનને નિહાળવાની અખિલાઈભરી દૃષ્ટિ પ્રગટ કરતા આ અધ્યાત્મગુણના વાર્તાલાપો વિશ્વની ચાલીસથી પણ વધુ ભાષામાં પ્રકાશિત અને અનુદિત થઈ રહ્યા છે અનુવાદકોએ સરળ ભાષા થકી શ્રોતા અને વક્તાના આ ભાવસભર સંવાદોની સહજતાને જાળવી રાખી છે.

•••

પુસ્તકનું નામ : **પ્રવાસ ભીતરનો**
**સેજલ શાહ**
પ્રકાશક : મુંબઈ જૈન યુવક સંઘ વતી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮
પૃષ્ઠ : ૧૪ + ૧૬૨
કિંમત : રૂા. ૧૨૫/-




''મુઠ્ઠીમાં અંધારું'' ભરીને આ શહેરમાં નીકળી પડી હતી હું. મને એક એવી બારી મળી જાય છે જેને ખોલતા નવી યાત્રાની પગદંડી સાંપડે છે.. પ્રકાશનું એ કિરણ મને નવા ઉજાસ તરફ લઈ જાય છે અને હું પામું છું અસીમ સંતોષ...''

આ શબ્દોથી શરૂ થયેલો ''ભીતરનો પ્રવાસ'' પ્રબુદ્ધ જીવનનાં તંત્રી સેજલ શાહના આલોકિત અંતરને ઉજાગર કરે છે. સંસ્કૃતિ અને જીવનના મૂલ્યોનું સંવર્ધન કરતું જૈન યુવક સંઘનું મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' નવ દાયકાથી પોતાની શિષ્ટ પ્રણાલીને અનુસરી રહ્યું છે. ડૉ. ધનવંતભાઈ શાહનું આકસ્મિક અવસાન થતાં આ જવાબદારી સેજલબહેનના શિરે આવી. ગુજરાતી સાહિત્યના સાક્ષર, મણિબેન નાણાવટી કૉલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ, જૈન ધર્મના ઊંડા અભ્યાસુ. અત્યંત વિનમ્ર, મીત અને મધુરભાષી ડૉ. સેજલબહેને આ પરંપરાને જાળવી અને 'પ્રબુદ્ધ જીવન'ને એક નવી ઊંચાઈ પર સ્થાપિત કરી દીધું. પ્રબુદ્ધ જીવનના વિદગ્ધ વાચકો સમક્ષ ભાષા, ધર્મ, સંસ્કૃતિ ને જીવન વિશે પોતાના મનમાં ઊઠતા અનેક પ્રશ્નોનો સંવાદ રચ્યો. પ્રસ્તુત પુસ્તક આ તંત્રીલેખોનો સંચય છે.

આ ચિંતનાત્મક નિબંધો નાનકડા રૂપકો કે દૃષ્ટાંતોના માધ્યમે લખાયા છે. ઋતુઓની વાત હોય, પર્વોની વાત હોય, ભાષા-સંસ્કૃતિની વાત હોય કે ભૌતિકતામાં સતત દોડતા ને વિફળતા અનુભવતા માનવોની વાત હોય. લેખિકાના અંતરમાં સતત એક મથામણ ચાલી રહી છે – જીવન શું? તેનું પ્રાબલ્ય શું? મોહજાળમાંથી મુક્તિ કઈ રીતે?... ધર્મના, ધર્મગુરુઓના, કવિતા, શ્લોક કે ધર્મગ્રંથોના અનેક સંદર્ભોના માધ્યમે અવિરત ચાલુ રહેલો આ સંવાદ લેખિકાની જ્ઞાનસમૃદ્ધિ અને વિચારવૈભવને વ્યક્ત કરે છે. સતત મૃગતૃષ્ણામાં દોડતો વાચક પણ અટકી જાય છે. જીવનને નવા સંદર્ભમાં, નવા પરિમાણમાં, સાર્થક્ય ભણીની જાતરામાં જોડાવા માટે.

વિશેષાંકો એ 'પ્રબુદ્ધ જીવન'ની આગવી શૈલી છે. મહાત્મા ગાંધીજી, શ્રીમદ્ રાજચંદ્ર, જૈન મંદિરોનું શિલ્પ સ્થાપત્ય, યોગ વિજ્ઞાન, માતૃભાષા અને ગુરુ ગૌરવને પ્રગટ કરતા વિશેષાંકોના તંત્રીલેખમાં સેજલબહેનની વિશિષ્ટ પ્રતિભા ઝળકી છે.


જૈન ધર્મદર્શન - તત્વદર્શન, માતૃભાષાની મહત્તા, ભાર વિનાનું ભણતર... સાંપ્રત પ્રશ્નો હોય કે નવી પેઢીને આપીને જવાનો ભવ્ય વારસો હોય, સ્વની શોધ અને સાચી જીવનશૈલીનું માર્ગદર્શન આપતા લેખ, એક જ વસ્તુને અનેક પરિમાણોથી મૂલવવાની વિચારણા, કશુંક નિષ્પન્ન ન થાય ત્યાં સુધીની મથામણ... આ વિચારવલોણું જે મનનીત પીરસે છે તે
આસ્વાદ્ય બન્યું છે.

પરોઢના ઉજાસ સમું આ પુસ્તક વિદ્વાન તંત્રીની પ્રતિભાનું પરિચાયક છે.

•••

પુસ્તકનું નામ : **પહેલે પગથિયે**
**ગુલાબ દેઢિયા**
પ્રકાશક : વિવેકગ્રામ પ્રકાશન, વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટયૂટ, નાગલપુર રોડ, માંડવી (કચ્છ) ૩૭૦૪૬૫
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૬

પૃષ્ઠ : ૧૧૯ કિંમત : રૂા. ૧૦૦/-




વિલેપાર્લેની જમનાબાઈ નરસી સ્કૂલના ગુજરાતી વિષયના અધ્યાપક શ્રી ગુલાબ દેઢિયાના લલિત નિબંધોનો આ સંગ્રહ છે.


શબ્દના પહેલે પગથિયે મળેલી સજીવ ક્ષણો અહીં આલેખાઈ છે. પ્રત્યેક પૃષ્ઠ પર લેખકનો અતીત રાગ છલકાય છે. અસ્તિત્વને જીવંત કરી દેતી, હળવેથી બોલાવતી વતનની માટી, નોળવેલ સમી બાળપણની સ્મૃતિઓ નાદ કરતી નદી, ગર્જન કરતો મેઘ, આંખોને ભીંજવી દેતી મેઘધનુષની છાલક... કોમળ અને ઋજુ સંવેદનાઓ હૃદયની ભીનાશથી ભરપૂર છે.

સદાય જેના ઓશિંગણ હોય તેવા ઘેઘૂર વડના ઢળી પડવાનો વિષાદ અહીં વ્યસ્ત થયો છે. તો મૈત્રી અને સંબંધોની ઉષ્મા પણ કેટકેટલી રીતે વ્યંજિત થઈ છે! ઝાડી પર ઊગી ગયેલું ઘાસ સંસ્કૃતિને ભંડારીને બેઠેલા ઓટલા અને પોતે ક્યાંય ન જાય પણ બધા પ્રવાસો, પ્રદેશો અને પરદેશની રજકણ ઝીલતા પગથિયાં...

લલિત શબ્દાવલીથી આસ્વાદ્ય આ નિબંધો લેખકના આંતરમનની ઋજુતાને પ્રગટ કરે છે.

***

પુસ્તકનું નામ : સુગંધપર્વ
ગુલાબ દેઢિયા
પ્રકાશક : વિવેકગ્રામ પ્રકાશન, વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ, નાગલપુર રોડ, માંડવી (કચ્છ) ૩૭૦૪૬૫



દ્વિતીય આવૃત્તિ : ૨૦૧૬
પૃષ્ઠ : ૧૦૪
કિંમત રૂા. ૧૦૦/-


વિસ્મયનું આકાશ ઊઘડતું જ રહે તો નિબંધ કલાકૃતિ બનીને સાર્થક થાય ગુણવંત શાહના આ શબ્દો 'સુગંધપર્વ' માટે સાચાં જ છે.

ભીતરમાં સાંગોપાંગ સચવાયેલું શૈશવ એની મુગ્ધ, બાલિશ ચેષ્ટાઓ, શાળાએ જવાની ઉત્સુક્તા ને ઘર ભણી પાછા ફરવાની ઉત્કંઠાય ખરી જ, નળિયામાંથી પડતા અજવાસના આંદરણાંને આધારે નક્કી થતો છૂટવાનો સમય, ઘંટ વગાડવા માટે લોબીમાં ફરતા છોકરાઓને જોઈને હૈયામાં વ્યાપી જતો આનંદ, આંગણામાં ઊભેલા બદામના વૃક્ષની સાથેનું સાંય, ઘરમાં બાળકોના કપડા સીવવા આવેલા દરજીની કારીગરીનું નિરીક્ષણ ને તેની ગેરહાજરીમાં ખાલી સંચાને ફેરવવાનો આનંદ... કોઈપણ વાચકને પોતાનું બાળપણ સાંભરી આવે તેટલું સહજ ચિત્રણ લેખકે કર્યું છે.

દાદાનું વહાલ, વાર્તાઓનું આખુંય ભાવસભર વિશ્વ, મહેમાનોના આગમને હરખાઈ જતું મન, આંગણે આવતા ટપાલીનો યાદ રહી ગયેલો પગરવ... સ્મરણમંજૂષા-માંથી બહાર આવતી કેટકેટલી વસ્તુઓ - વ્યક્તિઓ ને તેની સંગાથે અનાયાસે ભળી જતું લેખકનું મૌલિક દર્શન આ નિબંધોની વિશેષતા છે. કલાગુર્જરીથી પુરસ્કૃત થયેલું આ પુસ્તક લેખકની જીવનને નિહાળવાની દૃષ્ટિ ને પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય પ્રગટ કરે છે.

***

પુસ્તકનું નામ : ઓસરીમાં તડકો
ગુલાબ દેઢિયા
પ્રકાશક : વિવેકગ્રામ પ્રકાશન, વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ, નાગલપુર રોડ, માંડવી (કચ્છ) ૩૭૦૪૬૫
દ્વિતીય આવૃત્તિ: ૨૦૧૬
પૃષ્ઠ : ૧૭૬ કિંમત : ૧૪૦/-



મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય એકાદમી દ્વારા પુરસ્કૃત આ પુસ્તક અતીતની સ્મૃતિઓને ઉજાગર કરે છે.

ગ્રામ્ય પરિવેશની પાર્શ્વભૂમાં લેખકે ઝીલેલા આ ચિત્રો સંવેદનસભર બન્યાં છે - ધગધગતા રજતરસ સમા તડકાને ઓસરીમાં આવતા ઝલમલ પ્રકાશપુંજ સમા તડકાને તાકી રહેલા લેખક એનું ઝીણવટભર્યું વર્ણન કરે છે. ગુજરાતી સાહિત્યના આ અધ્યાપક અનેક સંદર્ભો, પ્રસંગો, કાવ્યપંક્તિઓ અને કહેવતોના માધ્યમે પોતાના કલમને માંજતા રહ્યા છે.

અહીં પ્રતીક્ષાના આનંદની વાત છે, તો કાબુલીવાલાના વિષાદની, વ્યથાની પણ વાત છે. બચપણની સ્મૃતિઓ - દિવાળી ટાણે ધોળાતું ને નવા શણગાર સજતું ઘર, ભેરુઓ સાથે રમાતી રમતો, હવે લગભગ ભૂલાઈ ગયેલી ટેલિફોનની ડાયરી, રંગભૂમિને જાજરમાન ને ઝાલરમાન પડદો અને ખાલી થિયેટરનું સભર વાતાવરણ... ઋતુઓના રંગ, કન્યાવિદાયનું માંગલ્ય, ઉનાળાની ઉપલબ્ધિ સમો, કોયલનો ટહુકો, સુખસવારી સમો ડામચિત્રો, સંસ્કૃતિના કળશ સમી ઘરની બારીઓ... લાલિત્યસભર ગદ્યમાં લખાયેલા આ નિબંધો હૃદ્ય બન્યા છે-આસ્વાદ્ય બન્યા છે. પુસ્તકનું આવરણ કલાત્મક બન્યું છે.

❑❑❑

ફોન નં. ૯૮૨૧૦૫૦૫૨૭
આ પુસ્તક મેળવવા ઑફિસનો સંપર્ક કરે

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એડ્રેસ લીસ્ટ અપડેટ કરી રહ્યા હોવાથી, વાચકોને વિનંતી છે કે આપનું નામ, નંબર, અને ગ્રાહક નંબર અમને જાણ કરશો. જેથી અમે આપના સંપર્કમાં આવી શકીએ. આપ અમને અમારા નવા મોબાઈલ પર મેસેજ અથવા ફોન કરીને તમારી વિગત જાણ કરી શકો છો.**

**મો. નં. ૯૧૩૭૭૨૭૧૦૯**

## ડિસેમ્બર અંક વિશેષ : કેલિડોસ્કોપિક નજરે : ગયા અંકની વાત

**ગુણવંત બરવાળિયા**

ડિસેમ્બર અંકના મુખપુષ્ઠ પર સરસ્વતીમાતાના દર્શન કરતાં કાલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની સરસ્વતી સાધનાનું પાવન સ્મરણ થયું. આચાર્ય, રાજસ્થાનમાં શિહોરી જિલ્લાના પિંડવળ ગામથી ૩ કિ.મી. દૂર અઝારી ગામે આવ્યા. ત્યાં મા સરસ્વતીનું જૂનું મંદિર છે. મુનિ રાત્રિ મુકામ દરમિયાન બેઠા હતા ત્યારે મા સરસ્વતીએ મુનિને સાક્ષાત દર્શન આપ્યાં. આ સ્થળે મુનિએ એકવીસ દિવસનું અનુષ્ઠાન કર્યું અને ઈચ્છા મુજબના સાહિત્યસર્જનનું વરદાન મેળવ્યું

તંત્રીલેખમાં સેજલબહેન શાહે સમયનું સહચિંતન કરાવતાં માર્મિક વાત કરી, 'જે ઘડીએ એવી આશા કરી કે મને આ રોજરોજ મળે ત્યારે એ સમયના કાબૂમાં આવી ગયા એમ સમજવું, જ્યારે પદ એની સાથેના અસ્તિત્વથી મુક્ત થઈ શકાય છે ત્યારે સમયની લગામ વગર જીવ્યા જેવું લાગે છે.' અહીં તૃષ્ણા અને અહંને ઓગાળી નાખવાની વાત અભિપ્રેત છે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત બહુમુખી પ્રતિભાસંપન્ન સાહિત્યકાર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ કબીરનું તત્ત્વજ્ઞાન ખૂબ જ સુંદર રીતે સમજાવતા કહે છે. ખરી જરૂર ભીતરની જાગૃતિની છે, કારણ કે પરમાત્મા ભીતર વસે છે અને બહાર શોધવાથી પરમાત્મા પ્રાપ્ત થશે નહીં, પરંતુ આપણે સ્વયં ખોવાઈ જઈએ. આ ભીતરની શોધ છે, 'માહ્યલા' ના જાગરણની વાત છે. વધુમાં એમણે કોઈ પણ જીવે વિરહ નહીં કરવાની વાત કરી કહ્યું કે, કારણ કે આત્મા એનાથી વિખૂટો પડ્યો જ નથી, એ અખંડ આત્મજ્યોતિ સદૈવ પ્રજ્વલિત હોય છે.

દાર્શનિક સાહિત્યકાર ભાણદેવજી આપણને આપણી મર્યાદાઓને એક નવી દૃષ્ટિથી જોવાની વાત કરતાં કહે છે કે, શરીરમાં આવેલ તાવની ચિકિત્સા કરીએ તેમ કામ-ક્રોધના જ્વરથી મુક્ત થવાની પ્રક્રિયા કરવાની, મર્યાદાના રૂપાંતરની પ્રક્રિયા કરવાની આપણી જવાબદારી છે.

હર્ષવદન ત્રિવેદીએ, આચાર્ય વિજયશીલચંદ્રસૂરિ સંપાદિત 'અનુસંધાન'નો પરિચય કરાવ્યો, સાથે સાથે આપણે જાણ્યું કે પૂ. શીલચંદ્રસૂરિ અને તેમનો શિષ્યસમુદાય જે પ્રવૃત્તિ કરે છે તે પ્રમાણે તો તેમને હરતી-ફરતી રિચર્સ ઈન્સ્ટિટ્યૂટ જ કહેવી જોઈએ. આચાર્યના શ્રુતપ્રીતિ અને સમ્યક્ પુરુષાર્થની અભિવંદના કરીએ.

ગુલાબ દેઢિયાને વાંચતા અંગેઅંગમાં તાજગીની લહેર પ્રસરે. એના લખવા પ્રમાણે તડકાની સન્મુખ થતાં છોડને તો આગોતરી દિવાળી થઈ ગઈ, અને આ વાંચતા આપણને આગોતરી સંક્રાંત થઈ ગઈ. પરાગભાઈ શાહે ભક્તિમાર્ગની મહત્તા સમજાવતા કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગની પણ સમજણ આપી.

'પ્રબુદ્ધ જીવન'માં કવિતા મહેતા, પ્રાચી શાહ, બકુલભાઈ ગાંધી અને વર્ષા દાસના ઈંગ્લિશમાં લેખો પ્રગટ કર્યા છે. સેજલબહેનના આ કાર્યની અનુમોદના કરું છું કારણે કે યુવા વર્ગ, વિદેશમાં રહેતા વાચકો અને અંગ્રેજી ભાષાના વાચકોને વિશેષ સામગ્રી મળી રહેશે.

વૃત્તિના તત્ત્વજ્ઞાનમાં મુરબ્બીશ્રી રવિલાલ વોરાએ વૃત્તિને ભોગવવાની પણ નહિ અને દબાવવાની પણ નથી પણ વૃત્તિનો સ્વેચ્છાએ ત્યાગ કરવાની સુંદર વાત કરી છે.

કાકુભાઈ મહેતાએ વિશ્વશાંતિ અર્થે જૈનોનાં કર્તવ્ય પ્રત્યે અંગૂલિનિર્દેશ કર્યો છે. પ્રોફેસર ડૉ. હેમાલી સંઘવી એ નિમિત્ત-ઉપદાનના જટીલ વિષયને સરળતાથી સમજાવ્યો છે અને તેમણે દૃષ્ટાંતના સમાપનમાં ''ક્યાંક નિમિત્તરૂપી કપ પાછળ આપણી ઉપાદાનરૂપી કૉફી વેડફાઈ તો નથી રહીને?'' એ મર્મસ્પર્શી વાત કહી.

પ્રજ્ઞાચક્ષુ ચિંતક મનુભાઈ દોશીએ ઉપાધ્યાય યશોવિજયજીની ગાથા સમજાવતા ખગોળવિજ્ઞાન અને કર્મસિદ્ધાંતની વાતો પણ સમજાવી.

'જીવનપંથ' માં ડૉ. ભદ્રાયુ વચ્છરાજાનીને ખુદ કબ્બડી રમતાં આપણે જોતા હોઈએ તેવું જીવંત શબ્દચિત્ર... વળી લેખમાં ''ઘઘલાવતા'' અને ''ખોયડું'' જેવા શબ્દો વાંચવાની મજા પડી.

તપની અનુપ્રક્ષામાં સુબોધિનીબેન મસાલિયાએ ખૂબ જ સરળ રીતે પાપ-પુણ્યનું સ્પષ્ટીકરણ કર્યું. દાદા આદિનાથ અને ગોચરીના દૃષ્ટાંત દ્વારા આ ગહન વાતને ગળે ઉતરી જાય તેવી રીતે સમજાવી.

ગાંધી વાચનયાત્રામાં ડૉ. સોનલબેન પરીખે **'સામે પવને'** ની વાત કરી - મકરંદ દવેની પ્રેરણાથી અહીં એક કંઠીતોડ આદમીની કથા આલેખાઈ છે તે યોગેન્દ્રભાઈ અને નીલમબેન પરીખના પ્રેરક જીવન સંઘર્ષને જાણવા મળ્યું.

''શ્રીમદ્ દેવચંદ્રજી જીવનચરિત્ર અને આકાલોના સીતાબહેન! ઈતિહાસના દર્પણમાં પેથાપુરની એક ઝલક'' આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિશ્વરજીના આ લેખમાં શ્રીમદ્ દેવચંદ્રજી જીવનચરિત્ર વિશે નહીં પરંતુ આકોલાના સીતાબેનની દાનભાવના વિશે સુંદર વર્ણન છે. લેખમાં પેથાપુર અને શ્રી બુદ્ધિસાગરજીના જીવન વિશે રસપ્રદ વાતો જાણવા મળી.

જાણે આપણે પેથાપુરની મુલાકાત લઈ અને શ્રી અજિતનાથની પ્રતિમાના દર્શન કરી રહ્યા હોઈએ એવી અનુભૂતિ આ વર્ણન વાંચતાં થાય છે. જૈન સાહિત્યકાર આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી નિજી સર્જન દ્વારા જૈન શ્રુત સંપદાને સમૃદ્ધ કરી રહેલ છે. પ્રાસાદિક ભાષા અને કોમળ વ્યંજનોથી જૈન કથાનકોને કંડારતી તેમની કલમ અભિવંદનાની અધિકારી છે.

વિવિધ કૃતિઓથી શોભતા 'પ્રબુદ્ધ ઉપવન' માં જાણે ચિંતક શાંતિલાલ ગઢિયાનું ''ગાંધીફૂલ'' શોભી રહ્યું છે.

ગમતાનો ગુલાલ કરતાં હસમુખભાઈ ટીંબડિયા પ્રેરક સ્વાનુભૂતિના પ્રસંગો લખતા જ રહે છે, પરંતુ આ વખતે પંથેપંથે પાથેયમાં ''નિર્મળ પત્રસરિતા'' દ્વારા તેમણે એક નવા જ વિષયનો વિસ્મય દીપ પ્રગટાવ્યો.

આપણા વિદ્વત્ત જગતમાં એક ત્રિપુટીનું નામ સૌને પ્રિય છે, ડૉ. રતનબેન ખીમજીભાઈ છાડવા, ખીમજીભાઈ છાડવા આ દંપતી અને તેમનાં બહેન ડૉ. પાર્વતીબેન નેણશી, ખીરાણી. ખીમજીભાઈ, બૃહદ્ મુંબઈ શિક્ષણ બોર્ડના પ્રેરક છે અને વિદુષી નણંદ-ભોજાઈ સંશોધન-સંપાદન, પ્રાકૃત અને સંસ્કૃતનાં કાર્યમાં સતત વ્યસ્ત હોય છે.

ડૉ. રતનબેને ભક્તામર સ્તોત્રના આસ્વાદમાં કોયલના રૂપકને સમજાવતાં તેની તત્ત્વજ્ઞાન પ્રત્યેની રૂચિ અને વિદ્વત્તાનાં દર્શન કરાવ્યાં છે, તો સર્જન સ્વાગતમાં ડૉ. પાર્વતીબેન ખીરાણીએ પ્રત્યેક ગ્રંથનું પરિશિલન કરી અને તેના ઉત્કૃષ્ઠ અવલોકન દ્વારા આપણને પરિચય કરાવ્યો છે.

આદરણીય લલિતભાઈ સેલારકાની બાપુ પરની સુંદર રચના વાંચતા અમારી સિડનહામ કૉલેજના વિઝિટિંગ પ્રોફેસર લાકડાવાળાની વાતોનું સ્મરણ થયું ત્યારે બાપુ પર ''માનવ કવિ'' નામની મારી રચના કૉલેજના મૅગેઝિનમાં પ્રગટ થયેલી.

કવિ-વાર્તાકાર પ્રફુલ રાવલ - 'જો હોય મારો અંતિમ પત્ર' માંનું સંબોધન 'પરમ પ્રિય સખા શબ્દ' વાંચતા રોમાંચ ખડા થાય - શબ્દને કહે છે 'તું છે તો હું છું. મારું મારાપણું તારા લીધે જ રહ્યું છે.' જેમના નિજી જીવનમાં શબ્દનો સાક્ષાત્કાર થયો હોય તે જ વ્યક્તિ શબ્દને આવો પત્ર લખી શકે.

ગયા અંકની વાતમાં મીમાંસક, ચિંતક અને પ્રખર વક્તા ભાઈ સુરેશ ગાલાએ ''પ્રધાન સર્વધર્માણં જૈનં જયતિ શાસનમ''માં બોલાય છે તેમાં પ્રધાનને બદલે સમાન શબ્દને ન વાપરી શકો? આ ક્વેશ્ચનમાર્કે આપણને વિચારતા કરી મૂક્યા.

આચમનમાં પુષ્પાબેન પરીખ દ્વારા સંત અમિતાભના અધ્યાત્મ અમૃતનું આચમન કરવાનું મળે છે.

સવજીભાઈ છાયાનું ચિત્ર જોઈ મન પ્રસન્ન થઈ જાય. આમ, સાહિત્ય, કલા અને તત્ત્વજ્ઞાનનો ત્રિવેણી સંગમ પ્રબુદ્ધ જીવનમાં સેજલબેન શાહ રચતાં રહે તેવી શુભેચ્છા સાથે....

❑❑❑

gunvant.barvalia@mail.com
Mob. 09820215542

# ભાવ - પ્રતિભાવ

ઑક્ટોબર ૨૦૧૮ના પ્રબુદ્ધ જીવનના ગાંધી વિશેષાંકમાં, માનદ તંત્રીશ્રીએ, સંપાદકશ્રીએ અને સૌ લેખકોએ મહાત્મા ગાંધી પ્રત્યે આદર અને ભક્તિભાવપૂર્વક લખ્યું છે.

કોઈએ આલોચના કરી નથી. ભૂતકાળમાં થયેલ આલોચનાનો હવાલો સુધ્ધાં આપ્યો નથી. ટાગોર, અરવિંદ ઘોષ, સુભાષચંદ્ર બોઝ, જવાહરલાલ નહેરુ વિ. કેટલાએ મહાનુભાવોએ ગાંધીજીની વિચારણાની અને એમના બ્રહ્મચર્ય પરીક્ષણના કાર્યક્રમની ટીકા કરી છે. મહાત્મા ગાંધી પ્રત્યેનો સહેજ પણ આદર ઓછો થયા વિના.

મહાત્મા ગાંધી, વિનોબા ભાવે, વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ વિગેરે કેટલાએ ભારતના લોકહૃદયમાં બિરાજ્યા.

જ્યારે જવાહરલાલ નહેરુ કે બર્ટ્રાંડ રસેલ અને યુરોપ-અમેરિકાના અનેક ચિંતકોને ભારતીયોના હૃદયમાં સ્થાન મળ્યું નહિ.

હકીકતમાં ભારત નામનો રાષ્ટ્ર બન્યો એમાં નહેરુનો અદ્વિતીય ફાળો છે અને સેક્યુલારિઝમ, નાગરિક સમાનતા, લિબર્ટી વિગેરે મૂલ્યો યુરોપમાં જન્મ્યા અને પોષણ પામ્યા છે.

મહાત્મા ગાંધી સત્યની ઉપાસના કરતા રહ્યા અને અહિંસક માર્ગે ભારતના સમાજની અનેક બદીઓ સામે લડયા અને દેશને સ્વતંત્ર કરવામાં બેજોડ ફાળો આપ્યો. આવો પુરુષ યુગયુગાન્તરે પણ એકાદ થાય.

મંજુબેન ઝવેરી સાચા છે. ગાંધીને બુદ્ધ અને મહાવીરની કક્ષાએ મૂકવામાં.

**કીર્તિચંદ શાહ**

મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૭

❋❋❋

ડૉ. નરેશ વેદ સંપાદિત, 'ગાંધી વિશેષાંક' સુંદર અને આકર્ષક રહ્યો. ગાંધીજીની પ્રતિભા વિષે તો લખાય તેટલું ઓછું! યુગપ્રવર્તક મહાનુભાવ હતા. શ્રી ધીરેન્દ્ર મહેતાનો કીર્તિ મંદિર વિષેનો લેખ માહિતીપ્રદ રહ્યો. તેમના પિતાશ્રી નાનજી કાલિદાસ મહેતાના પરિવાર સાથે ત્રણેક દાયકા રહેવાનું થયું છે. તેમનાં મોટા બહેન સુશ્રી સવિતાદીદી મણિપુરી નૃત્યકાર, અમારા ગુરુકુળનાં આચાર્યા હતાં. નાનાં બહેન નિર્મળાદીદી અને શ્રી મહેન્દ્રભાઈનાં પુત્ર શ્રી જય મહેતા, શેઠશ્રીએ કરોડો રૂપિયાનાં દાન કર્યા છે. કન્યા કેળવણી પ્રત્યે રુચી હોઈ તેમણે બન્ને પુત્રીઓને વડોદરાનાં આર્ય કન્યા ગુરુકુલમાં જ ભણાવી હતી. પંક્તિ આનંદપ્રિયજી અને તેનાં પિતા ને આત્મારામ અમૃતસરી બહેન સુશીલા પંડિત, અમારા વ્યવસ્થાપિકા હતાં.

મૂળ આ પરિવાર જામનગર સ્ટેટના ગોકૃષ્ણા ગામનો બદિયાણી, આફ્રિકામાં નામું લખતા શેઠશ્રીને મહેતા અટક પ્રાપ્ત થઈ. યુગાંડામાં તેઓ શુગર ફૅક્ટરી સાથે શેરડીનાં ખેતરો ધરાવતા, અનેક ઉદ્યોગોમાં દિલચસ્પી પણ ખરી, અબજો રૂપિયા કમાયા. છતાં નમ્રતા, સંસ્કાર

અને સંસ્કૃતિને વફાદાર રહ્યા. અમારા કુલમાતા સુશ્રી સંતોકબા મૂળ ભાણવડનાં હતાં. તેઓ ગુરુકુલની ૧૫૦૦ દીકરીઓને મળવા રોજ આવતાં. ધોરણ ૫થી કૉલેજ સુધી કન્યાઓને રહેવાનું-ભણવાનું ને સાથે વ્યાયામ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ત્રિદિવસીય વાર્ષિક ઉત્સવો ઉજવાય, તેમાં મહાનુભાવો પધારે. રાસ,ગરબા, નાટકો-નૃત્ય ચાલતાં રહે. શ્રી મેરુલા ગઢવી અને પીંગળસીભાઈના દૂહા-છંદનો લાભ મળે. આમ, છેલ્લા સૈકાથી ગુરુકુલ કાર્યરત છે. હજારો દીકરીઓ તેમાં ભણી ગઈ છે, તે સહેજ જાણખાતર.

❁

તત્ત્વચિંતક શ્રી વિઠ્ઠલભાઈ પટેલનો લેખ, વિપશ્યનાની સાધના પદ્ધતિ, વિચાર્યો, ગમ્યો, સુખ, સંતોષ અને આનંદપૂર્વક જીવન જીવવાની કળા તેમણે બતાવી. જીવનમાં એકાગ્રતા કેળવવી રહી. તે માટે આપણાં શ્વાસનું નિયંત્રણ કરવું રહ્યું. આપણે જે હવા શરીરમાં લઈએ છીએ તે લોહીને શુદ્ધ કરે છે. મનને સ્થિર કરે છે. ખોટા વિચારને આવતા અટકાવે છે.

તેથી તો 'વિશ્વાસને વિશ્વનો શ્વાસ' કહ્યો. Trust in God and do the Right' એમ કહેવાયું. આપણે આપણાં જીવનનાં કોઈ માલિક નથી, કેવળ ટ્રસ્ટી છીએ. કુદરતે જ બધું ચલાવે છે. આપણે તો કેવળદષ્ટ બની રહેવાનું છે. સૃષ્ટિનું સંચાલન કરનારું તત્ત્વ તો કોઈ અલગ જ છે. આપણું ધાર્યું કંઈ ના થાય ત્યારે નિરાશ થઈને બેસવા કરતાં પરમતત્ત્વમાં શ્રદ્ધાનો ઉમેરો કરવો રહ્યો. કુદરત જે કાંઈ કરે છે, તે સારું કરે છે, પછી ભલેને બાહ્ય દૃષ્ટિએ આપણને ન ગમતું હોય, એવું થતું હોય! જે કુદરતે આપણને જન્મ લેવાની ફરજ પાડી છે, તેની પાછળ તેનો ચોક્કસ હેતુ રહેલો હોય છે, તેની પાછળ આગળ કર્મની જવાબદારી ખરી, જુઓ, રાતોરાત કાંઈ થઈ જતું નથી. જીવન ખુદ એક સાધના છે કે જે આપણાં જન્મ પહેલાંની અને મૃત્યુ પછીની પરિસ્થિતિ સાથે સંકળાયેલી છે. આ સાધના અવિરત ચાલતી રહેવી જોઈએ. સાધન શુદ્ધિ, સાધના અને સિદ્ધિ સાથે સંકળાયેલી રહી છે. સિદ્ધિ મેળવતા પહેલાં જ પ્રસિદ્ધિનો મોહ ત્યજવો રહ્યો. કેટલાક માણસોને કીર્તિનો બહુ ભારે મોહ હોય છે. તેઓ પોતાની, નામનાની કામના સંતોષવામાથી જ ઊંચા આવતા નથી Fame is a food that dead man eats મૃત્યુ બાદ જે મળે, તે સાચી કીર્તિ.

❁

પ્રબુદ્ધ જીવનમાં ફાલ્ગુની શાહનું યુવાન સરસ્વતીમાતાનું ચિત્ર ગમ્યું. હસ્તે વીણા, કમલાસન, વન્યસૃષ્ટિ, ધોધ, બતક, તળાવ અને મોરનું background સરસ. તમારો વિદ્વતાભર્યો તંત્રીલેખ વાંચવો ગમ્યો. આદત પર અંકુશ મેળવવાની વાત કેંદ્ર સ્થાને રહી. તે સાથે મકરંદ દવેના કાવ્યની કડી અંદરથી કોક બોલે સતત. ચેતમછંદર, રહેવામાં રાજપાટ હવે કેટલો વખત.

આપણા સૌનાં જીવન, સમય અને સ્થળાધીન. એક ચોક્કસ વર્તુળમાં, સૌ ઘૂમતા રહે છે, આ સૃષ્ટિના રાસ-ગરબા અવિરત ચાલતા રહે છે. શરીરો બદલાતાં રહે છે, પણ તેમાં રહેલો આત્મા તો સદાય વિકસતો રહે છે. જેમ નદીનું પાણી વહે છે કે પવન ફૂંકાય છે, તેમ રૂડયાર્ડ કિપલિંગ તેનાં કાવ્ય, 'સોલિટરી ટિયર'માં ગાય છે તેમ Men may come and men may go, But I shall go on for ever. આત્માનું કાર્ય વિકાસનું. હવે તો અવકાશયાનો છેક મંગળ પર પહોંચીને તે ગ્રહની માહિતી મોકલતાં થયા છે. અવકાશ વિજ્ઞાન ઝડપથી વિકસી રહ્યું છે ત્યારે આપણે સૌ સત્તા, સંપત્તિ કે કીર્તિની પળોજણમાં ક્યાં સુધી અટવાયેલા રહીશું? Fame is a food that dead man eats એમ કહેવાયું છે. સાચી કીર્તિ તો માણસને તેનાં મૃત્યુ પછી જ મળતી હોય છે. જીવતો માણસ ક્યારે શું કરી બેસે તેનો ભરોસો નહીં. આશારામ બાપુ ટી.વી પર કેવા સુંદર પ્રવચનો આપતા પણ અત્યારે જેલની હવા ખાઈ રહ્યા છે. માણસનું મન ક્યારે વિચલિત થઈ જાય એ વિષે કાંઈ કહેવાય નહીં, પ્રલોભનો તેની પાછળ પડયાં જ હોય છે. એટલે તો સાધુત્ત્વનું મૂલ્ય કે મહત્ત્વ છે. સાધના કરીને જ સિદ્ધિ મેળવી શકાય, તે પહેલાં પ્રસિદ્ધિ નહીં.

**હરજીવન થાનકી**, પોરબંદર

❁❁❁

પ્રબુદ્ધ જીવનના અંકો એક પછી એક જે ઉત્તરોત્તર ચઢિયાતા આવી રહ્યા છે, તે તમારાં સુજ-સમજણ-શ્રમનાં પરિણામ છે તે ચોક્ખું દેખાઇ આવે છે.

ઑક્ટોબર,૧૮નાં સાર્ધશતાબ્દીનાં વિશેષ અંક વિશે ટૂંકમાં કહું તો,પૂ. ગાંધીજીને ગોળી વાગી ત્યારે હું દસ વર્ષનો હતો. વાચનના અનહદ શોખને કારણે સમજણા થયા પછી મેં ગાંધીજી અંગે જે જે કંઇ સાહિત્ય મળ્યું તે છોડ્યું નહોતું એટલે હું એમ માનતો હતો કે એમનાં વિશે હું બધું જાણું છું, પરંતુ આ અંક જોયા પછી મને સમજાઇ ગયું કે હું જે જાણતો હતો તે તો હકીકતમાં નહીંવત જ હતું.

હવે નવેમ્બરના અંકની વાત કરું તો, સેજલબેનનો લેખ, હકીકતમાં તંત્રીલેખ નહીં પરંતુ એક ગદ્યકાવ્ય છે જે જેટલી વાર મમળાવીએ વધુને વધુ મિઠાશ આપે તેમ છે.

વળી, ભારતીબહેને જે શ્રમપૂર્વક શ્રમણીઓનાં અનન્ય પ્રદાન અંગે આટલું રસમધુર ભાણું પીરસ્યું છે, આપણે તો એટલું જ કહી શકીએ કે આવા વિદ્વતાપૂર્ણ લેખો લઈ તેઓ ફરી ફરી આપણી સામે આવતા રહે. બીજા ઘણા લેખો વિશે ઘણુંઘણું લખવા જેવું છે, પરંતુ વધુ લંબાણ ટાળવા હું અહીં અટકીશ. એ જ, આપનો

**અશોક ન. શાહ**

❁❁❁

ડિસેમ્બરનો તંત્રીલેખ વાંચી ઘણોજ આનંદ થયો. હાર્દિક અભિનંદન અને અંતઃસ્ફૂરણા સાથે અનુભવથી સંયુક્ત મૌલિક વિચારધારાયુક્ત સર્જન વધુને વધુ થાય તેવી શુભકામનાઓ પ્રાર્થું છું.

**શ્રી મહેન્દ્રભાઈ આર. દોશી**

❁❁❁

'પ્રબુદ્ધ જીવન' માં પ્રગટ થતા તમામ લેખો વિચારપ્રેરક હોય છે. વર્ષો પહેલાં આ સામયિક વિષે સાંભળ્યું હતું, ત્યારે હું એમ માનતો હતો કે માત્ર જૈન ધર્મને સ્પર્શતું આ સામયિક હશે. ત્યારબાદ મારા વડોદરાવાસી મિત્ર શ્રી જિતેન્દ્રભાઈ શાહ અને અમદાવાદથી પ્રગટ થતા સામયિક 'જીવનસ્મૃતિ' મારફત 'પ્રબુદ્ધ જીવન'ની વિશેષ માહિતી મળી. સપ્ટેમ્બર, ૨૦૦૭નો અંક હાથમાં આવ્યો અને ત્યારથી તેનો ચાહક બની ગયો છું. પેલો ભ્રમ ભાંગ્યો અને જોયું કે કોઈ પણ ધર્મ હોય યા સાહિત્ય, દર્શનનો વિષય હોય, આ સામયિક ઉદાર દૃષ્ટિથી તેને સ્પર્શે છે અને વાચકોને આસ્વાદ કરાવે છે.

આપના તંત્રીપદે પ્રબુદ્ધ જીવન નૂતન સ્વરૂપે ઉદ્‌ઘાટિત થયું છે. કેટકેટલા વિશેષાંકો પ્રગટ કર્યા! મૂળ પરંપરા જીવંત રહી છે. એટલું જ નહિ, આપની મૌલિકતા સ્પષ્ટતઃ અલગ તરી આવે છે. મુખપૃષ્ઠ ૪ પરની કૉલમ 'જો હોય મારો અંતિમ પત્ર' તેનું સુંદર ઉદાહરણ છે. વર્ષાંતે ડિસેમ્બરનો લેખ ઉત્તમ સર્જનનો નમૂનો છે. શબ્દને સખા બનાવવાની લેખકની કલ્પનાને બિરદાવવા મારી લેખિની નિઃશબ્દ છે.

- શાંતિલાલ ગઢિયા

ફો. ૦૨૬૫-૨૭૫૦૨૭૫

❋❋❋

પ્રબુદ્ધજીવન ગુજરાતીમાં પ્રગટ થતું એક સુંદર સામયિક છે. ધનવંતભાઈશ્રીએ ચોપાનિયામાં પ્રગટ થતાં પ્રબુદ્ધ જીવનને સુંદર ગેટઅપ આપ્યો. મુખપૃષ્ઠ અને પ્રિંટિંગને સુંદર બનાવ્યું. એક Suggestion કરવાનું રહે છે. મુરબ્બી શ્રી ધનવંતભાઈને પણ આ Suggestion કેટલું પણ તેના જવાબમાં તેઓએ કહેલું કે એમ કરતા ચિત્રકામની જગ્યા બીજા Matter ને આપી ન શકાય. મારા મત પ્રમાણે એક ચિત્ર સો શબ્દો બરાબર ગણી શકાય. કુમાર, નવનીત સમર્પણ, ચિત્રલેખા જેવા ઘણા સામયિકો લેખો કે લેખકના ફોટો આપે છે જ.

આપશ્રીને મારું Suggestion છે કે પ્રબુદ્ધ જીવનને ''સચિત્ર'' બનાવો. હમણાં વિશેષાંક - મંદિરોના શિલ્પ સ્થાપત્ય- તો એક સચિત્ર હતા અને એમ થવાથી લેખોમાં જીવંતતા આવેલી.

આ બાબતમાં જરૂર યોગ્ય લાગે તો કરશો.

લિ. કિરણ એફ. શેઠ, Newyork

❋❋❋

'સમય' વિશે આવું સુંદર, વ્યાપક અને ઊંડું વિવેચન ભાગ્યે જ વાંચવા મળતું હોય છે. આપણું જીવન એ તો 'સમય'નો એકમાત્ર નાનકડો હિસ્સો, તેને કેવી રીતે વીતાવીએ છીએ તેનું જ મૂલ્ય છે. તે જતો નથી કે મળતો નથી, એ કેવળ બકવાસ છે. જીવન દરમ્યાન આ સમયને કટકસરપૂર્વક વાપરતાં શીખવું રહ્યું.

મેં, મારા જીવનમાં લગભગ સાડા આઠ દાયકા પૂરા કર્યા તે દરમ્યાન સારો-માઠો સમય પણ પસાર થતો રહ્યો. જોકે પ્રસ્તુત વિશેષણો પણ સાપેક્ષ જ રહ્યા. 'સમય' માટે તો સારું-ખરાબ જેવું કશું હોતું નથી, હોય છે કેવળ આપણી અનુકૂળતાઓ અને પ્રતિકૂળતાઓ. કુદરતે તો આપણને જન્મથી મૃત્યુ સુધીનો સમય આપ્યો જ છે. તેમાં શું, કેવું , કેટલું કર્યું, થયું તે બાકી રહ્યું તેની જવાબદારી તો જે તે વ્યક્તિની જ ગણાય. હાલમાં ઘડપણનો સમય પસાર થઈ રહ્યો છે. જે સુખ, સંતોષ અને શાંતિમાં વીતી રહ્યો છે તેને કુદરતની મહેરબાની માનવી રહી. બધું જ જરૂર પૂરતું છે, વધુ પડતું કાંઈ જ નથી. તન, મન, ધનથી દુરસ્ત છું. પરિવારમાં પૌત્રો - પૌત્રી, દૌહિત્રો, પત્ની, ત્રણ જમાઈઓ અને બે પુત્રવધૂઓ પણ ખરી, દરરોજ આજે પણ પાંચ-છ કિ.મી. ચાલું છું, પાણી ચાવીને પીવું છું, અને ખોરાક જે ભાવે તે પ્રમાણમાં જ લઉં છું. નિયમિતતા પણ ખરી. ઓછું બોલું છું. વધુ વિચારું છું અને આંતરિક પ્રેરણ થાય એટલું લખું છું. કોઈ મહત્ત્વાકાંક્ષા રાખી નથી. કીર્તિ જીવતા માણસને ક્યારેય મળતી નથી. Fame is a Food that dead man eats એમ માનું છું. પ્રસિદ્ધિની ઘેલછા પાછળ સિદ્ધિ દબાઈ જવી ના જોઈએ. હવે તો, બહોત ગઈ ઔર થોડી રહી, છતાં પણ Hope for the best but prepare for the worst ની તૈયારી તો રાખી છે જ.

હરજીવન થાનકી, પોરબંદર

**સ્થળાંતર થયેલ ઑફીસ**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે. એસ. એસ. રોડ,
કેનેડી બ્રિજ,ઑપરે હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ઓફીસ : ૨૩૮૨૦૨૯૬
મોબઈલ : ૯૧૩૭૭૨૭૧૦૯.
પત્ર વ્યવહાર ઉપરોક્ત ઑફીસ પર જ કરવો.

**પ્રબુદ્ધ જીવનમાં**
**પુસ્તક પરિચય છપાવવા માટે પુસ્તક મોકલવાનું સ્થળ**
**ડૉ. સેજલબેન શાહ**
૧૦/બી-૭૦૨ અલીકા નગર,
લોખંડવાલા કોમ્પલેક્સ, આકુર્લી રોડ
કાંદીવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.
(કુરીયરના કવર પર Drop લખવું)

**'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.**
**'પ્રબુદ્ધ જીવન' કોર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.**
**'પ્રબુદ્ધ જીવન'ના ખાસ અંક માટેના સૌજન્યનું અનુદાન રૂપિયા ચાલીસ હજાર છે.**

**સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.**

*(અનુસંધાન કવર પાનું ૫૬ થી)* **જો હોય મારો અંતિમ પત્ર તો...**

હું આવનારા સમયમાં આ ઘર-સંવાદ સૂક્ષ્મ રીતે હવે પામીશ. ત્યાં નીચેથી અમારા બિલાડાનો અવાજ આવ્યો. ઓહ ! હમણાં હમણાં હું સવારે કમ્પાઉન્ડમાં ચા પીતો હોઉં ત્યારે તે આવીને મારા ખોળામાં બેસી જાય. હું બાપુજીના, અને દીકરી મારા ખોળામાં બેસતી એમ જ. સવારનો તડકો માણતાં અમને જોઈ જાણે સૂરજનેય વધુ બળ મળતું હશે, વધુ ટકી રહેવાનું. તે બિલાડો ચોક્કસ થોડોક સમય મને ખોળશે. તેના માટે અપાર પ્રેમનો અનુભવ કરું છું. મારા હોવાપણાનો આ છે શ્રેષ્ઠ સમય!

રૂમની દીવાલો, છત, બારી, બારણાં, ડ્રેસિંગ ટેબલનો કાચ,વોર્ડરોબ,એલાર્મ ઘડિયાળ અને ભીંતની આંખ સમી છબી, બધા સામે એક નજર ફેરવું છું. એ છબીએ મારી ભીની આંખ ઘણીવાર લૂછી હતી અને અનેકવાર મનમાં ઘૂઘવતા વિચારોને શાંત કરેલા. જ્યારે સર્જનનો શબ્દ જડતો ન હતો ત્યારે તેણે મારા ભીતરમાં રાહ જોવાની ઘડી રચેલી. તે માત્ર દીવાલ પર ન હતી મારા અસ્તિત્વનો ભાગ હતી. હવે જ્યારે હું નહિ હોઉં ત્યારે તે ત્યાં જ હશે, અને છતાં મારી સાથે પણ હશે તેવી પ્રતીતિ થાય છે.

બારી બહાર જોઉં છું. ગરમાળો અને આસોપાલવ જે આ ઘર લીધેલું ત્યારે વારસામાં મળેલાં, મારી તરફ અમી દૃષ્ટિએ જોઈ રહ્યાં છે. બાપુજીએ પાછળ આંગણામાં લીમડો રોપેલો. તેની ટગરી ડાળ બારીમાંથી મને ટગર ટગર જોઈ રહી છે. પડોશીનું ચંપા અને કેડિયાનું ઝાડ જાણે ઊંચા થઈ મને આવજો કહી રહ્યાં છે. તે બધા ઉપર છવાયેલું આભ મને જાણે આવકારતું હતું.

મેં મારું આંતરનિરીક્ષણ કર્યું હશે કે કેમ, પણ ડ્રેસિંગ ટેબલની આરસીએ મને સાચેસાચ નિરખ્યો છે. એ રૂમના એક છેડેથી અત્યારે મલકતી મલકતી જોઈ રહી છે. અંતે એક નજર નાઈટ લેમ્પ પર નાખું છું. તે મારા એકાંતનો સદાનો સાથી છે. તે રાહ જોશે, મારા પછી મારા સ્વજનોના સાથનો. હવે અધરાતે મધરાતે કદાચ બધા સૂઈ રહ્યા હશે ત્યારે તે મને બારી બહાર દૂર દૂરના તારા વચ્ચે ખોળી રહ્યો હશે. સમાપ્ત થઈ જવું સહેલું છે, ના રહીનેય રહી જઉં તેનો જ કશો અર્થ છે. તે આ છેવટની ક્ષણોમાં લાગી રહ્યું છે.

તકિયો જાણે છે શિયાળાનું મારું મહાસુખ. પલંગ બારી પાસે છે અને તેના પર તકિયો એવી રીતે છે કે સવારનો તડકો ત્યાં અઢેલીને બેઠો હોય. રવિવારે શિયાળામાં રોઢો કરી તકિયાને અઢેલીને સૂઈ જાઉં. તડકો ખાતાંખાતાં ઝોકે ચડી સૂઈ જવાની એક મજા હોય છે. છ દિવસ તડકાના, એક દિવસ મારો. તકિયો આ બધાનો સાક્ષી છે. હવે હું નહિ હોઉં..તે બે હશે, મારા મહાસુખના બે સાક્ષી.

અને હા, એલાર્મ ઘડિયાળ સામે તો જોવાનું રહી જ ગયું. રાત્રિ દિરમિયાન જેટલીવાર ઊઠુ તેટલી વાર તેના ડાયલને જોઈ લઉં છું. તે એલાર્મ જૂનું હજુ ઊભું છે અડીખમ ટેબલ પર નિયમિત અને ટકોરાબંધ કારણ કદાચ બાએ તે ખરીદેલું હતું. તે બાની જેમ જ મારી ગેરહાજરીમાં સેવા આપતું રહેશે. તેને એક સાફ રૂમાલથી ચોખ્ખું કરી લઉં છેલ્લીવાર. વહેલા ઉઠવા હવે મોબઈલના એલાર્મનો ઉપયોગ કરું છું પણ આ બાનું એલાર્મ ઘડિયાળ તો જાગેલાને જાગતા રહેવા માટેનું છે, ખાસ અમારા માટે છે.

એક, છેલ્લી નજર બારી બહાર અંધારા પર નાખી લઉં અને તેને કહી દઉં દોસ્ત હવે હું આવું છું સદાને માટે તારામાં ઓગળવા. પછી હુંય તારી સાથે સાથે. એકાંતમાં બારી બહાર જોતા દરેક મનુષ્યને હૂંફ આપતો રહીશ. અંધારું બીજું કાંઈ નથી એ તો અનેક મનુષ્યના વિસામાનો સરવાળો છે.

આ બધી નજીવી ચીજો વાસ્તવમાં સજીવ છે. જે સ્વજનોને આધારે જીવન ટક્યું ભર્યું ભર્યું રહ્યું તેમનો પ્રેમ તો ક્ષમા અને કૃતજ્ઞતાથી પર છે. તે કાલાતિત છે. છેલ્લે મારું નાનું લેપટોપ હાથમાં લઉં છું, તેને સ્વચ્છ કપડાથી સાફ કરું છું અને ચાલુ કરી તેનો પાસવર્ડ ડિલીટ કરું છું. હવે કોઈ પણ તેનો ઉપયોગ કરી શકે તે વાસ્તે..... અને આ છેલ્લો ઈ-મેઈલ કરું છું. આમ. હાશ.

અસ્તુ.

તા.ક :

કોઈ પણ સાચદિલ સર્જક માટે તેની સર્જાતી રચના અંતિમ હોય છે. તે કક્ષાની તેની નિસબત જ તેની રચનાને કાળજયી બનાવે છે. એક રીતે સર્જક તેની દરેક રચનામાં અંતે મરણ પામે છે. તે ફરીથી નવજીવન પામે છે, તે પછીની રચનામાં અને ફરીથી મરણને શરણ જતો હોય છે. તેની આ પ્રકારની આવનજાવન, તેની કૃતિને, સ્વભાષા દ્વારા ચિરંજીવ બનાવે છે. ❑❑❑

સંપર્ક :૯૩૨૭૦૨૨૭૫૫

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### દીપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૪૫,૦૦૦/- | શ્રી સુરેશ વી. ગાલા |
| ૪૫,૦૦૦/- | |

### પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫,૦૦૦/- | શ્રી કે.સી. શાહ (જાન્યુઆરી સૌજન્ય) |
| ૨૫,૦૦૦/- | શ્રીમતી સવિતાબેન જે. ગાંધી |
| ૫૦,૦૦૦/- | |

### સંઘ નવા આજીવન સભ્ય

| રૂપિયા | નામ |
|---|---|
| ૫,૦૦૦/- | ડૉ. પ્રકાશભાઈ પુનમીયા |
| ૫,૦૦૦/- | |

### જનરલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૪૦,૦૦૦/- | શ્રેયસ પ્રચારક સભા |
| ૪૦,૦૦૦/- | |

 સંકલન અને પ્રસ્તુતકર્તા : ડૉ. કુમારપાળ દેસાઈ

સપ્ટેમ્બર ૧૯૯૦

## પત્રકારના લોહીનો રંગ....

તાજેતરમાં જૈન પત્રકારત્વ ક્ષેત્ર શાસનસેવામાં જેમનું વિશિષ્ટ યોગદાન છે તેવા-શ્રીમતી મધુરીબેન મહેતા (દશા શ્રીમળી), શ્રી ચંદ્રકાંત શાહ (જાગ્રતિ સંદેશ), સુશ્રી સંધ્યાબહેન શાહ (ઝાલાવાડી જૈન પત્રિકા), આપણા લાડીલા ડૉ. સેજલબહેન શાહ (પ્રબુદ્ધ જીવન), (જૈન જગત) અને શ્રી ચીમનલાલ કલાધર (મીડ ડે, નવકારનો રણકાર) વિદ્વાન પત્રકારોનું સન્માન કરવામાં આવેલ તેઓને આપણા સર્વેના અભિનંદન.

આ સંદર્ભે ડૉ. કુમારપાળ દેસાઈ ''પત્રકારના લોહીનો રંગ'' ના લેખના અંશો :-

''જૈન પત્રકાર એવો હોય કે જે પત્રકાર તો હોય જ, પરંતુ સાથોસાથ એની પાસે વિરલ અને વિશિષ્ટ એવા જૈન દર્શનમાંથી સાંપડેલી આગવી દ્રષ્ટિ હોય.''

### માલિક બનવું શ્રેયસ્કર છે કે સેવક ? ... સત્સંગી....

આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ શપથ ગ્રહણ પછી પોતાને પ્રધાન સેવક તરીકે ઓળખાવેલ. છેલ્લા સાડાચાર વર્ષોમાં કરેલાં ગરીબોના આ સંદર્ભે ''માલિક બનવું શ્રેયસ્કર છે તે સેવક?'' શ્રી સત્સંગીના લેખના અંશોઃ

''સેવક બનવામાં વ્યક્તિ અને સમાજનું શ્રેય થશે? સેવક બનવું એટલે શું? મહાત્મા કોન્ફ્યુશિયસને તેમના શિષ્યે પૂછ્યું. એવો એક શબ્દ છે કે જે માણસ મહાત્મા કોન્ફ્યુશિયસે જવાબ આપ્યો. Reciprocity પારસ્પરિક કર્તવ્ય આવો શબ્દ નથી? જે વર્તાવ તમારા પ્રત્યે થાય એમ તમે નથી ઈચ્છતા તેવો વર્તાવ તમે બીજા પ્રત્યે ન કરો... માલિકો કે ઉચ્ચ સ્થાન ધરાવચી વ્યક્તિઓએ તેમની પાસે કામ કરનાર લોકોના સેવક બનવું એટલે પ્રથમ તો તેમના સ્વામી ન બનવું... તેમણે કામ કરતો વ્યક્તિઓના FRIEND, PHILOSOPHER, AND GUIDE - મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શક બનવું.... સમદ્રષ્ટિની દ્રષ્ટિએ શ્રેયસ્કર માર્ગ તો છે સેવક અર્થાત મિત્ર, તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શક.''

**For detailed reading of both articles visit http://www.prabuddhjeevan.in September 1990 monthly issue.**



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2019. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

રાજેન્દ્ર પટેલ

**પ્રિય સહૃદયી વાચકમિત્ર,**

હાશ. હવે તન અને મનના થાકનું પૂર્ણવિરામ આવશે. છેવટે મનપસંદ એવી ત્રણ બાબત સાથે કાયમ માટે એકરૂપ પામીશ. એકાંતમાં,અંધારામાં અને બા સાથે. એક છેલ્લી નજર નાખું છું, મારી આસપાસ, રૂમની અંદર અને બારી બહાર. મારા ઓરડાને એક અંતિમ નજરે જોઉં છું. જે નજીવી વસ્તુઓ કાયમ જોતો હતો તે અચાનક પહેલીવાર પોતાપણાના ભાવ સાથે નિરખું છું. એ બધી વસ્તુઓય મને વહાલથી જોતી હોય તેવું લાગે છે. વિદાયની વેળા જ નવો આરંભ સર્જતી હશે એવો ભાવ વહેવડાવતી તે વસ્તુઓ સજીવ લાગે છે, આ અંતિમ ક્ષણે.

નવો જ અનુભવ થાય છે. પલંગ મારી રાહ જોતો હોય તેમ લાગે છે, તેની ઉપર સુંદર ભાતવાળી ચાદર મારા તરફ અમી નજરે જોઈ રહી છે, બારીને અઢેલીને બાદશાહી ઠાઠથી બેઠેલો તકિયો, પાસે તપસ્વીની જેમ ઊભેલું પૉલિશ કરેલું નાનું કબાટ, બંને જાણે મારા માટે અપાર લાગણી વ્યક્ત કરતા હોય તેમ લાગે છે. જેમને અનેકવાર ઉથલાવી ઉથલાવી વાંચ્યાં છે તે, ટેબલ ઉપરના મારા મનગમતાં પુસ્તકો મારી રાહ જોઇ રહ્યાં છે. પલંગની પાસે ટિપોય છે. તેની પર દવાની સ્ટ્રીપ,પેન્સિલ અને બાની માળા પડી છે.. હું માળા કરતો નથી પણ બાની હાજરી વર્તાય એટલે પાસે રાખું છું.એ પણ મારી તરફ મીટ માંડીને જોઈ રહ્યાં છે.

બાની અંતિમ ક્ષણો જેવી આ પળો હોત તો કેવું સારું ? તે નેવુંએ ગયેલી. છેલ્લા શ્વાસ વખતે તેનો ડાબો હાથ મેં પકડેલો, જમણો પત્નીએ, મોટી દીકરી ડાબા પગે હાથ ફેરવતી હતી અને જમણો પગ નાની દીકરી હળવેથી પંપાળતી હતી. બા ધીરેધીરે શ્વાસ છોડતી રહી.પરમ સંતોષથી અમારી વચ્ચે તે નચિંત સૂતી હતી.અમે હળવે હળવે બાને ગમતી, આરતી ગણગણતાં હતાં. બા પણ ક્યારેક ક્યારેક સાથ પુરાવતી. આરતી પૂરી થઈ ને બાએ છેલ્લો શ્વાસ મૂક્યો. એ અંતિમ વિદાય કોઈ જ વેદના વિનાની સહજ હતી. પરમ લયમાં જાણે બા ભળી ગઈ. હવે આજે હું તે લયમાં ભળી જવાનો છું ત્યારે તેની અંતિમ પળો જેવી પળો ઇચ્છું છું. બા ગઈ તે દિવસે જીવનમાં પહેલીવાર સૂર્યાસ્ત ભાળેલો અમે. બાની માળાને, હાથમાં લઉં છું અને છાતીએ ચાપું છું. મારી પાસે બા જેવી શ્રદ્ધા નથી. તેની શ્રદ્ધા દેવ પ્રત્યે હતી તેટલી જ મનુષ્ય માટે હતી. આ સમજ આ જીવંત શ્રધ્ધા કેટલી મોટી જણસ છે તે હવે સમજાય છે,આ ક્ષણે. કાશ આ વાત વહેલા સમજાઈ હોત તો ?

પેલી દવાની સ્ટ્રીપ જોઈને તેનો આભાર માનવાનું મન થઈ આવે છે. તેના લીધે હું આટલું ટક્યો. કોઈકે આ દવા શોધી હશે, કોઈએ બનાવી હશે, કોઇકે વેચી હશે ને ડૉક્ટરે પ્રિસ્ક્રાઈબ કરી હશે. એ સૌ કોઈ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું મન થઈ આવ્યું. એ રોગનોય આભાર માનું છું. તેને લીધે જ હું મને સવાલ કરતો રહ્યો, છેવટે જીવન છે શેને માટે? જે કંઈ થાય છે તે બધુંય સહેતુક હશે? એ પ્રશ્ન આ ક્ષણે થાય છે. કોઈ જવાબની અપેક્ષા નથી, જીવનમાં જાત સાથેના સંવાદનો કેવળ મહિમા છે, તે હવે સમજાય છે.

પેન, પેંસિલ, કાગળ અને ગમતાં પુસ્તકોએ મને હંમેશા સહજ આનંદ આપ્યો છે. તેને લીધે કપરા સમયમાં ટકી જવાયું છે. ગુજરાતીના ને વિશ્વસાહિત્યના મારા પ્રિય લેખકો, કવિઓ અને વિવેચકોનાં પુસ્તકો હું નિરાંતે નિરખું છું.એ બધાને હું સદાને માટે મિસ કરીશ. ગમેલા લેખો કવિતાઓની સ્પાઈર્લ કરેલી ફાઈલો સામે વહાલથી જોઉં છું. મારી સંવેદના અને બુદ્ધિમતા તીવ્ર કરવામાં તે ફાઈલોનું અતિ મહત્ત્વ છે. પરિશીલન જેવો મોટો શબ્દ વાપરવાની ઇચ્છા થતી નથી પણ તે વારસો ઘરના ત્રણે સભ્યોએ આગળ વધાર્યો છે તેનો આનંદ છે.

(વધુ માટે જુઓ પાના નં. ૫૪)

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 Printed at Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. Editor : Sejal M. Shah

Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.